A HAPPY
NEW YEAR

THE

ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRD 1288

11th September 1918 to 10th September 1919.



યઝદેજરદી
સને
૧૨૮૦ થી
નીકલે છે.

ઝોરાસ્ટ્રીયન કેલેંડર

યાને

પારસી પંચાંગ.

યઝદેજરદી ૧૨૮૮ નાં વરસનું

તારીખ ૧૧ મી સપટેમ્બર ૧૯૧૮ થી તે
તારીખ ૧૦ મી સપટેમ્બર ૧૯૧૯ સુધીનું.

આલુ રેહેગ નામપર વરસો સદા, બને તેજ જે કરે નેક કામો અદા.

કીંમત રૂ. ૧.

WILKINSON'S (SINCE 1829 ESTABLISHED)

ESSENCE OF FLUID EXTRACT OF RED JAMAICA

Pronounced by the Highest Medical Authorities the most

SARSAPARILLA

WONDERFUL PURIFIER OF THE HUMAN BLOOD.

THE BEST SECURITY FOR HEALTH.

લોહી અને રંગ સુધારનાર ઉત્તમ દવા.

વીલકીનસનનો રાતા જેમેકા સારસાપેરીલાનો અરક.

શને ૧૮૨૯ થી બનાવવો શરૂ કીધેલો.

લોહીના સઘળા બગાડો, સુરત કરમાવું, કમશકતી, શરીરનું તલાઇ જવું, ગુમડાં, થાક, નબલાઇ અને મંદ લાગણીઓ એ સરવેને દુર કરવા માટે સઉથી વધારે જાણીતો ઉપાય છે.

લીવર બદહજમી અને નબળાઇ માટે સઉથી સરસ ઉપાય તરીકે દરરોજ જરા જરા સારસાપેરીલા લેવાથી કોઇબી માંદગીનું જોર આવતુ અટકાવે છે એવી ખાતરી આપવામાં આવે છે.

જ્યારેબી જરા નબલાઇ જેવું માલમ પડે કે વીલકીનશનનો સારસાપરેલા લેવો કે જે પીક-મી-અપ ના જેવો સ્વાદીસ્ટ છે.

જ્યારેબી બોખાર, જીની તાવ અને મેલેરીયા ફીવરની અસર જણાય ત્યારે વીલકીનસનનો એરોમેટીક ટીંક્ચર ઓફ કવીનોડાઇન લીધાથી ઘણો ફાયદો થાયછે. વળી સાધારણ તાવ રોજીઓ તાવ અથવા આંતરીઓ અને કોઇબી જાતના મેલેરીયા તાવની ઉપર કવીનાઇન કરતાં એ કવીનોડાઇન લીધાથી તેનો તરતજ અટકાવ અને ફાયદો કરે છે એમ પ્રખ્યાત ડાકટરોના અનુભવપરથી સાબેત થયલું છે.

જરૂરની વખતે કામમાં આવે માટે દરેક કુટુંબે પોતા પાસે એ દવા રાખવી જોઇએ.

તંદરોસ્તી સહેલાઇથી માલમ પડે છે તે સાફ મગજ, રોશન આંખો અને દરેક ચીજની સફાઇમાં સમાયલી છે. જો લોહી સ્વચ્છ હોય છે તો દરદોનો અટકાવ થઇ શકે છે તથા તેઓનો ઉપાય થાય છે. અશકત લીવર નાતવાની અને ચામડીના દરદવાલા માણસોએ લોહીને સઉથી ચમતકારીક સ્વચ્છતા આપવાના કામમાં સઉથી ઉતમ ગણી બોએ ભલામણ કીધેલો વીલકીનસનનો સારસાપેરીલા વાપરવો.

અગત્યનું.

"આમો એવા વીશે જેટલું ઉચ્ચું તેટલું થોડું છે."—લેનસેટ.

"તમારા લાલ જેમેકા સારસાપેરીલાની અમે ભલામણ કરીએ છે."—મેડીકલ રીવ્યુ.

ચેતવણી—નુકસાન કરનારા, નજીવા નકલ કરેલા ખોટા સારસાપેરીલાથી સાવધ રહેજો.

વીલકીનસનના સારસાપેરીલા ઘણીજ ખાતરીપુરવક રીતે બનાવવામાં આવે છે તે માટે સરવેથી સરસ સરટીફીકેટો મેલવી છે.

સઘલા દવા વેચનારા તથા જથાબંધ રાખો પાસેથી નાની, મધ્યમ, ને મોટી બાટલીઓમાં મલશે.

હેલરની સેનીટરી વસ્તુઓ.

(Heller's Sanitary Products.)

હેલરસ ગોલ્ડન શાઇન.

Heller's Golden Shine.

"ગોલ્ડન શાઇન" ધાતુ માટે વપરાતા પાલીશોનો રાજા છે. તાંબુ, પીતળ, નિકલ, એલ્યુમીન્યમ, લોખંડ, કાચ, વગેરે ઉપર "ગોલ્ડન શાઇન"થી થોડી મહેનતે અને થોડા વખતમાં ઉત્તમ ચળકાટ લાવી શકાય છે અને તે ચળકાટ લાંબો વખત ટકે છે. મોટરકાર માટે તેમજ સામાન્ય ઘરઘટુ ચીજો માટે "ગોલ્ડન શાઇન" એકસરખો જવાબ દે છે.

હેલરસ બગ—કીલર. Heller's Bug Killer.

માંકડોના ત્રાસથી છુટવા કોને નથી ગમતું ? ઢોળીઆ, ખુરશી, લગેજ, કપડાં વગેરેમાં માકડ બહુ સફાઇથી છુપાઇ રહે છે. હેલરનો પ્રવાહી "બગ-કીલર" માકડને માટે એકલોજ અકસીર ઇલાજ છે. આ પ્રવાહીનો છુટથી ઉપયોગ કરવાથી માંકડોનો જડમૂળથી નાશ થાય છે. કીમતીમાં કીમતી કપડાં, ફરનીચર વગેરે વસ્તુઓ આ પ્રવાહીથી બીલકુલ બગડતી નથી.

ઇનેમલ કલીનર.

ઇનેમલના તથા ચીનીના વાસણો ઉપર પીળા ડાઘ પડી જાય છે તે સાફ કરવાનો સહેલો અને સુતરો ઇલાજ.

સઘળા જાણીતા વેપારીઓ પાસેથી મળશે.

સોલ એજન્ટો:—

કોઠારી, સુતરીઆની કું.

હમમ સ્ટ્રીટ, કોટ,—મુંબઇ.

હેલરની સ્વચ્છ ખોરાકીની જણસો.

(Heller's Pure Food Products.)

હેલરસ રોયલ—ઝેસ્ટ કોકો. (Heller's Royal Zest Cocoa)

બજારમાં વેચાતા કોઈની કોકો કરતાં સરસ.

આઈસ્ક્રીમ– સ્નો. (Ice Cream Snow)

આ વનસપતીક પાઉડર વાપરવાથી આઈસક્રીમ ઘટ તથા માખણ જેવું સુંવાલુ અને વધારે બને છે. ઈંડા વાપરવાની જરૂર રહેતી નથી. જલદી બંધાઈ જાય છે. એટલે બરફ થોડું ખપે છે. એક શેર દુધ પછાડી માત્ર એક નાની ચમચી ભાર સનો વપરાયછે.

વેન્હેલર.

બજારમાં વેચાતાં કોઈપણ વેનીલા કરતાં વેન્હેલર સરસછે છતાં ભાવમાં સસતો છે.

હેલરના અરકો.

ગુલાબ, નારંગી, લીંબુ, રાસપબેરી, સ્ટ્રોબેરી, બદામ, ચેરી, પેપરમીંટ જીંજર વગેરે.

હેલરનો બેકીંગ પાઉડર.

આ પાઉડર વાપરવાથી કેક, પેસ્ટ્રી, ભજીઆ, જલેબી, વગેરે ફુલીને કદમાં મોટાં અને વજનમાં હલકાં બને છે.

સઘળા જાણીતા વેપારીઓને ત્યાંથી મળશે.

સોલ એજન્ટ:—

કોઠારી સુતરીઆની કું૦

હમમ ઓટ ડ્રા,—મુંબઇ.

DHUNJEEBHOY COWASJEE OOMRIGAR & CO.

WINE & PROVISION MERCHANTS.

ધનજીભાઇ કાવસજી ઉમરીગરની કાં૦

વાઇન અને પ્રોવીઝન મરચંટસ.

ના૦ ૧૦-૧૨-૧૪, અબદુલ રહેમાન સ્ટ્રીટ—કરાફરડ મારકીટની સાંમે.

અંગરેજી— દારૂકામ છુટક તથા જથાબંધ તથા ખોરાકીકામ કીફાયતથી વેચવામાં આવે છે.

સરવે ખાશોઆમને તથા બહારગામના તથા અતરેના વેપારીઓને નમનતાઇથી જાહેર કરવામાં આવે છે કે, નીચે લખેલો માલ હમારે ત્યાંથી મંગાવીઆથી તાબરતોબ મલશે. દેશાવરવાળા સાહેબો રોકડા અવેજથી મંગાવશે તો કીફાયતથી મોકલી આપવામાં આવશે.

ઉપલે ઠેકાણે સરવે જાતનો ઉંચો દારૂકામ જેવો કે બ્રાંડી, જીન, ઓલનામ, વીશકી જીનજર વાઇન, જમેકા રમ, પોરટ વાઇન, શેરી વાઇન, ચમપીન, હીકર હોક, કલારેત, મોજલ તથા **મીશીઅરસ કટલર પામર, તથા ગીલબીની કંપનીનો** દરેક જાતનો દારૂ કીફાયત ભાવે આપવામાં આવશે અને લીપતન કંપનીના જામસબી મલશે. વલી સ્પીરીટ ઓફ વાઇન રેકટીફાઇડ ૬૮) ડીગરી ઓવર પ્રુફનો તથા મેથીલેટેડ સ્પીરીટ પણ મલશે.

સરવે ઉંચા મેકરની ખોરાકી તથા હેમ, બેકન, ચીઝ, તથા પરફ્યુમરી, પેટંટ મેડીસીન વીગેરે તથા **લીપટનની સરવે જાતની ચાહ, કાફી કીફાયતથી મલશે.**

મલબારીજ સુખડ ખરીદવું હોય તો પધારો.



૧૫ વરસની જુની જાણીતી

હો૦ કા૦ મરોલીઆની દુકાને.

ત્યાં મોહોટી વખારોનાજ ભાવેથી સુખડ જેવું કે માંચી, પેરીઆં, સલી, ગાંઠ, ગાંઠ્રહી તથા મલબારી તાછો, કોડીનું અને રસનું લોબાન ઉંચુ અગર વીગેરે.

તે સાથે ચોખ્ખું ઘી, ખાંડ, મેવો, મસાલો, ચાહા, કાફી વીગેરે દરેક ઘેર ઉપીઓગી માલ વાજબી ભાવે. **એકજ અજમાયશ લેશોજી**

ઠે૦—ન્યુ ચરનીરોડ કામાબાગની જુની દુકાને પો. નં. ૪ મુંબઇ.

લીલા મેવાથી ઝુમાઈ પડતાં ઝાડો.

ખુશબોદાર ફુલોથી લચી પડતાં દરખતો.

સોરાબજી ઇરાની ૩૦ વરસના અનુભવી ફ્લોરીસ્ટ.

રાજા રજવાડા, અમીર ઉમરાવો તથા એકઝીબીશનોમાંથી સંખ્યાબંધ સરટીફીકેટો
તથા માનચાંદ પામેલા બાગબાન પાંચ વરસો સુધી નામદાર નીઝામના બગીચામાં
કામ કરવા પછી એકવાર ફરી પોતાનાં અસલ મેહેરબાન ઘરાકો તથા
જાહેર પ્રજાની સેવામાં હાજર થાય છે.

ઇરાની અને અંગ્રેજી બાગબાનીની તારીફ લાયક હુનરમંદી માટે ફેબરવારી ૧૯૦૬નાં પ્રદરશનમાં ચાર, તથા ૧૯૦૭માં આઠ ઇનામો મલ્યાંછે અને તારીફ થઇ છે.

સુકાઇ ગયલા વેરાન, તથા તદન નવા બગીચાઓને તાઝોતર—લીલોતરીથી ભરપુર—અને ફુલ ફલોથી ખેંચાણકારક બનાવી આપવાનું માથે લઇએ છીએ.

કેટલાક મોટા હીંદી રાજવંશીઓનાં તથા સદગ્રહસ્થોનાં બગીચાઓ અમારી જાતી દેખરેખ હેઠલ તઇયાર થયા છે, જે માટેની ઉંચી સરટીફીકેટો મોજુદ છે. ફુલ ફળના ઝાડોને લગતી સમજણ હુમેશાં ખરેખરી ને સેહેલાઇથી સમજ પડે તેમ જણાવવામાં આવશે.

જાત જાતની આંબાની કલમો, મોશંબી, સંતરા, પપેનસ, ચીકુ, લાચી, ગોલાબી ને સફેદ જાંબુર, સપરચંદ, નાસપતી, પીચ, શેંતુર મીથી, દાદમ, નારંગી, માલુંગા, ખાટા લીંબુ, આરંજ ને મીથી કમરખની કલમો, ગામથી, સલબારી ને શીંગાપુરી નાળીએરી (Lili put), સોપારી, બદામ, આલુ, દરાખ, અખરોડ, જાયફળ, હીંગ, તજ, લવંગ, પેર, શીતાફળ ને રામ ને માયફળ, વગેરે સરવે જાતનાં ફળ, ઝાડો, રંગ રંગના સ્ટેનડરડ ગોલાબો, મેગનોલીઆ, બત મોગરા, ગારડેનીઆ સાએલી, ચંપેલી, જાઇજુઇ, ઇપોલીઆ પ્રાઇલ, ક્રીપરસ, ચાંપા ને સરવે જાતનાં ફુલ ઝાડો ને સરસ (rare) પામસ, ડરેશીનાં કરોટનસ, મેડનહેર, ને સોનેરી રૂપેરી ફરનસ, એ વતરોગે બીજા તરેહુવાર રોપાઓ ને વેલાઓ તથા રસતા સાઇડના ઝાડો અતી કીફાયતે પુરા પાડીએછીએ. બાહારગામના આરડરપર તરત ધીયાન આપવામાં આવશે.

તાજા ફુલના તુરા—હાર—બાસકીટ—બટનસ, ફુલપાનનું ડેકોરેશન વરદી પ્રમાણે મનપસંદ કારીગરીથી અંગ્રેજી ધપપર બનાવી આપવામાં આવશે.

યુરોપીયનો સારૂ લગન વગેરે માટે શાવર વગેરે તુરાઓ ને બટનો અને મરણ સારૂં સુધ સફેદ રીથસ ને કરોસીસ પણ બનાવીએ છીએ.

તબ અને કુંદામાંના ઝાડો લગન મેલાવડા વગેરે તાંકના સારૂ ભાડે આપવામાં આવશે.

ફ્લેર રોડ ભાયખલાના બાગમાં હુમેશાં મનપસંદ ફુલ ને ફલના ઝાડના કુંડાનો જથો રહે છે.

સોરાબજી એ૦ મે૦ ઇરાની—ફ્લોરીસ્ત.

ઠે૦ ફ્લેરરોડ, એડેલરી ચેમબરસ,
ફ્લેર રોડ, ડેનવેંદ સ્કુલ પાસે, ભાએખલા,
મુંબઈ.

ખરાબ રોગ અથવા ચેપમાંથી બચાવે છે.

૫૦ વરસ થયાં તબીબો એ સાબુ વાપરવાની ભલામણ કરે છે.



રાઈટનો કોલ ટાર સાબુનો સ્વચ્છ તથા તંદુરસ્તીવાળો

વાસ એવો છે કે જેથી તે ઉપયોગમાં લેવો એવી ભલામણ કરવામાં આવે છે.

એ સાબુ વાપરયા પછી શરીરની ચામડી સુવાલી થઈ ખરેખર તાજગી બખશે છે.

ગરમીથી થયલી ખુજલી સાફ કરવા મારે આ સાબુ ઉતમ છે તેમજ નાના જંતુના ડંખ દુર કરે છે.

એક ગોટીની કીંમત આના ૬.



SOLE MANUFACTURERS :—
GEORGE MASON & CO., LTD.
CHELSEA WORKS, LONDON. ENGLAND.



MASON'S "O. K." SAUCE

"FRUITY" in character, with real digestive merit–delicious with Poultry, Grilled viands Cheese, Welsh Rarebit etc. A popular favourite throughout the universe.

સુક્કી. ભુંજેલી, બાફેલી, રાંધેલી યા આંકેલી તમારી દરેક વાની સ્વાદદાર બને, ખાધેલું સહેલાઇથી હજમ કરે એવો ફ્રુટના ટેસ્ટવાળો આ સોસ દુન્યા વરણુથી જાણીતો થઈ ચુક્યો છે.

MASON'S "GOLD" SEAL.
WORCESTERSHIRE SAUCE.

Adds zest and individuality to all made dishes, Ragouts, Hashes, Curries, Grill Soups, etc. This world famous Sauce is guaranteed to be matured for at least 2 years before bottling, hence the delicious flavour, mellow, but with a grip on the palate.

સુપ, કરી, કચુંબર, તરકારી, ભુંજાણ અને બીજી કોઈપણ રીતનાં પક્વાનની લહેજત વધારે એવી આ સોસની ખુબી છે. જગને જાણીતો થએલો આ સોસ બાટલીઓમાં ભરવા અગાઉ ઓછામાં ઓછાં બે વરસ સુધી પકાવવામાં આવે છે, અને તે કારણે તેનો મખનાસદાર શોહડમ કોઈનીબી રુચી વધારે એવો છે.



As supplied under contract to the War Office

Export Agent—**JAMES SMITH,**
CAMOMILE STREET, CHAMBERS, CAMOMILE STREET, LONDON, E. C.
Illustrated price list on Application.

સરવે જરથોસ્તીઓને ખુશ ખબર.

પારસીઓમાં પ્રખ્યાત તેમજ માન પામેલી ખુદ મલબારી સુખડની અસલ જુની અને જાણીતી દુકાન.

ન્યુ ચરનીરોડ સટોર્સ

સ્થાપના સને ૧૯૦૮

કામા બાગની અગીયારીના દરવાજાની બરાબર સાંમેની દુકાન.

માલેક—કેખશરૂ દારબશાહ હીરજીભાઇ શરાફ.

મેહેરબાંન

જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થો.

હમારી દુકાને **ખુદ મલબારી સુખડની** માચી, પેરીયાં, સલી, ગાંથ, તાછો તેમજ ખરૂં કેરીનુંજ લોબાન, પેહેલા નંબરનું રશનું લોબાંન, ખરૂંજ ખુશબોદાર અગર, ખુદ નવસારીની થોકદારપતીની કસતીઓ, નારાં વગેરે મલશે.

ખાત્રીપૂરવક માલ હમેસા કીફાયત ભાવથીજ મલશેજી.

મહેરબાંની કરી તમો પોતે એકજ વખત આવીને ખાત્રી કરશોજી.

માનશ પાશે માલ મંગાવો તો હમારી દુકાનનું બીલ (આંકડો) જરૂર મંગાવશોજી.

કેખશરૂ દારાબશાહ હીરજીભાઇ શરાફ,

ન્યુ ચરનીરોડ સ્ટોરસના માલેક,

(પોસ્ટ ગીરગામ) ન્યુ ચરનીરોડ, મુંબઇ, નં° ૪.

HONGKONG & SHANGHAI BANKING CORPORATION.

હોંગકોંગ એન્ડ શેંગાહી બેંકીંગ કોરપોરેશન.

હાંગકાંગમાં સ્થાપેલી.

ભરાયલી થાપણ	ડાલર	૧૫,૦૦૦,૦૦૦
આસેકોની જોખમદારી	,,	૧૫,૦૦૦,૦૦૦
સીલવર રીઝરવ ફંડ...	,,	૧૯,૫૦૦,૦૦૦
ગોલ્ડ રીઝરવ ફંડ	પાઉંડ	૧,૫૦૦,૦૦૦

ડાયરેક્ટરોની કોરટ અને હેડ ઓફીસ—હોંગકોંગ.

એન. જે. સ્ટેબ—વડો મેનેજર.

શાખાઓ અને આડતો.

એમોય	હેનકાઉ	મલાકા	શેંગાઈ
બેંગકોક	હરબીન	મનીલા	હોંગકયુ
બટેવયા	હોંગકોંગ	નાગાસાકી	સીંગાપોર
મુંબઇ	ઈપોહ	નયુયોરક	સુરબાયા
કલકતા	જોહોર	પેકીંગ	તાઈપેહ
કંતાન	કોબે	પીનાંગ	ટીનટસીન
કોલંબો	કુઆલા લમપુર	રંગુન	સીંગટાઉ
ફુચાઉ	લંડન	શેઈગાન	યોકોહામાં
	લાયનસ	સાન ફ્રાનસીસ્કો	ઈલોઇલો

મુંબઇની આડત.

ચાલુ હીસાબપર દરરોજની બાકી ઉપર દર વરસે જો રૂ. ૧,૦૦૦ ની અંદર ન હોય અને રૂ. ૧,૦૦,૦૦૦ થી વધારે નહીં હોય તો સેંકડે બે ટકાનું વ્યાજ આપવામાં આવે છે, પણ જો દર છ માસે વ્યાજ રૂ. ૫) જેટલું નહીં હોય ત્યારે તે અપાતું નથી.

બાંધી ડીપાઝીટો બાર માસ સુધીની જુદી જુદી મુદત માટે લેવાય છે જે વીષેની શરતો અરજ કીધાથી જણાવવામાં આવશે.

સધર જામીનગીરીપર નાણાં ધીરવામાં આવે છે અને બીલો ખરીદવામાં આવે છે તથા દરેક જાતનું સરાફ તેમજ વટાવને લગતું કામકાજ થાય છે.

યુરોપ, હીંદુસ્તાન, ઓસ્ટ્રેલીઆ, અમેરીકા, ચીન અને જાપાનના મુખ્ય વેપારના મથકો ઉપર તથા લંડનના દરાફતો આપવામાં આવે છે.

સી. એચ. વીલસન,

એજન્ટ.

૪૦, ચરચગેટ સ્ટ્રીટ—મુંબઇ.

શ્રી સરકાર ગાયકવાડનાં આશ્રા હેઠળ સ્થપાયલી અને શ્રી મહારાજા સાહેબની મોટી મદદ ધરાવતી

ધી બેંક ઓફ બરોડા લીમીટેડ.

વડોદરા રાજ્યના બેંકર્સ.

(સને ૧૮૯૭ ના બરોડા કંપનીના એક્ટ ત્રીજા પ્રમાણે રજીસ્ટર થયલી)

હેડ ઓફીસ—માંડવી પાસે, **વડોદરા.**

બ્રાંચીઝ:—અમદાવાદ, નવસારી, મહેસાણા અને સુરત, વલી મુંબઇમાં હોરનબી રોડ ઉપર થોડા વખતમાં ઉઘાડવામાં આવનાર છે.

કુલ્લે થાપણ...	...	...	...	રૂ. ૬૦,૦૦,૦૦૦
ભરાયલી થાપણ	...	...	...	રૂ. ૧૪,૦૦,૦૦૦
રીઝરવ ફંડ ...	...	...	...	રૂ. ૧૧,૦૦,૦૦૦

ડીરેકટરો.

(૧) ઓ૦ મી૦ લલ્લુભાઇ શામળદાસ, સી૦ આઇ૦ ઇ૦ ચેરમેન.

(૨) સર વીઠલદાસ દામોદર ઠાકરસી, નાઇટ.

(૩) રા૦ રા૦ ભાસ્કરરાવ વીઠલદાસ મહેતા, એડવોકેટ, હાઇ કોર્ટ, મુંબઇ.

(૪) રાજરતન શેઠ મગનભાઇ પી૦ હરીભકતી નગરશેઠ (વડોદરા.)

(૫) શેઠ મગનલાલ હરગોવીંદદાસ કાંટાવાળા, વડોદરા મહારાજા મીલ્સના એજન્ટ.

(૬) શેઠ મણીલાલ રેવાદાસ (વડનગર.)

(૭) રા૦ બા૦ ગુનાજીરાવ રાજબા નીંબાલકર, વડોદરા.

(૮) રા૦ રા૦ રાવજી રઘુનાથ શીરગાંવકર, નાયબ સુબા, વડોદરા રાજ્ય.

(૯) રા૦ રા૦ એ. એન. દાતાર, એકાઉન્ટન્ટ જનરલ, વડોદરા રાજ્ય.

ચાલુ ડીપાઝીટ ખાતાંઓ—રૂ૩૦૦ થી ૧૦૦૦૦૦)ની દરરોજની શીલક ઉપર દર વરસે દર સેંકડે બે ટકાનું વયાજ આપવામાં આવે છે અને તેથી વધુ રકમ ઉપર ખાસ જુદી ગોઠવણ કરવામાં આવશે. અરધા વરસનું રૂપયા ત્રણથી ઓછું વયાજ થતું હશે તો તે આપવામાં આવશે નહીં.

બાંધી મુદતનાં ડીપાઝીટ ખાતાં.—બાર મહીનાની બાંધી મુદતની અને તેથી વધારે અને ઓછી મુદતની ડીપાઝીટ માટેના ભાવ અરજ કરવાથી જણાવવામાં આવશે.

સેવીંગસ બેંક.—આ બેંકમાં સેવીંગસ બેંકનાં ખાતાં ઉઘાડવામાં આવે છે અને તે ઉપર દર વરસે દર સેંકડે ચાર ટકા વ્યાજ આપવામાં આવે છે, એક વરસમાં રૂ ૧૦૦૦) વયાજ સીવાય ને એકંદરે રૂ. ૫૦૦૦) સુધી દરેક ખાતાંમાં છેલ્લાજ વરસના વયાજ સીવાય રાખવામાં આવે છે. એક કરતાં વધારે નામો ઉપર ખાતાં ઉઘાડી શકાય છે; પરંતુ એક નામ ઉપર એકથી વધારે ખાતાં ઉઘાડી શકાતાં નથી.

લોનસ વીગેરે.—હુંડી અને વયાજ બીજા કીમતી કાગળીયાં ઉપર, સધર જામીનગીરી ઉપર તથા વયાજની રકમની મીલકત કબજામાં રાખી ખાસ ઠરાવેલા ભાવે તથા શરતે બેંક નાણું ધીરે છે. સરકારના સ્ટોકસ, શેરો, જમીનગીરીનાં કાગળીયાં, ઘરેણાં, ઝવેરાત વીગેરે કીમતી તથા જોખમી ચીજો સહીસલામત રાખવાનું, પ્રોમીસરી નોટો, ડીબેનચરસ, સ્ટોકસ શેરો વીગેરે વયાજ આપતાં કાગળ ઉપરનું વયાજ ઉઘરાવી આપવાનું તથા ગવરમેન્ટ પેપર અને બધી જાતના શેર, સ્ટોક ડીબેનચરસ ને તેવીજ જાતનાં કાગળીયાં વેચી તથા ખરીદી આપવાનું કામ બેંક કરે છે.

સી૦ ઇ૦ રેનડલ મેનેજર.

The Bank of India Limited.

ધી બેંક ઑફ ઇન્ડીયા, લીમીટેડ.

(તા૦ ૭મી સપટેમ્બર સને ૧૯૦૬ ના દીવસે સ્થાપવામાં આવેલી.)

કુલ્લે થાપણ	રૂ.	૧,૦૦,૦૦,૦૦૦.
ભરાયલી થાપણ	રૂ.	૧,૦૦,૦૦,૦૦૦.
પગાર થયલી થાપણ	રૂ.	૫૦,૦૦,૦૦૦.
અનામત ફંડ	રૂ.	૧૨,૦૦,૦૦૦.

વડી ઑફીસ.

ઓરીયેન્ટલ બીલ્ડીંગ્સ, મુંબઇ.

ડાયરેકટરો.

સર સાસુન ડેવીડ, બેરોનેટ (મેસરસ સાસુન જે. ડેવીડની કું. વાલા, મુંબઈ). સરનશીન.
સર કાવસજી જાહાંગીર, બેરોનેટ (મેસરસ જે. કાવસજી જાહાંગીરની કું. વાલા, મુંબઇ.)
ખેતસી ખીસી, એસકવાયર (મેસરસ હીરજી ખેતસીની કું. વાલા, મુંબઇ.)
રામનારાયણ હરનંદરાય, એસકવાયર (હરનંદરાય રામનારાયણની પેઢીવાલા, મુંબઇ.)
એફ. ઇ. દીનશાહ, એસકવાયર (મેસરસ પેન એંડ કું. વાલા, મુંબઇ.)
એફ. નેલસન, એસકવાયર (મેસરસ સાલમન્સ બારલો એંડ કું. વાલા)
ડબલ્યુ. એચ. બ્રેડી, એસકવાયર (મેસરસ ડબલ્યુ. એચ. બ્રેડી એંડ કું. વાલા)

ચાલુ ડીપોઝીટ ખાતાં—રૂ૩૦૦ થી રૂ૧૦૦૦૦૦ સુધી રોજની બાકી ઉપર દર વરસે દર સેંકડે અઢી ટકા લેખે બ્યાજ તા૦ ૧ લી ડીસેમબરથી તા૦ ૩૧ મી મે સુધી આપવામાં આવશે અને બાકીના ૬ મહીના માટે ૨ ટકા બ્યાજ આપવામાં આવશે. એક લાખ રૂપીઆથી વધુ રકમો ઉપર ખાસ ગોઠવણ મુજબ આપવામાં આવશે. પણ ૭ માસનું વયાજ રૂ. ૩ ન થાય તો તે આપવામાં આવશે નહીં.

બાંધી મુદતની ડીપાઝીટો—બાર માસ માટેની અથવા તેથી ઓછી મુદત માટેના વયાજના બાવો બેંકમાં તપાસ કરવાથી માલમ પડશે.

લોન, ઓવરડ્રાફ્ટસ અને કેશ ક્રેડીટસ—આ બેંક પસંદ કરેલી જામીનગીરી ઉપર ગોઠવણ કરેલી સરતોએ નાણું ધીરે છે. આ બેંક તેના ઘરાકોની તરફથી શેરો તથા જામીનગીરીઓ સલામત રાખવા લે છે અને તે ઉપરની વહેંચણી તથા વયાજ ઉઘરાવે છે. વળી સરકારી કાગળ્યાં તથા સઘળી જાતના શેરો મધ્યમ દરે વેચી તથા ખરીદી આપે છે. વધુ વીગતો બેંકમાં તપાસ કરવાથી મળી શકશે.

એચ. પી. સ્ટ્રીંગફેલો,
મેનેજર.

જીંદગી જાળવવાના જરૂરી નિયમો.

૧. નબળા શરીર ઉપર ખરાબ ઋતુની કે કોઇપણ દરદની અસર વધારે અને ઝડપથી થાય છે માટે શરીર નબળું ન પડે તેની સંભાળ રાખવી.

૨. કોઇ પણ દરદના સંબંધમાં જરાપણ બેદરકારી રાખવી નહિ.

૩. આળસુ બની શરીરને ભારે પાડી નાખવું નહી કારણ કે તેથી પાચનશકતી મંદ થાય છે, અને તેમ થતાં કંઇ કંઇ દરદ લાગુ પડતું રહે છે.

૪. સારાં શાસ્ત્રોનો અભ્યાસ અને સારાં માણસોની સંગત એઓ મનને નીયમમાં રાખનાર છે, અને જેઓનું મન નીયમમાં હોય છે, તેઓ હમેશાં સુખી રહે છે.

૫. શારીરીક કે બહારનું કાંઇપણ કારણ ન છતાં પણ જેઓનું મન ખાલી ચીંતા, શોક, ક્રોધ, વ્યભીચારના વીચારો અને ઇર્ષા વગેરેને આધીન રહે છે, તેઓ રોગી અને ટુંકી આવરદાવાળા બને છે માટે ખાલી ચીંતા વગેરેને આધીન થવું નહી.

તમો કદી પણ ભુલશો નહી કે “ જે મનુષ્ય હીત આહાર વીહારનું સેવન કરનારા હોય છે, વીચાર કરીનેજ દરેક કારયમાં પ્રવૃત્ત થાય છે, વીષયોના મોહમાં તણાતા પોતાના મનને રોકી શકે છે, પરોપકારની લાગણી ધરાવે છે, સોરાસાર વીચાર કરી શકે છે, સત્યને વળગી રહે છે, ક્ષમાને જાળવી શકે છે, અને ઉતમ મનુષ્યોના સહવાસમાં રહે છે, તે મનુષ્ય હમેશાં રોગરહીત રહે છે અને લાંબી જીંદગી ભોગવે છે.”

આરોગ્ય અને દીર્ઘજીવીત મેળવવાનો એક ઉતમ ઉપાય.

આતંકનિગ્રહ ગોળીઓ.

લાખો માણસોએ આ ગોળીઓનો ઉપયોગ કરીને તેનાં એક અવાજે વખાણ કર્યા છે, કે એ ગોળીઓ સ્વાદમાં કડવી છતાં શરીરને માટે બહુ મીઠું પરીણામ લાવનારી છે. એટલે કે નબળાઇનો નાશ કરે છે, પાચનશકતીને સુધારે છે દસ્તની અટકાયતને મટાડે છે, બગડેલા લોહીને તથા વીર્યને વધારે છે, સ્ત્રીઓના બગડેલા ગર્ભાશયને તથા રજને સુધારે છે. હાથપગ વગેરેની કળતરને મટાડે છે, નીસ્તેજ ચહેરાને તેજવાળો કરે છે, યાદશકતીને તીવ્ર કરે છે, છાતીની મજબુતી કરે છે અને કોઇ પણ દરદને શરીરમાં દાખલ થતું અટકાવે છે.

સુખી રહેવાને અને લાંબી જીંદગી મેળવવાને આના કરતાં તમોને વધારે શું જોઇએ ? તમારી જાતને સુધારવાને અને તમારી ઓલાદને પણ મજબુત અને તંદુરસ્ત બનાવવાને આ ગોળીઓ અમૃતતુલ્ય છે.

કીંમત ગોળી ૩૨ ની ડબી ૧ નો રૂપીઓ ૧ એક. કમીશન વગેરેની વધારે વીગત જાણવાને પ્રાઇસલીસ્ટ મંગાવો.

(હેડ ઓફીસ.) જામનગર-કાઠીઆવાડ. — વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવીંદજી. માલેક-આતંકનિગ્રહ ઔષધાલય.

બ્રાંચ ઓફીસો—

૧ મુંબઇ-કાલબાદેવી રોડ.	૪ કરાંચી-બંદર રોડ.	૭ રંગુન-મોગલ સ્ટ્રીટ.
૨ કલકતા-બોબાજાર સ્ટ્રીટ.	૫ મદ્રાસ-બ્રાડવે.	૮ કોલંબો-૨૭ ડેમસ્ટ્રીટ.
૩ પુના સીટી-બુધવાર પેઠ.	૬ „ માઉન્ટ રોડ.	૯ સીંગાપોર-બ્રાસબસારોડ.

હજારો દરદીઓની ફતેહમંદ સારવાર કરી પ્રસીદ્ધી પામેલા

હરસ-મસા (PILES)

સ્પેશીયાલીસ્ટ (વઇદય) **ડા૦ અધ્યારૂ**

હરસ-મસા-ભગંદર-વીસફોટક અને

ગરમીના દરેક જાતના રોગીને વહાઢકાપ સીવાય
ગેરંટી સાથે આરામ કરે છે.

સ્ત્રી દરદીઓની સારવાર અનુભવી મીડવાઇફથી લેવાય છે.

૬૦-કાલબાદેવી રોડ, નવી પોસ્ટ ઓફીસ પાસે,—મુંબઇ.

ગ્રાંટરોડ ઉપરની જાણીતી કાપડની દુકાન.

પી. કરાણીની કું૦

બાનુઓ તથા ગ્રહસ્થોને જરૂરનું તમામ જાતનું ગરમ-સુતરાઉ તથા ફેન્સી કાપડ હમારે ત્યાં હંમેશાં કીફાયતે મલશે.
હમારાં શીલાઈખાતાં વીશે બે મત છેજ નહીં.

પી. કરાણીની કું૦

રેલવે હોટલ પાસે, ગ્રાંટરોડ.

SUNDER PANDURANG,

Bookseller &c. Kalkadevi Road, Bombay.

☞ AGENT FOR THE SALE OF GOVERNMENT PUBLICATIONS,
School and College Books of all sorts, Law, Medicine, Engineering, Technology, Science and Art, Novels and General Literature &c.

RATES EXCEEDINGLY CHEAP

Orders promptly attended to. Subject Catalogues on Application. New publications are received for Sale on Commission. Terms moderate.

ઝરીના.

હેર ઓઇલ જે વરસો થયાં લોક પસંદગી પામતાં રહયાં છે અને તેઓમાં કુદરતી પુશપોને સુવાસ તેની અસલ ખાલેસીમાં એવો પ્રગટી રહેલો છે કે તે એકવાર વાપરતાંજ મોહી પડી જવાય છે. એ તેલોનાં આવાં ખેંચાણને લીધે તથા બાલ વધારવાના તથા તેને ચલકતા સુંવાળા અને નરમ રાખવાના ખાસ ગુણોને લીધે શોખીન બાનુઓમાં એક જાતની મોહીની ઉતપન કરી છે. અને એજ કારણસર **ઝરીના હેર ઓઇલ** જગ જાહેરાત પામયાં છે. લોકમાં તેનો ખપ વધી ગયો છે તેથીજ કરીને પારકી મીરાસ પોતાની કરી કહેનારા **નકલીયાઓ** ફુટાફુટ કરી રહયા છે. ઝરીના હેર ઓઈલની સ્તુતી પ્રજામાં જાણીતાં અને માનીતાં વરતમાનપત્રોમાં વાંચવાથી તે ખરીદ જતાં ભળતાંજ નકલી તેલો ખરીદી લોક નીરાશી પામતા હોય તેમાં નવાઇ નથી. એ તેલો એક કરતાં વધુ સુગંધનાં બનાવેલાં છે. જેમકે

ઝરીના રેડ રોઝ

ઓઇલ પ્રથમમાં જાહેરમાં લાવનાર **માદન સનસની કુંપની,** અસલ માદનના દવાખાના વાળાજ છે. એનો ખુશનુમા ગુલાબી દેખાવ જે આંખને મજાહ આપે છે તેમજ તેના રાતા ગુલાબનો ખાલેસ સુગંધ એવો આબેહુબ છે કે આપણી દેશી અબળા અને પારસી બાનુઓમાં એજ વાપરવાનું ઘેલું લાગું છે!

ઝરીના વાહીટ રોઝ

હેર ઓઇલ ઉપલાં જેવુંજ સુગંધી અને ગુણવાળું છે. તે યુરોપીયન બાઈઓ હોંસથી વાપરે છે. વળી કેટલીક બાનુંઓને રંગદાર કોઈબી તેલ માટે અભાવ હોય છે પણ

ઝરીના જેસમીન

હેર ઓઇલે તો આપણી હીંદી અને મોહોમેડન બાનુઓમાં એવો ચાસટો લગાડયો છે કે બોલવાની વાત નથી, કારણકે એમાં બટ મોગરા અને ચંપેલીનો ખુશ સુવાસ એવો તો બેહેકી રહેલો છે કે બાનુઓ કુરબાન રહે એ કુદરતી છે.

ઝરીના વાહીટ વાયોલેટ

શોખીન ઇંગ્રેજ અને પારસી બાઈઓ જેઓ કુદરતી ફુલોનાં પુજારી છે તેઓ વાયોલેટની ખંપટવાળા ઉપલાં તેલનો ઘણીજ મજાહથી ઉપયોગ કરે છે. હવે બાલ વધારવાના ખાસ ગુણોવાળું

ઝરીના કેનથરેદીન

હેર ટોનીક ઓઇલ તો દરેક ઠેકાણેથી અને સરવે ગ્નાતની પતનીઓ તરફથી વાખાણીના સરોદથી વધાવી લેવામાં આવ્યું છે, કારણકે ટુંકા, આછા અને હુમકા બાલ વધારવાને અધીરી પડેલી બાઇઓમાં એના પ્રતાપે ધીરજ આવી છે એ વાપરવા પછી તેઓનાં માથાં સુંદર રૂપાળાં લાંબા અને પેંગદાર બાલની લટોથી શોભા પામી રહયાં છે.

ફલોરલ હેર ડ્રુશ

ભુલસેલા માથાં અને તાળવાને ઠંડક વાળવા સાથ ઉપલાં તેલો ભેળવાં પડવાથી બાલ છુટા રહે છે અને તેના વધને પુશકલ ટેકો મળે છે. પણ એનો સુગંધ તો એવો છે કે આખો ઓરડો બાગે બેહેસત જેવો પમરી રહે છે. એની તારીફ 'લાનસેટ' જેવાં પત્રે કીધી છે અને તે વાપરવાને ભલામણ કરવા ચુકયું નથી.

ઉપલાં તેલો સરવે ઠેકાણે મળે છે.

નકલ નીકળી છે તેથી ઝરીના નામવાળુંજ લેજો.

માદન સનસની કુંપની.

કલાટક મારકીટ આગળ—મુંબઇ.

એમપ્રેસ હોટલ, નાસીક રોડ, દેવલાલી.

માલેકો—જમશેદ એન્ડ સન્સ.—હાઉસ, એસટેટ અને વીમાંના એજંટો.

જત હું મારાં ધણીઆણી સાથે તમારાં હોટેલમાં દીન વીસ રહયો તે દરમીયાન તમારાં હોટેલનાં કારોબારથી મને પુરતો સંતોશ મલ્યોછે. ખાવાપીવાનું રહેવાનું મેનેજમેનત સરવે ઉમદા પ્રકારનાછે. ટુંકમાં દરેક પ્રકારની સગવડ ઘેરનાજ જેવી છે. હમોએ ઘણાં હોટેલો જોયાં છે પણ આટલા ટુંક વખતના ઉઘાડેલા હોટલની મેનેજમેનત સાથે સરખાવતાં હમો કહી શકીએ કે એવાં થોડાંજ હોટેલો આવા ઉમદા કારોબાર ચલાવી શકતાં હશે. એ હોટેલનાં માલેક તથા સ્ટાફ ઘણા લાયકીવાલા છે અને બીજાં કુટુંબોને હમારી ભલામણ છે કે એ હોટેલનો એક વખત લાભ લઈ પોતાની ખાત્રી કરી લેવી, કે જેથી હમોએ આ લખી આપેલી સરટીફીકેટને ટેકો મલશે. સોરાબજી બેરામજી બાલીવાલા, કીંગ જેનવાલા.

જત હું અત્રેના એમપ્રેસ હોટલમાં ત્રણ અઠવાડયાં મારાં છોકરાંઓ સહીત રહી હતી, અને અમને દરેક રીતની મનમાનતી સગવડ મલી હતી. ખોરાક ઘણોજ મનપસંદ અને સ્વાદીશટ હતો. રૂમ પણ અચ્છી રીતે સાફ હતો. મેનેજમેન્ટ બહુ સરસ હતી. મી૦ અને મીસીસ જમશેદજીએ અમોને ઘર માફક સગવડ કરી આપવામાં પોતાનું બનતું કીધું હતું અને અમો મન માનતી મનજા ચાખી ખુશી સાથે અમારે ઘેર પાછાં તનદરોસ્ત હાલતમાં જઈયે છીયે. જરબાઈ બેરામજી દારૂવાલા.

એમપ્રેસ હોટેલમાં બાર દીવસ મારી તંદરોસ્તીનાં સુધારા માટે રહયો હતો અને જણાવવાને ખુશી છું કે એ મુદત દરમીઆન દરેક ફાયદો થયો હતો. આ હોટેલ નાસીક રોડ ઉપર ઘણી સારી અને આબોહવાવાલી લોકેલીટી ઉપર આવેલું છે અને આજુબાજુની સીનેરી ઘણીજ મનોરંજક છે, હોટેલનાં માલેક હોટેલને ફતેમંદ બનાવા માટે હોટેલની સુઘડાઈ રેહવાનાં મકાનની સ્વચ્છતા, અને ઉતારૂઓના સુખ સગવડ ઉપર ચાંપતી દેખરેખ રાખે છે. આ હોટેલમાં દરેક ઉતારૂને ફીલતર કરેલું પીવાનું પાણી મલે છે, અને હોટલમાં વાપરવાનું દુધ દરરોજ માલેકની દેખરેખ હેઠલ ભેંશો લાવી કહાડવામાં આવે છે. સ્વચ્છ પાણી, સ્વચ્છ દુધ, અને સ્વચ્છ હવાથી તંદુરસ્તીના સુધારાને માટે આવનારાઓને ફાયદો થાય એમાં નવાઇ નથી. મેરવાનજી કોલાભાઈ વલસાડા.

હોટેલ મધ્યે મારાં એક વહુને લગભગ સાડાત્રણ મહીના એવણની તબીયતના સુધારા માટે રાખ્યાં હતાં, અને મને જણાવવાને ઘણી ખુશી ઉપજે છે, જે જેટલો વખત એવણ ત્યાં એકલાં રહયા હતાં તેટલો વખત હોટલનાં માલેક તેમજ તેવણના લાયકીવાળાં ધણીઆણી તરફથી પુરતો સંતોશ મલ્યો હતો. હોટેલની ઈમારત, ખાવાપીવાની સફાઈ તેમજ પેસેનજરોની તંદરોસ્તી સાચવવા માટે સારી દેખરેખ તથા કાલજી રાખવામાં આવે છે. સોરાબજી ફરામજી બેંકર.

હું મારા કુટુંબ સહીત લગભગ એક મહીનો દેવલાલી એમપરેસ હોટલમાં રહી જે વેળાએ અમો પુરતી. સગવડ, સ્વચ્છ ખોરાક અને નાસીક રોડની પહેલે નંબરની તાજગી આપનારી હવાથી એટલાં તો સંતોશ. પામ્યાં કે ફરી આવી બીજો મહીનો રહી ગયાં. ભલા માલેક મી૦ જમશેદ અને તેવણના લાયકીવાલાં ધણીઆણી તેમજ હોટેલનો આખો સ્ટાફ પરોણાઓની સગવડ ઉપર પુરતું ધ્યાન આપે છે અને મીસીસ જમશેદ ખરેજ કુટુંબોની એક મા બહેન માફક માવજત કરે છે. સરળ ગમતના સાધાણોથી ભરપુર સુંદર જીમખાનાની રમત ગમતો તેમજ ત્યાં ચાલતા મનહર મ્યુઝીકથી અમારાં મન સંપુરણ રંજન થયાં હતાં હું હમેશ મારાં પીછાણવાલાઓને એજ હોટેલમાં ઉતારો લેવાની ભલામણ કરીશ, કેમકે મારી મુસાફરીઓ વેળા અનુભવેલા સરવથી સરેસ્ટ હોટેલોમાંનું એક હોટલ મને આ સાલુમ પડયું છે. આઇમાય નસરવાનજી રતનજી નરીમાન.

લક્ષર હેર ટોનીકની બલીહારી.

વાળ લાંબા સુસોભીત ઉગાડી ભુરા વાળ ખુદરતી કાળા કરે છે. ટાલક પડતું અટકાવે છે. માથું દુખતું બંધ કરે છે. વાળમાંથી ખોડો કાહડી નાખે છે.

મોકલો ૧૩ આના. (પોસ્ટ ફ્રી.)

અ. દા. અદગરા. સુરત.

By Special Appointment to H. E. The Governor of Bombay.


P. B. PRESS & CO. (GWALIOR) LD.

THE FORT COACH FACTORY,

FRERE ROAD, FORT,

BOMBAY.

Telephone No. 391.



TELEGRAPHIC ADDRESS
"PRESS" Bombay,
"PRESS" Gwalior.

FACTORIES AT BOMBAY & GWALIOR.

Gold Medals, First Class Diplomas,

&

Certificates of Merit

Awarded at several Exibitions in

INDIA, PARIS & LONDON.

Estimates and Designs Forwarded on Application

ઝોરાસ્ટ્રીયન કેલેંડરમાં આવેલી જુદી જુદી બાબદોનું સાંકલયું.

શું તમારે વગર પૈસે સખાવત કરવી છે?

બાનુઓ અને ગૃહસ્થો સાંભળો, સખાવત કંઇ પૈસાથીજ થતી નથી. રૂપીઓ, બે રૂપીઆ, યાતો સેંકડો રૂપીઆની સખાવત કરો, પણ એક ઉલટમંદ ઉદયોગી માણસને તેના કામમાં મદદ કરવી એના જેવી સખાવત એકે નથી. સખાવત એવી કરો કે તેના ભલાં સાથે તમારૂં પણ ભલું થાએ. માટે **શોરાબજીની કુ૦** સર્વે બાનુઓ **અને** ગૃહસ્થોને અરજ કરે છે કે આવા મોઘવારીના વખતમાં સર્વેને સસ્તું પડતું, **પણ** ઉમદા, લગભગ ૧૮ દેશી અને ઈંગ્લીશ બનાવટના ઉતમ વાણામાંથી બનાવેલું અમારૂં **દાંતનું મંજન** ફક્ત એકજવાર વાપરી ખાતરી કરો. **આ મંજન કાંઈ ચાકનો લેપરો અને કાંઇક સુગંધીનું બનાવેલું નથીજ,** તેની ખાતરી તમો પોતેજ **ખુદ મંજન** વાપરીને કરો.

આ મંજનના ગુણ—દાંતને સફાઇદાર ચલકતા કરવા સાથે ઘણા મજબુત બનાવે છે. દાંત હાલતા અટકાવે છે, દાંતમાંથી લોહી જતું અટકાવે છે, **દાંતમાં પરૂ થયું હોય** તેનો પણ નાસ કરે છે, અને તે દાંતમાં નુકશાન કરતાં દરેક જીવજંતુનો નાશ કરી **દાંતને ઘણીજ મજબુતાઈ** આપે છે. દાંત ઉપરની ખોપરી નીકલી જવાથી જે દુખ તથા કલતર થાએ છે તેમજ કોઇપણ કારણસર દાંત દુખતા હોય તેનો પણ આ મંજન લગાડવાથી નાસ થાએ છે અને ફરી દાંત દુખતા યાતો કલતા નથી. આ મંજન ઘણુંજ ખુશબોદાર છે તેમજ તેમાં કોઈપણ નુકશાન કરે તેવી ચીજનું મીશ્રણ નથી, માટેજ **નાના બચ્ચાંઓ** પણ વાપડી શકે. આ મંજનમાં કોઈપણ જાતની **એસીદ નાખી નથી.** સેમ્પલ મુફત મલશે.

કીં, ૧) **આંઉસના ૦)= અને ૧) આંઉસથી વધારે લેનારને ૧) રતલના રૂ૧ાા પડશે.**

"સ્નો વ્હાઈટ" કેકસ:—બજારમાં વેચાતા કોઇપણ જાતના બ્લેન્કો કરતાં અમારો બનાવેલો "સ્નો વ્હાઈટ" સફેદ કેનવાસના તેમજ બકસ્કીનના તેમજ બનાતના બુટ અને સુઝને માટે તેમજ સફેદ હેટને માટે ઉતમ છે. આ "સ્નો વ્હાઇટ" લગાડવાથી ઉપલી દરેક ચીજ સફેદ બરફ જેવી થાએ છે અને સુકાયા પછી ખરી પડતો નથી, ૧) કેકના આના ૦)≡ અજમાવી ખાતરી કરો.

એકલા બનાવનાર તથા વેચનાર.

શોરાબજીની કું૦

સેન્ટ, સાબુ, કોલનવાટર, પ્રોવીઝન, સ્ટેશનરી, વીજલીની બટીઓ, કટલરી, ચાહ, કોફી વગેરેના વેપારી.

કોટમાં ગનબાવા સ્ટ્રીટ, ના૦ ૬૭-૬૯.

અમારે ત્યાં ચોખ્ખું ગામઠી મધ પણ વેચાયછે.

ગયા વરસનો ઇનતેખાબ,

યાને

યઝદેજરદી સને ૧૨૮૭ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણવાજોગ બનાવો.

સખાવત.

આ વરસે સામાન્ય સખાવતનો આંકડો લગભગ ત્રીશ લાખનો, ઉઠમણાની છપાયલી રકમ ચાર લાખ નેવું હજારની, ધરમનાં મકાનોની કીંમત સુમારે ગણતાં લગભગ ચાર લાખ રૂપીયા મલી આ વરસની કુલે સખાવત ઓગનચાલીસ લાખ રૂપીઆની થવા ગઇ છે.

ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમાં એક સખાવત થવાંમાંથી તથા ઉઠમણામાં જણાવેલી રકમમાંથી બીજા ફંડોમાં અપાયલી, ધરમનાં મકાનોવાલી રકમ જે આગલાં વરશોમાં સખાવતોમાં ગણાઇ ચુકેલી, વીગેરેની રકમ સુમારે આઠ લાખની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો લગભગ રૂપીયા એકત્રીશ લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે. શેઠ મ. ન. બનાજીના પુત્રી બાઇ શીરીનબાઇએ ઇંડસ્ત્રીયલ હોમ માટે આપવા જણાવેલા છ લાખ અને મુંબઇના પારસી કુટુંબે નવસારીના લુનસી કુઇમાં સેનેટેરયમ સ્થાપવા બંગલા શુધાં એક લાખ આપવા જણાવ્યા છે. આ બેઉ રકમો તેમજ ધરમના મકાંનમાં સર કાવશજી જહાંગીરજીની સખાવતથી ખુલ્લા મુકાયલા પબલીક હોલની રકમ અગાઉ ગણાઇ ગઈ છે તેથી આ વરસની સખાવતમાં સરવાલામાં ગણવામાં આવી નથી.

મરહુમ શેઠ નવરોજી નશરવાનજી પોંચાજીની માલકતોના એકલા ટ્રસ્ટી અને એકઝીકયુટર તરીકે ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી મેહતાએ મરહુમની ઇચ્છા તથા તેમના વસીયતનામા મુજબ આ વરસે ૨૧૫૦૦૦૦ ની નાદર રકમ કરાંચી ખાતે એક પારસી ગરલ્સ હાઇસ્કુલ સ્થાપવા માટે આપી હતી. કરાંચીની પારસી વીરબાઈજી સકુલ કે જેમાં છોકરાઓ ભેગી છોકરીઓ પણ શીખતી હતી તેથી ગરલ્સ સકુલને બોયઝ સ્કુલથી જુદી કરી એક અલાહેદી પારસી ગરલ્સ હાઇ સ્કુલ મોટા પાયા અને સુધારા વધારાપર સ્થાપવા માટે શેઠ નશરવાનજીના બેટા શેઠ જમશેદ નશરવાનજી મહેતા ઘણી ખંત અને કાલજીથી કામ કરે છે. શેઠ જમશેદજીએ પોતાની સાથે કરાંચીના કેળવણી ખાતાંઓ સાથે સંબંધ રાખતા જાણીતા એજ્યુકેશનીસ્ટોની એક કમીટી નેમી છે. આ ગરલ્સ હાઇ સ્કુલ ચાલુ કરી સકુલમાં છોકરીઓને સાધારણ નીશાળની કેળવણી આપવા ઉપરાંત ઘરસંસારી બાબદોની કેળવણી તનદરોસ્તી, સુખાકારી, નિતી અને ખાસ કરીને ધરમને લગતી કેળવણી પણ દરરોજ દરેક વરગમાં આપવામાં આવે છે. આ સ્કુલ માટે એક નવું અલાહેદું મકાન બાંધવા સારૂ તજવીજો કરવામાં આવે છે. કરાંચીના સખીવજુદ ગ્રહસ્થ શેઠ અરદેશર હોરમજી મામાએ ૨૩૦૦૦૦૦ ની નાદર રકમ આ ગરલ્સ હાઇ સ્કુલને માટે શેઠ નશરવાનજી મારફતે આપી છે, તોપણ એને એક નમુનેદાર ગરલસ હાઈ સ્કુલ બનાવવા માટે નાણાંની એથી પણ મોટી રકમની અગત્ય હોવાથી બીજા સખી ગૃહસ્થો આ કામમાં પોતાની મદદનો હાથ લંબાવશે. આ સ્કુલનું નામ "મમા પારસી ગરલસ સ્કુલ" રાખવામાં આવ્યું છે.

વડોદરાના જાણીતા શેહેરી અને આબકારી કંટરાકટર ખાન સાહેબ ફરામજી કાવશજી કંટરાકટર રોજ ૨૭ મો માહ ૧૧ મો યઝદેજરદી સને ૧૨૮૭ ને દીને વડોદરા ખાતે બેહેસ્તનશીન થયા હતા, તેવણના થયલા ઉઠમણાં વખતે જાહેર કરવામાં આવયું હતું કે શેઠ ફરામજી પોતાના

વશીયતનામાં મારફતે પોતાની હઇયાતીમાં રૂ૨૬૫૦૦૦ ની નાદર રકમ સખાવતમાં કાઢી ગયા છે, તે એવી શરતે કે વડોદરામાં રૂ૧૭૫૦૦૦ માંથી એક દરેહમેહર આતશ આદરાનની બાંધીને તેનો ચાલુ નીભાવ તથા મકાનની મરામત કરવી તેમજ વડોદરામાં રૂ૯૦૦૦૦ માંથી જરથોસ્તીઓ માટે એક ધરમશાળા બાંધી તેનો નીભાવ અને મરામત ખરચ કરવો.

અતરેના જાણીતા સખી શેહેરી શેઠ દોરાબજી ખરશેદજી શરાફે રૂ૨૧૦૦૦૦ની નાદર રકમના બજાર ભાવના જુદી જુદી કંપનીના શેરો મુંબઇની પારસી પંચાયતના નામદાર ત્રસ્ટી સાહેબોને આપયા છે તે એવી શરતે કે તેનું એક જુદું ખાતું પંચાયતને દફતરે પાડવું અને તેની આવક જરથોસ્તી કોમમા કેળવણી કાજે વાપરવી. એ ઉપરાંત શેઠ દોરાબજીએ ૧૯૧૨ માં એક જુદું ત્રસ્ટદીડ કરી પારસી પંચાએતના ત્રસ્ટીઓને નામ બ નામ ખાનગી પુરષો તરીકે (in their individual capacity) તેના ત્રસ્ટી નેમયા હતા, તે ત્રસ્ટદીડમાં રૂ૧૮૨૦૦૦ ના બજાર ભાવના જુદી જુદી કંપનીઓનાં શેરો ત્રસ્ટમાં આપયા છે. તેની શરત આ છે કે તેની આવકના ૫/૬ મો ભાગ તેવણને પોતાને તેવણની હઇયાતી સુધી આપવો અને ૧/૬ મો ભાગ પારસી પંચાએતના ત્રસટી સાહેબોને ધરમખાતા કાજે આપતા રહેવું અને તેવણની ખુદા ન કરે ને કજા રજા થાય તયારે ત્રસટની આખી રકમ પારસી પંચાએતને ધરમ ખાતે સોંપી દેવી. એ ત્રસ્ટદીડની શરતના સંબંધમાં પણ શેઠ દોરાબજીએ પોતાનાં ત્રસટદીડનાં ત્રસટીઓને પત્ર લખી ગોઠવણ કીધી છે કે એવણને મળતો ૫/૬ મો ભાગ પણ પંચાયતના ત્રસટીઓને આપતા રહેવું કે જેથી તેવણે જણાવેલાં ધરમખાતાંમાં વાપરતા રહે. ત્રસટી સાહેબોએ એ મોટી બક્ષેસો માટે શેઠ દોરાબજી ખરશેદજી શરાફનો ઉપકાર માન્યો છે.

અતરેના જાણીતા શખી શેઠયા અને મોટા શેર દલાલ સર શાપુરજી બરજોરજી ભરૂચાએ આ વરસે હમેશ મુજબ જુદા જુદા ફંડોમાં તથા ધરમખાતાંઓમાં તેમજ ગરીબોને નાણાંની સારી મદદ કીધી હતી. એઓ સાહેબે પોતાના ભાણેજબાઇ નવાજબાઇ નાનાભાઇ ખુરશેદજી ભરૂચા જેવણ રોજ ૭ મો માહા ૧૧ મો ૫૦ સને ૧૨૮૭ ને દીને બેહેસતનશીન થયાં હતાં, તેવણના સાંજે થયલા ઉઠમણા વખતે રૂ૧૨૦૦૦૦ની નાદર સખાવત કરી છે, એમાંથી રૂ૭૫૦૦૦ની રકમ ડાવેજર શેહનશાહ બાનુ એલેક્ષઝાનડરાવાળી અપંગ સીપાહીની હાસપીટલને અરપણ કરી છે, જયારે રૂ૩૦૦૦૦ હીંદી અપંગ સીપાહીની હાસપીટલને અને રૂ૨૫૦૦૦ ડા૦ માસીનાની લોકપ્રીય હાસપીટલના ફંડમાં બક્ષીશ આપયા છે. આ દરેક ખાતું તેને મલેલી બક્ષીશને લાયક છે અને આવા ઉપયોગી ખાતાંઓને ખીલવવા માટે સર શાપુરજીની ઉદાર દયાળુ બક્ષીશ ખરેખર ઘણીજ ઉપયોગી મદદગાર થઇ પડશે તેમજ મરહુમ બાનુની પવીત્ર યાદમાં આપવામાં આવેલી આ રકમ તેવણના રૂહને પણ ખુશનુદ કરયા વગર રહેશે નહી. એ ઉપરાંત સખી સર શાપુરજીએ અથોરનાન મંડળ હસતક ઉઘાડવામાં આવનારી અથોરનાન છોકરાઓ માટેની બોરડીંગ સ્કુલના ફંડમાં રૂ૧૦૦૦૦, મુંબઇના ન્યુ સીમેનસ ઇનસ્ટીટયુટના મકાન માટે રૂ૧૦૦૦૦, નવસારીની શેઠ દાદાભાઇ જનરલ હાસપીટલમાં બાંધવામાં આવનારી શેઠ બેરામજી રીરવાઇ બીલ્ડીંગના વધારાના ખરચમાં રૂ૭૦૦૦ અને નવસારીની વડી દરેહમેહેરને તાએના ભગરીયા મોબેદોના ધરમખાતાંને રૂ૫૦૦૦ની રકમ આપી હતી.

કરાંચીના જાણીતા સખી શેઠયા શેઠ જાહાંગીરજી હોરમજી કોઠારીએ કરાંચી ખાતે અગાઉ ઘણીક જાહેર સખાવતો કરી છે અને એવણની ઉદારતાથી આ વરસે કરાંચી કાંપથી ત્રણ માઇલ દુર આવેલા કલીફટનના દક્ષીણ દરીયા બાજુના પરાની ખીલવણી કરવામાં આવનાર છે. આ જગાએ ઘણાખરા રહેવાસીઓ તાજી હવા માટે ફરવા હરવા જાય છે તેથી આ હવા ખાવાની જગયાનો વીસ્તાર લંબાવી તેને સુંદર અને વધારે ખેંચાણકારક બનાવવા માટે શેઠ જાહાંગીરજીએ પોતાનો મોટો બંગલો તેમજ સુમારે ૧૨૦૦૦ ચોરસવાર કરતાં વધુના વીસ્તારની જગાના બે પલોટો જેની કીંમત સુમારે સવાથી દોઢ લાખ રૂપયાની થાય છે તે એવણે પોતાનો સખી [illegible] બતાવી

કરાંચીની મ્યુનીસીપાલીટીને બક્ષેશ આપી દીધા છે. મ્યુનીસીપાલીટીએ આ બક્ષેસ ઉપકાર સાથ કબુલ રાખી રૂપીઆ એક લાખના બીજા વધુ ખરચ સાથ આ ખીલવણીની યોજનાને બહાલી આપી હતી. સહેલાણીઓ માટે કલીફટનને મથાળે ગાડીઓ માટે ખુલી જગયા, ફરવાહરવા માટે ફુટપાથ વીગેરેની સગવડ કરવામાં આવશે અને આ જગાને " જહાંગીર કોઠારી પેરેડ " એવું નામ આપી શેઠ જાહાંગીરજીની ઉદારતાની નોંધ લેનારી તખતી ત્યાં મુકવાનો ઠરાવ મ્યુનીસીપાલીટીએ કરયો હતો. એ ઉપરાંત કરાંચી ખાતે મરહુમ શેઠ જમશેદજી રાજકોટવાલાની મીલકત જે "જાહાંગીર બાગ" ને નામે ઓળખાય છે, ત્યાં મોટો "વેડીંગ હોલ" બંધાવી આપવા શેઠ જહાંગીરજી કોઠારીએ રૂ૩૦૦૦૦ ની રકમ એ જહાંગીર બાગના ત્રસટીઓને આપી છે. વળી શેઠ જહાંગીરજીએ કરાંચીના પારસી ઈનસ્ટીટયુટના કંપાઉંડમાં રૂ૭૦૦૦૦ ને ખરચે બંધાવેલો " જાહાંગીર કોઠારી હોલ " ય. ૧૨૮૫ ના રોજ ૨૪ મે માહા ૧૦ માને દીને ખુલ્લો મુકાયો હતો. શેઠ હોરમજીએ આ વરસની સાડીપચીસ લાખ રૂપયાની વોર લોન ખરીદી પોતાનો સ્વદેસી જુસ્સો બતાવી આપ્યો છે ને ખાનગી ગ્રહસ્થો તરફથી રોકવામાં આવેલી રકમોમાં સઉથી વધુ છે.

અતરેના જાણીતા સખી શેહેરી શેઠ જમશેદજી અરદેશર વહાડયાએ પોતાના દીકરા શેઠ અરદેશરની શેહાદી બાઇ પીરોજબાઇ ડી. ચોકસી સાથ તા૦ ૩૧ મી મારચે આલબલેસ બાગમાં થઇ તેની ખુશાલીમાં રૂ૧૦૦૦૦૦ ની નાદર રકમ સખાવતમાં આપવા જણાવ્યું છે. આ રકમનો શું ઉપયોગ કરવો તે હવે પછી જણાવવામાં આવશે. એવણે રૂ૫૦૦૦ પારસી એસોસીએશનને આપયા હતા કે કેળવણી વગેરેના કામમાં વ્યાજ વાપરવા એ રૂપયાની લોનો ખરીદવી.

અતરેના જાણીતા શેહેરી શેઠ એસ. આર. બમનજીએ રૂ૧૦૦૦૦૦ ની નાદર રકમ જાણીતા બંગાલી સાયનટીસ્ટ ડા૦ જગદીશ ચંદર બોઝવાળી " બોઝ રીસરચ ઇનસ્ટીટયુટ " ને ભેટ આપી હતી. આ ઇનસ્ટીટયુટ ડા૦ બોઝે હીંદી પ્રજાને અરપણ કીધી છે.

સખી વજીદ બાઇ હમાબાઇ ફરામજી પીટીટે આ વરસે કરેલી રૂ૬૪૫૩૦ ની સખાવતની વીગતઃ—ગરીબ જરથોસ્તીઓનું પોષણ કરવા, મરણ ખરચ કરવા, વીમાના કોલો ભરવા તથા દવાદારૂ વીગેરે કામ સારૂ આપયા રૂ૨૧૫૦૦, ગરીબ જરથોસતીઓ વીગેરેને ગકુલ ફી તથા ચોપડીઓ માટે આપેલા રૂ૮૪૪૦, સેવાસદન સોસાયટીને (મુંબઇ) રૂ૧૦૦, આંટરોડ વરમાહા દવાખાના માટે થયેલા ખરચના રૂ૩૨૭૦, પુના ખાતેની સકુલના ફંડ માટે રૂ૫૦૦, " મદનપાલે " નેશનલ કોલેજના ફંડમાં રૂ૨૦૦, નીરાધાર ઇરાની કુટુંબોને ઇરાનથી હીંદુસ્તાન આવવા માટેની મદદના તારથી મોકલ્યા રૂ૫૫૦, ધી સેકરેટરી ફરસ્ટ એઈડ એન્ડ નરસીંગ બ્રધરહુડને આપેલા રૂ૧૦૦, ધી કવીન મેરી ટેકનીકલ ઇનસ્ટીટયુટને રૂ૨૦૦, ધી અમેરીકન મીસન સકુલ ફોર ધી બ્લાઇન્ડને રૂ૫૦૦, નેશનલ એજ્યુકેશન સોસાયટીને રૂ૧૫૦૦૦, રેલ્વેના તીજા વરગના મુસાફરોને પડતી હાડમારી દુર કરવા માટે મદદના આપયા રૂ૧૦૦, ધી બ્લુ કરોસ ફંડમાં રૂ૧૫૦, ધી વીમેન્સ ઇનડીયન એસોસીએશનને રૂ૧૨૦ મરહુમ શેઠ દાદાભાઇ નવરોજજીની યાદગારીના ફંડમાં રૂ૧૦૦૦, હોમરૂલ ડેપ્યુટેશનને મદદ કીધી તેના રૂ૧૦૦૦૦, ધી નારગોલ સકુલ એન્ડ હાસપીટલમાં રૂ૮૦૦, પંજાબી પત્રના એડીટરને મદદના આપયા રૂ૧૦૦૦ અને મીસીસ એની બીસેન્ટ મુંબઇ આવ્યા તેને માન આપવાના ફંડનાં રૂ૧૦૦૦.

બાઇજી હમાબાઇ ફરામજી પીટીટ અને સર દીનશા માણેકજી પીટીટ બીજા બારોનેટ તે બાઇજી આવાબાઇ ફરામજી પીટીટના ત્રસટીઓએ આ વરસે ગરીબ જરથોસ્તીઓને સદરો પહેરાવવા તથા બીજા ધરમની ક્રીયાઓ કરાવવાના કામ માટે રૂ૪૯૦ આપ્યા હતા.

કરાંચીના જાણીતા સખી શેઠયા ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી મેહતાએ પોતાના બેહેસતનશીન ધણીઆણી બાઇ ગુલબાઇની યાદમાં કરાંચી ખાતે ડા૦ કેખશરૂ દાદાભાઇ કંત્રાકટર હસ્તક ચાલતા પારસી મેટરનીટી હોમને વધારે સારા ને મોટા પાયા ઉપર લાવવા માટે એવણનો પોતાનો મોટો બંગલો તેની આસપાસની વીસાલ જમીન સાથે ભેટ આપયો છે, જેની કીમત લગભગ રૂ૩૫૦૦૦ ની થવા જાય છે, અને બીજા વધુ રોકડા રૂ૨૫૦૦૦ બક્ષીસ આપયા છે જેથી એ હોમ

માટે મોટું કુસાદે મકાન બાંધવામાં આવશે. એજ મુજબ એવણે ગયે સાલ સુરત ખાતે એવણના મરહુમ ધણીયાણીને નામે સુવાવડખાનાનું મકાન બાંધવા રૂ૩૦૦૦૦ની રકમ આપી હતી. એ ઉપરાંત એવો સાહેબે આ વરસે કરાંચીની શેઠ હીરજીભાઇ બહેરાનાની દરેહમેહરનું મકાન બાંધવાના ફંડમાં રૂ૧૦૦૦ અને સીંધ હૈદરાબાદ ખાતે જરથોસતીઓના ઉતારા માટે એક ધરમશાળા બાંધવાના ફંડમાં રૂ૧૦૦૦ આપયા હતા, તેમજ જુદા જુદા પરચુટણ ફંડોમાં સારી રકમ ભરી હતી.

સીકંદરાબાદના જાણીતા શેહેરી શેઠ જાહાંગીર જમશેદજી ચીનાઇની સખાવતથી સીકંદરાબાદના સ્ટાફ લેનનાં નાકાં ઉપર આવેલી પીરોજબાઇ ધરમશાળાના કમપાઉંડમાં "જમશેદ હોલ" બાંધવામાં આવે છે અને આ હોલ બાંધવા માટે રૂ૨૦૦૦૦ જેટલો ખરચ થવા જશે. વળી પારસી બાળકોને દીન ધરમની તથા સંસારની કેળવણી આપવા માટે એવણના મરહુમ ધણીયાણી બાઇ રતનબાઇના ઉઠમણામાં ભરાયલી રકમ ઉપરાંત બીજા વધુ રૂ૫૦૦૦૦ની રકમ આપી તેનું ત્રસ્ટ કરી સ્કુલ સ્થાપવાનું એવણે નક્કી કીધું છે.

કરાંચીના સખી શેઠયા ખાં૦ બા૦ કાવશજી હોરમસજી કાતરકે કરાંચીના ઝોરાસ્ત્રીયન કલબના કંપાઉંડમાં એક નવો ડાઇનીંગ હોલ બંધાવી આપવાનું જાહેર કરયું છે. આ હોલને એમના મરહુમ પીતાજીના નામપરથી "હોરમસજી કાતરક હોલ" એવું નામ આપવામાં આવશે. મજકુર હોલપર એક માલ બાંધવામાં આવશે જે યંગ મેન્સ ઝોરાસ્ત્રીયન એસોસીએશનના વપડાસ માટે રાખવામાં આવશે. આ ડાઇનીંગ હોલ પારસી કોમના શાહદી, નવજોત વગેરે પ્રસંગોપર વપડાસ માટે ખુલ્લો રાખવામાં આવશે. આ મકાન પાછળ એવણને આશરે રૂ૪૦૦૦૦નો ખરચ થવા જશે.

અતરેના જાણીતા સખી શેઠયા શેઠ જાંહગીર બમનજી પીટીટે આ વરસમાં કરેલી રૂ૨૧૦૦ની સખાવતની વીગત:—લડાઇને લીધે થયેલી મોંઘવારીનાં સબબે મુંબઇ તથા દેશાવરોનાં ગરીબ જરથોસ્તીઓને મુફત તથા કીફાયત ભાવે અનાજ પુરૂં પાડવા માટે આપેલા રૂ૫૦૦૦, લડાઇના સબબે આફતમાં આવી પડેલા જરથોસ્તીઓને મદદ કરવા માટે આપેલા રૂ૭૫૦, લડાઇના સબબે ગરીબ જરથોસ્તીઓને અનાજ લેવા માટે સવલતા કરી આપવા માટે પારસી પંચાએતના ત્રસ્ટીઓએ ખોલેલા ફંડમાં રૂ૫૦૦, લડાઇ ફંડની બાનુઓની શાખાનાં પારસી વીભાગ હસતક ગરીબ પારસી બાઇઓને પઇસા આપી કપડાં સીવડાવવાના ફંડમાં રૂ૧૦૦ અને લડાઇના સંબંધમાં નાના મોટાં ફંડોમાં રૂ૭૫૦ મલી રૂ૨૧૦૦, જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળીનાં નીભાવ ફંડમાં રૂ૧૦૦૦, ઇંડિયન નેશનલ કલબના ફંડમાં રૂ૭૫૦, સારદા સંગીત મંડળનાં ફંડમાં રૂ૫૦૦, પ્રો. જગદીશ બોઝની સાયનટીફીક ઇનસ્ટીટયુટના ફંડમાં રૂ૫૦૦, વેસ્ટરન ઇંડિયા એસોસીએશનના ફંડમાં રૂ૩૦૦, નેશનલ એડયુકેશન ફંડમાં રૂ૧૫૦, માજી વાઇસરોય લોરડ હારડીંગની યાદગારીના ફંડમાં રૂ૧૦૦, જરથોસ્તી એસોસીએશન તરફથી ખોલવામાં આવેલાં જરથોસ્તીઓને ખેતીવાડીના કામમાં લગાડવાના ફંડમાં રૂ૧૦૦, સંજાન ખાતે ઉભાં કરેલાં સ્થંભના ફંડમાં રૂ૧૦૦, ધી ન્યુ પુના કોલેજના ફંડમાં રૂ૧૦૦, નારગોલની હાસ્પીટલનાં ફંડમાં રૂ૧૦૦, નારગોલની છોકરાઓની સ્કુલના ફંડમાં રૂ૧૦૦, નારગોલની છોકરીઓની સ્કુલના ફંડમાં રૂ૧૦૦, ધી ઇન્ડીઅન વીમેનસ એડયુકેશનલ ફંડમાં રૂ૫૦, ધી ઇનડીયન વીમેનસ એસોસીએશનના ફંડમાં રૂ૫૦, પ્રો. કરવેની જુબીલી ફંડમાં રૂ૫૦, મુંબઇના ૧૯૧૮ના આરટ એકઝીબીશનમાં ઇનામ આપવાના ફંડમાં રૂ૫૦, ગરીબાઈ, બીમારી, લગન નવજોત વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૩૨૫૦, કેલવણી, હુન્નર, ઉદયોગ વગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૧૫૫૦ અને પરચુટન ફંડોમાં રૂ૫૦૦૦.

મુંબઇ તથા એડનના શાહ વેપારી અને સખી શેઠયા શેઠ હોરમજી કાવશજી દીનશાહ એડનવાલા એમ. વી. ઓ. એ આ વરસે સખાવતમાં હમેશ માફક પોતાના સખી દીલગુરદા મુજબ જુદાં જુદાં ધરમ ખાતાંઓ તેમજ ફંડોમાં નાણાની સારી મદદ કરી હતી. એવો શેઠે પારસી એસોસીએશનને રૂ૫૦૦૦ની બક્ષેસ આપીને તેઓના કામને જોઇતી સવલતા કરી આપી છે. શેઠ હોરમસજીની ખાહેશ છે કે આ રકમ, એસોસીએશને જે એગ્રીકલચરલ સ્કીમ હાથ ધરી છે તેને

માટે વાપરવી, અને એ કામમાં આપણા ગરીબ જરથોસ્તીઓ પડે તેઓને જોઇતાં ઉતેજન માટે વાપરવી. શેઠ હોરમસજી એને લગતી યોજનામાં ઘણોજ ભાગ લે છે અને એવણુ હમેશાં ખાહેશ રાખે છે કે આપણા જરથોસ્તી ભાઇઓ કોઇ પણ રીતનો ઉદયોગ ધંધો કરીને પોતાની રોટલી મેળવતા થાય. આજ વીચારથી એઓ શેઠે ગરીબ જરથોસતીઓને નાના ધંધામાં પાડવાને માટે રૂ૨૦૦૦૦ આગળ આપયા છે, જેમાંથી નાની નાની રકમો આપીને આજ સુધીમાં ઘણા જરથોસ્તીઓને ધંધામાં બહાર પાડવામાં આવ્યા છે.

કરાંચીના જાણીતા સખી શેઠયા શેઠ નાદરશાહ એદલજી દીનશાહે કરાંચી ખાતે લગન, ગહમ. બાર વગેરેના જાહેર જમણો કરવા માટે જાહાંગીર બાગમાં એક મોટો ડાઇનીંગ હોલ બાંધવા સારૂ રૂ૩૦૦૦૦ની રકમ આપી હતી. એ ઉપરાંત શેઠ નાદરશાહ તરફથી એક અંજુમન પત્ર બાઇ ગુલબાઇ મેહતા મેટરનીતી હોમનો પાયો નાંખવાની ક્રીયા રોજ ૧૧-૪-૧૨૮૭ને દીને થઈ તે વખતે મલેલી સભા આગળ શેઠ એદલજી દીનશાહે સ્થાપેલાં ફંડના ત્રસ્ટી અને ઓ૦ સેક્રેટરી શેઠ માણેકજી દોરાબજી તલાટીએ વાંચી સંભલાવ્યો હતો, તેમાં શેઠ નાદરશાહ તરફથી જણાવ્યું હતું કે મારા પીતાજી મરહુમ શેઠ એદલજી દીનશાહ રી. આઈ. ઇ. ના તથા મારાં મરહુમ ધણીઆણી બાઇ ખરસેદબાઇ તથા મારા મરહુમ બેટા રૂસતમજીના તેમજ મારા મરહુમ ફુવા જમસેદજી એદલજી ચીનાઈના તથા મરહુમ ફુવા તથા ફુઇ ડોસાભાઇ તથા દીનબાઈ મારકરના ઉઠમણાં વખતે જે રકમો મે તથા મારાં બેન બાઈ નવાજબાઇ હોરમસજીએ તથા મારાં કુટુંબે મલી કુલે રૂ૯૦૬૧૨ની ભરી હતી તેમાં મેં રૂ૫૦૦૦ સકકરના આતશકદેહ માટે ઉમેરી કુલ રૂ૯૫૬૧૨ની રકમ કરી છે, તેમાંથી રૂ૧૦૦૦ પુનાના દખમાના રીપેરના બાદ કરી કુલે રૂ૯૪૬૧૨નું "શેઠ એદલજી દીનશાહ ચેરીટેબલ ફંડ" નામનું એક જુદું ફંડ સ્થાપયું છે. એ માટે ૩૦૦ શેરો અપર સીંધ લાઇટ રેલવે-જેકોબાબાદ કશમોર સાખાના કીંમત રૂ૩૦૦૦૦ના, ૨૯૬ શેરો અપર સીંધ લાઇટ રેલવે-જેકોબાબાદ લારકાનાના કીંમત રૂ૨૯૬૦૦ના અને રોકડા રૂ૧૨ મલી કુલ્લે રૂ૫૯૬૧૨ તેમજ બાકીના રૂ૩૫૦૦૦ જે મરહુમ ધણીઆણી બાઈ ખરસેદબાઇના પુણ માટે ભરયા છે તે રોકડા આપવાને બદલે કરાંચીના સદર બજાર કવોરટરમાં બાંધેલી દશ ગાળાની એક માળની ચાલી જેને "ખરસેદબાઇ નાદરશાહ એ. દીનશાહ ચાલ"નામ આપ્યું છે તે ચાલ હું ત્રસટીઓને સપુરદ કરૂં છું. ૨-એ ફંડનો કારભાર ૭ ત્રસ્ટીઓ ચલાવશે ૩-(એ) મરહુમ શેઠ જમસેદજી એદલજી ચીનાઇના પુન માટે ભરેલી રૂ૧૦૧૦૧ની રકમમાંથી દર વરસે રૂ૩૦૦થી રૂ૩૫૦ દેવલાલીની દરેહમેરના ત્રસટીઓપર તેના નીભાવ માટે મોકલવા વગેરે, (બી)-સકકર દાદગા એનડાઉમેંટ ફંડ રૂ૫૦૦૦ માંથી સકકરના દાદગાહના ત્રસટીઓપર એક વરસના રૂ૨૦૦ એ દાદગાહમાં સુખડ લોબાનનો ખરચ કરવા મોકલવા વગેરે, (સી)-ઉપલી (એ.) અને (બી.) પેટા કલમોમાં લખવા મુજબ રૂ૫૯૬૧૨ના બ્યાજમાંથી ખરચ્યા પછી જે વયાજ બચે તેમાંથી કરાંચીના પારસીઓમાં કેળવણીનો વધારો કરવા અને તેને ઉતેજન આપવા અને બીજી બાબદો જેવી કે ધરમ સંબંધી, ઉદયોગ સંબંધી અને આખી કોમની નીતી વધારવા સંબંધી બાબદો માટે ત્રસટીઓએ વાપરવી. બાઇ ખરસેદબાઇ નાદરશાહ એ. દીનશાહ ચાલના ભાડાંની ઉપજમાંથી રીપેરના અને બીજા પરચુરણ ખરચના બાદ કરી કલમ ૩ જાની (સી) પેટા કલમમાં લખેલો ખરચ કરવો વગેરે.

કરાંચીના જાણીતા રહીશ શેઠ અરદેશર હોરમજી મામાએ રૂ૩૫૦૦૦ ની રકમ ખા૦ બા૦ નશરવાનજી રૂ. મેહતાની મારફતે કરાંચીની પારસી પંચાયતના ત્રસ્ટીઓને આપી છે, એમાંથી એક મોટી ચાલી પંચાયત હસતકની વાડીમાં બાંધવામાં આવનાર છે. એવણે બીજા વધુ રૂ૬૦૦૦ કરાંચીના બાઇ ગુલબાઇ નશરવાનજી મેહતા પારસી મેટરનીટી હાસપીટલના ફંડમાં આપયા હતા.

કરાંચીવાળા મરહુમ શેઠ બેહરામજી એદલજી કલેકટરની યાદમાં એવણના બેટાઓએ કરાંચીની પારસી પંચાયતની વાડીમાં ચાલ બાંધવા માટે રૂ૧૮૦૦૦ ની રકમ આપવા જણાવ્યું છે.

મેશરસ ઇ. ટીમથ્થીજની કંપનીના માલેક શેઠ હોરમજી શાપુરજી શીરવાઇએ નવસારીની સર કાવસજી જાહાંગીર જરથોસ્તી મદરેસાને રૂ૧૮૦૦૦ ની કીંમતની સધર સીકયુરીટીઓ સ્વાધીન કીધી છે, જેની વારસીક રૂ૯૦૦ ની આવકમાંથી મદરેસાના પારસી છોકરાઓને એ મદરેસાના માજી સેક્રેટરી શેઠ ફ્રરદુનજી માણેકજી કાંગાને નામની તથા બીજી સ્કોલરશીપો, ઇનામો તથા ફ્રી સ્ટુડંટશીપો આપવામાં આવશે તેમજ ગરીબ પારસી છોકરાઓને મુફત ચોપડીઓ આપવા, ઇનામની હરીફાઇ માટે રેસાલાઓ લખાવવા અને લાંબી નોકરી પછી ફારેગ થતા સ્કુલનાં શીક્ષકોને આપવા માટેનાં લવાજમમાં તેમાંથી ઉપયોગ કરવામાં આવશે.

કરાંચી ખાતે ઝોરાસ્ટ્રીયન કલબના કમપાઉન્ડમાં "સોરાબ કવાર્ટરસ" નામનું એક મકાન કલબના સભાસદો તથા તેમના સગાં સનેહીઓ તેમજ દોસ્ત આસનાઓ તથા બહારગામના વીઝીટરોના વપડાસ માટે બાંધવામાં આવ્યું છે. તેની ઉપર એક નવો માલ બાંધવા માટે ખા૦ બા૦ નશરવાનજી રૂ. મેહેતા, શેઠો બરજોરજી કાવશજી દુબાશ, ધનજીશા જ. માસ્તર અને બેરામજી એદલજી સન્સ, એવો દરેક તરફથી રૂ૧૦૦૦ તથા બીજા પરચુરણ મલીને રૂ૪૫૦૦ ભરાયા હતા, પણ એ રકમ પુરતી નહીં હોવાથી બાકીનો લગભગ રૂ૩૦૦૦થી ૪૦૦૦ સુધીનો ખરચ થવા જશે તે કલબના જોડયા સેક્રેટરી શેઠ રતનજી બેરામજી એદલજીએ આપવાને કબુલ્યું છે તેથી એ કામ હાથ ધરવામાં આવ્યું છે.

બાઇ બચુબાઇ અરદેશર એફ. મુસે પોતાના મરહુમ ભાઇ શેઠ કેખશરૂ અરદેશર એફ. મુસની યાદમાં મુંબઇની યુનીવરસીટીમાં સાયનસના અભયાસને ઉતેજન આપવા માટે એક સોનાનો ચાંદ દર વરસે માસતર ઓફ સાયનસની ડીગ્રી માટે એનાયત કરવા ૩ાા ટકાની રૂ૧૦૦૦૦ ની લોન આપી છે. એ "મુસ મેડલ" નામનો ચાંદ માસતર ઓફ સાયનસની કઇ શાખાને આપવો તે દર વરસે સીનડીકેટ નક્કી કરશે.

શેઠો કાવશજી ફ્રરામજીની કંપનીએ રૂ૧૦૦૦૦ ની રકમ મુંબઇની બેઝંટ કોલેજના ફંડમાં ભેટ આપી હતી.

કરાંચીવાળા શેઠ બેરામજી ફ્રરામજી કેનતીનવાળાએ રૂ૧૦૦૦૦ ની રકમ કરાંચીની પારસી પંચાયતના ત્રસટીઓને આપી છે એમાંથી પંચાયતની વાડીમાં એક માળનું મકાન બાંધવામાં આવે છે તેને એવણનાં બાવા શેઠ ફ્રરામજીનું નામ આપવામાં આવશે.

શેઠ નાનાભાઇ બરજોરજી ચોકસીએ નવસારીના આતશબેહરામમાં જે ગેહમાં સુખડની માચી ચડાવવાની નહી હોય તે ગેહમાં સુખડની માચી ચડાવવા માટે અગાઉ રૂ૨૫૦૦૦ની રકમ આપી હતી, એનું વ્યાજ નહી ખરચતાં પોતેજ ચાલુ ખરચ આપતા રહેલા હોવાથી વ્યાજના થયલા રૂ૬૦૦૦ મલી રૂ૩૧૦૦૦ થયા હતા, એમાં એવણે બીજા વધુ રૂ૯૦૦૦ ઉમેરી રૂ૪૦૦૦૦ ની રકમ એવણના બેટા બરજોરજીની બે બેટીઓની નવજોત તા૦ ૨૭ મી મેને દીવસે થઇ તેની ખુશાલીમાં કરી આપી છે.

સર દીનશાહ એદલજી વાછાના દોતરી બાઇ દીનુ એસ. બાસતાવાળાએ "લડાઇને લગતા અહીં તહીંના વીચારો "વાળાં પોતાના પુસ્તકોના વેચાણથી થયલી આવક તેમજ ડોનેશનોમાંથી રૂ૬૭૮૨ નીચલાં ધરમખાતાંઓમાં વહેંચી આપ્યા હતાઃ—અશક્ત સીપાહો માટેની કવીન મેરીઝ ટેકનીકલ સકુલમાં રૂ૨૩૨૫, સીલવર વેડીંગ ફંડમાં રૂ૫૦૦, સીમેનસ ઇનસટીટયુટનાં બીલડીંગ ફંડમાં રૂ૫૦૦, બેરામજી જીજીભાઇ ઇનસ્ટીટયુટનાં ભોજન ફંડમાં વ્યાજ વાપરવા રૂ૧૨૦૦ના ૫ાા ટકાના બોંડ, બાઇ આવાંબાઇ પીટીટ ગરલસ ઓરફનેજમાં રોકડી રકમના બે ઇનામો આપવા માટે વ્યાજ વાપરવા રૂ૧૧૦૦ના ૫ાા ટકાના બોંડ, સેવાસદન ફંડમાં વ્યાજ વાપરવા રૂ૫૦૦ના ૫ાા ટકાના બોંડ, છ ગરીબ પારસી કુટુંબોને દરેકને દર મહીને રૂ૬ નું લવાજમ એક વરસ સુધી આપવા માટે જામે જમશેદનાં અધીપતી મારફતે રૂ૪૩૨ અને પારસી સ્ત્રીઓ તરફથી થતાં લડાઇને લગતાં સીવણકામના ફંડમાં મીસીસ જહાંગીર બી. પીટીટ મારફતે રૂ૨૨૫.

બાઇ રતનબાઇ એદલજી બામજીએ ધરમપોરના ખાડીના સેનેટરીયમને લગતા એક ગેસ્ટ હાઉસ બાંધવા રૂ૪૫૦૦ અને કોઇ દરદીનું મરણ નીપજે તો તે વખતે તાકીદે જોઇતી કેટલીક

ચીજો ખરીદી રાખવા રૂ૫૦૦ આપયા હતા. એવણે રૂ૧૦૦૦ ની રકમ એવણના બેન મરહુમ બાઇ માણેકબાઇ નશરવાનજી તાતાની યાદમાં નવસારીના દોરાબજી ના. મેહતા સુવાવડખાનાના ફંડમાં સ્વચ્છતાને લગતા કોઈ પણ કામમાં વાપરવા આપી હતી.

ભરૂચના જાણીતા રહીશ શેઠ મનચેરશાહ સોરાબજી વખારીયાએ પોતાના દીકરા શેઠ હોરમજીના લગનની ખુશાલીમાં ભરૂચની પારસી પંચાયતને રૂ૫૦૦૦ આપયા કે એના બ્યાજમાંથી પારસી છોકરાઓને હુનર વગેરેની તાલીમ આપવાનો પોતાનો વીચાર જણાવયો હતો.

શેઠ પેસતનજી દાદાભાઈ વાહાડયાએ ખેરગામ ખાતે આજુબાજુના ગામડાઓમાંથી રવાનો લઈ જવાની ઘણી અડચણ પડતી હોવાથી એક ગાડી ત્યાંની અંજુમનને ભેટ આપી હતી. એ ગાડી રાખવા તથા રવાન સાથે આવનારાઓને નાહાવા વગેરેની સગવડ માટે જમીન વેચાતી લઈ મકાન બંધાવી આપયું છે, તેમજ દખમાના કમપાઉંડમાં જાહેર વપરાસ માટે એક કુવો બંધાવી આપયો છે. એ માટે શેઠ પેસતનજી તરફથી લગભગ સાડા ત્રણ હજારનો ખરચ કરવામાં આવયો છે અને એવણે બીજા રૂ૫૦૦ ખેરગામની અંજુમનના જનરલ ફંડમાં આપયા છે કે ગાડી તથા મકાનની મરામત વગેરે અંજુમનના તરફથી કરવામાં આવે.

મરહુમ શેઠ શાપુરજી રતનજી ફુલવાડીવાળાના નબીરાઓ શેઠો માણેકજી, લીમજીભાઈ તથા અરદેશરે રૂ૪૦૦૦ ની સરકારી ૩॥ ટકાની લોનો વલસાડની જરથોસ્તી અંજુમનના ત્રસટી સાહેબોને આપી કે એના બ્યાજમાંથી વલસાડમાં દર વરસે ગહમબારનું જમન કરવું.

શેઠ અરદેશર દીનશાહ એનજીનીયરે સુરતની મોરારભાઇ વીજભુખણદાસવાળી હાસપીટલને લગતા બાઇ દવાકોર ઓબસ્ટ્રેટીક વારડમાં એક બીછાનું કાયમ ચલાવવા માટે રૂ૩૫૦૦ આપયા છે.

સખી વજુદ બાઈ હીરાંબાઇ જમસેદજી પીટીટ તે મરહુમ પેહેલા સર દીનશાહજી મા. પીટીટ બેરોનેટનાં દીકરીએ આખા વરસમાં જુદાં જુદાં ફંડોમાં તેમજ ધરમ ખાતાંઓમાં પોતાના સખી દીલગુરદા મુજબ નાણાંની સારી મદદ હમેશ મુજબ કીધી હતી. એવણે ય. સને ૧૨૮૭ના ચાલુ અશો ફરોહરના દીવસો ઉપર પોતાના અશો વહાલાં રવાનોની નઇયતે નીચલી વીગતે ધરમ ખાતે આપયા છેઃ-ગરીબ જરથોસતીઓને અનાજની મદદ આપવાના ફંડમાં રૂ૧૦૦, ઝોરાસ્ટ્રીયન બીલડીંગ સોસાયટી ફંડમાં ગરીબોના ભાડામાં ઘટાડો કરવા રૂ૧૦૦, ગરીબ દીવાના જરથોસતીઓને મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦, લડાઇમાં રોકાયલા સોલજરોના કપડાંઓ ગરીબ જરથોસતી બાઇઓ પાસે સીવરાવવા મદદ કરવાના ફંડમાં રૂ૧૦૦, ધરમપોર કનઝમપટીવ હોમના ફંડમાં ગરીબ જરથોસતી દરદીઓને દવા ખોરાક વગેરે મફત આપવા રૂ૧૦૦ અને મુંબઈની જરથોસતી જશન કમીટી હસતક ધરમ અને નીતીની કેળવણી આપવાના ખાસ ફંડમાં રૂ૧૦૦ મલી જુમલે રૂ૬૦૦.

વલસાડના જાણીતા શેહેરી ખાન સાહેબ કાવસજી ધનજીભાઇએ આ વરસે રૂ૩૩૭૫ સખાવતમાં આપયા હતા, તેમાં વલસાડના સુવાવડખાનામાં બે ઓરડાઓનો એક નવો બ્લોક બંધાવી આપયો તેના ખરચના આપેલા રૂ૨૫૦૦, પારડીની અંગ્રેજી સ્કુલના મકાન બાંધવાના ફંડમાં રૂ૩૨૫, ચીખલીની અંગ્રેજી સ્કુલના નીભાવ ફંડમાં રૂ૧૦૦, ભરૂચની જનાના મીશન હાસપીટલ ફંડમાં રૂ૧૦૦, તારાપોરની દરેમહેરનાં મોબેદોને પગારના ફંડમાં રૂ૧૨૫, માંડવીના દખમાના રીપેર ફંડમાં રૂ૧૦૦ અને વનીતા વીશ્રામનું સુરતનું મકાન બાંધવાના ફંડમાં રૂ૧૨૫.

બીલીમોરાના જાણીતા રહીશ શેઠો નાદરશાહ અને બરજોરજી મનચેરજી શાપુરજી ટાટાએ પોતાના બાવા મરહુમ શેઠ મનચેરજી શા. ટાટાના નામથી સુરત જીલ્લાની માંડવીની અંગ્રેજી સ્કુલમાં બોરડીંગના ચાર રૂમો બાંધવા માટે રૂ૨૦૦૦ ની રકમ આપી હતી.

શેઠ જાહાંગીરજી શાપુરજી ગઝદરે પોતાના મરહુમ માતાજી બાઇ રતનબાઇ તથા પીતાજી શેઠ શાપુરજીના પુનુ માટે ખેરગામ નજદીકના ગામમાં રૂ૪૦૦ ને ખરચે એક હવાડો ઢોરોને પાણી પીવા માટે બંધાવી આપી તેના નીભાવ માટે રૂ૧૨૦૦ ની રકમ ખેરગામની જરથોસ્તી અંજુમનના જનરલ ફંડમાં આપી છે અને એવણે ખેરગામના અંજુમન ફંડમાં રૂ૧૦૦૦ ભેટ આપયા છે.

શેઠ બાપુજી હોરમસજી સકલાતવાળા તથા તેમના ધણીઆણી બાઇ વીરબાઇજીએ રૂ૨૫૦૦ના આ ટકાના શેઠ દેવલાલી ખાતે ડુંગરવાડી ઉપર સગડીમાં જાયુક ચેરાગ રોશન રાખવા અને ત્યાંની બાઈ રતનબાઇ જમશેદજી ચીનાઇવાળાં આતશ આદરીઆનમાં કાઠી ખરીદવા ભેટ આપયા હતા.

બાનું મેહેરબાઇ અરદેસર જમશેદજી પોહોંચા તે શેઠ કેરશાસપ રૂસતમજી દાદાચાનજીનાં દીકરી તા૦ ૫ મી મારચ ૧૯૧૭ ને દીને બહેસતનશીન થયાં તેમની પહેલાં વરશની બાજની યાદમાં મરહુમનાં પુન માટે મરહુમના ધણી તથા માતપીતા અને ખેશીઓએ રૂ૨૦૦૦ નીચલાં ધરમખાતાંઓમાં આપયા હતા:—નવસારીની બીનોચેહેર હોમજીની દરેમેહેરનાં નીભાવ ફંડમાં રૂ૫૦૦, સર જમશેદજી જીજીભાઇ સ્કુલનાં ભોજન ફંડમા રૂ૫૦૦, સર ટેમુલજી નરીમાન હસતકના પારસી સુવાવડખાનામાં રૂ૨૦૦, નવસારીનાં મહેતા સુવાવડખાનામાં રૂ૨૦૦ અને વડોદરાનાં મહારાણી ચીમનાબાઇ સુવાવડ ફંડમાં રૂ૨૦૦.

ભરૂચના જાણીતા રહીશ શેઠ એરચશાહ નવરોજી અરદેશર ગાંધીએ પોતાનું ખાળક સારૂં થયું તેની ખુશાલીમાં રૂ૨૦૦૦ ભરૂચની પારસી પંચાયતને આપ્યા કે એના પા ટકાના વોર બોંડસ ખરીદી પંચાયતમાં એવણુના મરહુમ પીતાજીના નામનું રૂપયા દશ હજારનું ખાતું છે તેમાં ઉમેરવા.

બાઇ શીરીનબાઇ હોરમજી હોશંગજી બારીઆએ પોતાના મરહુમ ખેશીઓના રોજગારના દીવસોએ બીલીમોરાના આદરાનમાં બ્યાજમાંથી માચી ચઢાવવા રૂ૬૦૦ ની ૫ ટકાની હીંદી વોર લોન તેમજ આદરીયાનમાં દર વરસે મુકતાદમાં માડવા માટે બાઇ શીરીનબાઇએ દીકરા જમશેદજીના પુણ માટે બેડું એક તથા બ્યાજ વાપરવા રૂ૩૦૦ અને દીકરી પીરોજબાઇના પુણ માટે બેડું એક તથા વયાજ વાપરવા રૂ૩૦૦ બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટીઓને આપ્યા હતા.

સુરતવાળા શેઠ એદલજી લાલકાકાએ દેવલાલીની ડા૦ બહાદુરજી સેનીટેરીયમ મધે આવી વસતાં દરદીઓના બચાંઓને રમતગમત અને કસરત મળે તે માટે વીલાયતથી થોડાક ઓજારો મંગાવી આપયાં હતાં પણ તડકામાં રમવાને બને નહી તેમજ તડકાથી ઓજારો ખખડી જાય તેથી તેનો ઉપયોગ થઇ શકયો ન હતો. આથી એક જરથોસ્તી બાઇએ રૂ૧૦૦૦ ઉપલી રમતની જગાએ એક મંડપ ઉભો કરવા આપયા હતા.

સુરતના શાહેનશાહી આતશબહેરામના કાઠી ફંડમાં વયાજ વાપરવાની શરતે રૂ૧૦૦૦ની ૩॥ ટકાની લોન એક પારસી ગ્રહસ્થે આપી છે.

શેઠ અરદેશર શાપુરજી પાંડેએ આબુ રોડની દરેમેહેરની આસપાસ ફરતો કોટ બાંધવા માટે રૂ૭૫૦ અને દરેહમેહેરમાં ફરનીચર મુકવા માટે રૂ૨૫૦ આપયા હતા.

મુંબઇના સાઇકલના વેપારી શેઠો વેલીંગટન બ્રધરસે મધરાસમાં જમશેદી નવરોઝે સીનેમાના કરેલા ખેલની આવક રૂ૭૫૧ તયાંની જરથોસ્તી અંજુમનના ફંડમાં આપવાથી અંજુમન તરફથી તેઓના પીતાજી શેઠ દોરાબજી ખ. ઘડીયાલીને એક શાલ ઓઢાડી ઉપકાર માનયો હતો.

ભરૂચના જાણીતા ડા૦ બરજોરજી સોરાબશાહ મુનસફે પોતાની બેટી શીરીનબાઈની દીકરીઓ દીનામાય તથા નરગેસની નવજોતની ખુશાલીમાં રૂ૫૦૦ ભરૂચના પારસી સુવાવડખાનાના ફંડમાં અને રૂ૧૦૦ ગરીબોને અનાજ વહેંચવા મળી રૂ૬૦૦ ભરૂચની પારસી પંચાયતને આપયા હતા.

ભરૂચની પારસી પંચાયતના અકાબર મરહુમ શેઠ રતનજી જીવણજી હોમાવાલાની પહેલા વરસની બાજ રોજ ૧૯ મો માહ ૧૨ માને દીને પડી તે દીવસે ભરૂચની હોમાવાળાની દરેહમેહેરમાં જશનની ક્રીયા કરી શેઠ રતનજીની તસવીર શેઠ જામાસપજી હોરમજી જંબુસરીયાના પ્રમુખપણા હેઠળ મેલાવડા સનમુખ ખુલ્લી મુકવામાં આવી હતી. એ વખતે મરહુમના દીકરા શેઠ દારાશાજી તરફથી રૂ૫૨૫ સખાવતમાં આપેલા જાહેર કીધા હતા, એમાંથી રૂ૨૫ હોમાવાલાની દરેહમેહેરનાં મરામત ફંડમાં આપયા છે. તેમજ એવણે જશનનો ખરચબી આપયો હતો.

શેઠ ડોશાભાઇ રૂશતમજી ઉમરીગરે સોલાપુરની દરેહમેહરમાં આ વરસે બીજી રૂ૫૦૦ની પાંચ ટકાની લોન આપી છે કે એનું વ્યાજ તેમજ આગળ આપેલી રૂ૨૫૦૦ ની રકમનું બ્યાજ હમેશા

દરરોજ પાંચે ગેહમાં બોય દેવા સારૂ સુખડ, લોબાન કાથી તેલ વગેરેમાં વાપરવું. વળી શેઠ રૂશતમજીએ પોતાના મરહુમ માતાજી રતનબાઇના પુણ્ માટે ઇગતપુરી ખાતે વસતા હીંદુઓના છોકરાઓને સારી કેળવણી આપવાનું સાધન કોઇ સ્કુલ તરીકે નહી હોવાથી "બાઇ રતનબાઇ રૂશતમજી ઉમરીગર એંગલો વરનાકયુલર મરાઠી બોયઝ એંડ ગરલશ સ્કુલની" સ્થાપના કરી ભાડેના મકાનમાં તા૦ ૧ લી અકટોબર ૧૯૧૭ ના દીવસથી એક મેલાવડો કરી એક સ્કુલ ઉઘાડી આપી છે. એ સ્કુલ કમીટીના પ્રેસીડંટ તરીકે શેઠ ડોશાભાઇની નેમનુક કરવામાં આવીછે.

મરહુમ શેઠ બરજોરજી પેસતનજી બચાના પુણ્ માટે મરહુમના છોકરાઓ તથા મરહુમના ભાગ્યા શેઠ મેરવાનજી દાદાભાઈ ચમારબાગવાલાની દેહનું ઉગરગામની કંપનીએ મલી રૂ૫૨૫ બીલીમોરાની જરથોસતી અંજુમનના ત્રસટીઓને આપયા કે એનું વયાજ જરથોસતી છોકરાંઓની નવજોત કરવામાં યાતો ગરીબ જરથોસતીઓના મરણ ખરચમાં વાપરવું.

શેઠ ડોશાભાઈ જમશેદજી મીસ્ત્રીએ પોતાના મરહુમ ધણીયાણી ગુલબાઇના પુણ્ માટે રૂ૫૦૦ નો પોરટત્રસ્ટ બોંડ ટકા ૪ નો બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓને આપયો કે એનાં વ્યાજમાંથી બીલીમોરાનાં ગરીબ જરથોસ્તીઓનો ચાર દીવસનો મરણ ક્રીયાનો ખરચ કરવો વગેરે.

મરહુમ બાઇ શીરીનબાઇ ડોશાભાઈ ધનજીભાઇનાં પુણને સારૂં મમાવા શેઠ સોરાબજી શાપુરજી ગબા તથા બાવા શેઠ ડોશાભાઇ ધનજીભાઇએ મલી રૂ૫૦૦ ની લોન ટકા ૩ાા ની બીલી-મોરાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓને આપી કે એના વ્યાજમાંથી દર વરસે સર જમશેદજીની નીશાલનાં વીદયારથીઓને ભણવાની ચોપડીઓ અપાવવી.

શેઠ ધનજીશા કુંવરજી ગબાએ પોતાના બાવા મરહુમ શેઠ કુંવરજીના પુણ્ માટે રૂ૫૦૦ ની લોન ટકા ૩ાા ની બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓને આપી કે એનું વ્યાજ શેઠ દાદાભાઇ ધ. ગબાએ સર જમશેદજીની નીશાલનાં વીદયારથીઓને ઇનામ આપવા પડાવેલા ખાતામાં વાપરવું.

શેઠ બરજોરજી નશરવાનજી મેગુસીએ પોતાના બાવા મરહુમ શેઠ નશરવાનજીના પુણ્ માટે રૂ૫૦૦ ની લોન ટકા ૩ાા ની બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓને આપી કે એનાં વ્યાજમાંથી દર વરસે સર જમશેદજીની નીશાલનાં વીદયારથીઓને મીઠાઇ અપાવવી.

શેઠ નશરવાનજી પેસતનજી કાપરે દેવલાલીના દોખમાની આસપાસ દીવાલ રૂ૩૦૦૦ ને ખરચે અગાઉ બંધાવી આપી હતી એનો રીપેરીંગ તથા વાહીટવોસનો ખરચ કરવા માટે આ વરસે એવણે રૂ૫૦૦ની લોન વયાજ વાપરવા આપી છે.

શેઠ નશરવાજી સોરાબજી ગઝદરે ચીખલીની દરેહમેહરની શાલગરેહને દીને જરથોસ્તીઓનું જમણ કરવા આ વરસે બીજા રૂ૫૦૦ આપયા હતા કે ગયે વરસે આપેલા રૂ૫૦૦ મલી રૂ૧૦૦૦ના વયાજમાંથી દર વરસે જમણ કરવું.

પુણાનો તાતા રીસરચ હોલ—પુણાનો ભંડારકર ઓરીયેંટલ રીસરચ ઇનસટીટયુટનો જે. એન. તાતા રીસરચ હોલ સને ૧૯૧૭ના સપટેમબર મહીનામાં રૂ૨૯૦૦૦ ને ખરચે બંધાઇ તૈયાર થવાથી આ વરસે જાહેર વપરાસમાં લેવામાં આવ્યો છે. એના ખરચ માટે શેઠો તાતા બીરાદરોએ રૂ૧૫૦૦૦ ની રકમ અગાઉ આપી હતી. એ હોલને ફાયરપુરફ બનાવવામાં આવ્યો છે, અને લોખંડના ભાવ વધી જવાથી સર દોરાબ તાતાએ ૭ હજાર રૂપ્યાની વધુ મદદ આ વરસે કરી છે. એ ભંડાકર ઇનસ્ટીટયુટ તા૦ ૬ ઠી જુલાઇ ૧૯૧૭ને દીને ખુલ્લું મુકયું હતું.

જહાંસીની સ્કુલ—જહાંસી ખાતે જરથોસ્તી બાળકોની સ્કુલની લાંબા વખતથી જરૂર જણાવવાથી ચોકસ રકમ એકઠી કરીને તા૦ ૨૧ મી સપટેમબર ૧૯૧૭ ના દીવસથી એક મેલાવડા સનમુખ જશનની ક્રીયા કરી સ્કુલ ચાલુ કરવામાં આવી છે. એ સ્કુલનું નામ "જહાંસી જરથોસ્તી છોકરા છોકરીઓની નિશાળ" આપ્યું છે.

જાહાંનસી ખાતે ખુલ્લી મેલાયલી સડક—જાહાંસીની આરામગાહ આગલ જવાના રસ્તાપર પાણીનું નાલું તેમજ ખેતરમાંથી જવું પડતું હોવાથી સ્વાનોને લઇ જવાની ઘણી અડચણ પડતી હતી, તેથી નાલાં ઉપર એક બાંધણીનો પુલ અને લગભગ એક ફરલાંગ જેટલી લાંબી સડક મરહુમ શેઠ એરચશાહ એ. આઇબારાનાં ઉઠમણામાં ભરાયલામાંથી તથા જાહાંનસી, મુંબઇ વગેરેના જરથોસ્તીઓની મદદથી બાંધવામાં આવ્યાં છે. એ બંને રોજ ૧૯ મો માહા ૧ લાને દીને જાહેર વપડાસ માટે ખુલ્લાં મુકવામાં આવ્યાં છે.

ભરૂચમાં સ્થાપાયલું સુવાવડખાનું—ભરૂચ ખાતે કરનલ ડા૦ ખરશેદજી અરદેશર દલાલે પોતાના મરહુમ બેટી સુનાબાઇ તે ડા૦ ધનજીશાહ હોરમજી દાંતરાના ધણીયાણીની નૈયતે રૂ૨૫૦૦૦ આપવાથી "બાઇ સુનાબાઇ ખરશેદજી દલાલ પારસી મેટરનીટી હોમ"ના નામથી સ્થાપવામાં આવેલું સુવાવડખાનું ખોલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૪ મો માહા ૨ જા ને દીને મુંબઇના જાણીતા તબીબ ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાનના હાથે મેલાવડા સનમુખ કરવામાં આવી હતી. શેઠ બરજોરજી સો. મુનશફે રીપોર્ટ વાંચતાં જણાવ્યું કે ભરૂચના વતની અને ભાવનગરના રૂના વેપારી શેઠ દીનશાહ બમનજી વકીલના પીતાજી શેઠ બમનજીના થયલા ઉઠમણામાં ભરાયલા રૂ૭૦૭૫ માં શેઠ દીનશાહજીએ બીજા રૂ૨૦૨૫ ઉમેરી રૂ૯૧૦૦ ભરૂચની અંજુમનને આપ્યાથી કેળવાયલી દાઇ રાખી તેનો લાભ સરવે કોમને મલતો હતો. સુવાવડખાનાની જરૂર માલમ પડવાથી ફંડની શરૂઆત ખા૦ બા૦ આદરજી દલાલે કરવા પછી નાણાંની મદદ મલતી રહી છે. સુવાવડખાનાનું મકાન શેઠ પેસ્તનજી જ. દસ્તુર પાસેથી ત્રણ વરસ માટે ભાડે રાખ્યું છે અને ભવિશયમાં અડચણ નહી પડે તેથી ભરૂચ કલબનો બંગલો રૂ૧૭૧૦૦માં ખરીદયો છે. ઓનરરી ફીઝીશયન તરીકે ડાકટર બરજોરજી સોરાબશાહ મુનશફની નેમણુંક કીધી છે. ડા૦ ખરશેદજી દલાલે રૂ૨૫૦૦૦ અને કુટુંબીઓ તરફથી લગભગ અરધો લાખ રૂપ્યા મલ્યા છે, તેથી સુવાવડખાના સાથે એવણના મરહુમ બેટી બાઇ સુનાબાઇનું નામ જોડયું છે. આ સુવાવડખાનાનું ફંડ વ્યાજ સાથે રૂ૬૫૦૦૦ નું થયું છે તેમાંથી બંગલાની ખરીદી વગેરેના ખરચના જતા રૂ૪૬૦૦૦ રહેશે. તેના વ્યાજની વારસીક ઉપજ રૂ૧૮૪૦ થશે અને પંચાયતના ટ્રસ્ટી સાહેબો દર વરસ રૂ૬૦૦ આપશે. આ કામમાં મદદ કરનારાઓનો તેમજ ડા૦ સર ટેમુલજીએ તથા એવણના ધણીઆણીએ મુંબઇ વેરથી પધારી લીધેલી તસ્દી માટે ઉપકાર માન્યો હતો. એ પછી સર તેમુલજીએ સુવાવડખાનું ખુલ્લું મેલાયલું જાહેર કરવા બાદ ભરૂચના પારસી પંચાયત તરફનું માનપત્ર તથા શાલ સર ટેમુલજીને એનાયત કરી હતી. સર ટેમુલજીએ પોતાને આપેલા માન માટે ઉપકાર માની જણાવ્યું કે મુંબઇમાં ૩૦ વરસ અગાઉ સુવાવડખાનું સ્થાપી તેનો કારોબાર ને વહીવટ આજ સુધી ચલાઉંછું ને તેના બોહલા અનુભવથી ખાતરીથી કહું છું કે તમારા શેહેરમાં સુવાવડખાનું સ્થાપવાથી સારો ફાયદો થશે. મુંબઇનું સુવાવડખાનું ફત્તેહમંદ બનાવવાને હું લાયક ધણીયાણી મેળવવાને નસીબવંત થયો હતો. માયાકુલ શબ્દોમાં મને માનપત્ર આપ્યું છે તે માટે તેમજ લેડી નરીમાન અને મારા દીકરા ડાકટર રતનશાહની સેવાની અને સુવાવડખાના માટે આપેલી મદદની પીછાન કરો છો તે માટે ઉપકાર માનું છું. તમારા એ કીમતી ખાતાંની પીછાણ તરીકે ને ભરૂચની મારી મુલાકાતની યાદમાં રૂ૨૦૦૦ ભેટ આપું છું. ખા૦ બા૦ આદરજી દલાલે એ દીવસની યાદમાં થયલી સખાવત કહી સંભળાવતાં જણાવ્યું કે શેઠ રતનજી ફરદુનજી જીનવાળાએ દીકરાન લગનની ખુશાલીમાં આગળ આપેલા રૂ૧૦૦૦ અને બીજા રૂ૧૫૦૦, પારસી કલબનું મકાન લેવું

તેના હીસાના શેઠો આદરજી અને રતનજી દલાલે રૂ૨૦૦૦, અને બીજા મળી રૂપીઆ છ હજાર ભરાયા હતા. કરનલ ખરશેદજી દલાલ સાત વરસ સુધી દર વરસે રૂ૩૦૦ આપશે. એ પછી મેળાવડો વીસરજન થયો હતો. આ સુવાવડખાનાના ફંડમાં નીચલી મુખ્ય રકમો ભરાઇ હતીઃ- મરહુમ બાઇ પીરોજબાઇ આદરજી દલાલનાં પુણ માટે રૂ૭૦૬૦, મરહુમ બાઇ ગુલબાઇજી અરદેશર રૂ. દલાલનાં પુણ માટે રૂ૨૭૮૩, મરહુમ શેઠ અરદેશર રૂસ્તમજી દલાલના પુણ માટે રૂ૨૭૦૧. મરહુમ બાઈ ધનબાઇ બરજોરજી ખંબાતાના પુણ માટે રૂ૧૪૦૭, મરહુમ બાઇ સુનાબાઈના પુણ માટે બાવા ડા૦ ખરશેદજી દલાલ તથા માતાજી નવાજબાઇએ રૂ૨૫૦૦૦, મરહુમ બાઇ સુનાબાઇ ધનજીશાહ દાંતરાનાં પુણ માટે રૂ૧૨૧૧, મરહુમ બાઈ જરબાઇ ખરશેદજી ફોજદારનાં પુણ માટે રૂ૧૫૦૦, મરહુમ બાઇ પીરોજબાઈ બમનજી દલાલની યાદમાં રૂ૧૦૦૦, મરહુમ શેઠ સોરાબશા દાદાભાઇ મુનસફના પુન માટે રૂ૧૫૩૦, શેઠ માણેકજી પેસતનજી ભરૂચાએ બચાંઓની શાહદીની ખુશાલીમાં રૂ૧૦૦૧, મરહુમ બાઈ સુનાબાઇ ખરશેદજી અરદેશર દલાલની જણસો વેચાયલી તેના ઉપજેલા રૂ૧૮૬૭, અને મરહુમ શેઠ દીનશાજી ફરામજી દમાવાળાના પુન માટે રૂ૨૫૦૦.

ક્વેતાની હાસપીતાલ—ક્વેતા ખાતે સ્ત્રીઓ માટેની લેડી સેનડીમેન ડફરીન હોસપીટલ તા૦ ૨૬ મી અક્ટોબરે નામદાર લેડી ચેમસફરડે ખુલ્લી મુકી હતી. એ વખતે નામદાર લેડી ચેમસફરડે ભાષણ કરતાં ખાન બહાદુર અરદેશર મારકરે આપેલા રૂ૧૫૦૦૦ ની રકમ માટે પોતાનો સંતોષ જાહેર કીધો હતો.

ખુલ્લુ મેલાયલુ સ્કુલનું મકાન—જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળી હસ્તકની ચંદનવાડીની નીશાળ માટે મરહુમ શેઠ નવરોજી જાહાંગીર ગામડયાએ પોતાના બેહેસતીનશીન ધણીયાંણી બાઇ માણેકબાઇને નામે પ્રીનસેસ સ્ટ્રીટમાં બંધાવી આપેલું એક મકાન ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૬ ઠો માહા ૩ જાને દીને સાંજે કન્યાશાળાના હોલ મધે શેઠ જેહાંગીર હોસાભાઇ ફરામજીનાં પ્રમુખપણા હેઠળ એક મેળાવડા સનમુખ કરવામાં આવી હતી. શેઠ જહાંગીરે ભાષણ કરતાં જણાવ્યું કે નીશાળ મંડળીના ઉમંગી કારોબારી મરહુમ શેઠ નવરોજી ગામડયાના મરણથી ખોટ ગઇ છે. એવણે પોતાના ધણીયાણી બાઇ માણેકબાઇને નામે નીશાળનું મકાન બાંધવા મોટી રકમ આપી ઉપકારી કીધા હતા. એ માટે એવો બંનેની યાદ શીખતી બાલકીઓના હઇડાંમાં કાયમ રેહશે અને એ બંનેના રૂમશો રૂહોને સદા બેહસતમાં શાંતી હોજો. શેઠ નવરોજીના બેટા શેઠ બેહરામજી નીશાળ મંડળીના ખજાનચી અને સભાસદ તરીકે પોતાના પીતાજીની માફક ઉપયોગી થઇ રહે એવી દૂવા ઇચ્છું છું. આ મકાનને સણગારવા માટે શેઠ અરદેશર બેંકરનો તેમજ બાંધકામ પર દેખરેખ રાખવા માટે શેઠ જમશેદજી મીસ્તરીનો આભાર માનવામાં આવ્યા પછી મકાન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. સ્કુલના નીભાવ ફંડમાં નીચલી રૂ૩૨૫૦૦ની રકમો ભરાઇ છે, તેમાં શેઠ હોરમસજી કાવશજી દીનશાહ રૂ૫૦૦૦, ખા૦ સા૦ રતનજી અને બાઇ કુંવરબાઇ રતનજી દુબાશ રૂ૫૦૦૦, શેઠો મેરવાનજી અને હોરમસજી કામા રૂ૫૦૦૦, શેઠ નવરોજી ગામડયાના બેટાઓ રૂ૫૦૦૦, શેઠો રૂસતમજી અને નશરવાનજી બોઇસ રૂ૩૦૦૦, શેઠ શાવકશાહ રતનજી બમનજી રૂ૩૦૦૦, શેઠ સોરાબજી રતનજી કંત્રાકટર રૂ૧૦૦૦, શેઠ મનચેરજી પાલનજી કંત્રાકટર રૂ૧૦૦૦, બાઇ ગુલબાઈ મેરવાનજી બોઇસ રૂ૧૦૦૦, શેઠ બરજોર ફ. જોશીએ શેઠ રૂસતમજી એ. દાદાચાનજીના નામે રૂ૧૦૦૦, શેઠ નવરોજી બાપુજી ટચકરા રૂ૧૦૦૦, શેઠો એમ. એન. ગોભાઇ રૂ૫૦૦ અને શેઠ સોરાબજી એદલજી વારડન રૂ૧૦૦૦. સેવટે શેઠ બેરામજી ન. ગામડીઆએ પ્રમુખ શેઠ જાહાંગીરજીને,*તેમજ મેસરસ મીસત્રી ને ભેદવારવાળા શેઠ બરજોરજી પટેલને તથા શેઠ ફરામરોજ ન. કંત્રાકટરને એકેકી શીલાલ એનાયત કરવા પછી મેલાવડો વીસરજન થયો હતો.

કરાંચીના સુવાવડખાનાની બીલડીંગનો નખાયલો પાયો—કરાંચીના જાણીતા સખી શેઠયા ખા૦ બા૦ નશરવાનજી રૂશતમજી મેહતાની સખાવતથી એવણના ધણીયાણી મરહુમ બાઇ ગુલબાઇના નામે કરાંચી ખાતે સ્થાપવામાં આવનારાં સુવાવડખાનાનો પાયો નાંખવાની ક્રીયા રોજ ૧૧ મો માહા ૪થાને દીને સવારના દસ્તુરજી ડાકટર માણેકજી ન. ધાલાએ કરવા પછી એ હોમના ઓ૦ સેક્રેટરી શેઠ જમશેદજી નશરવાનજી મેહતાએ જણાવ્યું કે ડા૦ દેખશાર કંત્રાકટર પેહલ વેહલા ખાનગી રીતે સુવાવડખાનું ચલાવતા હતા પણ એવણે ૧૯૧૦ માં મને જણાવ્યું કે એવણ છેડી દેવા માગે છે તેથી એ પબલીક ખાતા તરીકે ચાલુ રાખવાનો વિચાર કીધો હતો. એ પછી બાઇ ગુલબાઇ ડોશાભાઇ મીણવાળાએ મરહુમ બેટા મેહરજીભાઇ ગુજરી ગયા ત્યારે રૂ૬૦૦૦ એક લેબોરેટરી બાંધવા આપ્યા હતા તેમાં હમણા રૂ૩૦૦૦નો વધારો કીધો છે. એ વખતે બીલડીંગ બાંધવાનો મેં વીચાર કીધો ને એ વાત મારા મરહુમ માતાજીને

જણાવી હતી જે એવણને બહુ પસંદ પડી હતી. તે પરથી મારા પીતાજીએ બંગલા સાથે આ જગા જેની કીમત લગભગ રૂ૭૫૦૦૦ થવા જાય છે તે તથા રોકડા રૂ૨૫૦૦૦ મારા માતાજી ગુલબાઇને નામે બીલડીંગ બાંધવા આપ્યા છે. એ ઉપરાંત બીજા ગ્રહસ્થોએ પણ નાણાની મદદ કરી છે. તેમાં શેઠો જહાંગીરજી, સોરાબજી અને બેરામજી પીરોજશા દુબાશે આખો માળ પાંચ વોરડસનો બાંધવા માટે રૂ૨૦૦૦૦, શેઠ બેરામજી એદલજીના બેટાઓએ એક વોરંડ માટે રૂ૬૦૦૦, જરથોસ્તીએ રૂ૫૦૦૦, શેઠ અરદેશર હોરમજી મામા રૂ૬૦૦૦, શેઠ ધનજીશાહ જમશેદજી મસ્તર રૂ૧૫૦૦, શેઠ હોરમસજી જીવણજી દુબાશ રૂ૧૫૦૦, શેઠો ખરશેદજી અને જમશેદજી સોપારીવાલા અને છોકરાઓએ રૂ૧૫૦૦, એંડાઉમેંટ ફંડમાં બાઇ નવાજબાઇ ફરામરોઝ પંથકી રૂ૧૦૦૦, ખા૦ બા૦ કાવસજી હોરમસજી કાતરક રૂ૧૦૦૦, શેઠ બરજોરજી કાવસજી દુબાશ રૂ૧૦૦૦ અને વખાણનારે રૂ૧૦૦૦, બીલડીંગ માટે ફંડ પુરતું છે પણ નીભાવ માટે નાણા જોઇએ છે. કારણકે વરસ દહાડે રૂ૧૦૦૦૦ નો ખરચ છે, વળી નરસીસ માટે કવાટર બાંધવા રૂ૧૦૦૦૦ જોઇએ છે. એ પછી ડાકટર ધાલાએ પાયો નાખવાની ક્રીયા કરવા બાદ ખા૦ બા૦ નશરવાનજીનો તથા બીજા મદદ કરનારાઓનો ઉપકાર ખા૦ બા૦ કાતરકે માન્યો હતો. બાઇ ગુલબાઇના પુન માટે એક ગરીબ જરથોસ્તી બાળકની નવજોત બાનુ મંડળ તરફથી કરવામાં આવી હતી.

નવસારીમાં ખુલ્લો મેલાયલો મોદીબાગ—નવસારીની બઝમે રૂઝે બેહરામને માટે બાંધવામાં આવેલું નવું મકાન 'મોદી બાગ'ને ખુલ્લો મેલવાની ક્રીયા રોજ ૨ જો માહ ૫ માંને દીને શેઠ રૂશતમજી ના. બોઇસના પ્રમુખપણાં હેઠળ થઇ હતી. જશનની ક્રિયા કરવા પછી બઝમના નાયબ સરનશીન ડા૦ સોરાબજી પા. બામજીએ શેઠો રૂશતમજી અને નશરવાનજી ના. બોઇસને એનાયત કરવાનું માનપત્ર વાંચી સંભળાવી તે રૂપાંના કાસકેટ સાથે ભેટ આપ્યું હતું. શેઠ રૂશતમજી બોઇશે આપેલા માન માટે પોતા તરફથી તથા પોતાના ભાઇ નશરવાનજી તરફથી સરવેનો ઉપકાર માની જણાવ્યું કે હમારી અદના સેવાઓની કદર બુઝે બઝમે ઘણું કીધું છે. હમારા મરહુમ બેન હીરાબાઇ તથા મરહૂમ બનેવી શેઠ માણેકજી સોરાબજી મોદીની યાદમાં સાડા બાર હજારને ખરચે આ મકાન બંધાવી આપ્યું છે અને ઘણું ઉપયોગી થઇ પડશે. બઝમના નાયબ સરનશીન ડા૦ સોરાબજીને રૂપાના કાસકેટ સાથ માનપત્ર તેમજ કંત્રાકટર શેઠ મંચેરશાહ માણેકજી ચાવરાને સોનાનો ચાંદ ભેટ કીધો હતો. બાઇ હીરાબાઇ અને શેઠ માણેકજી મોદીની યાદમાં કુટુંબીઓ તરફથી એક અભાડો તથા કુવાપર એક હેંડપંપ તેમજ બાગમાં પાણી આવે તે માટેનો ખરચ કરવામાં આવનાર છે. શેઠો રૂશતમજી તથા નશરવાનજી બોઇશે બઝમના ફંડમાં રૂ૫૦૧, શેઠ રૂશતમજી એમ. મારફતીયાએ રૂ૧૦૦, તથા શેઠ દીનશાહ મેરવાને રૂ૫૦ ભેટ આપ્યા હતા.

નવસારી ખાતે ખુલ્લો મેલાયલો મીનારો—નવસારી તરોટાના ચકલા પર પથરના નવા બાંધેલા મીનારામાં એક ઘડીયાલ મુકયુ છે તે તા૦ ૨૪ મી જાનેવારીએ સુબા સાહેબ રા૦ રા૦ રામલાલ હીરાલાલે ખુલ્લુ મુકયું હતું. શેઠ સોરાબજી મનચેરજી દેશાઇએ એ ઘડીયાળની તવારીખ કહેતા જણાવ્યું કે આ રસ્તા ઉપરથી ઘણા લોકની આવજાવ થાય છે તેથી પારસીઓએ ચાલીસ વરસ પર ઉઘરાનું કરી ઘડીયાલ મુકયું હતું. આ ઘડીયાલ બગડી જવાથી શેઠ નશરવાનજી ક. કાંગાએ શેઠ કેકોબાદ ખુ. મોદીની મદદ સાથ પારસીઓમાં ઉઘરાતનું લીસ્ત ફરતું કીધું અને અંજુમનની માલેકીના ઓટલાની જગ્યાએ પાકા પથરનો એક મીનારો યાને સ્થંભ બાંધી તેમાં ઘડીયાલ મુકવાનો ઠરાવ થયો હતો. એ પાછલના ખરચનો અડસ્તો રૂ૧૦૦૦ થયો હતો ને લીસ્ટમાં ભરાયલી રકમ થોડી હોવાથી મરહુમ એરવદ કાવશજી ખરશેદજી મોદીના કુટંબે પેતાના ખરચે મીનારો તથા ઘડીયાલ ફાનસ વગેર સરવે બનાવી આપ્યું છે તે માટે તેઓ સાહેબનો તેમજ બીજા મદદ કરનારાઓનો ઉપકાર માનવામાં આવ્યો હતો.

વલસાડમાં ખુલ્લું મુકાયલું સ્કુલનું મકાન—વલસાડના રહીશ અને કારવાદ જીલ્લાના વેપારી ખાન સાહેબ દાદાભાઇ રતનજીએ વલસાડની સર જમશેદજી જીજીભાઇની પારસી છોકરા છોકરીઓની નીશાળો માટે બંધાવી આપેલું નવું મકાન રોજ ૨ જો માહ ૬ ઠાને દીને એક મેળાવડા સનસુખ કેળવણી ખાતાના વડા આ૦ મી૦ જે. જી. કોવરનટનને ખુલ્લું મેલ્યું હતું. નીશાળોની કમીટીના સરનશીન ખાન બહાદુર ડા૦ પાલનજી હોરમજી દાદાચાનજીએ રીપોર્ટ વાંચતાં જણાવ્યું કે નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહલા બેરોનેટની સખાવતથી ગામેગામ સ્કુલો સ્થાપવામાં આવી છે. ૧૮૪૯માં છોકરાઓ તથા છોકરીઓ માટે એક પ્રાથમીક શાળા સ્થાપવા પછી વિદ્યારથીઓની સખ્યા વધવાથી ૧૮૬૪મા છોકરાઓ તથા છોકરીઓ માટે

અલાયદી નીશાળો કરી હતી. આ નીશાળો ભાડેના મકાનોમાં હોવાથી સુખશાંતીના નીયમ મુજબ નવા મકાનની જરૂર જણાવવાથી શેઠ દાદાભાઇની સખાવતથી કામ પાર પડયું છે. આ ગ્રહસ્થ કનારા ડીસ્ટ્રીક્ટમાં ઓહોલા પાયા ઉપર વેપાર કરે છે ને એવણે સખાવતી કામો તથા જાહેરના લાભો માટે નાણાની મોટી મદદ કરી છે. આ મકાન પાછળ રૂ૨૩૦૦૦નો અને ફરનીચર તથા કસરતશાળા માટે રૂ૨૦૦૦ નો ખરચ થયો છે. મકાનને લગતો થોડો જમીનનો ટુકડો શેઠ હોરમજી શા. ચોકયાના વારેસોની માલેકીનો હતો. એ જમીન માટે એવોને જે કીંમત મલી હતી, તે રકમ નીશાળ ફંડમાં પાછી આપી કે એના વ્યાજમાંથી નવા ઉઘાડનારા અંગરેજી વરગોમાં ઇનામો આપવા. વળી શેઠ ખરશેદજી દાદાભાઇ ચોકયાએ ફંડમાં રૂ૫૦૦ અને એક કુવો બંધાવી આપ્યો છે. એ પછી પ્રમુખે મકાન ખુલ્લું મેલાયલું જાહેર કીધું હતું. ખાન સાહેબ દાદાભાઇને વલસાડની અંજુમનનું માનપત્ર ચાંદીના કાસકેટ સાથે એનાયત કરી એક શીયાલ ઓઢાડી હતી અને એવણની સભી ખુલી મુકવામાં આવી હતી. શેઠ દાદાભાઇએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માની ડા૦ દાદાચાનજી હમેશા કેળવણીના કામમાં મદદ આપે છે તેથી એવણના નામથી સ્કુલોમાં ઇનાંમો આપવા માટે રૂ૧૫૦૦ આપ્યા હતા. પ્રમુખ ઓ. મી૦ કોવરનટને પ્રસંગને અનુસરતું વીવેચન કરતાં જણાવ્યું કે ખા૦ સા૦ દાદાભાઇએ આ કીમતી બક્ષેશ કરી તમારા કસબાની તેમજ કોમની ખરેજ સેવા બજાવી છે જે માટે તેમને ધન્યવાદ આપું છું. આ મકાનને નીચે મુજબ તખ્તી મારેલી છેઃ—પાક દાદાર હોરમજદની મદદ હોજો. બાઇ દીનબાઇ રતનજી બીલડીંગ આ મકાન ખાન સાહેબ દાદાભાઇ રતનજી બલસારાએ પોતાના મરહુમ માતાજી બાઇ દીનબાઇના પુન માટે બંધાવી નામદાર સર જમશેદજી જીજીભાઇના પારસી બેનીવોલંટ ઇનસટીટયુશન ખાતાંને એ ખાતાંની વલસાડની પારસી છોકરા તથા છોકરીઓની નીશાળો જે સને ૧૮૪૯માં નામદાર પહેલા બેરોનેટ સાહેબે સ્થાપી હતી, તેના ઉપયોગ માટે સપુરદ કીધું છે. એ મકાન બાંધવા પાછળ જમીન, ફરનીચર અને બીજી સામગ્રી સાથે રૂ૨૫૦૦૦ ઉપરનો ખરચ થયો છે. એ મકાન ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૨ જો માહ ૬ ઠો સને ૧૨૮૭ યજદેજરદી શનીવાર તા૦ ૯મી ફેબરવારી ૧૯૧૮ને દીને મહેરબાન ધી ઓ૦ મી૦ જે. જી. કોવરનટ; સી આઇ. ઇ. ડીરેકટર ઓફ પબલીક ઇનસ્ટ્રકશનને હાથે કરવામાં આવી છે. આ મકાન આ નીશાળોની વલસાડની કમીટીના ચેરમેન ખા૦ બા૦ ડા૦ પાલનજી હેરમસજી દાદાચાનજીની દેખરેખ હેઠળ બંધાયું છે.

પુણા ખાતે ખુલ્લી મેલાયલી ચોહેલી—શેઠ બરજોરજી માણેકજી તાલુકદારે પુણા ખાતે સસ્તાં ભાડાની બંધાવી આપેલી ચોહેલી રોજ ૩ જો માહા ૬ ઠાને દીને દસતુર સરદાર કેકોબાદે ખુલ્લી મુકી હતી. ડાકટર મોદીએ કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે તા૦ ૨૮ મા મારચ ૧૯૦૬ને દીને મારા દીકરા માણેકજીની નવજોતના શુભ પ્રસંગે ગરીબોના વપરાસ માટેના મકાનના ફંડની શરૂઆત કરી રૂ૫૦૦ આપ્યા હતા કે તેમાં બીજા વધુ નાણા ઉમેરાઇ મકાન બંધાય, પણ તેમ થઇ શકયું નહીં. ૧૯૦૯માં શેઠ બરજોરજી તાલુકદારે રૂ૨૫૦૦૦ આપવાને કબુલ્યું પણ તે વખતે પુણા ખાતે મકાન બંધાઇ નહી શકવાથી એ રકમમાંથી મુંબઇ ખાતે ખા૦ બા૦ મનચેરજી મરઝબાન હસ્તક એક મકાન બાંધવામાં આવ્યું છે. શેઠ બરજોરજીએ પોતાના ધણીયાણી બાઇ માણેકબાઇના પુન માટે પુણાના ગરીબ જરથોસ્તી વીદ્યારથીઓના ફંડમાં રૂ૧૫૦૦૦ તેમજ એવો શેઠ બીજા રૂ૩૧૫૦૦ મકાન બાંધવા આપ્યા હતા તેમાંથી આ મકાન બાંધ્યું છે. એના ભાડામાંથી રીપેરીંગ વગેરેનો ખરચ બાદ કરી બાઇ માણેકબાઇની દર વરસની બાજને દીવસે પુણામાં બાનુઓનું જમણ કરવામાં આવશે. મેં અલાયદા કાઢેલા રૂ૫૦૦ તથા શેઠ દીનશાહ મેરવાને રૂ૧૦૦ આપ્યા છે. એ બેઉ રકમો બીલડીંગના કામોમાં વપરાઇ છે. એ પછી પ્રમુખ સરદાર કેકોબાદે શેઠ બરજોરજીએ કરેલી સખાવત માટે તેમજ ડાકટર મોદીએ લીધેલી મહેનત માટે ઉપકાર માની પ્રસંગને અનુસરતું વીવેચન કરવા પછી દોસ્તો તથા વખાણનારાઓ તરફની એક શીયાલ અને બીજી શીયાલ વીદ્યારથીઓના ફંડ તરફથી શેઠ બરજોરજીને એનાયત કરવામાં આવી હતી. શેઠ બરજોરજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા પછી ડાકટર મોદીને એક સોનાનો સીકકો શેઠ દીનશાહ મેરવાને ભેટ આપ્યો હતો.

નારગોલની હાસપીટલનું તથા છોકરીઓનાં સ્કુલનાં ખોલા મેલાયલા મકાનો—નારગોલ ખાતે તાતા હાસપીટલ અને છોકરીઓની સ્કુલની નવી બંધાયલી બીલડીંગો ખુલ્લી મુકવાની ક્રીયા તથા ચાંદીઆ સ્કુલનાં છોકરાંઓને ઇનામો વહેંચી આપવાનો મેળાવડો થાણાના કલેકટર મી૦ જી. એલ. મેકમેગરના પ્રમુખપણા હેઠળ રોજ ૨૯ મો માહ ૭ માને દીને થયો હતો.

નારગોલમાં એક હાસપીટલની જરૂર જણાવવાથી સને ૧૯૧૨ માં એક ફંડ ઉભું કરવામાં આવ્યું, જેમાં નારગોલના રહીશોએ તેમજ દેશાવરો ખાતેથી લગભગ રૂપીઆ ચાલીસ હજારની રકમ ભેગી કરવામાં આવી હતી, એમાંથી હાસપીટલની બીલડીંગ વગેરે બાંધવામાં આવ્યાં છે. એ ઉપરાંત સર રતનજી જમશેદજી તાતાએ એક ચોકસ રકમ એલાહેદી કાઢી તેના વ્યાજમાંથી દર શાલ રૂ૧૦૦૦ની ગ્રાંટ આપતી કરી છે જેથી એ હાસપીટલને એવણના બપાવાનાં નામ ઉપરથી "શેઠ નશરવાનજી રતનજી તાતા નારગોલ હાસપીટલ" રાખ્યું છે. એ હાસપીટલ તા૦ ૧ લી મે ૧૯૧૩ થી ભાડેના મકાનમાં ચાલુ કીધી હતી. નવું મકાન બંધાઇ તૈયાર થવાથી ખુલ્લું મુકી એમાં હાસપીટલ ચાલુ કરવામાં આવી છે. વળી નારગોલ ખાતે છોકરીઓ માટે એક અંગ્રેજી સ્કુલ તા૦ ૧૫ મી મે ૧૯૧૩ ના દીવસથી ભાડેના મકાનમાં ઉઘાડી ચાલુ કરવામાં આવી હતી. એ સ્કુલની નવી બીલડીંગ બાંધવાનો ખરચ સર રતન તાતાએ આપવાથી અને દર સાલ રૂ૧૦૮૦ની ગ્રાંટ આપતી ચાલુ કરવાથી એ સ્કુલને "બાઇ હીરાબાઇ જમશેદજી તાતા નારગોલ પારસી ગરલ્સ સ્કુલ" નામ આપ્યું છે. આ સ્કુલનું નવું મકાન ઉપલી હાસપીટલનું મકાન ખુલ્લું મેલવાના થયલા મેલાવડા વખતેજ ખુલ્લું મેલવામાં આવ્યું છે.

ઉદ્વાડાની સ્કુલનું નવું મકાન—ઉડવાડા ખાતે મરહુમ શેઠ પેસ્તનજી જીનાભાઇ કુમાનાએ પોતાના દીકરા શેઠ બેરામશાહના પુણ માટે સરકારી સ્કુલનું મકાન બાંધવા રૂ૨૦૦૦ તેમજ પોતાની કેટલીક જમીન સરકારને ભેટ આપી હતી. આ મકાન બંધાઇ તૈયાર થવાથી રોજ ૧૧ મો માહા ૯ મો ને દીને ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ મકાનને નીચલી તખતી મારેલી છે:—બેરામશાહ પેસતનજી જીણાભાઇ કુમાના નીશાળ—શ્રી ઉદવાડા ખાતેની નીશાલ અને તેને લગતી જમીન મરહુમ બેહેસતનશીન બે. પે. કુમાનાનાં પુણને માટે એવણના પીતાજી મરહુમ શેઠ પે. જીણાભાઇ કુમાના તથા શેરફલીઆવાલાએ નામદાર સરકારને રૂ૨૦૦૦ ની રોકડ અને આ મકાનને લગતી જમીન ફરનીચર સાથે બખશેશ આપ્યા છે-પારસી રોજ ૧૧ ખોરશેદ માહા ૯ મો આદર ૧૨૮૭ યઝદેજરદી-તા૦ ૧૯ મી મે ૧૯૧૮.'

માથેરાનમા બંધાયલો મીનારો—મરહુમ બાઇ રતનબાઇ પે. કાપડયા, તા૦ ૨૯મી એપ્રીલ ૧૯૧૭ ને દીવસે માથેરાન ખાતે હક થયાં હતાં, તેવણની યાદમાં મરહુમના ખાવીંદ શેઠ પેસતનજી નવરોજી કાપડયાએ રૂ૧૦૦૦૦ ને ખરચે ચોરાગનો મીનારો માથેરાન પારસી આરામગાહની વચોવચ બંધાવી આપ્યો છે તે રોજ ૧૯ મો માહા ૯ માને દીને બાઇ રતનબાઇ મેરવાનજી ખરેગાતે ખુલ્લો મુકયો હતો. મીનારાની બેઠક ને પગથયા સંગેમરમરના અને તેનો થાંભલો કાસટ આયરનનો બનાવ્યો છે. મીનારામાં દરરોજ આખી રાત એક બતી રોશન રહેશે અને તેની દેખરેખ માથેરાનની અનજુમનના ત્રસટીઓ રાખશે. જાથુકની રોશની કરવા માટે ચોકસ રકમ શેઠ પેસતનજી મુંબઇની પારસી પંચાયતને આપનાર છે. વળી એ દીને જશન ખરચના રૂ૧૫૦ એવણે આપ્યા હતા.

બીલીમોરા ખાતે ખુલ્લી મુકાયલી કન્યાશાળા—બીલીમોરા ખાતે ધી મનચેરજી શાપુરજી તાતા ગરલસ ઇંગ્લીશ સ્કુલ ખુલ્લી મેલવાની ક્રીયા રોજ ૨૨ મો માહા ૯ માને દીને વડોદરા રાજ્યના દીવાન મી૦ મનુભાઇ મહેતાએ એક મેળાવડા સનમુખ કરી હતી. શેઠ પેશતનજી તાતાએ શેઠો તાતા ભાઇઓ તરફથી ખુલ્લી મુકવાની અરજ કરતાં જણાવ્યું કે દીવાન સાહેબ અતરે પધારવાથી એઓના ઘણા આભારી થયા છીએ. છોકરીઓની અંગ્રેજી કેળવણી માટે આ કસ્બામાં કશા સાધનો નહીં હોવાથી અને પારસી છોકરીઓમાં અંગ્રેજી શીખવાની ઉલટ ઉતપન થવાથી હમારા મરહુમ મુરબીજી મનચેરજી શાપુરજી તાતાના પુણ અરથે બીજી રકમો ઉપરાંત રૂ૨૫૦૦૦ ધરમાદા કામ માટે એલાયદા કાઢેલા છે અને તે રકમનો ઉપયોગ આ કામ માટે કરવા અમોએ નકકી કીધું છે. આ સ્કુલમાં અંગ્રેજી ભાષાનું ગ્નાન તથા મ્યુઝીક અને સ્ત્રીઓને સંસારમાં ઉપયોગી થઇ પડે તેવું શીક્ષણ આપવાની ગોઠવણ રાખી છે. એ પછી દીવાન સાહેબે સ્કુલ ખુલ્લી મેલાયલી જાહેર કરી જણાવ્યું કે કન્યાશાળા સ્થાપી કન્યા કેળવણીના બાબનાં ઘણો ઉતસાહ દેખાડયો છે. શેઠ રતનજી શાપુરજી તાતાનો અને મરહુમ શેઠ મનચેરજી શાપુરજી તાતાના બેટાઓનો આવો ઉત્સાહ દેખાડવા માટે ઉપકાર માન્યો હતો. રૂ૨૫૦૦૦ની બક્ષેશથી ગરલસ ઇંગલીશ સ્કુલ ખુલ્લી મેલાઇ છે અને તેથી મરહુમ શેઠ મનચેરજી તાતાની યાદગારી જાહુકની જળવાઇ શકશે. બીલીમોરાના લોકોએ તાતા બ્રધરસનો આભાર માનવો જોઇએ કારણ કે એવા શેઠોએ ગ્રાંટ-ઇન-એડની રાહ જોવા વીના આ શાળાનું કામ શરૂ કીધું છે. આશા રાખું છું કે આ શાળા જડપથી સુધારો વધારો કરી બતાવી એક હાઇસ્કુલ દાખલ ગણાવામાં ખીલી નીકળશે.

મુંબઈમાં ખુલ્લો મેલાયલો જાહેર હોલ—અતરેના જાણીતા સખી શેઠીયા સર કાવશજી જાહાંગીર બેરોનેટની સખાવતથી મુંબઇમાં બાંધવામાં અવેલો જાહેર હોલ ખુલ્લો મેલવાની ક્રીયા મોટા મેલાવડા સનમુખ રોજ ૬ ઠો માહ ૧૦ મો યાને તા૦ ૧૩ મી જુને નામદાર ગવરનર અને લેડી વીલીંગડનની માનવંત હાજર હેઠલ થઇ હતી. સર કાવશજી જાહાંગીરે નામદાર લોર્ડ અને લેડી વીલીંડનનો ઉપકાર માની હોલને ખુલ્લો મુકવાની અરજ કરતાં જણાવ્યું કે નામદાર સરકારે આ જગા આપવાની એવી શરતે માંગણી કીધી કે રૂપ્યા આઠ લાખ મારે આ હોલ તેમજ તેની જોડની પાખ બાંધવા માટે આપવા આથી હોલનો પાયો ૧૯૧૧ માં નાંખ્યો હતો. સભાઓ માટે રૂ ૫ ની ફી આપી એનો ઉપયોગ કરી શકાશે. મારી કોમ માટે ખાસ હક મેળવાને હું ભાગ્યશાલી થયો છું અને પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબો યા બીજા મંડળો પારસીઓની આવી સભા રવીવારે બોલાવે ત્યારે આ હોલ આપવામાં આવશે. એ પછી નામદાર લેડી વીલીંગડને સુંદર બક્ષેશ કરવા માટે અને પોતાને આપેલા માન માટે સર અને લેડી કાવશજીનો ઉપકાર માની હોલ ખુલ્લો મેલાયલો જાહેર કરવા બાદ નામદાર ગવરનરે ભાષણ કરતાં જણાવ્યું કે આ ભપકાભરેલી ફાંકડી સોગાદ મુંબઇને મલી છે તે માટે સર કાવશજી અને લેડી જાહાંગીરનો ઉપકાર માનું છું. લેડી જાહાંગીર ઘણી ઉપયોગી અને કીમતી મદદો આપનારી જીંદગી ગુજારે છે અને દરેક કામ એવું બજાવ્યું છે કે શાબાશી આપ્યા વના મારાથી રહેવાતું નથી. મુંબઇને તેમજ આખાં ઇલાકાને આ હોલ ભેટ મલવાથી પુશકલ લાભો થશે એવી મારી ખાતરી છે અને એઓ બંનેની યાદગારી આ હોલની હયાતીથી જલવાઈ રહેશે. એ પછી મેલાવડો વીસરજન થયો હતો.

મહુની લાઇબ્રેરી—મહુના જાણીતા વકીલ શેઠ અરદેશર આદરજી દાદાભાઇએ પોતાના મરહુમ માતાજી બાઈ પીરોજબાઇ આદરજી દાદાભાઇના નામે એક જાહેર લાયબ્રેરી મહુના કેનટોનમેંટ ગારડનસમાં બંધાવી આપી છે, તેને ખુલ્લી મેલવાની ક્રીયા તા૦ ૧૭મી આગસ્ટે યાને રોજ ૧૧ મો માહ ૧૨ માને દીને સાંજે મહુના વડા દસ્તુરજી નોશેરવાનના ધણીયાણી બાઇ નાજાંએ કરી હતી. શેઠ અરદેશરે લાયબ્રેરીને લગતી કેટલીક વીગત કહી સંભળાવ્યા પછી બાઇ નાજા દસ્તુરે પ્રસંગને અનુસરતું વીવેચન કરી જાહેર લાયબ્રેરીથી શું ફાયદા થાય છે તે જણાવી શેઠ અરદેશરની સખાવત માટે એવણને મુબારકબાદી આપી હતી. એ લાયબ્રેરીનું નામ એવણના માતાજીના નામપરથી "પીરોજબાઇ એ. દાદાભાઇ લાયબ્રેરી" રાખ્યું છે.

કરાંચીની બેહેરાનાની દરેહમેહેરનું બંધાયલું મકાન—કરાંચીની શેઠ હીરજીભાઇ જ. બેહેરાનાની દરેહમેહેરનું મકાન બીસમાર થવાથી નવેસરથી બાંધી ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૯ મો માહ ૧૨ માને દીને કરવામાં આવી હતી. શરૂઆતમાં દરેહમેહેરના પંથકી એરવદ જમશેદજી સીધવાએ જશન કરવા પછી દરેહમેહેરના એક ટ્રસ્ટી ખા૦ બા૦ નશરવાનજી રૂ. મેહતાએ ભાષણ કરતાં જણાવ્યું કે આ મકાનની ઉપર શેઠ અરદેશર હોરમજી મામાએ પોતાના બાવા મરહુમ શેઠ હોરમજીની યાદમાં રૂ૨૦૦૦૦ના ખરચે હોલ બંધાવ્યો છે, જે હોરમજી મામા હોલ તરીકે ઓલખાશે અને શેઠ અરદેશરે બીજા ૩૫૦૦૦ માતાજીની યાદમાં દક્ષીણ તરફ માલ બાંધવા અને મરહુમ શેઠ જમશેદજી અરદેશર બેહેરાનાની યાદમાં તેમના માતાજી ડોશીબાઇ તથા ભાઇઓએ જમશેદજી હીરજીભાઈ લાયબ્રેરી સ્થાપવા ઓરડો બાંધ્યો તેના રૂ૫૦૦૦ આપ્યા છે. એઓનો તથા બીજા મદદ કરનારાઓનો ઉપકાર માન્યો હતો. એ પછી દસ્તુરજી ડા૦ માણેકજી નશરવાનજી ધાલાએ હોલ તથા લાયબ્રેરી ખુલ્લી મુકતા પ્રસંગને અનુસરતું વીવેચન કરી દરેહમેહરના પંથકી એરવદ જમશેદજીને તથા શેઠ અરદેશર મામાને ટ્રસ્ટીઓ તરફથી અંકેક શીયાલ એનાયત કરી બોલ્યા કે શેઠ અરદેશર મામાની સખાવતથી આ મકાનમાં સુંદર ફેરફાર કરવામાં આવ્યો છે. શેઠ અરદેશર મામાએ પોતાને આપેલા માન માટે ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો. આ દરેહમેહરને બાંધવા માટે નીચલી મદદ મલી હતી:—
શેઠ અરદેશરે હો. મામા રૂ૨૫૦૦૦, બાઇ ડોશીબાઇ જ. બેહેરાનાના અને બેટાઓ રૂ૫૫૦૦, શેઠ હોરમજી જીવણજી દુબાશ રૂ૪૫૦૦, શેઠ જાહાંગીર દાદાભાઇ ભરૂચા રૂ૩૫૦૦, શેઠ નાદીરશાહ રૂસતમજી મેહતા રૂ૩૦૦૦, શેઠ બેરામજી ડોશાભાઇ ગીનવાલા રૂ૧૦૦૦, શેઠો બરજોરજી તથા જમશેદજી શાપુરજી સોપારીવાલાની કં. રૂ૧૦૦૦, ખા૦ બા૦ નશરવાનજી રૂસતમજી મેહતા રૂ૧૦૦૦, અને શેઠ મેરવાનજી રૂસતમજી બામબોટ રૂ૫૦૦.

ખેતાબ.

આપણી રાજ કરતી બ્રીટીશ કોમના નવા વરસની ખુશાલીમાં અપાયલા ખેતાબો નીચલા જરથોસ્તીઓને એનાયત થયા હતા:-

ખાન બહાદુરનો ખેતાબ શેઠ પાલનજી નવરોજજી દાવર તે મુંબઇ સરકારના એસીસટંટ સેક્રેટરી, અને શેઠ જમશેદજી બેજનજી વાચ્છા તે પુણાના સીટી મેજીસ્ટ્રેટને; જ્યારે ખાન સાહેબનો ખેતાબ શેઠ કાવશજી મેરવાનજી માજરા તે મુંબઇની કસટમસ હાઉસના એપ્રાઇઝર, શેઠ પેશતનજી બહમનજી મહેતા તે એડનના હેડ એકાઉન્ટંટ અને ત્રેઝરર, શેઠ સોરાબજી રૂશતમજી મસાલાવાલા, ભોપાળના સ્ટેટ સરજ્યન, શેઠ હોરમજી શાપુરજી કાતરક તે મુંબઇની એકાઉંટંટ જનરલની હાફીસના ચીફ સુપ્રીનટેનડંટ, શેઠ માણેકજી જમશેદજી મીસતરી તે બરમાની મેય મેયોની કંટરોલર ઓફ મીલીટરી એકાઉંટસ હાફીસના સુપ્રીનટેંડટ અને શેઠ એદલજી બેજનજી તે મુંબઇના પરેલ ખાતેના લોકો મોટીવ ડીપાર્ટમેંટના મેલ ડરાઇવરને એનાયત થયો હતો.

શેઠ કાવશજી જાહાંગીર અને શેઠ ફીરોઝ ખરશેદજી શેઠનાને ઓફીસર ઓફ ધી મોસટ એકઝોલટેડ ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયરનો ખેતાબ, શેઠ હોકટર રતનજી કોઠાવાલાને મેમબર ઓફ ધી મોસટ એકઝોલટેડ ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયરનો ખેતાબ એનાયત થયો હતો.

નામદાર બખતાવર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની ૫૪ મી સાલગ્રેહનો મુબારક દીવસ તા૦ ૩ જી જુને પડવાથી તેની ખુશાલીમાં અપાયલા માન અકરામનાં ચાંદો અને ખેતાબોમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયા હતા:-

મુંબઇના જાણીતા સખી શેઠીઆ અને દેશ હીતકારી નર શેઠ હોરમજી અરદેશર વાહાડીઆ, બેરીસટરને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

મુંબઇના જાણીતા સખી શેઠીઆ ને મીલ માલેક શેઠ નસરવાનજી નવરોજી વાડીઆને સી. આઇ. ઈ. યાને કંપેનીયન ઓફ ધી ઇંડીયન એમપાયરનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

ઓ. બી. ઇ. યાને ઓફીસર ઓફ ધી ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયરનો ખેતાબ મુંબઈ તથા એડનના જાણીતા વેપારી અને સખી શેઠીઆ શેઠ હોરમજી કાવશજી દીનશાહ, કરાંચીના સખી શેહેરી શેઠ જહાંગીર હોરમસજી કોઠારી, કલકતાના જાણીતા શેહેરી શેઠ જમશેદજી ફરામજી માદન, અને નાગપોરવાલા જાણીતા બાનુ બાઇ જરબાનુ માણેકશાહ બેરામજી દાદાભાઇને એનાયત થયો હતો.

એમ. બી. ઇ. યાને મેંબર ઓફ ધી ઓરડર ઓવ ધી બ્રીટીશ એમપાયરનો ખેતાબ મીસીસ શીરીન કાવશજી, બરમાવાળા, શેઠ પેસતનશાહ નસરવાનજી વકીલ, અમદાવાદવાળા, અને શેઠ જમશેદજી દીનશાહ આંટીઆ વડોદરાવાળાને એનાયત થયો હતો.

ખાન બહાદુરનો ખેતાબ નીચલા જરથોસ્તીઓને મળ્યો હતો:-શેઠ ફીરોઝશાહ એદલજી ધામટ, તે મુંબઇની કસટમસ હાઉસવાળા, શેઠ કેખશરૂ મનચેરજી કલબવાળા, તે સીંધ હૈદરાબાદ સેન્ટ્રલ પ્રીઝનના સુપ્રીનટેન્ડંટ, ડા૦ બરજોરજી સોરાબશાહ મુનસફ, તે ભરૂચના મેડીકલ પ્રેકટીશનર, અને શેઠ અરદેશર કાવશજી ટરનર, તે મુંબઇના એસીસટંટ સરજ્યનને જ્યારે ખાન સાહેબનો ખેતાબ નીચલા જરથોસ્તીઓને મળ્યો હતો:-શેઠ માણેકજી નવરોજી મેહેતા, પુના, શેઠ બેહેરામશાહ ફરદુનજી દાવર, તે મુંબઇના ક્રીમીનલ ઇનવેસટીગેશન ડીપારટમેંટવાલા, શેઠ કેખશરૂ દાદીના તે એડનના પોલીસ ઇનસપેકટર, શેઠ ડોસાભાઇ માણેકશાહ વકીલ, સુરતના કોનટ્રાકટર, શેઠ બેરામજી નવરોજજી પટેલ, સુરત, શેઠ દીનશાહ મોબેદજીના, ચીફ એનજીનીઅરસ ઓફીસ, બરોડા રેલ્વે, (બરોડા) અને શેઠ રતનશાહ દાદાભાઇ કાલાપેસી ત સુપ્રીનટેનડંટ રેલ્વે સરવીસ, ફોરેન મેલ ડીવીઝન.

શેઠ જમશેદજી સોરાબજી શેઠના મુંબઇના ફ્રેંચ કોનસ્યુલેટમાં ચાનસેલરનો ઉંચો ઓધો ધરાવે છે અને છત્રીશ વરસો સુધી બજાવેલી લાંબી સેવાઓના પીછાનમાં એવણને "ઓફીસીએ ડ લેં સ્કદીઆં પબ્લીક"નો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

જામનગર સ્ટેટના દીવાન ખા૦ બા૦ મેરવાનજી પેસતનજીને અને સ્ટેટના તબીબ ખા૦ બા૦ એન. કે. કલ્યાણીવાળાને જામનગરના નામદાર જામ સાહેબે તાઝીમી સરદારનો ખેતાબ એનાયત કીધો હતો.

બીલીમોરાવાલા શેઠ રતનજી શાપુરજી તાતાને વડોદરાના નામદાર મહારાજા સાહેબે હાતાર મંડળનો સુનાનો ચાંદ એનાયત કીધો હતો.

ઓધા—નેમણુક—વગેરે.

ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને નામદાર ગવરનરની મુંબઇની લેજીસલેટીવ કાઉન-સીલમાં એક વધારાના સભાસદ તરીકે નેમ્યા હતા. પુણા ખાતે ધારાસભાની બેઠક તા૦ ૧૦મી તથા ૧૧મી અકટોબર ૧૯૧૭ને દીને મળી હતી તે વખતે ૧૯૧૨ના બોમ્બે મેડીકલ રેજીસ્ત્રેશન એક્ટમાં વધુ સુધારો કરનારૂં બીલ વાદવીવાદ માટે રજુ થયું હતું એટલી મુદત માટે કાઉનસીલના વધારાના સભાસદ તરીકે એવણુની નેમણુંક થઇ હતી.

ડા૦ નશરવાનજી નવરોજી પારખને બરમાહની ધારા સભાના મેમબર નેમયા હતા.

દમણવાળા પ્રોફેસર અરદેશર સોરાબજી પોરવાલાને ગોવાના ગવરનર જનરલની વડી ધારા સભાના વધરાના મેમબર તરીકે દીવ અને દમણ ડીસ્ત્રીકટે ચુંટી કાઢવા હતા.

શેઠ મનચેરશા કાવશજી ગઝદરને સરકારના રેવન્યુ એંડ ફીનેનશીયલ ખાતાંઓના શીનીયર એસીસટંટ સેક્રેટરી નેમ્યા હતા.

ખા૦ બા૦ ગુસતાદજી ધનજીશાહ કાપડયાને સરકારના પબલીક વરકસ ખાતાંના કામચલાઉ અંદર સેક્રેટરી નેમ્યા હતા.

શેઠ માણેકજી બી. ખરસેદજી લીલાંઉવાલાને કામચલાઉ જોઇંટ સબ રેજીસ્ત્રાર નેમ્યા હતા.

શેઠ જે. એમ. વાહાડયાને લંડન ખાતેના ઇંડીયન ત્રેડ કમીશનરના હીંદી મદદનીશ નેમ્યા હતા.

શેઠ ગુસતાદ કેખુશરો નરીમાનને મુંબઇના એસીસટંટ પોસટલ સેનસર નેમ્યા હતા.

શેઠ સોરાબ નાનાભાઇ અરદેશર મુસને મુંબઇ ઇલાકાના સાયન્સના શીક્ષણ માટે ઇન્સપે-ક્ટર ઓવ સાયન્સ ટીચીંગના ઓધા ઉપર નેમ્યા હતા.

શેઠ હોરમજી ભીખાજી મીનોચેરને સીંધના ઇલેક્ત્રીકલ ઇન્સપેક્ટર નેમ્યા હતા.

શેઠ જાલ એ. ડી. નવરોજીને વડોદરા જોઇંટ કાઉનસીલના સેક્રેટરી નેમ્યા હતા.

શેઠ ફરામરોઝ સોરાબજી માસતરને પાલનપુર એજન્સીના ત્રેઝરી ઑફીસર નેમ્યા હતા.

શેઠ સોરાબ માણેકશાહ ભરૂચાને કોલાબા જીલ્લાના કલેક્ટર, શેઠ ડોશાભાઇ રૂશતમજી મોબેદજીને અમદાવાદના ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેક્ટર, શેઠ ડોશાભાઇ માણેકજી કોઠારવાલાને અમદાવાદના કામચલાઉ ડીસ્ત્રીકટ ડેપ્યુટી કલેક્ટર અને શેઠ ડોશાભાઇ ધનજીભાઇ બીલીમોરીયાને અમદાવાદ શેહેરના ઇનકમટેક્ષના સ્પેશીયલ કલેક્ટર નેમ્યા હતા.

ખા૦ સા૦ ફરામરોજ સોરાબજી માસતરને કાઠયાવાડના ડેપ્યુટી એસીસટંટ પોલીટીકલ એજંટ નેમ્યા હતા.

શેઠ રતનજી સોરાબજી દાદાચાનજી બેરીસ્ટરને મુંબઇ સ્મોલકોઝીઝ કોરટના પાંચમા જડજ, અને શેઠ સોહરાબજી ફરામજી બીલીમોરીયાને ત્રીજા જડજ; શેઠ નાદીરશાહ નશરવાનજી માસતરને ગોધરાના સબ જડજ અને દીનશાહ માણેકજી મેહતાને અહમદનગરના જોઇંટ સબ જડજ; બીહારમાં થયલા રમખાણોની તપાસ ચલાવવા નેમાયલી ૩ જડજોની સ્પેસીયલ ત્રાઇબ્યુનલમાં બીજા જડજ તરીકે શેઠ અરદેશર ધનજીભાઇ પટેલને અને શેઠ દાદીબા ખરશેદજી મેહતાને પ્રોવીનશીયલ સીવીલ સરવીસમાં દાખલ કરી આસીસ્ટંટ જડજ નેમ્યા હતા.

શેઠ હોરમઝદીયાર ફીરોઝ દસ્તુરને મુંબઇના વધારાના પ્રેસીડનસી મેજીસત્રેટ અને શેઠ ધનજીશાહ સી. પેસતનજી દોતીવાલાને મઉના કેનટોનટ મેજીસત્રેટ નેમયા હતા.

શેઠ મેરવાનજી અરદેશર રાંડેલીઆને હાઇ કોરટની એપેલેટ સાઇડના મદદનીશ રેજીસ્ત્રાર તથા છાપખાનાના સુપ્રીનટેનડંટ, શેઠ હોરાબ એન. ડી. ખંડાલાવાળાને કામ ચલાઉ ફરસ્ટ ડેપ્યુટી રેજીસ્ટ્રાર અને કમીશનર, શેઠ ઇ. જે. દાવરને સેકંડ ડેપ્યુટી રેજીસ્ટ્રાર અને કમીશનર નેમ્યા હતા.

શેઠ જે. હોરમજીને બરમાની ચીફ કોરટના કામચલાઉ રેજીસત્રાર નેમ્યા હતા.

જે. પી. યાને જસતીસ ઓફ ધી પીસ તરીકે શેઠો નાનાભાઇ નશરવાનજી શાહેર, બેરીસટર, નવરોજી બાપુજી સકલાટવાળા અને એદલજી જમશેદજી ઉનવાળાને મુંબઇના જ્યારે શેઠો મેરવાનજી પાલનજી તલાટી અને આર. એચ. કોટવાલને હાંગકાંગના જે. પી. નેમ્યા હતા.

મુંબઇની યુનીવરસીટીના નવા ફેલો તરીકે ડા૦ મીસીસ ડોશીબાઇ જાહાગીર રતનશાહ દાદાભાઇ (મીસ ડોશીબાઇ પટેલ), શેઠ દીનશાહ દોરાબજી કાપડીયા અને ડા૦ જમશેદજી નશરવાનજી ડગનને નેમ્યા હતા.

સુરતની પારસી ડીસત્રીક્ટ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ રતનજી ફરદુનજી જીનવાલા તથા ખા૦ સા૦ કાવસજી ધનજીભાઇ ધનજીશાને; પુણા તથા અહમદનગરની મેત્રી-

મોનીયલ કોરટના ડેલીગેટ તરીકે ખાં૦ સા૦ પેસતનજી બમનજી સુનાવાલા, શેઠ નવરોજી દોરાબજી ખંડાલાવાલા, શેઠ ફ્રામરોઝ સોરાબજી ચીનાઇ, ડા૦ સોરાબજી હોરમજી મોદી, શેઠ અરદેશર બમનજી શેઠના અને ખાં૦ સા૦ દોરાબ એદલજી નગરવાલાને નેમ્યા હતા.

ઓલ ઈંડીઆ મોડરેટ કોનફ્રરન્સની રીસેપશન કમીટીના સરનશીન તરીકે ઓ૦ સર દીનશાહ એ. વાચ્છાને, ઉપ-પ્રમુખો તરીકે સર જમશેદજી જીજીભાઈ બારોનેટ, અને સર હોરમજી અ. વાહાડયાને, સેકરેટરીઓ તરીકે શેઠો જાહાંગીર બી. પીટીટ અને હોરમસજી પી. મોદીને નેમ્યા હતા.

મુંબઇના મીલ માલેકોની મંડળીના પ્રમુખ તરીકે શેઠ સી. એન. વાહાડયાને, મેંબરો તરીકે સર દીનશાહ મા. પીટીટ, સર દીનશાહ એ. વાચ્છા, શેઠો કાવશજી જાહાંગીર, જાહાંગીર બ. પીટીટ, એન. બી. સકલાટવાળા અને એન. એન. વાડયાને નેમ્યા હતા.

ડેવીડ સાસુન ઉદ્યોગશાળાની કારોબાર કમીટીના મેમ્બરો તરીકે સર જમશેદજી જીજીભાઈ, શેઠો હોરમજી જાહાંગીર ભાભા અને જાલભાઇ દોરાબજી બરડાને નેમ્યા હતા.

ડા૦ શાવકશાહ સોરાબજી બાટલીવાલાને મુંબઇની સ્ટેનડીંગ કમીટીના પ્રમુખ; સરદાર ખાં૦ સા૦ રૂશતમજી જે. વકીલને અમદાવાદની જીલ્લા સ્થાનીક બોરડના પ્રમુખ; ખાં૦ સા૦ પેસતનજી બમનજીને પુણા સબરબન મ્યુનીસીપાલીટીના પ્રમુખ; શેઠ જમશેદજી નશરવાનજી મેહતાને કરાંચી મ્યુનીસીપાલીટીના વાઇસ પ્રેસીડંટ; ખાં૦ બા૦ આદરજી મનચેરજી દલાલને ભરૂચની ડીસટ્રીકટ લોકલ બોરડના પ્રમુખ અને ડા૦ બરજોરજી સોરાબશા મુનસફને ઉપ પ્રમુખ; શેઠ બી. ડી. પટેલ બેરીસટરને બરમાની મ્યુનીસીપાલીટીઓના પ્રમુખ નેમ્યા હતા.

ડા૦ કેકોબાદ બમનજી દસ્તુર સ્થાડીને મસુરીના હેલ્થ ઑફીસર નેમ્યા હતા.

ડા૦ ખ. ન. કરંજીઆને કોલેજ ઓફ ફીઝીશીયનસ એંડ સરજ્યનના ફેલો નેમ્યા હતા.

શેઠ જે. એસ. બેરગામવાલાને મુંબઇની સીડનહેમ કોલેજના મરકનટાઇલ લોના લેકચરર; શેઠ જાહાંગીર હોરમસજી વકીલને, શેઠ બમનજી જમશેદજી વાહાડયાને અને હોરમજી સોરાબજી કેપટનને સરકારી લો સ્કુલના લોના પ્રોફેસર; શેઠ ફીરોઝ કાવશજી દાવરને દખણ કોલેજના ઇંગલીશના પ્રોફેસર; શેઠ શાવકશાહ પેસતનજી દસતુરને સુરતની આરટ કોલેજના પ્રીનસીપલ; શેઠ બરજોરજી માણેકજી સુતરીયાને મુંબઇની એલફીંનસટન હાઇસ્કુલના પ્રીનસીપલ; શેઠ બહાદુરજી મેરવાનજી બહાદુરજીને ગોધરાની તીલેંગ હાઇસ્કુલના હેડ માસતર નેમ્યા હતા.

શેઠ માણેકજી જેહાંગીર માણેકજી ખરશેદજી, એસીસટન્ટ એનજીનીયરને નામદાર સરકારે ગોદાવરી રાઇટ અને લેફ્ટ બેનક કનાલના કનાલ ઓફીસરની સઘળી સત્તા આપી હતી.

ડા૦ આર. ડી. દલાલને બેલગામના વેકસીન ઇનસટીટયુટના કામચલાઉ ડાયરેકટર નેમ્યા હતા.

શેઠ ફકીરજી ફ્રામજી માસતરને મેસરસ કીલીક નીક્ષનની કંપનીની એજંસી હેઠળની ગુજરાત રેલવેમાં એસીસટંટ ડીસ્ત્રીકટ ટ્રાફીક સુપીંટેંનડંટ નેમ્યા હતા.

શેઠ નશરવાનજી સોરાબજી ગઝડરને ચીખલીની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટી, શેઠો રતનજી દોરાબજી કાપડીયા અને ફ્રામજી રતનજી દસ્તુરને શેહેંગાહીની જરથોસ્તી અંજુમનના ટ્રસ્ટીઓ, ખાં૦ સા૦ જમશેદજી એદલજી બાટલીવાલાને મદરાસની જરથોસ્તી અંજુમનના સેક્રેટરી નેમ્યા હતા.

એરવદ ફરેદુન રતનજી કાંગાને અંજુમનના આતશબેહરામની કારોબાર મંડલીના સભાસદ નેમ્યા હતા.

શેઠ બમનજી ન. ધાભરને નવસારીની સર કા. જા. મદરેસાના સેક્રેટરી નેમ્યા હતા.

શેઠ કાવશજી બ. વકીલને વોર રીલીફ ફંડની બાનુઓની શાખાના ફંડના સેક્રેટરી નેમ્યા હતા.

ડા૦ એચ. એમ. માસીનાને કામા તથા આલબલેસ હાસપીટલોના કંસલટીંગ સરજ્યન અને સુવાવડખાનામાં ડા૦ સર તેમુલજી ભીખાજી નરીમાનને; ડા૦ એન. એફ. સરવેયરને સર જે. જે. હોસપીટલના કંસલટીંગ ફીઝીશીયન, અને ગોકળદાસ હાસપીટલના બેકટીરીયોલોજીસ્ટ; ડા૦ બહેરામ પી. સખાવાળા સર જે. જે. હાસ્પીટલના ઓનરરી સરજ્યન, ડા૦ ફ્રામરોજ એન. કાપડયાને ગ્રાંટ મેડીકલ કોલેજના પેથોલોજીના એસીસટંટ પ્રોફેસર અને ડા૦ જમશેદ એન. ડગનને ઓફથેલમીક મેડીસીન ને સરજરીના પ્રોફેસર; ડા૦ આવાબાઇ માણેકજી મહેતાને કામા હાસપીટલના સેકંડ ફીઝીશીયન, અને ડા૦ ગુલબાઇ પીરોશાહ પટેલને દીહલીની લેડી હારડીંગ મેડીકલ કોલેજમાં ફીઝીઓલોજીના મદદનીશ પ્રોફેસર નેમ્યા હતા.

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

ડા૦ પેશોતન સોરાબજી દુબાશે રોયલ સેનીટરી ઇનસટીટયુટની પરીક્ષા પસાર કરી બેચેલર ઓવ ફાઇલોલોજી અને ડાકટર ઓવ સાયનસની ડીગ્રીઓ મેળવી હતી. એવણને લંડનની કૉલેજ ઓવ ફીઝીઓલોજીના ઓનનરી લેકચરર નેમ્યા હતા.

એમ. બી. બી. એસ. ની ડીગ્રી માટેની પરીક્ષામાં હાજર થયલા ૧૧૦ ઉમેદવારોમાંથી ગયા નવેમ્બરમાં ૫૧ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—બાઇ ગુલબાઇ ધનજીભાઇ મેઘેરા તથા મેસરસ અરદાવીરાફ દીનશાહ એદલબેહરામ, જમશેદ ફીરોઝશાહ ક્રેચમેન, માણેક સોરાબજી મોદી, હોરમજજી એદલજી પીઠાવાળા, સોરાબ જમશેદજી પોપટ અને બરજોરજી રૂશતમજી ડાકટર; જ્યારે એજ પરીક્ષામાં હાજર થયલાં ૯૪ ઉમેદવારોમાંથી મે મહીનામાં પસાર થયલા ૩૮ જણાઓમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ દારા હોરમજી ભરૂચા, જમશેદજી રતનજી મીરઝા, બાપુજી ફીરોઝશાહ નાણાવટી, દીનશાહ ફરામરોઝ તારાપોર, સોરાબજી દીનશાહ અંકલેશરીઆ અને માણેક ડોશાભાઇ એનજીનીયર.

મી૦ રૂશતમ નવરોજીબ. વકીલે લંડનની એમ. બી. બી. એસ.ની પરીક્ષા પસાર કીધી હતી.

ઇનટરમીડીયેટ એમ. બી. બી. એસ.ની પરીક્ષામાં પસાર થયલા બાઇ શીરીન મા. લાહેવાળાએ સર જેમ્સ ફરગ્યુસન, લેડી રે અને શેઠ નશરવાનજી જે. વાડીયા સ્કોલરશીપો મેળવી હતી.

એલ. એમ. એન્ડ એસ.ની ડીગ્રી માટેની પરીક્ષામાં હાજર થયલા ૧૬માંથી ૧૩ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ કેકોબાદ સોરાબજી કાતરક, મીનોચેહેર કાવશજી લંગરાના અને પેસતનજી મનચેરજી બેનેટ.

મુંબઇની કૉલેજ ઓફ ફીઝીશીયનસ એંડ સરજ્યનસની છેવટની એલ. સી. પી. એન્ડ એસ. ની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ જમશેદજી પેસતનજી પટેલ, જમશેદજી રૂસતમજી વકીલ, હોરમજી અરદેશર દાદરેવાલા, ફીરોજશાહ કાવશજી હોડીવાલા, શાપુરશાહ સોરાબશાહ કાપડીયા, અને દારા રતનજી મીરઝાં.

બોંબે વેટરીનરી (ડીપલોમાં) પરીક્ષામાં મી૦ કેકોબાદ ડોશાભાઇ વીરજી પસાર થયા હતા.

બેરીસ્ટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા:—મેસરસ રૂશતમજી પેસતનજી વોલેસ અને કેખશરૂ પેસતનજી પાદશાહ.

સોલીસીટરની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૩૬ ઉમેદવારોમાંથી ૧૦ જણાએ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:-મેસરસ હોરમજી ડી. વાડયા, કેખશરૂ એ. વકીલ, રૂશતમજી બી. મઝગામવાળા, બમનજી એન. મુલ્લાં, અને એરચશાહ એમ. બહાદુરજી.

એલ. એલ. બી. ની પરીક્ષામાં હાજર થયલા ૨૭૭ ઉમેદવારોમાંથી મે માસમાં ૧૨૫ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:-મેસરસ માણેક ફરામરોઝ બજા, દારાશા માણેકજી દારૂવાળા, હકીમજી એદલજી કુમાના, અને પેશોતન જમશેદજી બાણીયા. આમાં પસાર થયલા મી૦ દારાશા માણેકજી દારૂવાળાને શેઠ મનચેરજી નવરોજજી બનાજી સ્કોલરશીપ મલી હતી.

બી. એસ. સી. ની પરીક્ષામાં હાજર થયલા ૭૫ માંથી ૫૦ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—પેહલા વર્ગમાં મી૦ મેરવાન ફરામજી મુકાદમ, બીજા વર્ગમાં મેસરસ ફીરોઝશાહ એરામજી ફટાકયા, અને રૂશતમ હોરમજી દસ્તુર; પાસ વર્ગમાં મેશરસ એરચશાહ ધનજીશાહ મીસતરી, રૂશતમજી જમશેદજી પોલીસવાળા, અરદેશર શો[illegible]જી કાલાપેસી, જાલ દોરાબજી કુમાના, દીનશાહ ફીરોજશાહ ક્રેચમેન અને દારા ખરશેદજી કરાકા.

બેચેલર ઓફ કોમરસની ડીગ્રો માટેની પરીક્ષામાં ૭૫ ઉમેદવારોમાંથી ગયા નવેમ્બરમાં ૨૪ પસાર થયા હતા, તેમાં બીજા વર્ગમાં એકાઉન્ટીંગ અને મરકનટાઇલ લૉ માં મી૦ માણેકજી દાદાભાઇ દરબારી હતા; જ્યારે એજ પરીક્ષામાં હાજર થયલા ૯૧ માંથી ગયા એપ્રીલમાં ૨૮ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—બીજા વર્ગમાં મેસરસ દારાબશાહ જમશેદજી દસ્તુર, અને ફીરોઝશાહ માણેકજી મોદી; પાસ વર્ગમાં મેસરસ નશરવાનજી ડોશાભાઇ ખરીવાળા, મીનોચેર હોરમશાહ વરીયાવા અને રૂશી દાદીબા બીલીમોરીયા; કોમરસની ઇમટર મીડીયેટ પરીક્ષામાં પસાર થયલા મી૦ અરદેશર હોરમજી એનજીનીયરને એડવાનસડ બેકીંગમાં સર જેમ્સ બેગબી સ્કોલરશીપ મળી હતી.

ખેતીવાડીને લગતી બેચેલર ઓફ એગ્રીકલચર યાને બી. એ. જી.ની ડીગ્રી માટેની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૦ ઉમેદવારોમાંથી ૧૮ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા:-મેસરસ દીનશાહ કાવસજી દારૂવાલા, શોહરાબ રૂશતમજી ગાંધી અને જાલ રૂશતમજી દેઠાવાળા.

બી. ઈ. (સીવીલ)ની ડીગ્રી માટેની પરીક્ષામાં હાજર થયલા ૪૩ ઉમેદવારોમાંથી ૩૫ પસાર

થયા હતા. તેમાં નીચલા પારસીઓ હતાઃ—પેહેલા વર્ગમાં મી૦ રતનશાહ સોરાબજી માસતર; બીજા વર્ગમાં મેસરસ નાદીર અરદેશર ડુંગાજી, એરામશાહ જમશેદજી પટેલ, શયાવક્ષ પેસતનજી સીનોર, એરચ અરદેશર તારાપોરવાલા, સોરાબ જેસંગજી તારાપોરવાલા અને જાહાંગીર નાદરશાહ વકીલ.

એમ. એ. ની પરીક્ષામાં હાજર થયલા ૫૩ ઉમેદવારોમાથી ૨૨ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતાઃ—મેસરસ અરદેશર સી. એમ. ખરશેદજી અને નરીમાન જે. જારીણા.

બી. એ.ની પરીક્ષામા બધા મલી હાજર થયલા ૧૩૯૩ ઉમેદવારોમાંથી ૭૯૨ પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતાઃ—પેહલા વર્ગમાં (ઓનર સાથ) મી૦ હોરમજી મનચેરજી વકીલ; બીજા વર્ગમાં (ઓનર સાથ) મેસરસ અરદેશર બરજોરજી સુતરીયા, જાહાંગીર સોરાબજી કાટ-પીટયા, એજનજી પોંચાજી ખંબાતા, નરીમાન અરદેશર ગોળવાળા, કેકોબાદ જાહાંગીર દસ્તુર, જાહાંગીર જમશેદજી કાંગા, ફરામરોજ જાહાંગીર પટેલ, મેહરજી ધનજીશાહ શેઠના, જાલેજર હીરજી વાડયા, કુંવરજી ભીમજીભાઇ તારાપોરવાળા અને શાપુરજી શેહેરીયારજી ટાઉનહોલવાળા; પાસ વર્ગમાં બાઇઓ ધનબાઇ અરદેશર કુપર અને ગાયમાય આદરજી કાપડયા, મેસરસ કેકી ખરશેદજી હકીમ, શેહેરીયાર કેખશરૂ ઇરાની, માણેકશાહ ફીરોઝશાહ કુપર, બરજોરજી કુંવરજી રાજકોટવાળા, ફીરોઝ જમશેદજી બહાદુરજી, નવલ ડોશાભાઇ ગાંધી, રૂશતમ દીનશાહ ઘડીયાલી, જમશેદ સોરાબજી રતનાગર, પેસતનજી જેહાંગીર રેજીસ્ત્રાર, અરદેશર ધનજીશાહ ચોકસી, ખર-શેદજી માણેકશાહ દસ્તુર, સોહરાબ જીવણજી જાહીના, કાવશજી હોરમજી પીટીટ, સુખીયા નાદી-રશાહ સુખીયા, જમશેદજી પાલનજી તારાપોરવાળા, કામદીન પેસ્તનજી અંકલેસરીયા, અરદેશર બરજોરજી બજાં, જમશેદજી પેસતનજી દોરડી, ફીરોઝ અરદેશર લશકરી, કુંવરજી હોરમજી દારૂ-વાળા, દારાશા ભીખાજી કાટપીટયા, ફીરોઝ કાવશજી સુતરીયા, ફરામરોઝ સોરાબજી બલસારા, જાહાંગીર સોરાબ ભરૂચા. મંચેરશા રૂશતમજી કોલાહ. રૂશતમજી નાનાભાઈ બામણોટ, અસપંદીઆર મેરવાનજી બમનજી, નાદીર ફરામરોઝ ગારડા, અરદેશર બહમનજી હીરજી ખુરશીદ, રૂશતમજી પીરોજશાહ મેજર, એરચશાહ જમશેદજી મીસતરી, ફરામરોજ રૂશતમજી શંજાણા, રૂશતમજી ખરશેદજી સતારાવાળા, મીનોચેર રૂશતમજી ઉનવાળા, કેખશરૂ નવરોજી વાંદરાવાળા, લવજી નવરોજી વાણીયા, હોરમજી ડોશાભાઇ મુલ્લાં, નોશીરવાન અરદેશર હુડી, જમશેદજી પેશતનજી ગોરા, કેખશરૂ જહાંગીરજી મીસતરી, જમશેદજી આદરજી દુબાશ, કાવશજી બમનજી બામજી, નવલ એજનજી બાટેવાળા, ફરામરોજ રતનજી દાબુ, રૂશતમ પેસતનજી ગીમી, અરદેશર જાહાંગીર મીસ્તરી અને જાલ ધનજીભાઇ મોદી. આમાં પસાર થયલા મેસરસ નરીમાન અ. ગોળવાળા અને જમશેદ પા. તારાપોરવાળાને શેઠ પીરોશાહ મે. જીજીભાઇ સ્કોલરશીપ વેહેંચી આપવામાં આવી છે.

ઇનટર મીડીએટ આરટસની પરીક્ષામાં નીચલી ૬ પારસી બાનુઓ પસાર થઇ હતીઃ—બાઇઓ ગુલેસતાન ધનજીશાહ અંકલેસરીયા, શીરીન જીવણજી ઉદવાડયા, ખુરશેદ હીરજી એડન-વાલા, બાનુ કાવશજી સુતરીયા, ગુલા ફરામજી પાવરી અને કુંવરબાઇ બહમનશાહ કામા. આમાં પસાર થયલા મી૦ જાહાંગીર કા. તવડીયાને શેઠ ફરામજી સો. ભાવનગરી સ્કોલરશીપ મલી હતી.

મેત્રીકયુલેશનની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૫૬૪૮ ઉમેદવારોમાંથી ૨૯૩૪ પસાર થયા હતા, તેમાં ૨૮૫ પારસીઓ હતા. બધી મલી હાજર થયલી ૧૫૩ બાનુઓમાંથી ૭૯ પસાર થઈ હતી, તેમાં નીચલી ૨૬ પારસી બાનુઓ હતી, જે ઉપલા ૨૮૫ પારસીઓમાં સમાઇ જાય છેઃ—બાઇઓ ખોરશેદ જા. સીનાઇ, મીથાં જ. બનાજી, દીના ન. બનશા, મનીજેહ નશરવાનજી કુપર, ફ્રેની એદલજી ગીલડર, ખોરશેદ માણેકજી કારખાનાવાળા, સુના ખરશેદજી લવંગીયા, ધનબાઇ હોશંગજી મેહતા, માણેક કાવશાહ મેહતા, સુનામાય હોરમજી મેહતા, પીરોજા બરજોરજી મોદી, બાઇમાય માણેકજી મોગરેલયા, મેહેરબાઇ ફરેદુનજી મરઝબાન, મેહેરબાનુ પાલનશાહ નાણાવતી, ભીખાં નશરવાંનજી નાઝર, પરવીઝ હોરમસજી પોસ્ટવાળા, શીરીન શાપુરજી રતનાગર, તેહમીના કેખશરૂ રૂસ્તમજી, મેહરાં ફરામજી સુનાવાળા, તેહમીનાં શાપુરજી તારાપોરવાળા, રતી એન. થાણાવાળા, આલુ નશરવાનજી વકીલ, દીનુ હોરમસજી રાઇટર, શીરીન ખરશેદજી ઇરાની, રસીદબાનુ પેસ્તનજી સાનોર અને શીરીન ધનજીશાહ અંકલેસરીયા. આમાં પસાર થયલા મેસરસ સોરાબજી કા. દસ્તુર અને નરીમાન ક. દેશાઇને એલીસ પ્રાઇઝ અને પહેલા બેરોનેટ સર દી. મા. પીટીટ સ્કોલરશીપ, મી૦ કેખશરૂ જી. ખંબાતાને બાઇ માણેકબાઇ બે. જીજીભાઇ પ્રાઇઝ અને શેઠ ડોશાભાઈ ફરામજી કામા સ્કોલરશીપ, બાઇ મીથા જમશેદજી બનાજીને ચેટ ફીલ્ડ પ્રાઇઝ, અને મી૦ દારા કાવશજી ભરૂચાને બમનજી સોરાબજી શેઠ સ્કોલરશીપ મળી હતી.

ગયે વરસે બનેલા પરચુરણ જાણવાજોગ બનાવો.

સમસુલ ઓલમાં એરવદ ડા૦ જીવણજી જમશેદજી મોદી સી. આઈ. ઇ. એ ગયા આગસ્ટ માસમાં કવેતા, કરાંચી, સકર વગેરે શેહેરોની મુલાકાતો લઇ ત્યાં ઘણા વીદ્વતાભરેલા રસીલા ભાષણો કીધાં હતાં. એરવદ સાહેબ જીવણજી જ્યાંભી ગયા ત્યાં એવણને સારૂ આદરમાન આપી માન અકરામ આપ્યું હતું અને એવણની સારી સેવા કીધી હતી. તા૦ ૬ ડી આગસ્ટને દીવસે કવેતા ખાતે કરેલા ભાષણ પછી એવણની એક અદનાં કદરસનાશી તરીકે કવેતાની જરથોસ્તી અંજુમન તરફથી એક પરસ ખા૦ બા૦ અરદેશર મારકરે એનાયત કરી હતી. એજ મુજબ કરાંચી ખાતે કેટલાંક વીદ્વતાભરેલા ભાષણો કીધા હતા અને તા૦ ૧૨ મીએ કરેલા ભાષણ પછી કરાંચી અંજુમન તરફથી એક પરસ સરનસીન શેઠ ફરામરોજ પથરાએ ભેટ આપી હતી. તેમજ સકર ખાતે કરેલાં ભાષણ વખતે એક રૂપાનો ટી-સેટ સકરના જરથોસ્તીઓ તરફથી એરવદ જીવણજીને એનાયત કરવામાં આવ્યો હતો.

નામદાર ગાયકવાડની તા૦ ૨ જી એપ્રીલે પડેલી સાલગ્રેહને દીવસે વડોદરા ખાતે લક્ષમી વીલાસ રાજમહેલમાં ભરાયલી દરબારમાં સદગ્રહસ્થોને ચાંદ આપવામાં આવ્યાં હતા તે વખતે દીવાન સાહેબ મી૦ મનુભાઇ મેહેતાએ કેટલુંક વીવેચન કરતાં જણાવ્યું કે શેઠ રતનજી શાપુરજી તાતા પોતાના ભાઇ મંચેરજી સાથે બીલીમોરામાં દારૂના મોટા કંત્રાકટ રાખે છે. તેમણે બીલીમોરામાં હાઇસ્કુલ બાંધવા ૨૫૦૦૦૦ ને જામીન આપી હોસટેલ માટે દર વરસે ૨૨૪૦ આપ્યા કરે છે. હાઇસ્કુલ સ્થાપવાથી ઇંગ્રેજી કેળવણી મળવા સહેલું સાધન થઇ પડયું છે ને કન્યાઓ માટે ઇંગ્રેજી નીશાળ કઢાવવાની એમણે તતપરતા બતાવી છે. એમનો કેળવણી તરફનો આભાવ સ્તુતીપાત્ર હોવાથી એમને શ્રીમંત સરકારે દાતાર મંડળનો સોનાનો ચાંદ આપ્યો છે. શેઠ રતનજીને મલેલા માન માટે તા૦ ૧૮ મી એપ્રીલે બીલીમોરાના રૂશતમ બાગમાં નગરશેઠ ભાણાભાઇના પ્રમુખપણા હેઠળ વેપારીઓની મહાજનની મલેલી સભામાં મુબારકબાદી આપી એવણની સખાવતોની સ્તુતી કરી નામદાર મહારાજાના ઉપકાર માન્યો હતો. એજ મુજબ તા૦ ૨૦મીએ રૂશતમ બાગમાં શેઠ બરજોરજી નશરવાનજી મેગુસીના પ્રમુખપણા હેઠળ મલેલી જરથોસ્તી અંજુમનની સભામાં મુબારકબાદી આપી હતી વળી શેઠ રતનજી ઝોરાસ્ત્રીયન કલબના પ્રેસીડંટ હોવાથી તા૦ ૨૧મીએ એક મેલાવડો કરી રાતે ખાણું આપવામાં આવ્યું હતું.

વલસાડના સ્ટેશન માસ્તર શેઠ ફકીરજી ફરામજી બરોડા રેલવેની ૪૦ વરસની નોકરી બજાવી રીટાયર થવાથી વલસાડ ખાતે એવણનાં માનમાં વખાણનારાઓ તથા રેલવે સ્ટાફ તરફથી રેલવે અમલદાર મી૦ કોલીનસના પ્રમુખપણા હેઠળ મેળાવડો કરી રેલવે સ્ટાફનું માનપત્ર ચાંદીના કાસકેટ સાથે, માહારાણા શ્રી મોહનદેવજી તરફથી એક પરસ, મીત્રો અને વખાણનારાઓ તરફથી ચાંદીનું કલેરેટ જગ, ભાગડા દરબાર તરફથી ચાંદીનું કડું ભેટ આપવામાં આવ્યાં હતાં.

બરોડા રેલવેના ભરૂચ વીભાગના એસીસ્ટંટ એનજીનીયર શેઠ કાવસજી દાદાભાઇ કાંગા ૩૫ વરસની નોકરી બજાવી રીટાયરડ થવાથી તા૦ ૧૬ મી ફેબરવારીએ રેલવે સ્ટાફે ભરૂચના સર શાપુરજી બરચા હાલમાં ડીસ્ટ્રીકટ જડજ મી૦ અડવાનીના પ્રમુખપણા હેઠળ મેળાવડો કરી ચાંદીના કાસકેટમાં માનપત્ર સાથ સોનાનું ઘડીયાળ ભેટ કીધાં હતાં.

નવસારીના સ્ટેશન માસ્તર શેઠ રૂશતમજી મહેતા બરોડા રેલવેની ૩૦ વરસની નોકરી બજાવી રીટારડ થવાથી એવણના માનમાં મીત્રો તથા વખાણનારાઓએ નવસારીના મોદીબાગના તા૦ ૧૪મી એપ્રીલે મેળાવડો કરી એવણને એક પરસ તથા સોનાનું ઘડીયાળ, છેડો અને એવણના ધણીયાણીને બ્રસલેટ તથા નેકલેસ ભેટ આપ્યાં હતા.

બરોડા રેલવેના ડરાઇવર શેઠ એદલજી બેજનજી દમણીવાને મલેલા ખાન સાહેબના ખેતાબ માટે જરથોસ્તી ડરાઇવરોએ તા૦ ૧૭મી આગસ્ટે સોડાવાટરવાલાની અગીયારીમાં શેઠ જાહાંગીર જ. વીનાદલાલના પ્રમુખપણા હેઠળ એક મેળાવડો કરી માનપત્ર તથા ચાંદીનું ફલાવર વાઝ ભેટ આપ્યું હતું.

શેઠ સારાબજી રતનજી તાતાએ મદ્રાસની અંજુમનના સેક્રેટરી તરીકે સારી સેવા બજાવી બાલામોના ખાતે જાથુના જવાથી એવણના માનમાં ત્યાંની જરથોસ્તી અંજુમને ખાણાંનો મેળાવડો કરી માનપત્ર એનાયત કીધું હતું.

શેઠ બરજોરજી કાવસજી શેઠના શેહેગાહીથી મુંબઇ આવવા નીકલ્યા ત્યારે તા૦ ૨૨મી એપ્રીલે એવણના માનમાં ત્યાંની પારસી કલબે રીશેપશનનો મેલાવડો કરી એક "ફીતેડ" સુટ કેસની ભેટ કીધી હતી.

શેઠ પીરોશાહ મનચેરજીએ પોતાની પચીસ વરસની મેસોનીક કારકીરદીની સીલવર જુબીલી પસાર કરી છે અને એવણ ચીન જાપાન ગયા ત્યારે લોજ રાઇઝીંગ સ્ટાર (નં૦ ૫૦૬ એસ. સી) તરફનો તા૦ ૧૮મી જાનેવારીએ થયલા મેલાવડામાં શેઠ પીરોશાહને રૂપાના કાસકેટમાં માનપત્ર સાથ સોનાનું ઘડીયાલ છેડો ભેટ આપવામાં આવ્યાં હતાં.

ડા૦ પાવરી સીલવર જુબીલીવાળા બે સોનાના ચાંદ દર વરસે કવોડરેંગયુલર મેચમાં સરસ રમનારને મલે છે તે ચાંદ બેટીંગ માટે શેઠ હોલી કે. કાપડયાને અને બીજો બોલીંગ માટે શેઠ એમ. બી. વાચ્છાને એનાયત થયો છે. વળી હોલી કાપડયાને નાદર દેખાવ માટે નામદાર ગવરનર લોરડ વીલીંગડને પોતા તરફથી એક ચાંદીનું કપ ભેટ આપ્યું હતું. મીસીસ ફીરોઝ દી. ગોરવાળાને ગવાલીયરના ૧૯૧૮ ના ઈંડસ્ત્રીયલ અને આરટીકલચરલ પ્રદરશનમાંથી ૩ રૂપાના ચાંદો મળ્યા હતા.

મરહુમ શેઠ પેસતનજી એમ. બાથાના બેશીઓને વેલાતની રોયલ હયુમેન સોસાયટી તરફથી "ઇન મેમોરીયમ" ટેસટીમોનયલ તા૦ ૧લી જાનેવારીએ પોલીસ કમીશનર મી૦ વીનસેંટ તરફથી એવણુની હાફીસમાં એનાયત કરવાનો મેલાવડો થયો હતો. તા૦ ૧૭મી જુન ૧૯૧૭ને દીને માહીમના દરીયામાં મી૦ એરચશા ધ. મેહતા નામનો ૧૪ વરસની વયનો છોકરો ડુબતો જણાવવાથી તેને બચાવવા શેઠ પેસતનજી દરીયામાં ઉતરીયા હતા પણ મોજાઓના જોરને લીધે પેસતનજીભી તણાવા લાગ્યા. આથી મી૦ વેસટન નામના યુરોપીયને તરત દરીયામાં જીપલાવી એરચશાહને બહાર લાવ્યા પણ થોડા વખતમાં એવણે પ્રાણ મુકયો હતો, તેમજ શેઠ પેસતનજીએ પોતાનો જીવ ખોહયો હતો અને એવણુની લાશ પાછળથી હાથ લાગી હતી. મી૦ વેસટનને એ સોસાયટીનો ચાંદભી એજ દીને એનાયત થયો હતો.

પુણાની કદીમ તથા શેહેનશાહી અંજુમનની દરેહમેહેરના દસ્તુર ખુરશેદજી ડોશાભાઇ ભપ્પુ મરણ પામવાથી તા૦ ૨૪મી જુને એવણુના થયલા ઉઠમણાને દીવસે એરવદ પેસતનજી ભીખાજી આદરીયાનવાળાને એ દરેહમેહેરના નવા દસ્તુર તરીકે નેમી ત્રસ્ટીઓ તરફથી શીયાલ ઓઢાડી હતી.

ગ્રાંટરોડની મીઠાઇવાળાની દરેહમેહેરના પંથકી એરવદ બરજોરજી કાવશજી ભાડેનાને સંપુરણ બનાવેલા દીની આલાટના દસ્તુર તરીકેની શીયાલો કેટલાક ગોદાવરા અથોરનાન ભાઇઓએ રોજ ૨૫ મો માહ ૮ માને દીને એનાયત કીધી હતી.

હીંદના નામાંકીત નર મરહુમ શેઠ દાદાભાઈ નવરોજીના અકાળ મરણ માટે દલગીરી જાહેર કરવા તથા મરહુમ તરફનાં માનની લાગણી પ્રદરશીત કરવાને ઘણી સભાઓ મલી હતી. પારસી કોમ તરફથી તેવી લાગણી જાહેર કરવા માટેની સભા તા૦ ૨૮મી સપટેમબર ૧૯૧૭ને દીને સાંજે પાંચ વાગે આલબલેસ બાગમાં નામદાર સર જમશેદજી જીજીભાઇના પ્રમુખપણા હેઠળ મળી હતી. શરૂઆતમાં સર જમશેદજીએ મરહુમની તારીફમાં લંબાણથી વીવેચન કરીયા પછી મરહુમના મરણથી ગયલી ખોટ માટે મુંબઇની પારસી પંચાયતના દફતરમાં નોંધ લેવા અને મરહુમના કુટંબ ઉપર દીલાસો મોકલવાના ઠરાવો થયા હતા. એ વખતે ઘણા સાહેબોએ પ્રસંગને અનુસરતા ભાષાણો કીધા હતા.

હીંદના નામદાર વજીર રાઇટ ઓનરેબલ એડવીન સેમ્યુલ મોનટેગુ, પી. જી. એમ. પી., હીંદ ખાતે ગયા દીસેમબરમાં પધારયા હતા. એ નામદારની મુંબઇની મુલાકાત દરમ્યાન હીંદી રાજકય સુધારાઓની બાબદો ઉપર જુદાં જુદાં જાહેર મંડળો તરફથી માનપત્રો અને અરજીઓ એનાયત કરવા માટેના ડેપયુટેશનોએ કેટલાક દીવસો સુધી નામદાર વાઇસરોય લોરડ ચેમ્ઝફરડ અને મી૦ મોનટેગુની મુલાકાત મુંબઇના ગવરમેંટ હાઉસમાં દરબાર હોલમાં લીધી હતી. જ્યારે કેટલાક ગ્રહસથોને મુલાકાત અને ઇનટરવયુનું માન બખશવામાં આવ્યું હતું. તા૦ ૨૬ મી દીસેમબરે હાજર થયલા ડેપ્યુટેશનોએ એ નામદારોને માન પત્રો એનાયત કીધા હતા, તેમાં પારસીઓ તરફથી નામદાર સર જમશેદજી જીજીભાઇ બેરોનેટની આગેવાની હેઠળ ડેપ્યુટેશને માનપત્ર એનાયત કીધું હતું તેમાં નીચલા ગ્રહસ્થો હતાઃ—સર જમશેદજી જીજીભાઈ, ઓ૦ સર દીનશાહ એદલજી વાચ્છા, ઓ૦ સર દીનશાહ પીટીટ, શેઠ કેરશાસપજી પી. દાદાચાનજી, ઓ૦ શેઠ ફીરોઝ સી. શેઠના, શેઠ જેહાંગીર બમનજી પીટીટ, શેઠ જેહાંગીર જમશેદજી વીમાદલાલ, અને શેઠ હોરમસજી ફીરોઝશાહ મોદી. આ માનપત્ર સર જમશેદજી જીજીભાઇએ વાંચી સંભળાવ્યું હતું, જે પછી ડેપયુટેશનના સભાસદોની ઓળખાણ નામદાર વાઇસરોય અને હીંદી પ્રધાન સાથ કરાવી હતી. હાજર થયલા બીજા ડેપ્યુટેશનોમાં કેટલાક પારસીઓએ ભાગ લીધો હતો.

જાણીતા જરથોસ્તીઓના મરણો.

સુરતના કદમી દસ્તુર સોરાબજી રૂશતમજી કુમાના ૭૨ વરસની વયે રોજ ૬ઠો માહા ૧લો. શેહેનશાહીને દીને સુરતમાં મરણ પામ્યા હતા. એવણે યોજદાથ્રેગીરીની સારી તાલીમ મેળવી હતી, તેમજ ફારસીનો અભયાસ કીધો હતો અને એવણની યાદદાસ્ત શકતી તીક્ષણ હતી. સ્વભાવે ઘણા શાંત અને રાંક તથા મનના પાક હતા. ૧૮૯૦માં દસ્તુર રૂશતમજી હક થવાથી એવણની જગાએ એવણના ભત્રીજા તે મરહુમ દસ્તુર સોરાબજીને દસ્તુરીપદે નેમવામાં આવ્યા હતા. દસ્તુર સોરાબજીના સુરતના કદમી આતશબેહરામમાં થયલાં ઉઠમણા વખતે મરહુમના વડા બેટા એરવદ જમશેદજીને અંજુમનની દસ્તુરીની શાલ તેમજ બીજી કેટલીક શીયાલો જુદા જુદા ગ્રહસ્થો તરફથી એનાયત થઇ હતી. જ્યારે કદમી આતશબેહરામનાં દસ્તુર તરીકે એ પાક મકાનના પંથકી એરવદ મેરવાનજી ફરદુનજી નાહલાદારૂને નેમી મુતવલ્લી સાહેબો તરફથી શાલ તેમજ બીજા ગ્રહસ્થો તરફની શાલો ઓઢાડી હતી.

શેઠ હોરમજી નવરોજી લોરડ ૬૮ વરસની વયે દેવલાલી ખાતે રોજ ૮ મો માહા ૧લાને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૬૭માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી સરકારી સ્કુલમાં માસ્તર તરીકે બે દાહેકા સુધી નોકરી બજાવી રીટાયરડ થયા હતા. માથેરાન ખાતે પારસીઓ માટે પેહલ વેહલું હોટલ એવણે ઉગાડયા પછી ચાર ચાર હોટલો ચલાવતા હતા. માથેરાનની આબોહવાની વીગત અજવાળામાં લાવવા માટે વરતમાન પત્રોમાં તેમજ ચોપાન્યાઓ મારફતે લખાણો કીધા હતા તેમજ જાહેર સવાલો ઉપર લખાણો કરતા હતા. મરહુમ ચીવત વીચારના અને ખંતથી દરેક કામ કરનારા અને શરીરીક ચપલતા ધરાવતા હતા.

ખા૦ બા૦ મનચેરજી કાવશજી મરઝબાન સી૦ આઇ૦ ઇ૦ ૭૮ વરસની વયે રોજ રોજ ૯ મો માહા ૨ જાને દીને મરણ પામ્યા હતા. ૧૮૫૬માં પુણા ખાતે જાહેર બાંધકામ ખાતામાં નોકરીએ રહયા બાદ જુદા જુદા ખાતાંઓમાં ઓધાઓ ભોગવી ૧૮૭૬માં મુંબઇ ઇલાકાના કામચલાઉ ઇજનેર અને ૧૮૮૩માં સરકારના કામચલાઉ આરકીટેકચરલ એકઝીકયુટીવ એનજીનીયર અને સરવેયર દાખલ નેમાયા હતા અને ૩૬ વરસની લાંબી વફાદારી ભરેલી નોકરી બજાવી ૧૮૯૩માં રીટાયરડ થયા હતા. ૧૮૯૨માં મુંબઇની મ્યુનીસીપાલીટીના એકઝીક્યુટીવ ઇજનેર તરીકે મરહુમની નેમણુંક થઇ હતી, જે ઓધો ૧૯૦૩માં છોડયો હતો. એમણે સરકાર તેમજ મ્યુનીસીપાલીટીમાં મોટામાં મોટા ઓધાઓ ભોગવી પોતાની બાહોશી તથા હુશીયારીથી ઘણી સારી નામના મેલવી હતી. જાહેર મેળાવડાઓ, ફેનસી-ફેરો વખતે મરહુમ ઘણો આગેવાન ભાગ લઇ પોતાની બાહોશી અને કુનેહથી સારી મદદ આપતા હતા. તારદેવ તરફ મરહુમ શેઠ મરઝબાનની આગેવાની હેઠળ ગરીબ જરથોસ્તીઓને માટે સુખશાંતી સાથના સસતા મકાનો બાંધવામાં આવ્યાં છે અને તેના સેક્રેટરી તરીકે એવણે વરસો સુધી ઘણી કીમતી મદદ આપી પોતાની જાતી દેખરેખ હેઠળ મકાનો બાંધ્યાં હતાં. પારસી સુવાવડખાના તથા બીજી મંડળીઓ અને ફંડની કમીટીના મેમ્બર તરીકે જોડાઇ પોતાની સલાહ આપતા હતા. એવણને ૧૮૯૧માં સી૦ આઇ૦ ઇ૦ નો અને ૧૮૭૭માં ખાન બહાદુરનો ખેતાબ મળ્યો હતો. ૧૮૮૦માં જે. પી., ૧૮૯૩માં પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ, ૧૯૦૫માં મુંબાઇના શરીફ તેમજ ૧૮૮૯માં રોયલ ઇનસ્ટીટયુટ ઓફ બ્રીટીશ આરકીટેકટસના ફેલો, ૧૮૯૨માં લંડનની સોસાયટી ઓફ આરટસના મેમ્બર નેમાયા હતા. એવણ ઘણા ઉદયોગી, મેહેનતું અને ખંતીલા હતા તેથી જે બી કામ હાથમાં લતા હતા તે ફતેહમંદીથી પાર પાડી આપતા હતા.

શેઠ બમનજી મનચેરજી એદલ બહેરામ ૫૪ વરસની વયે રોજ ૧૬ મો માહા ૨ જાને દીને મરણ પામ્યા હતા. એવણ બી૦ એ૦ માં પસાર થયા પછી કાયદાનો અભ્યાસ કરી સરકારી નોકરીમાં જોડાયા હતા અને પોતાની બાહોશી અને ઇમાનદારીથી વડા અમલદારોનું સારૂ મત જીતી મોટા ઓધ્ધાઓ ભોગવવાને ભાગ્યશાળી થયા હતા. જુદે જુદે ઠેકાણે મેજીસ્ટ્રેટનો ઓધ્ધો ભોગવી નાગપોરમાં મેજીસ્ટ્રેટ અને ઇનકમટેક્ષ કમીશનર તરીકે લાંબો વખત સુધી રહયા હતા. એ પછી છેલ્લા જબલપોર ડીસ્ત્રીકટના સાગરમાં વધારાના આસીસટંટ કમીશનર હતા અને હારટ બંધ થવાથી મરણ પામ્યા હતા. એવણને ૧૯૦૦માં કયસરે હીંદનો ચાંદ મળ્યો હતો.

ખાન બહાદુર નાનાભાઇ ચાનજીભાઇ રોજ ૨૩મો માહા ૨ જાને દીને કરાંચી ખાતે મરણ પામ્યા હતા. ૧૮૬૪માં કરાંચી ખાતે જઇ ૧૮૬૮થી વકીલાતનો ધંધો કરવાનો શરૂ

કીધો હતો. મરહુમને કાયદાનું જ્ઞાન સારૂં હોવાથી એવણનું મત વારંવાર લેવામાં આવતું હતું. ૧૯૧૩માં એવણને ખાન બહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ મેરવાનજી કાવસજી ૭૪ વરસની વયે રંગુન ખાતે રોજ ૨૫મો માહા ૩જાને દીને મરણ પામ્યા હતા. એમણે ચોખાનો મોટા પાયા ઉપર વેપાર કીધો હતો. તે પછી જાહેર જીંદગીમાં પડી શેહર અને પોતાના વતનીઓનું ભલું કરવા પાછળ મંડયા હતા. મરહુમ ૧૮૯૫થી રંગુનની મ્યુનીસીપાલીટીના મેમ્બર અને ૧૯૧૦ થી બરમાની ધારાસભાના સભાસદ તરીકે મરણ સુધી નેમાયા હતા. ૨૦ વરસ સુધી પેહલા વરગના ઓનરરી મેજીસ્ટરેટ હતા અને ૧૯૦૩માં મેટ્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે એવણની નેમણુક થઇ હતી. ૧૯૧૨ ની દીહલીની તાજપોસી માટેની દરબારમાં હાજર થવાનું ઇજન નામદાર સરકારે કીધું હતું. ૧૯૦૩માં એવણને કયસરે હીન્દનો સોનાનો ચાંદ એનાયત થયો હતો. મરહુમના મરણ માટે લેફટનંટ ગવરનરે દીલાસાનો પત્ર લખ્યો હતો તેમજ રંગુનના શેહેરીઓએ તથા પારસી કોમે જાહેર સભાઓ ભરી દલગીરી જાહેર કીધી હતી.

લેફ્ટનંટ કરનલ માણેકજી એદલજી રીપોરટર ૬૧ વરસની વયે રોજ ૧૦ મે માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૭૦માં મેટ્રીક થઇ ૧૮૭૫માં એલ. એમ. ની તબીબી પદવી મેલવીયા પછી ૧૮૭૭માં લંડનની એલ આર. સી. પી. ની અને ૧૮૭૮માં આઇ. એમ. એસ. ની સનદ મેલવી હતી. મરહુમે મદરાસ ઇલાકામાં લશકરી રેજીમેંટોમાં તબીબી ઓધો લાંબો વખત સુધી ભોગવ્યો હતો અને બરમાની લડાઇમાં સારો ભાગ લઇ ચાંદો મેલવ્યાં હતાં. ૧૮૮૯માં સરજયન મેજરની અને ૧૮૯૮ માં લેફ્ટનંટ કરનલની પદવી મલી હતી. ૧૯૦૨માં રીટાયર થવા પછી લડાઇ જાગવાથી મસુલીપટમની હાસપીટલના તબીબ તરીકે પાછી નેમણુક થઇ હતી અને ત્યાંજ હરદય બંધ પડવાથી મરણ પામ્યા હતા.

ખા૦ બા૦ શીયાવક્ષ કાવસજી દાવર ૪૯ વરસની વયે પુના ખાતે રોજ ૬ ઠો માહા ૫ માને દીને મરણ પામ્યા હતા. એવણે ૧૮૮૭માં મેટ્રીકની અને ૧૮૯૫માં ડીસ્ટ્રીકટ પ્લીડરની પરીક્ષા પસાર કીધી હતી. ૧૮૯૯માં અહમદનગરના અને ૧૯૦૪ માં પુણાના પબ્લીક પ્રોસીક્યુટર તેમજ ૧૯૦૬માં પુણાની દખણ કોલેજના રોમન લોના લેકચરર નેમ્યા હતા. ૧૯૦૯માં ખાન બહાદુરનો ખેતાબ મલ્યો હતો. ૧૯૧૦માં પ્રખ્યાત નાસક કેસમાં એવણને ખાસ રોકયા હતા અને આ કેસમાં ઘણી રંજ ખેંચવા માટે નામદાર સરકારે ઉપકાર પત્ર લખીયો હતો. મરહુમના કુટુંબ ઉપર નામદાર ગવરનરે દીલશોજીનો સંદેશો મોકલ્યો હતો.

,, દીનબાઇ ન. પીટીટે જ.ન. પીટીટ આરદ્દનેજમાં પરદાવેલી	૩	૭	૧૨૬૬	,,
બહારકોટ—મનચેરજી બમનજી શેઠના(૧૦) … …	૧૭	૨	૧૧૬૬	,,
,, શાપુરજી સોરાબજી કપાવાલા … … …	૧૭	૨	૧૨૨૮	,,
ભાયખલા—બમનજી મેરવાનજી મેવાવાલા(૧૧) … …	૧૭	૪	૧૨૨૦	,,
ભીંડીબજાર—મેરવાનજી માણેકજી પટેલ(૧૨) … …	૧૭	૧૨	૧૧૭૭	,,
મજગામ—ફરાંમજી નશરવાનજી પટેલ(૧૩) … …	૧૧	૩	૧૨૧૫	કદમી
,, નાનાભાઇ જમશેદજી સપલાની નઇઅતે(૧૪) …	૧૪	૮	૧૨૩૬	શેનશાહી
,, અનજુમનને ખરચે … … …	૯	૫	૧૨૭૬	,,
મરીનલાઇન—જમશેદજી દાદા. આમરીઆ (સોડાવાટરવાલા)(૧૫)	૨૮	૨	૧૨૪૪	,,
મહાલક્ષમી—બેરાંમજી કાવસજી બાટલીવાલા … ..	૨૦	૪	૧૨૩૪	,,
,, હોરમજી દાદાભાઇ શાએર … … …	૧૭	૭	૧૨૧૪	કદમી
માહીમ—મનચેરજી બમનજી કુપરે સ્થાપેલી અને પાછળથી શાપુરજી જ૦ દાજીએ બંધાવેલી (દાદગાં)(૧૬)……	૪	૨	૧૨૩૬	શેનશાહી
,, એદલજી રૂશતમજી સુનાવાલાએ ધણીયાણી સુનાબાઇની નઇયતે (દાદગાં) … … …	૧૭	૯	૧૨૮૨	,,
વાલકેસ્વર—સોરાબજી ખરશેદજી શુંડીનાની નઇઅેતે …	૭	૯	૧૨૨૮	કદમી
દાદર—નવરોજી કાવસજી નાલીએરવાલા(૧૭) … …	૩	૧૦	૧૧૯૧	શેનશાહી
વાંદરે—નશરવાંનજી રતનજી તાતા … … …	૨૦	૬	૧૨૫૩	,,

☞ મુંબઇની ઉપલી જાહેર દરેહમેહરો, આતશ આદરાંનોની ઉપરાંત બીજી કેટલીક દાદગાંઓની દરેહમેહરો છે. જેવીકે (૧) બાહારકોટની અલાઇબાગની, (૨) કોલાબેની પાંચે શેનીટેરીઅમની, (૩) ગીરગામની આલબલેસ બાગમાંની, (૪) ગીરગાંમ બેકરોડપરની અશલાજીની અને (૫) વાલકેશવરમાં રેડીમની.

દેશાવરો ખાતેની દરેહમેહેરો તથા આતશ દાદગાંઓ.

અંકલેશર—નરશંગ ધમપાલ(૧૮) … … … …			૯૧૯	શેનશાહી
અજમેર—નવરોજી રૂશતમજી કલીઆણીવાલાના પુણ્ય માટે …	૮	૧૧	૧૨૬૭	,,
અંધેરી—અરદેશર ભીખાજી પટેલ … … …	૯	૯	૧૨૭૭	,,
અમદનગર—જમશેદજી પેશતનજી પલાનટી … …	૯	૮	૧૧૧૬	,,
અમદાવાદ—ખરશેદજી બેહરાંમજી નાણાવતી(૧૯) … …	૨૩	૧૦	૧૨૧૫	,,
અમરોલી—હોરમજી બમનજી વાહડયા (૨૦) … …	૧૭	૨	૧૧૭૩	,,
આડાજણ—સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ …	૨૦	૯	૧૧૯૬	,,
આલપાઇ—નવરોજી કાવસજી નાલીએરવાલા … …	…	…	…	,,
ઇમતપુરા—અંજુમનને ખરચે … … … …	૫	૧૦	૧૨૫૬	,,
ઇજાપોર—કાવસજી ધનજીભાઇ પાઉંવાલા તથા ભત્રીજા …	૫	૮	૧૨૧૬	,,

ઠેકાણું. કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહ.	વ. સને	શે. કે ક.
ઇનડોર—હોરમજી માણેકજી બમગરા (૨૧)	૧૦	૮	૧૨૪૮	શેનશાહી
ઉદવાડા—સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે બંધાવેલું આતશબેહેરામને લગતું મકાન	૨૦	૯	૧૨૬૦	,,
ઉરન—કુવરજી તથા બેરામજી એદલજી ઉમરીગર ...	૨૩	૨	૧૨૭૪	,,
એડન—કાવસજી દીનશાજી એડનવાલા	૨૦	૧	૧૨૫૩	,,
એલાવ—આ૦ કાઉસ ખુરશેદજી કામદીન (૨૨)	૨૦	૧૨	૧૦૯૧	,,
આંકોલા—દ૦ નશરવાનજી જામાસપજી જામાસપઆશા (૨૩)...	૨૪	૨	૧૨૩૯	,,
કચ્છ-ભુજ—પેશતનજી સોરાબજી ભુજવાલા(૨૪)	૨૩	૯	૧૨૭૪	,,
કરંજ—પેસ્તનજી, હીરજીભાઇ, પીરોશા હોરમજી પસ્તાકયા ...	૨૭	૪	૧૨૧૫	,,
કરાંચી—ડોશાભાઇ મેરવાંનજી વાહાડયાની યાદગીરી માટે(૨૫)	૯	૯	૧૨૩૯	,,
,, હીરજીભાઇ જમશેદજી બેહરાનાં (૨૬)	૯	૮	૧૨૧૮	,,
કલકતા—ધનજીભાઇ બે. મેહતાનાં અંજુમનનાં આતશઆદરાન(૨૭)	૯	૯	૧૨૫૫	,,
,, રૂશતમજી કાવસજી બનાજી	૧૭	૧	૧૨૦૯	કદમી
કલ્યાણી—એદલજી બેરાંમજી મોદી(૨૮)	૧૭	૨	૧૧૫૮	શેનશાહી
કવેતા—અનજુમનના ઉઘરાટથી (૨૯)	૧૭	૯	૧૨૫૨	,,
કુદીઆના—મનચેરજી કુવરજી બાકેના, હોરમજી માણેકજી કુદીઆનાવાલા	૭	૭	૧૨૧૯	,,
ખજોત—બેહરાંમજી હીરાજી કોહલા	૧૮	૯	૧૨૧૫	,,
ખંબાત—પેસતનજી ખરશેદજી મોદી, ખંબાતવાલા	૧૭	૪	૧૨૧૩	,,
ખેરગામ—મોતીબાઇ તે બમનજી જ૦ મુલ્લાંના વીધવા ...	૫	૯	૧૨૫૧	,,
ગનદેવી—હોરમજી ભીખાજી ચીનાઇ, વલસાડવાલા	૭	૯	૧૨૦૩	,,
ચીકલી—દોરાબજી તથા ફરામજી હોરમજી ગજદર(૩૦) ...	૧૭	૬	૧૨૪૨	,,
જંગબાર—દોરાબજી દીનશાહ એદનવાલા (દાદગાં)	૧૩	૯	૧૨૬૪	,,
જામનગર—ટેમુલજી માહીઆરજી મીરજા	૧	૭	૧૨૬૪	,,
જાહાંબોરડી—અંજુમનના ખરચે	૨૦	૯	૧૨૮૫	,,
તવરી—એદલજી બ્યાજખોરા(૩૧)	૧૪	૬	૧૨૩૮	,,
,, અનજુમન	૩	૮	૧૨૩૮	,,
તારાપોર—વીકાજી મેહેરજીભાઇ તારાપોરવાલા (૩૨) ...	૯	૯	૧૧૮૯	,,
તેહરાન—(ઇરાનમા)—અંજુમનને ખરચે	૨૬	૪	૧૨૮૬	કદમી
થાણા—કાવસજી તથા દોરાબજી રૂશતમજી પટેલ(૩૩) ...	૯	૭	૧૧૫૦	શેનશાહી
દમણ—મેરવાનજી નવરોજી માણેકજી	૮	૬	૧૨૦૭	,,
,, રતનબાઇ હોરમજી મનચેરજી કામા(૩૪)	......		૧૨૧૫	,,
દવીહેર—નવાજબાઇ તે જાંગીરજી નવરોજી ધાસીઆના ધ૦ ..	૩	૯	૧૨૨૪	,,
દીવ—જેહાંગીર નશરવાનજી વાડીઆજી	૨૬	૫	૧૧૯૯	,,
દુમસ—સુરતની અનજુમને(૩૫)	૨૬	૬	૧૨૦૭	,,
દેવલાલી—રતનબાઇ જમશેદજી ચીનાઇ	૧૭	૨	૧૨૮૬	,,
નવસારી—નવસારીની વડી દરેહમેહર (૩૬)	...		૫૫૧	,,
,, સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટ ...	૨૦	૬	૧૨૨૨	,,
,, મલેસરની અંજુમને	૧૯	૧	૧૧૬૭	,,
,, મીનોચેર હોમજીવાલાઓએ બાંધેલી (૩૭)... ...	...		૧૧૫૮	,,
નાગપોર—હીરાબાઇ નશરવાનજી માણેકજી મુલ્લાં	૨૦	૨	૧૨૬૫	,,
નારગોલ—માણેકજી રૂ. નારગોલવાલા તથા ભાઇઓ (૩૮) ...	૧૧	૧૦	૧૨૫૧	,,

[એનું અસલ મકાન હાલ, નવું પાકું બંધાવેલું છે]

ઠેકાણું. — કોણે પરઠેલાં યાને બંધાવેલી.	રોજ.	માહા.	ય.સને	શ. કે ક.
નીમચ—માવસજી જીવણજી મેવાવાલાની નઇ મેને	૫	૫	૧૨૬૭	શેનશાહી
પરડી—હોરમજી ગાંડાભાઇ (દાદગાં)	૧૭	૯	૧૨૫૦	,,
પુણાં—નાનાપેઠ—સોરાબજી રતનજી પટેલ (૩૯)	૮	૧૧	૧૧૯૩	,,
,, કાંપ—સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ ...	૩	૩	૧૨૧૪	,,
,, કદમી અને શેહનશાહી અંજુમનનો ખરચે	૩	૩	૧૨૬૩	કદમી
બાનેરા—અંજુમનનો ખરચે	૬	૪	૧૨૫૮	શેનશાહી
બારડોલી—મેસરી વાલા એદલજી નવરોજી મેહેતા ...	૯	૪	૧૨૫૫	,,
બીલીમોરા—દાદાભાઇ ધનજીભાઈ અને સોરાબજી શાપુરજીએ બાંધેલી—અનજુમનને ખરચે ચાલતી (૪૦) ...	૯	૯	૧૨૬૮	,,
,, નવરોજી જમશેદજી વાડીઆ (દાદગાં) (૪૦)	૨૦	૧૦	૧૧૯૭	,,
બેલગામ—પેસતનજી ખરશેદજી બાઇસે ભાઇઓ એદલજી તથા નાનાભાઇના પુન માટે (દાદગાં)	૨૪	૩	૧૨૬૧	,,
ભગવાગાંમ—જમશેદજી સોરાબજી ભગવાગર	૩	૯	૧૨૨૮	,,
ભરૂચ—જુની અગીઆરી	...		...	,,
,, હોરમજી બેરાંમજી વખારીઆની નઇએતે... ...	૨૭	૬	૧૨૫૨	,,
,, કોટ—હોરમજી દારાબજી (હોરમઝવાની દરેમેહેર) (૪૧)	૩	૫	૧૧૨૯	,,
,, ખાસવાર—હીરાંબાઇ તે નવરોજી કાવસજી નારયલ-વાલાના વીધવા (૪૨)	૯	૯	૧૨૦૦	,,
,, કોટ—સોરાબજી ધનજીભાઈ ખંભાતા	૨૪	૧	૧૨૨૭	,,
,, બહારકોટ—દસ્તુર કાંમદીનજી ફરદુનજી	...		૧૧૪૭	,,
,, ,, રૂસતમજી માણેકજી હીરાગરા, સુરતવાલા (૪૩)	...		૧૦૯૬	,,
ભાંગગામ—વીરજીભાઇ બમનજી સુરતવાલાં (૪૪) ...	૧૭	૬	૧૧૭૩	,,
ભાવનગર—દોરાબજી શાપુરજી ઉમરીગરના વારસો ...	૨૮	૮	૧૨૬૦	,,
બેશાન—દાદાભાઈ તથા મનચેરજી પેરતનજી વાડીઆ (૪૫) ...	૧૧	૫	૧૨૧૫	,,
મઉ—અંજુમનનો ખરચે (૪૬)	૯	૬	૧૨૧૫	,,
મંદરોઇ—અંજુમનના ઉઘરાટથી—નશરવાનજી મા. પીટીટે ...	૧૨	૪	૧૨૨૯	,,
મધરાસ—પીરોજ મનચેરજી કલણવાલાએ પોતાના બેટા જાલના પુણ માટે	૨૯	૧૧	૧૨૭૯	,,
મહુવા—અંજુમનને ખરચે (૪૭)	૯	૪	૧૨૨૭	,,
મેધોરભાત—(ગંનદેવીની પાસે) અંજુમનનાં ખરચે	૫	૪	૧૨૫૩	,,
માંડવી—અંજુમનને ખરચે	૩	૯	૧૨૪૩	,,
રાજકોટ—અંજુમનનાં ખરચથી	૩	૯	૧૨૪૪	,,
રંગુન—બેજનજી કાવસજી ખંભાતા (૪૮)			૧૨૩૬	,,
રાંદેર—દારાશાહ દોરાબજી રાંદેલીઆ (૪૯)...	૧૭	૯	૧૨૦૩	,,
લાનોલી—કાવશજી દીનશાહ એડનવાલા	૨૨	૯	૧૨૬૮	,,
લાહોર—અરદેસર બેહેરામજી લીંબુવાલા—કુપર (૫૦)... ...	૧૭	૧૧	૧૨૬૨	,,
વ્યારાગામ—દીનબાઇ નસરવાનજી પીટીટ	૬	૩	૧૨૬૫	,,
વડોદરા—ધનબાઇ તે દાદાભાઇ ભીમજી ઉમરીગરના ધ૦ (૫૧)...	૭	૫	૧૨૧૫	,,
,, બેરાંમજી નસરવાનજી શીરવાઇ (દાદગાં) (૫૨) ...	૨૦	૨	૧૨૩૮	,,
વલસાડ—નવરોજી પેશુતનજી કાપડીઆ (દાદગાં)	૨૬	૪	૧૨૪૯	,,
,, મોટાભાઈ શાપુરજી	૧૬	૯	૧૨૧૯	,,
,, હોરમજી ભીખાજી ચીનાઇ (દાદગાં) (૫૩)... ...	...		૧૧૮૯	,,
વેશુ—એડનવાલા માણેકજી રતનજી પટેલ	૩	૯	૧૨૫૮	,,
સકર-સીંધ—અંજુમનને ખરચે (દાદગાં)	૧૨	૭	૧૨૮૬	,,
સરેડા—ખ. હ. પારખ તથા ત્યાંનાં એક વતની મળીને (૫૪)	...		૧૨૩૬	,,

ઠેકાણાં. કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ.	માહા.	ય. સને	શે કે ક.
સીગતપોર–નવરોજી જમશેદજી વાડીઆ (૫૫)	૧૭	૨	૧૨૧૯	શેનશાહી
સુનગર–બ્યારા–અનજુમનને ખરચે	...		૧૨૩૧	,,
સુમારી–હોમીયાર પાહલણ (૫૬)	...		૧૦૪૦	,,
,, દાદાભાઇ તથા કાવસજી પાલનજી ચકુના	૨૭	૭	૧૨૫૬	,,
સુરત–કેલાંની વખાર–અનજુમનને ખરચે	૩	૮	૧૨૦૮	,,
,, ગોપીપરે–જાંગીર નશરવાનજી વાડીઆ (દાદગાં) ...	૧	૭	૧૨૧૦	,,
,, ,, દોરાબજી નસરવાનજી મીસત્રી (દાદગાં) (૫૭)	૨૯	૧૦	૧૨૩૫	,,
,, નાનપરે–એદલજી તથા રતનજી બેરાંમજી બીશની (૫૮)	૧૭	૪	૧૨૦૭	,,
,, ,, આ૦ જમશેદજી માણેકજી ઉનવાલા (દાદગાં)	૧	૧૨	૧૨૩૮	,,
,, ,, કાવસજી જમશેદજી માકીદલાલ	૧૭	૯	૧૨૧૪	કદમી
,, ,, માણેકજી નવરોજી વાડીઆ (૫૯)	૧૫	૯	૧૨૦૬	શેનશાહી
,, માછલીપીટ–"બાગે પારશા"–અનજુમનને ખરચે ...	૧૭	૬	૧૨૬૫	,,
,, રૂસતમપરે–પેશતનજી નશરવાનજી બાટલીવાલા (૬૦)	૨૨	૧૨	૧૨૧૯	,,
,, ,, સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટ	૧૭	૨	૧૨૨૪	,,
,, ,, દેશાઇ મનચેરજી ખુરશેદજી (૬૧)... ...	૨૦	૧૨	૧૧૭૫	,,
,, ,, રૂશા૦ અસપંદીઆરજી આગ્ગીટનવાલા (૬૨)	૧૭	૪	૧૧૯૨	,,
,, લકરકોટ–ગોટીનાં ખાનદાંનવાલાઓએ બાંધેલું (૬૩)	૧	૭	૧૧૬૫	,,
,, શાહયદપુરે–દાદા. અને મનચેરજી પેસતનજી વાડીઆ (૬૪)	૨	૧૦	૧૨૧૩	,,
,, ,, મુંબઇના વાહાડીઆજીવાલાઓએ સ્થાપેલી (૬૫)	૯	૪	૧૨૫૮	,,
,, બીબીનીવાડી–અનજુમનને ખરચે (૬૬)	...			,,
,, શાહપોર–ફરાંમજી હો. કોમીસરીઅટવાળાના પુનમાટે વણીયાણી બાનુબાઇએ કુકાવાળી પારસી આરફનેજમાં (દાદગાં)	૯	૫	૧૨૮૫	,,
સતારા–અનજુમનને ખરચે (૬૭)	...		...	,,
સોલાપુર–વીકાજી તથા પેસતનજી મેહરજી (૬૮)	૯	૫	૧૨૧૪	,,
હાંસોત–બીખાઇજી તે સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટનાં બેટીનાં પુનને માટે	૨૬	૧૧	૧૨૬૮	,,
હેદ્રાબાદ–દખણ–વીકાજી તથા પેશતનજી મેહરજી... ...	૯	૧૨	૧૨૦૮	,,
હેદ્રાબાદ–દખણ–બોલાપુરમાં–વીકાજી તથા પેસતનજી મેહરજી (૬૯)	૨૦	૬	૧૨૦૮	,,
હેદ્રાબાદ–દખણ–ચદરઘાટમાં–માણેકબાઇ ન. ચીનાઇ ...	૩	૨	૧૨૭૪	,,

(૧) આ ઉદવાડેના ઇરાનશાહ આતશબેહરામ સાહેબને પેહલાવેહલા સંજાણમાં શેહેનશાહી ય. સને ૯૦ માં સ્થાપ્યા પછી નવસારી, સુરત વગેરે ઠેકાણે એ આતશબેહરામને લઈ જવા પછી ઉડવાડા ખાતે તા૦ ૨૮ મી અકટોબર ૧૪૭૨ ને દીને લાવવામા આવ્યા હતા, જે આજદીન સુધી છે. ઊડવાડા ખાતે આતશબેહરામનું પેહલવેહેલું નાનું મકાન નારગોલના બેહેદીન બીનોચેહર બહુમને ય. સને ૧૧૧૨ માં બંધાવ્યા પછી સુરતવાલા શેઠ ભીખાજી એદલજીએ મોટું મકાન ય૦ સને ૧૨૨૧ માં બંધાવ્યા બાદ મુંબઈવાલા શેઠો દાદાભાઈ અને મનચેરજી પેસતનજી વાહાડયાએ મોટું મકાન ૨૧૬૦૦૦ ના ખરચે બંધાવી રોજ ૨૭ મો માહા ૬ ઠો સને ૧૧૯૯ ય. ને દીને પરઠાવ્યું હતું. તે પછી ઘણું મોટું ને ફુસલાટ મકાન બાઇ મોટલાબાઈ જહાંગીર વાડયાની ૨૮૦૦૦૦ ની સખાવતથી બંધાઇ તેમાં રોજ ૧૬ મો માહા ૨ જો ૧૨૬૪ યઝદેજરદીને દીને આતશબેહરામના બુરી કેબલાને તખતનશીન કરવામાં આવ્યા હતા. એ મકાનમાં કેટલુંક રીપેર કરાવી તેમાં ઘટતો ફેરફાર મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયાના ટ્રસ્ટીઓએ કરાવી તેને ઈજી ખુલ્લુ મેલવાની ક્રીયા રોજ ૧૨ મો માહા ૧૧ મો ય. સને ૧૨૮૨ ને દીને થઈ હતી.

(૨) આ આતશબેહેરામનું મકાન પુરાણું થવાથી દેશાઈ કાવશજી એરચજી તે ગોંડલના માજી કારભારીએ ફરીથી રોજ ૧ લો માહ ૧૦ મો શેહેનશાહી સને ૧૨૬૦ યજદેજરદીને દીને સમરાવી આપ્યું છે.

(૩) આ દરેમેહેર પેહલી યઝદેઝરદી સને ૧૧૬૦ માં શેઠ માણેકજી દોરાબજી સરાફે ચોપાટી મધે પોતાની વાડીમાં બંધાવેલી હતી, તાંહાંથી યઝદેઝરદી સને ૧૧૮૬ માં તેમના બેટાએ કોટમાં લાવી પરઠેલી છે. તે મકાનમાં પુરાણું થવાથી એ દરેમેહેરનાં મુતવલીઓ શેઠ સરાફનાં વારેશોએ રોજ ૨૬ મો માહ ૨ જો સને ૧૨૬૪ ને દીને યાને એ દરેમેહેરની ૭૯ માં વરશની શાલગરેહને દીને ફરીથી નવેસરથી મકાન બંધાવી ખુલ્લું મેલ્યું છે.

(૪) આ પુરાતમ દરેહેમેહરનું મકાન જુનું થવાથી શેઠ હોરમજજી રતનજી માણેકજી બનાજીની આગેવાની હેઠલ બનાજી કુટુંબના કેટલાક સાહેબોએ પોત પોતામાં ફંડ ઉભું કરી નવેસરથી બંધાવીને તેમાં રોજ ૨૦ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૧૪ યઝદેજરદીને દીને જુના આદરાન સાહેબને પાછા તખ્તનશીન કીધા હતા.

(૫) આ દરેમેહેર પુરાંણી થવાથી મરહુમ શેઠ માણેકજી નવરોજી શેઠનાના મુતવલી શેઠ જાલભાઈ અરદેશર શેઠનાએ રૂપીઆ એક લાખ ખરચી ઈરાનની અસલી ઢપપર રોજ ૨૦ મો માહા ૨ જો યઝદેઝરદી ૧૨૬૧ ને દીને નવેસરથી બાંધી હતી.

(૬) આ દરેમેહેરનું મકાન પુરાણું થવાથી રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૬૪ ને દીને શેઠ પેસતનજી મેરવાંનજી ગાદીવાલાએ પોતાની મરહુમ બેટી પીરોજબાઈનાં પુણ માટે નવેશરથી બાંધી આપીઉં છે.

(૭) આ દરેમેહેર આગળ યઝદેજરદી સને ૧૧૮૨ માં એરવદ દોરાબજી હોરમજી રાંનજીએ બંધાવી હતી.

(૮) એ દરેમેહેરની પાસે આવેલી મરહુમ શેઠ રૂશતમજી સોરાબજી ભરૂચા તથા ઈંડાવાલાની જુની દરેમેહેરનું મકાન તેના વારશોએ એ વાહાડયાજીવાલી દરેમેહેરની સાથે જોડી નાખીને વાપરવા માટે ધરમ ખાતે આપી દીધાથી એ પુરાણું મકાન મરહુમ ઓનરેબલ શેઠ નવરોજી નશરવાનજી વાહાડયા સી. આઈ. ઈ. એ નવેસરથી બંધાવીને રોજ ૮ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૬૮ ને દીને ઈજાવ્યું હતું.

(૯) આ વાહાડયાજીવાલા આતશ આદરાનનાં કેબલાને પેહલવેહલા લાલબાગના મકાનમાં રોજ ૨૦ મો માહ ૧૧ મો ૧૨૦૩ ને દીને પરઠેલા હતા, તે પછી આ આદરાનના કેબલાને શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં થોડો વખત લઈ જઈ રાખયા હતા. એ પછી લાલબાગની પાસે આવેલી પોતાની જગામાં શેઠ મનચેરજી જમશેદજી વાહાડયાએ નવું મકાન બાંધવા માંડેલું તેટલા એવણ મરણ પામવાથી એવોના બેટાઓ શેઠો નશરવાનજી અને બરજોરજી મ. વાહાડયાએ રોજ ૨૦ મો માહા ૧૧ મો ય. સને ૧૨૩૨ ને દીને આ નવા બંધાયલા મકાનમાં જુના આતશ આદરાનના કેબલાને પરયાવી તખતનશીન કીધા હતા.

(૧૦) એ મકાન એકસો વરસનું પુરાણું થવાથી, યઝદેજરદી સને ૧૨૬૬ ના રોજ ૧૭ મો માહા ૨ જો શેનશાહી જે દીને એ અસલ આદરીયાન પરઠીયાને બરોબર ૧૦૧ મું વરસ ઉગયું હતું તે) ને દીને એ મકાનનાં વારસોએ તે ફરીથી નવું બંધાવીને તેમાં આતશ આદરીયાન પરઠયા હતા. એ મકાન બંધાતાં સુધી તેમાનો કેબલો શેઠ હોરમજી વાહાડયાજીવાળાં આતશબેહરામમાં એક વરસ વેર લઈ જઈ રાખયો હતો.

(૧૧) આ દરેહમેહર પેહલા મુંબઈના ભીંડીબજારના રસ્તા ઉપર શેઠ બમનજી મે. મેવાવાળાએ પોતાના મરહુમ બેટા સોરાબજીના પુણ માટે રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૨૦ ને દીને પરયાવી હતી. પણ એ દરેહમેહર બીસમાર હાલતમાં આવવાથી અને એ મકાનની આજુબાજુથી જરથોસ્તીઓની વસ્તી કમી થવાથી એ દરેહમેહરનું મકાન તથા એના નીભાવવાલું મકાન કોરટની પરવાનગીથી વેચી, તેના અવેજમાંથી ભોયખલા વીકટોરીયા ગારડનસ પાસે બાંધવામાં આવેલા નવા મકાનમાં જુના આતશ આદરાનને શેહેનશાહી રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૮૪ ને દીને પાછા તખતનશીન કરી એ દરેહમેહર જાહેર વપડાસ માટે ખુલ્લી મુકવામાં આવી હતી.

(૧૨) આ ભીંડીબજાર મધેની મરહુમ શેઠ મેરવાંનજી માણેકજી પટેલની દરેમેહેરનું મકાન પુરાણું થઈ જવાથી યઝદે-જરદી સને ૧૨૪૭ માં રોજ ૧૭ મો માહા ૯ મો શેનશાહીને દીને શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે પોતાના ધણીઆણી બાઇ દીનબાઈ તે આ દરેમેહરના અસલ બંધાવનાર મરહુમ શેઠ મેરવાંનજી પટેલના બેટીના બેટીને નામે રૂ ૨૫૦૦૦) ખરચીને નવા પાયાથી વધુ કુશાદે બાંધી આપીયું હતું અને રૂ ૩૦૦૦) એ મકાનની મરાંમતને સારૂ અનામત રાખયા છે.

(૧૩) મરહુમ શેઠ શેહેરીઆરજી કેખશરૂ ઈરાનીએ પોતાના મરહુમ બેતી બાઇ બાનુબાઈના પુણ માટે થાણા ખાતે કદમી રોજ ૬ ઠો માહા ૯ મો સને ૧૨૭૫ ને દીને આતશ દાદગાં પરઠાવ્યા હતા. થાણા ખાતે કદમી જરથો-સ્તીઓની ઝાજી વસ્તી નહી હોવાથી એ આતશ દાદગાંને મજગામની મરહુમ શેઠ ફ. ન. પટેલની દરેમેહેરમાં લાવી પરઠાવવા એનું શુકરગુજારીનું જશન રોજ ૨૬ મો માહા ૯ મો કદમી ય. સને ૧૨૮૧ ને દીને કરવામાં આવ્યું હતું.

(૧૪) આ દરેહમેહેર મજગામમા નવાબના તલાવ આગળ મરહુમ શેઠ નાનાભાઈ જમશેદજી સપલાની નઈયતે તા૦ ૪ થી મે ૧૮૬૭ યાને યઝદેજરદી સને ૧૨૩૬ ના રોજ ૧૪ મો માહા ૮ માંને દીને મરહુમ શેઠ નાનાભાઈની બેહેન મરહુમ બાઈ રતનબાઈ તે સર કાવશજી જાહાંગીરજી રેડીમનીનાં ધણીઆણીની પુંજીમાંથી બાંધવામાં આવી હતી. પાછળથી એનો સરવે વહીવત ઈ૦ સ૦ ૧૮૭૭ માં સર કાવસજી જાંહાગીરજી રેડીમની નાઈટ, સી. એસ. આઈ. એ પોતાને સવાધીન લઇ તેના નીભાવ માટે બંદોબસત કરનાર હતા, તેટલા મરણ પામવાથી એ દરેહમેહેરના [illegible] માટે સર કાવસજીના એકઝીક્યુટરોએ મરહુમની પુંજીમાંથી રૂ. ૨૩૦૦૦ નું તા૦ ૯ મી અકટોબર ૧૮૮૦ ને દીને તરૂસટ [illegible] કરી તે મરહુમના બેટા સર જાહાંગીર કાવસજી જાહાંગીરને તરસટી તરીકે સોપ્યું હતું. આ દરેહમેહરનું મકાન મુંબઈના પોરટ ટ્રસટે સરવાજનીક કામ સારૂ સને ૧૨૭૫ માં ખરીદી લીધું તેમજ એ [illegible]

ત્યાંથી થોડે દુર મજગામમાંજ મતારપાંખડી તરફ શેઠ પેસતનજી નશરવાનજી ગોઠીવાળાએ ભેટ આપેલી જગાપર સર જાહાંગીર કાવસજી જાહાંગીર રેડીમની બારોનેટે બંધાવી આપેલાં નવા મકાનમાં બેહસતનશીન સર કાવસજી જાહાંગીરની ૭૦ મા વરસની બાજને દીવસે યાને રોજ ૩ જો માહા ૧૧ મો સને ૧૨૭૭ યઝદેજરદીને દીને જુના આદરીઆન સાહેબના તુરી કેબલાને પાછા તખતનસીન કરવામાં આવ્યા હતા. આ નવું મકાન બંધાયું તેટલા બે વરસ સુધી રેડીમનીવાલા આતશઆદરીઆનના કેબલાને મજગામની શેઠ ફરામજી ન૦ પટેલની દરેહમેહરમાં રાખવામાં આવ્યા હતા.

(૧૫) આ સોડાવાટરવાલાની દરેમેહેરની સાલગરેહ એક વરસમાં બે વાર પડે છે. તેનો ખુલાશો એમ છે કે પ્રથમમાં એ દરેહમેહેર અરદીબેહસત મહીનો ને જમીયાદ રોજે દાદગાહના કેબલા સાથે યઝદેજરદી સને ૧૨૪૪ માં સથાપેલી હતી. તે પછી યજદેજરદી સને ૧૨૫૪ નાં ફરવરદીન મહીનો ને ફરવરદીન રોજે એ દરેહમેહેરમાં દાદગાહનાં કેબલા સાથે આતશ આદરાન સાહેબને સથાપવામાં આવયા હતા.

(૧૬) આ માહીમની દરેહમેહેર શેઠ મનચેરજી બમનજી કુપરે ઈસવી સને ૧૮૬૬ માં રોજ ૪ થો માહા ૨ જો ય. સને ૧૨૩૬ ને દીને બાઇ મોટલાંબાઈનાં ભાડેના બંગલામાં સથાપી હતી. સુમારે ત્રણ વરસ બાદ શેઠ એદલજી ફરામજી સુનાવાલાએ દરેમેહેરને પોતાનાં બંગલામાં લઈ જઈ તેનો બધો ખરચ કીધો હતો. ઈસવી સને ૧૮૮૮ માં રોજ ૧૧ મો માહા ૪ થો ય. સને ૧૨૫૮ ને દીને એરવદ શાપુરજી જમશેદજી દાજી જેઓ ૧૮૬૬ થી એ દરેમેહેરના પંથકી હતા તેઓએ નવું મકાન બંધાવી તેમાં એ દાદગાહને રાખેલા છે અને એવોએ ૧૮૮૬ થી એ દરેમેહેરનો ચાલુ ખરચ પોતાના મરણ સુધી કીધો હતો. એવો રોજ ૨૧ મો માહા ૪ થો સને ૧૨૮૦ ને દીને ગુજરી જવાથી અને એવણે પોતાની હઈયાતીમાં એ અગીઆરીના ચાલુ નીભાવ માટે દાદરના સટેશન આગળની ઇસટેટ ત્રસટ કરી આપી ગયા છે.

(૧૭) એ દરેમેહેર પેહેલી યજદેજરદી સને ૧૧૯૧ માં મોઠ આગળ માઉંટરોડ ઉપર બાંધેલી હતી પણ તયાંથી ખસેડી દાદર ઉપર રોજ ૧૭ મો માહા ૭ મો શેનશાહી સને ૧૨૭૦ ને દીને એના મુતવલીઓએ ફરીથી નવેસરથી મોટો ખરચ કરીને બંધાવી છે.

(૧૮) આ અંકલેશરની અગીઆરીનું અસલ મકાન યઝદેજરદી સને ૯૧૯ માં શેઠ નરશંગ ધમપાલે બંધાવયું હતું જે પછી યઝદેજરદી સને ૧૨૧૭ માં શેઠ મેહેરવાનજી હોરમજી ફરેજરે તે ફરીથી બંધાવી આપયું હતું. તે પાછું બીસમાર થવાથી તે તોડી પડાવી બીજું નવું મકાન, મરહુમ બાઈ સાહેબ દીનબાઇ નશરવાનજી પીટીટે પોતાની હઇ-યાતીમાં પોતાના બેહેસતનશીન જમાઈ શેઠ ફરામજી દીનશાજી પીટીટના પુણ માટે બંધાવવાનું શરૂ કીધું હતું પણ તેટલાં બાઈ દીનબાઈનું મરણ નીપજવાથી તેવણના બેટી બાઈ આવાંબાઈ ફરામજી પીટીટે પુરું કરી આપીને રોજ ૨૭ મો માહ ૨ જો યજદેજરદી સને ૧૨૬૯ માં જાહેર વપડાશ માટે ખુલ્લું મેલયું છે. આ દરેહમેહરની ચાલુ નીભાવણી માટે વારશીક રૂ. ૨૦૦ બાઇ આવાંબાઈ પીટીટ આપતા હતા. પણ બાઈ આવાંબાઇના મરણ પછે તે માટેની કશી જોગવાઈ અંકલેશર અંજુમન ધરાવતી નહી હોવાથી એ આદરાનના ખરચ માટે સને ૧૨૭૯ થી ભરૂચના શેઠો ડુંગાજી કુટુંબીઓ તરફથી રૂ ૧૨૫ અને શેઠો મેરવાનજી અને હોરમસજી મંચેરજી કામાએ સથાપેલા ફંડમાંથી રૂ ૭૫ દર સાલ આપવાનો બંદોબસત થયો છે.

(૧૯) એ દરેમેહર સને ૧૨૪૬ થી અમદાવાદની અનજુમનને હસતકથી ચાલતી હતી પણ તે પુરાણી થઈ ગયાથી અમદાવાદવાળા શેઠો નવરોજી અને જાંગીરજી પેશતનજી વકીલે નવેશરથી રૂ ૨૦૯૭૫) ને ખરચે કુશાદે બાંધીને રોજ ૨૭ મો માહા ૭ મો શેનશાહી સને ૧૨૫૩ ને દીને ફરીથી ઈજાવી હતી.

(૨૦) આ અમરેલીની દરેહમેહેર પહેલવહેલી ઘણા વરસો અગાઉ મોબેદ દાદા હીરજી વરીઆવાએ દાદગાંની સથાપેલી હતી. તે પછી એજ દાદગાવાલા ઘરમાં ઈસવી સને ૧૮૦૩ ની તા૦ ૨૪ મી નવેમબરે યાને યઝદેજરદી ૧૧૭૩ ના રોજ ૧૭ મો માહ ૨ જાને દીને મુંબઈવાલા શેઠ હોરમસજી બમનજી વાડીઆએ આદરીયાનની પરથાવી હતી, એ પછી એ આદરીયાન સુરતના આતશબેહરામમાં લઈ જવામાં આવયા હતા. તયાર બાદ ઇ. શ. ૧૮૩૪ યાને યઝદેજરદી ૧૨૦૪ માં એ જુના મકાનની પેહેલીવાર મરામત કરી ફરીથી દાદગાં એજ વાહાડયાજીએ સથાપ્યા હતા. એ મકાન પુરાણું થવાથી શેઠ વાહાડીઆજીના સાહેબજાદાઓએ તા. ૩૦ મી અકટોબર ૧૮૩૭ યાને રોજ ૧ લો માહ ૨ જો ય. સને ૧૨૦૭ ને દીને બીજીવારની મરામત કરાવી અસલના દાદગાં પરથાવયા હતા તે છેક ઈ. સ. ૧૮૯૩ યાને ય. સને ૧૨૬૩ સુધી દરેહમેહેર તરીકે ચાલુ વપરાસમાં હતી, એ જુની દરેહમેહેરના મકાન સામે બીજી જગા ઉપર અમરેલી-વાલા શેઠ કાનજીભાઈ દોરાબજી મીઠાઈવાલાએ દરેહમેહેર માટે એક નવું મકાન બંધાવી તે ઇજાવી તેમા રોજ ૯ મો માહ ૪ થો ય. સને ૧૨૬૩ માં આદરયાન પરથાવી ખુલ્લું મુકયું હતું. એ દીનથી જુની દરેમેહેરના દાદગાહ આ નવી દરેહમેહેરમાં લાવવામાં આવ્યા હતા. એ વખતથી એ જુની દરેહમેહરનું મકાન પડત પડી રહયું હતું. તે પછી શેઠ નવરોજી કાવસજી વાડીવાલાએ એ જુની દરેહમેહરના મકાનને સમરાવી આપવાથી એ જુની દરેહમેહરનું મકાન રોજ ૨૧ મો માહ ૧૧ મો સને ૧૨૮૦ ને દીને પારસીઓના ઉતારા માટે ધરમશાલા તરીકે ખુલ્લું મુકવામાં આવયું છે.

(૨૧) આ ઇનડોરની શેઠ ભમગરાવાલી દરેહમેહરનું મકાન પેહલા ફકત ધરમકીયા કરવા સારુ શેઠ હોરમજી માણેકજી ભમગરાએ પોતાના ધણીઆણી મરહુમ બાઈ નવાજબાઈનાં પુણ માટે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૪૮ ને દીને બાંધી આપી ખુલ્લું મેલયું હતું. પાછલથી શેઠ હોરમજીએ પોતાના બાવા મરહુમ શેઠ માકાશાહ રૂસતમજી ભમગરાની નઈયતે એ મકાનમાં સને ૧૨૫૧ ના રોજ ૨૬ મો માહા ૯ મા ને દીને આતશદાદગાને પરજીને તખતનશીન કરવામાં આવયા હતા. એ દરેહમેહેર જયારથી બાંધવામાં આવી છે તયારથી એનો ચાલુ ખરચ ઇનડોરની જરથોસતી અનજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૨) એ દરેહમેહેર પેહલાં સને ૧૦૯૧ માં આ૦ કાવશજી ખરશેદજી કામદીન એરાવવાળાએ બંધાવેલી હતી, તે બીજી વાર સને ૧૨૧૦માં સુરતવાલા શેઠ મેરવાનજી હોરમસજી ફરેજરે બંધાવેલી હતી. તે પાછી તીજી વાર મુંબઈવાલા શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ રોજ ૭ મો માંહા ૪ થો શેનશાહી શને ૧૨૩૯ યઝદેજરદીને દીને ફરીથી કુશાદેથી બંધાવી છે.

(૨૩) આ દરેમેહેર પુરાંણી થવાથી મરહુમ દસતુરજી નોશરવાંનજી બા૦ જામાસપઆસાનાના મુતવલી દસતુર બેહમનજી જામાસપજી જામાસપઆસાનાએ રોજ ૨૪ મો માહ બીજો સને ૧૨૬૧ ને દીને નવેશરથી બાંધી છે.

(૨૪) એ દરેહમેહેર ખા. બા. પેસતનજી સોરાબજી ભુજવાલાએ પોતાના મરહુમ પીતાજીના પુણ માટે લગભગ અગીઆર હજાર રૂપીઆ ખરચીને બંધાવી આપી હતી. એ દરેહમેહેર ઈજાયા આગમજ તયાંના માહારાજા રાવ શ્રી ખેંગારજી શવઈ બાહાદુરને દેખાડવામાં આવી હતી. તે પછી પારસી રોત મુજબ ઈજીને પરઠવામાં આવનાર હતી તેટલાં એ દરેહમેહેરના બંધાવનાર ખા. બા. પેસતનજી ગુજરી જવાથી મરહુમના માસીસાને દીને પહેલાં પરઠવાં ધારયું હતું તેથી એ અગીયારીની તખતી ઉપર રોજ ૨૩ મો માહા ૧૦ મો યઝદેજરદી સને ૧૨૭૩ લખેલા છે, પણ કાંઈક ઢીલ થવાથી એ દીને દરેહમેહેર પરથવામાં નહી આવી હતી તે પાછલથી મરહુમની વરસીને દીને યાને રોજ ૨૩ મો માહા ૯ મો સને ૧૨૭૪ મે દીને પરથીને ખુલ્લી મેલવામાં આવી હતી.

(૨૫) આ દરેહમેહેરની અસલ મરહુમ શેઠ ડોશાભાઈ મેરવાનજી વાહાડીઆની યાદગારી માટે એવોના ખેશીઓએ બાંધી હતી. તેમાં એક નવો ગુમબજ બાંધવા તથા તેમાં સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમા રીપેર કરવા માટે યઝદેજરદી સને ૧૨૭૨ માં નજદીક રૂ ૬૦૦૦ નું એક ફંડ ભેગુ કરી તેમાંથી એ દરેહમેહરનો સઘલો રીપેર ખરચ કરવામા આવયો હતો. મજકુર દરેહમેહેરમાં જયાં અસલ આતશ દાદગાં હતા તયાં કરાંચીવાલા શેઠ કાવસજી હોરમસજી કાતરકે પોતાના મરહુમ ધણીઆણી બાઈ સુનાબાઈની નઈયતે, પોતા તરફથી મોટો ખરચ કરી, રોજ ૯ મો માહા ૯ મો યઝદેજરદી સને ૧૨૭૨ ને દીને, યાને એ આદરીયાન સાહેબની ૩પમાં વરસની સાલગરેહને દીવસે, આતશ આદરીયાન સાહેબ પરઠાવેઆં છે. એ આદરયાન પરઠયા પછીનો કાઠી સુખડ, તેલ વગેરેનો જે વધુ ખરચ થાય તેને માટે એજ શેઠે બીજા વધુ રૂ ૩૦૦૦ એવી શરતે આપીયા છે કે એ રકમના વ્યાજમાથી એ ખરચ કરવો. એ અગીઆરીનો બીજો ચાલુ ખરચ તો જયારથી એ અગીયારી પરથાઈ છે તયારથી અંજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૬) આ દરેમેહેર અસલ રોજ ૯ મો માહા ૮ મો શેનશાહી સને ૧૨૧૮ માં શેઠ હીરજીભાઈ જનસેદજી બેહેરાનાએ પોતે બાંધેલી હતી પણ તે બીસમાર હાલતમાં આવવાથી ય૦ સને ૧૨૪૮ માં તેમનાં વીધવા બાઈ મેહેરબાઈએ નવેશરથી બાંધી આપી છે. એ દરેહમેહેરનું જુનું મકાન બીસમાર હાલતમાં આવવાથી કરાંચીના રહીશ શેઠ ફરામજી બેરામજી કલેકટરે લગભગ રૂપીયા ત્રણ હજારને ખરચે ફરીથી સમરાવી આપ્યું હતું તેમજ એ દરેહમેહેર માટે કાઠી ખરીદવા રૂપીયા ત્રણ હજાર વ્યાજ વાપરવાની સરતે આપયા હતા. નવું મકાન તઈયાર થવાથી એ દરેહમેહરની સાલગરહને દીવસે યાને રોજ ૯મો માહ ૮ મો ય૦ સને ૧૨૮૮ ને દીને જશનની કીરીઆ કરી અસલના આતશ આદરાનને ફરીથી તખતનશીન કીધા હતા.

(૨૭) કલકતા ખાતે શેઠ ધ. બે. મેહતાએ પોતાના ખાનગી ઘેરમાં દાદગાહની દરેહમેહર ય. સને ૧૨૫૯ માં સથાપી હતી. તે પછી મરહુમના વીધવા બાઈ ખરશેદબાઈ તથા બેટા શેઠ રૂશતમજી ધં. મેહતા સી. આઈ. ઈ. અને કુટુંબે મલી આપેલા રૂ ૧૧૦૦૦૦ તેમજ કલકતાની અંજુમને તથા બીજા સાહેબોએ ભરેલા રૂ ૬૭૦૦૦ મલી રૂ ૧૭૭૦૦૦ માંથી જુનું મકાન રૂ ૪૩૦૦૦ ની કીમતે ખરીદી તે ફરીથી નવેસરથી રૂ ૪૨૦૦૦ ના ખરચે બાંધવામાં આવયું હતું. આ નવું મકાન ઈજી તેમાં આતશ આદરાન સાહેબના કેબલાને તખતનશીન કરી ખુલ્લું મેલવાની કીરીયા શેનશાહી રોજ ૧૭મે માહા ૨ જો સને ૧૨૮૨ ને દીને થઈ હતી. આ નવી દરેહમેહરમાં અસલના દાદગાહ લાવીને પરથવામાં આવ્યા છે.

(૨૮) કલીયાણી મધે અસલ એક ઘણી પુરાંણી દરેહમેહર હતી, પણ તે બીશમાર હાલતમાં આવવાથી મુંબઈવાલા શેઠ અરદેશજી બેરાંમજી મોદીએ યઝદેજરદી સને ૧૧૫૮ માં તે ફરીથી બંધાવી હતી. તે દરેમેહરમાં આતશઆદરાન નહી હોવાથી કલીઆણીવાલા શેઠો ભીખાજી જીજીભાઈ શેઠના, ડોસાભાઈ હોરમજી ભીમડીવાલા, ફરદુનજી મેરવાંનજી શરાફ અને હોરમજી માણેકજી ભીમડીવાલાએ પોતાને ખરચે એ જુની દરેહમેહરમાં ઘટતો ફેરફાર કરી રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૫૦ ને દીને આદરીઆન સાહેબ પરઠાવયા છે, અને તેના ચાલુ ખરચ સારૂ રૂ ૭૦૦૦ હલાયદા કહાડયા છે.

(૨૯) આ કવેતાવાલી પુરાંણી અગીઆરીને માટે કેહવું છે કે એ માતર દરેહમેહેરનું મકાનજ હતું પણ તે દરેહમેહર ઈજાવામાં આવેલી નહી હોવાથી છેક યઝદેજરદી સને ૧૨૭૫ માં રોજ ૨૭ મો માહા ૩ જો દીને કવેતાવાલા જાણીતા શેઠયા ખા૦ બા૦ બરજોરજી દોરાબજી પટેલ સી. આઈ. ઈ.ને ખરચે ઈજાવીને ખુલ્લી મેલવામાં આવી છે.

(૩૦) આ ચીખલીની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી શેઠ સોરાબજી ફરામજી ગજદરે તથા એવણના બેટા શેઠ નશરવાનજીએ ફરીથી બંધાવી આપેલું નવું મકાન ઈજવી ખુલ્લું મુકવાની કીરીયા શેનશાહી રોજ ૨૦ મો માહા ૨ જો ય. સને ૧૨૮૪ ને દીવસે કરવામાં આવી હતી.

(૩૧) એ દરેમેહરનું અસલ મકાન ઘણા વરસપર કોઈ સખી જરથોશતીએ બંધાવેલું કહેવાય છે તે પછી સને ૧૨૩૮માં શેઠ અરદેશજી રતનજી વ્યાજખોરાએ મકાન પાછું બંધાવી આપયું હતું. તે મકાન બીસમાર હાલતમાં આવવાથી જરથોશતી અનજુમનમાં જાહેર ઉગરાણું કરી આશરે રૂ ૯૦૦૦ માંથી એ મકાન રોજ ૩ જો માહા ૮મો શેનશાહી સને ૧૨૬૯ ને દીને આતશ દાદગાહ સથાપીને નવેસરથી બાંધવામાં આવ્યું હતું. પણ પાછલથી આદરીઆન સથાપવા માટે શેઠ ફરદુનજી કાવસજી તવરીઆએ પોતાના મરહુમ પુત્ર ડાકટર હોરમજીના પણ માટે રૂ ૧૦૦૦૦) દશ હજારની રકમ આપીને ફરીથી નવેસરથી એ મકાનમાં આદરીયાન સથાપીને રોજ ૯ મો માહ ૧૦ મો ૧૨૭૦ ને દીને ઈજાવીને ખુલ્લું મેલ્યું હતું.

(૩૨) એ મકાન પુરાંણું થવાથી મુંબઈવાલા શખીવજુદ બાઈ દીનબાઈ નસરવાંનજી પીઠીટે પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજી નશરવાનજી પીઠીટના પુણને માટે રોજ ૩ જો માહા ૧૦ મો શેનશાહી ૧૨૬૪ ને દીને ફરીથી બંધાવી આપયું છે.

(૩૩) આ દરેમેહેર અશલ ય૦ સને ૧૧૫૦ ની આગમચ દાદગાંની બનાવેલી હતી. ત્યાં નવેસરથી આતશ આદરાંનની દરેમેહેર શેઠ રૂશતમજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી રૂશતમજી પટેલની નઈએતે બંધાવીને રોજ ૯ મો. માહા ૭ મો શેહનશાહી સને ૧૧૯૮ યઝદેજરદીને દીને પરઠાવી છે.

(૩૪) આ દમણની બાઈ રતનબાઈ કામાવાળી દરેમેહરનું મકાંન ઘણું બીસમાર થઈ જવાથી તે દરેમેહર યઝદેજરદી સને ૧૨૭૬ માં ત્યાંથી સદન્તર કાઢી નાખવામાં આવેલી જણાયછે. એ વીશેની લંબાન વીગત યઝદેજરદી સને ૧૨૭૭ ના કેલેનડરમાં દમણની વીગતમાં પાણે ૧૪૯ માં છાપેલી છે.

(૩૫) આ ફુમસની દરેહમેહરનું જુનું મકાન ઘણું બીસમાર હાલતમાં આવવાથી મરહુમ શેઠ પાલનજી રતનજી કંત્રાકટરના પુણ્ય માટે મરહુમના દીકરા શેઠ મનચેરજી પાલનજી કંત્રાકટરે તથા મરહુમના ધણીઆણી બાઇ બાઈઆઈ પાલનજીએ લગભગ રૂપ્યા ૧૨૦૦૦ ના ખરચે ફરીથી નવું મકાન બંધાવી આપ્યું હતું. નવું મકાન ઇજી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૯ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ ને દીને કરી તેમાં અસલના આતશ દાદગાહના કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૩૬) આ દરેહમેહેરનું પહેલવેહેલું મકાન ફકત અમષુ ક્રીયા કામ માટે યજદેઝરદી સને ૫૫૧ માં નવસારી ખાતે જરથોસતીઓએ જઈ રહયા પછી પરથવામાં આવ્યું હતું. તયાર બાદ મરહુમ બાઈ સાહેબ માહલણબાઈ બેહેદીન બેહરામજીએ પોતાનું એક ઘર આપી તેમાં વધારો કરયો હતો. પણ વસતીના વધવાથી બંને મકાનો નાનાં પડવાને લીધે મરહુમ દેશાઈજી મીનોચેહરજી ખુરશેદજીએ તેમાં મોટો વધારો કરી એ જુનાં મકાનોની સાથે પોતાનાં ખરચથી નવું મકાન રોજ ૧ લો માહા ૫ મો સને ૧૧૬૪ ને દીને બંધાવી અમષુ ક્રીયા કામ માટે ખુલ્લું મેલ્યું હતું. એ પછી બાઇ મોટલાંબાઈ જહાંગીર વાડીઆએ પોતાના મરહુમ બાવા શેઠ જહાંગીરજી નોશરવાનજી વાહાડયાના પુણ માટે લગભગ રૂપ્યા વીસ હજારને ખરચે એ જુની દરેહમેહરને લગતું બાજુમાં બીજુ નવું મકાન બંધાવી રોજ ૨૬ મો માહા ૮ મો સને ૧૨૨૦ યઝદેજરદી તા૦ ૨૫ મી મે ૧૮૫૧ ને દીને પરઠાવ્યું હતું. વળી એ દરેહમેહરને લગતું બીજુ જુનું મકાન પાછુ નબલી હાલતમાં આવવાથી દેશાઈ કાવશજી એરચજી ગોંડલવાલાએ લગભગ રૂપ્યા સાત હજારનો ખરચ કરી નવેસરથી એ મકાન બંધાવી આપ્યું હતું તથા એમાં એવણનાં ધણીઆણી બાઇ મોતીબાઈએ આતશ દાદગાહ પરઠાવી આતશ રોશન રાખવા સાર રૂ. ૪૦૦૦ આપ્યા હતા. આ દેશાઈ કાવસજીવાલુ નવું બંધાયલું મકાન તથા એમાં પરઠેલો આતશ દાદગાહનો કેબલો ખુલ્લો મેલવાની ક્રીયા યઝદેજરદી સને ૧૨૭૬ ના રોજ ૧૭ મો માહા ૧૨ માને દીને કરવામાં આવી હતી. મરહુમ બાઈ મોટલાબાઈ વાહાડયાજીએ બંધાવેલા મકાનનો કેટલોક ભાગ બીસમાર થવાથી તેમાં કેટલોક ફેરફાર અને મરામત મરહુમ બાઈના દીકરા મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહડયા સી. આઈ. ઈ. એ લગભગ રૂપ્યા ૧૫૦૦ ને ખરચે કરાવ્યો હતો, તેને ઈજીને રોજ ૧૨ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ યાને મરહુમ શેઠ નવરોજીના પહેલા મહીનાની બાજને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૩૭) એ દરેમેહેર જે નવસારીના આતશબેહરામની સામે આવેલી છે તેમાં પેહેલે આતશદાદગાં હતા પણ એ પછી રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૮ યજદેજરદીને દીને જરથોસ્તી અનજુમનના ઉગરાતથી રૂપ્યા ચોતરીશ હજારને આશરેનું ફંડ કરીને એ મકાન નવેસરથી બાંધીને તેમાં આતશ આદરાન તખતનશીન કરવામાં આવ્યા છે.

(૩૮) આ નારગોલની દરેમેહરનું અશલ મકાન મુંબઈવાલા શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીનું એકસો વરસ અગાઉ બંધાવેલું હતું, પણ તેનો રોજ માહા શને મલતો નથી. એમાં આતશનો કેબલો નહી હતો, પણ અમથાં ધરમના મકાનમાં મોબેદો રહીને કીરયા કાંમ કરતા, તેવોનો ગુશારો શેઠ દાદાભાઈનાં બેટી બાઈ શુનાબાઇ દાદાભાઈ વાડીઆએ ઇસ્વી સને ૧૯૧૪ સુધી આપ્યો હતો. તેજ મકાંનમાં પાછલથી રોજ ૧૧ મો માહા ૧૦ મો સને ૧૨૫૧ યજદેજરદીમાં શેઠ માણેકજી રૂશતમજી અને ભાઈઓએ પોતાનાં મરહુમ માતાજી બાઈ માંણેકબાઈનાં પુણને માટે દાદગાં પરઠયાં છે અને તેની બોય દેવાનો, કાઠો તેલ વીગરેનો ખરચ એજ ભાઇઓ ફંડ ઉભું કરીને તેમાંથી પુરો પાડે છે.

(૩૯) આ દરેમેહરમાં પેહલે આતશદાદગાં હતાં, તે પછી પાછળથી રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી શને ૧૨૧૨ ને દીને આતશઆદરાન પરઠેયા હતા, પણ તે દરેમેહર બીસમાર હાલતમાં આવવાથી પુણ્યવાલા મરહુમ દશ-તુરજી સાહેબ જામાશપજી એદલજી જામાસ્પઆશાનાના શાહેબજાદાઓએ રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૪૬ ને દીને ફરીથી નવેસરથી બાંધીને સ્થાપી છે.

(૪૦) બીલીમોરામાં રોજ ૨૦ મો માહા ૧૦ મો યજદેજરદી સને ૧૧૯૭ યાને તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૮ ને દીને મુંબઈવાળા શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીએ આતશ દાદગાંની એક દરેમેહેર બંધાવેલી છે. પણ બીલીમોરામાં એક આતશ આદરીયાનની જરૂર જણાવાથી બીલીમોરાવાલા શેઠો દાદાભાઈ ધનજી માઇ અને સોરાબજી શાપુરજીએ રૂ.૧૯૭૯૦નો ખરચ કરી એ જુની દરેમેહરની પાસે બીજું એક નવું મકાન બંધાવી તેમાં આતશ આદરીયાન રોજ ૯ મો માહ ૯ મો સને ૧૨૬૮ મે દીને પરથ્યાં છે. એનો ચાલુ ખરચ અનજુમનને હશતકથી થાય છે પણ તેનાં નીભાવ ખરચ સાર રૂ(૭૦૦૦) મજકુર શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજીએ આપ્યા છે; તેનાં વેઆજમાંથી આદરીઆંન શાહે-બને બાજ દેવાનું, શુખડ તથા બતી તથા સમારકાંમ તથા સાલગરેહને દીવશે જશન બાજ એવોની તરફથી કરવા જણાવ્યું છે. એ મુજબ મકાન બાંધવાનો, અનામત મેલેલી રકમનો તથા બીજો પરચુટણ ખરચ મલીને એ નવી દરેમેહરપર રૂ ૩૦૦૦૦) તીશ હજારનો ખરચ કીધેલો જણાય છે. વળી અશલની પેલી દાદગાંવાળી શેઠ નવરોજી જમશેદજી

વાહાડયાજીની દરેમેહરનું મકાનબી પુરાણું થવાથી તે એકવાર આગલ અનજુમને સમારયું હતું તે પાછું એજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજી મબાએ ફરીથી સમારી આપીને રોજ ૨૨ મે માહા ૧૨ મે યજદેજરદી સને ૧૨૭૪ ને દીને જશન કરી ખુલ્લું મેલ્યું છે.

(૪૧) એ દરેમેહર પુરાણી થવાથી નવેસરથી બંધાવીને એ દરેમેહરના મુતવલીઓ શેઠો દીનશાહ ફરદુનજી અને ભાઈઓએ રોજ ૨૬ મો માહા ૨ જો સને ૧૨૬૭ યઝદેજરદીને દીને ખુલી મેલી છે.

(૪૨) આ ભરૂચની શેઠ નારીયલવાલાની દરેમેહર રોજ ૨૩ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને ફરીથી એજ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલાનાં વારસોએ મોટા ખરચે નવેસરથી બંધાવી છે. આ દરેહમહેરનું મકાન નાખલું પડવાથી તેની આઠમણી બાજુએ શેઠ હોરમજી બાનાના વારસો શેઠો રૂશતમજી, ડોસાભાઈ અને હીરાજીએ ભેટ આપેલી જગા ઉપર બાઈ વીરબાઇજી શાપુરજી નારીએલવાલાના પુણ માટે કુટુંબીઓએ આપેલા રૂપયામાંથી બાંધવામાં આવેલો બાઇ વીરબાઈજી શા. નારીયલવાલા હોલ રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનસાહી સને ૧૨૮૬ ય. ને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૪૩) એ દરેમેહરનું મકાન પુરાણું થવાથી ભરૂચના જાણીતાં ડુંગાજીના ખાનદાનવાલાઓએ શેઠ પેસતનજી અસલાજી ડુંગાજીને નામે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૭૨ ને દીને રૂ૧૫૦૦૦) ના ખરચે ફરીથી બંધાવ્યું છે અને તેના નીભાવ ફંડને માટે બીજા રૂ૧૫૦૦૦) અલાયેદા કાઢી તરશટી નેમેઆ છે. એજ ડુંગાજી ખાનદાનવાલા આ દરેહ-મેહરનો ચાલુ ખરચ યઝદેજરદી સને ૧૨૪૨ થી કરતા આવયા છે. બાઇ આવાંબાઈ ખરશેદજી મં. કામાજી કાપડયાએ એ દરેહમેહરના ત્રસ્ટીઓને દરેહમેહરની સામેનું પોતાનું મકાન બાળવાની કાઠી ભરવા માટે ય. સને ૧૨૭૮ ના ફરવરદીન મહીનામાં ભેટ આપ્યું હતું.

(૪૪) એ દરેમેહરનું અસલ ૧૧૭૩ નાં રોજ ૧૭ મો માહા ૬ ઠાને દીને શુરતવાલા શેઠ વીરજીભાઈ બમનજીએ દાદગાહની બાંધેલી હતી. એ દરેમહેરનું મકાન પુરાણું થવાથી નવેસરથી ફરીને શેઠો શોરાબજી તથા નવરોજી ફરામજી ધામત તથા મીસ્રીએ બંધાવી આપ્યું હતું અને તેમાં આતશ આદરાન સાહેબને પરઠાવી તખતનશીન કરી એ આદરીઆનની શાલગરેહને દીને ય૦ સને ૧૨૩૧ માં પાછી ખુલ્લી મેલી હતી.

(૪૫) આ ભેસાણની દરેહમેહર શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાહાડયાએ પોતાના બંધેવી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે પહેલવેહેલી પરથાવી હતી. એ દરેમેહર જુની થવાથી તથા વસતીથી દુર હોવાથી પારસી વસતીની નજદીકમાં બીજી જગા ઉપર બીજા લોકોના ઉગરાણાથી અને એજ વાહાડયા સાહેબોની મદદથી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાના વીધવા બાઈ બચુબાઇએ પોતાની મરહુમ દીકરી બાઈ ગુલબાઈની યાદગારીમાં નવેસરથી બંધાવી પોતાના ખાવંદ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈએતે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદીને દીને પરઠાવી હતી.

(૪૬) આ મઉની દરેમેહર ફરીથી રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૨૮ ને દીને અનજુમનનાં ઉઘરાટથી સમારી હતી પણ તે પાછી વળી તરીજીવાર સમારીને તેનું જશન રોજ ૧૯ મો માહા ૧૨ મો સને ૧૨૫૨ યઝદેજરદીને દીને કરવામાં આવયું હતું.

(૪૭) આ મહુવાની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી અંદેરીવાલા શેઠ અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી મરહુમ બાઈ રતનબાઈના પુણ માટે જુના મકાનની પાસેજ એક નવું મકાન બંધાવી આપી તેમાં જુના આતશ દાદગાહના કેબલાને પરઠાવી ખુલ્લું મુકવાની કીરીયા રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૮૦ને દીને કરી હતી. એ દરેહમેહરનો નીભાવ તથા મરામતનો ખરચ ત્યાંની અનજુમન કરે છે. જ્યારે જુના મકાનને શેઠ અરદેશરે દરસ્ત કરાવી આપવાથી એ જુનું મકાન મોબેદોના રહેવા માટે વાપરવામાં આવે છે.

(૪૮) રંગુનની શેઠ બેજનજી કાવશજી ખંબાતાની અસલ બાંધેલી દરેમેહરનું મકાન પુરાંણુ થવાથી તથા નાહાનું પડવાથી શેઠો શાપુરજી અને બમનજી કાવશજી કપતાંને રૂ૩૫૦૦૦) ને ખરચે નવેસરથી બાંધી આપીને રોજ ૧૧ મો માહ ૧૨ મો સને ૧૨૭૩ યજદેજરદી એટલે કદમી રોજ ખોરદાદશાલ સને ૧૨૭૪ ને દીને પરથાવેઉ છે.

(૪૯) આ દરેમેહરને ફરીથી રોજ ૨૯ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ દારાશાહના ધણીઆણી બાઇ પીરોજબાઈએ સમારીને ઇજાવા છે, અને તેના ચાલુ ખરચ માટે પણ ગોઠવણ કરી છે.

(૫૦) લાહોરની શેઠ કુપરવાલી દરેમેહરની પાસે એક ફંડ ઉભું કરી કામચલાઉ બીજી નવી દરેમેહર ઉભી કરી તેમાં આતશ દાદગાહ સ્થાપીને રોજ ૯ મો માહ ૯ મો ય. સને ૧૨૮૨ ને દીને ખુલી મુકી હતી પણ શેઠ અરદેશર બે. સોંબુવાલાએ પોતાની દરેહમેહરનો બધો વહીવટ અંજુમન હસ્તક સોંપવાથી નવી દરેહમેહર રોજ ૩૦ મો માહા ૧૨ મો ય. સને ૧૨૮૩ થી બંધ થઇ હતી.

(૫૧) આ ઉમરીગરવાલી દરેહમેહર તથા તેની પાસેનું મોબેદોના રહેથાનનું અનજુમનનું મકાન ઘણી બીસમાર હાલતમાં આવવાથી વડોદરાના રહીસ શેઠ મનચેરજી પેસતનજી પટેલે પોતાને ખરચે નવું મકાન બંધાવી રોજ ૧૦ મો માહ ૯ મો સને ૧૨૭૭ ને દીને ખુલ્લું મેલ્યું હતું.

(૫૨) વડોદરામાં શેઠ સીરવાઈવાળી ધરમશાલામાં એક ઓરડામાં જુદી દરેહમેહર કરવામાં આવી છે. એ બેઉ જગો રોજ ૯ મો માહા ૯ મો સને ૧૨૩૭ યઝદેજરદીને દીને તઈયાર થયાં હતાં પણ એ બંનને રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૩૮ ને દીને ઇજાદ ખુલ્લાં મેલાયાં હતાં. એની મરામત માટે રૂ ૨૦૦૦ શેઠ બેરામજીએ કાઢયા હતા. તેમાં એવણે રોજ ૧૫ મો માહા ૫ મો સને ૧૨૩૯ યઝદેજરદીને દીને મુંબઈ મધે મુજગામમાં પોતાના બંગલામાં દરેહમેહર પરઠાવી તે દીને બીજા રૂ. ૩૦૦૦ ઉમેરી રૂપ્યા પાંચ હજાર કરી તેનું બ્યાજ કેટલાક વરસો સુધી વડોદરા ખાતે ખરચ

કરવા મોકલાવ્યું હતું, પણ તે પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહર અને ધરમશાલાના વહીવટ કરનારાઓ વચ્ચે વાંધો પડવાથી તેનો મુકદમો ચાર પાંચ વરસ ત્યાંની કોરટમાં ચાલ્યા બાદ કોરટે તેને લગતો વહીવટ કરનારા ત્યાંના ગ્રહસથોને નેમી તેઓને રૂપયા વગેરે સવાધીન કરવાનો હુકમ કીધો હતો. પણ એ મકાનોના નીભાવના રૂપયા વહીવટ કરનારાઓ પાસે નહીં હોવાથી તેઓમાંના શેઠ દાદાભાઇ શાપુરજીએ સને ૧૮૯૨ થી ૧૯૦૬ સુધી પોતાની ગીરેથી ખરચ કરી એ મકાનોનો નીભાવ કીધો હતો. એ પછી બધું સમાધાન થવાથી શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી ડીશેમબર ૧૯૦૬ ને દીને એ બેઉ મકાનોના નીભાવ માટે રૂ. ૮૦૦૦ મુંબઈની પારસી પંચાએતના તરશટીઓને આપયા હતા કે તેનું વ્યાજ વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવું અને તેમાંથી એને લગતો યોગ્ય ખરચ કરવો. ઉપર મુજબ નક્કી થવા પછી એ અગીઆરી તથા ધરમશાલાની સાલગ્રહ રોજ ૨૦મો માહા ૨ જો સને ૧૨૭૭ ય૦ ને દીને પછી તે વખતે શેઠ બેરામજી તરફથી જશનની કીરીયા કરાવ્યા પછી એ બેઉ મકાનો જાહેર વપડાશ માટે પાછા ખુલ્લાં મેલવામાં આવ્યાં છે. મુંબઈની મજગામવાલી દરેહમેહર ત્યાંથી કાઢી નાખવામાં આવી છે. એ ધરમશાલા બીશમાર થવાથી તેને શેઠ બેરામજી તરફથી સમરાવીને રોજ ૧૭ મો માહા ૧ લો ય. ૧૨૮૫ ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

(૫૩) આ વલસાડની દરેહમેહરનાં મકાનમાં અસલ ફકત યોજદાથરેગરીના કામ માટે હીંમોડા દસ્તુર જામાસપ ભાઈજીના વખતમાં હતા, તે પછી શેઠ હોરમસજી ભી. ચીનાઇએ નવું મકાન ઈ. સ. ૧૮૧૯ માં બંધાવી આપ્યું હતું. શેઠો ખરશેદજી તથા જહાંગીરજી હોરમજી ચીનાઇએ એ દરેહમેહરમા આતશ દાદગાહ તા૦ ૧૩ મી મારચ ૧૮૪૭ ને દીને પરઠાવ્યા હતાં. એ મકાન જુનું થવાથી શેઠ નવરોજી જહાંગીર ગામડયાએ બીજી વધુ આજુબાજુની જમા ખરીદી તેપર નવું મકાન બંધાવી ઈજી તેમાં જુના દાદગાને પરઠીને ખુલ્લી મેલવાની કીરીયા રોજ ૩ જો માહા બીજો ય. સને ૧૨૮૨ ને દીને કરવામાં આવી હતી.

(૫૪) સરોડા ગામમાં યજદેજરદી સને ૧૨૩૩ ની સાલમાં મુંબઈવાલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે દરેહમેહરનું એક મકાન બંધાવી આપયું હતું અને તયાં માત્ર ધરમનું કીરીયા કામ થતું હતું પણ દાદગા કે આદરીયાન પરથાવેલાં નહીં હતા તે પછી એમ બન્યું કે–ઉમરા ગામમાં રોજ ૨૩ મો માહ ૯ મો યજદેજરદી સને ૧૧૮૫ માં શેઠ બમનજી સોરાબજી કપાવાલાને નામની અને તેમના ખેશી શેઠ ફરામજી નાનાભાઈ ઉમરીગરે મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઇના ધરમખાતાના તરશટીઓને પાછલથી આપેલી એક રકમના ઉપજતાં વ્યાજનાં ખરચમાંથી ચાલતી એક આદરીયાનની દરેહમેહર હતી. પણ ત્યાં જરથોશતી વસતી ઘટી જવાથી તે ઉપયોગમાં આવતી નહી હતી તેથી તે આદરીયાન તયાંથી ઉઠાવી લઇને સુરતમાં માછલીપીઠની વાહડયા ફલ્યાવાલી અગયારીમાં લાવી રાખવામાં આવયા હતા, જેનો ચાલુ ખરચ ઉપર કહયું તેમ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાના તરસતીઓ તરફથી કરવામાં આવતો હતો. એ જગોપરબી આદરીયાનની જરૂર નહી જણાવાથી તરસતીઓએ આદરીઆંનને કોઈ લાયક જગા ઉપર ગોપવવાની તજવીજમાં હતાં. તેવોને ઉપલાં સરોડાં ગામવાલા દરેહમેહરની અમથાં મકાનની ખબર પડી કે તયા એક આદરીયાનની જરૂર છે.તે ઉપરથી અથોરનાનોના ગામે ગામના હદની હક ઉપરથી ઉડવાડેના અંજ્યારૂની એક જોડ શરોડાની અગીયારીમાં બોલાવીને તેવોની મારફતે રોજ ૪ થો માહા ૧૦ માને દીને જશન કરયું હતું તે પછે રોજ ૩૦ મો માહા ૩ જો સને ૧૨૭૬ યજદેજરદીને દીને પેલાં અસલ ઉમરા ગામનાં આદરાનનાં કેબલાને નવેશરથી પરઠીને શરોડાની દરેમેહર ખુલી મેલી છે.

(૫૫) આ સીગનપોરની દરેહમેહર અસલ મુંબઈવાલા શેઠ લવજી નશરવાનજી વાહાડયાએ બંધાવી હતી, ત પછી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાએ રોજ ૧૭ મો માહા ૨ જો ૧૨૧૯ ને દીને બંધાવી હતી, એ દરેહમેહરની પાસે રૂ ૧૦૦૦ ની કીમતે મોબેદોને રહેવા માટેનું ઘર શેઠ એદલજી કુવરજી પટેલે ખેસી બાઇ પીરોજાબાઈ માણેકજી પટેલના પુણ માટે બંધાવી રોજ ૧૩ મો માહ ૧૦ મો ય. સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકયું હતું.

(૫૬) એ મુબારીની દરેહમેહર જુની થવાથી કેટલીક મુદતે ફરીથી સુરતવાલા શેઠ જમશેદજી સોરાબજી હોડીવાલાએ બંધાવી હતી. તે પછી વળી મુંબઈવાલા શેઠ કુવરજી માણેકજી મુકાદમે રોજ ૧ લો માહા ૮ મો સને ૧૨૯૧ માં આદરાન પરઠીને બંધાવી હતી. તે રેતીમાં પુરાઈ જવાથી તેવણના વારેસ શેઠ રૂશતમજી શાપુરજી મુકાદમે રોજ ૨૦ મો માહા ૪થો સને ૧૨૩૮ માં પાછી બીજી જગાપર બાંધીને આતશ આદરાન પરઠેઆં છે.

(૫૭) મુંબઈવાલા મરહુમ શેઠ કેરાબજી નશરવાનજી મીશતરીએ પેહલાં માત્ર ધરમ કીરીયા માટે એક મકાન બંધાવ્યું હતું–તે વખતે ઇધીરા મુકાવેલા નહી તથા દાદગાહ પરઠાવેલા નહી હોવાથી અને એ મકાન બીસમાર હાલતમાં આવવાથી મરહુમના બેટા શેઠ દીનશાહજીએ રૂપયા દશ હજારનો ખરચ કરી નવેસરથી એક નવું મકાન બંધાવી તેને ઈજી તેમાં આતશ દાદગાહ પરઠવાની કીરીયા તથા ઉપરના અરધા ભાગમાં સથાપવામાં આવેલી ધી દીનશાહ કેરાબજી મીસતરી લાઇબરેરી અને રીડીંગ રૂમ ખુલ્લો મેલવાની કીરીયા રોજ ૨૧ મો માહા ૨ જો ય૦ સને ૧૨૭૯ ને દીને થઇ હતી.

(૫૮) આ સુરતની શેઠ બીશનીવાલી દરેહમેહર બીશમાર હાલતમાં આવવાથી એ મકાનની ઉપજનાં વધારામાંથી તથા તેના એક મુતલવી શેઠ ફરામરોજ બેહરામજી બીશનીએ પોતાની તરફના વધુ નાણા ઉમેરી લગભગ રૂપીઆ પંદર હજારના ખરચે નવું મકાન બંધાવી આપયું હતું. તે તઈયાર થવાથી તેમાં એ દરેહમેહરની ૭૦ મા વરસની સાલગરેને દીને યાને રોજ ૧૭ મો માહા ૪ થો ય.૧૨૭૭ ને દીને આતશ આદરીયાનના જુની કેબલાને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૫૯) એ દરેહમેહર અસલમાં જમશેદજી બાઈઆ નામના એક સુરતના પારસીએ પાલીઆ ફલીઆમાં બાંધેલી હતી જેને માટે તેવણે પોતાને તાહાં ફરજંદ આવે તો તે બાંધવાની માનતા કરેલી હતી તેથી તે બંધાઈ હતી. તે બીશમાર થવાથી મુંબઈવાલા શેઠ માણેકજી નવરોજી વાડીઆજીએ તથા ભાઈએ પોતાના બાવાજીના પુનને સારૂં બાંધી છે.

(૬૦) એ દરેહમેહેર અસલ પાલનજી હોમાજી શેઠની બાંધેલી હતી તે શુરતની શને ૧૧૯૧ યઝદેજરદીની મોટી આગમાં બલી જવાથી ઉમરેવાલા શેઠો મેહેરજીભાઇ પટેલ તથા રતનજી ભીખાજી શુરતવાળાએ રોજ ૨૨ મો માહા ૧૨મો સને ૧૧૯૨ માં બાંધી હતી અને તેજી પુરાણી થવાથી મુંબઈવાલા શેઠ પેસતનજી નશરવાનજી બાટલીવાલાએ બંધાવી છે.

(૬૧) નવશારી ખાતે અસલ કોઈ કોઈવાર બહારથી પીંડારાઓ નીકલી આવી દરોડો પાડતા હતા, ત્યારે તાંહાની વસ્તી શુરત તરફ નીકલી જતી હતી તેવી વખતે જરથોશતી ધરમ કીરીઆ કરવા ખાતર શુરતના સ્‌રાતમપુરામાં નવસારીના મરહુમ દેસાઈ ખુરશેદજી ટેમુલજીએ ઈ. સ. ૧૭૭૬ માં એ જગોએ પેહલાં તો આમથા ધરમનાં કામ માટે બે તરણ હોઘાલા મુકાવ્યા હતા પણ તે પછી એ દેશાઈ ખુરશેદજીના બેટા દેસાઈ મનચેરજી ખુરશેદજીએ આ દરેમેહેર બાંધી હતી. તે પુરાણી થવાથી મુંબઈવાલા મરહુમ શેઠ એદલજી દાદાભાઈ શુખીઆના છોકરાઓએ રોજ ૭ મો માહા ૨ જો સને ૧૨૩૩ ને દીને નવેશરથી બંધાવી હતી. એની સાથે વળી તેઓએ એક ધરમશાલા પણ બાંધી હતી. એ મકાનમાં પાછલા ભાગપર એક ઓટલો અને તેની ઉંચી દેવાલ તયાંનાં દશતુર દારાબજી ખરશેદજી દારાબજી પાલણનાએ બાંધી છે. એ દરેહમેહેરનું મકાન બીશમાર હાલતમાં આવવાથી શેઠ કેકોબાદ હોરમજી રાવે પોતાના મરહુમ બાવા હોરમજી તથા મરહુમ માતાજી બાઇ માણેકબાઈનાં પુણ માટે લગભગ રૂપયા ૧૫૦૦૦ ને ખરચે બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મેલવાની કીરીયા રોજ ૨૧ મો માહા ૯ મો સને ૧૨૭૭ ને દીને કરવા પછી વળી શેઠ કેકોબાદ રાવે પોતાના મરહુમ માતાજી બાઇ માણેકબાઇના પુણ માટે મરહુમની બાજને દીને યાને રોજ ૩ જો માહા ૧૨ મો સને ૧૨૭૭ ને દીને એ દરેહમેહેરમાં આતશ દાદગાહ તખતનશીન કરાવી પાંચે ગેહમાં બોય દેવાનું શરૂ કરાવ્યું હતું.

(૬૨) એ દરેમેહર આગલ શેઠ શાપુરજી ખચાભાઈ દોટીવાલાની બાંધેલી હતી પણ તે યઝદેજરદી શને ૧૧૯૧ માં શુરત ખાતે લાગેલી મોટી આગમાં બલી ગયાથી તેમના આ ખેશીએ પાછી બાંધી છે. આ દરેહમેહેર પાછી બીસમાર હાલતમાં આવી પડવાથી મુંબઈવાસી બાઈ સાહેબ દીનબાઇ તે મરહુમ શેઠ નશરવાનજી માણેકજી પીટીટના વીધવાએ પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજીના પુણ માટે તે નવેસરથી બંધાવી તેને ઈજવાની કીરીયા રોજ ૩ જો માહ ૭ મો શેનશાહી સને ૧૨૬૨ ને દીને કરવામાં આવી હતી.

(૬૩) આ આદરીઆન ઘણું પુરાણું છે, તેના અસલ બાંધનારનું નામ જણાતું નથી પણ તે ગોતીના આદરીઆનને નામે ઓળખાય છે. હાલ શુધી તેના મકાનની મરામત જુદા જુદા સખી ગરસથોએ કેટલીકવાર કીધી છે.

(૬૪) એ દરેહમેહેરને ફરીથી શેઠ જીવણજી જામાશજી મીશતરી—શુમારીવાલાએ યઝદેજરદી સને ૧૨૭૭ માં રોજ ૯ મો માહા ૯ મા ને દીને રૂ૧૫૦૦૦) ખરચીને નવેશરથી બંધાવી વધારી આપી છે.

(૬૫) મુંબઇના શેઠ હોરમજી વાહાડીઆજીવાલાં આતશબેહરામના મુતવલીઓને નવશારીના ભગર સાથના મોબેદો વચ્ચે મીનાકેશો થવાથી વાહાડીઆજીવાલાઓએ પોતાને લગતા નવસારીના મોબેદોની સગવડ કાજે એક નવી દરેહમેહેર નવસારીમાં બાંધી હતી પણ નવસારીના ભગરીઆ મોબેદોએ ગાયકવાડીમાં ફરીઆદ માંડીને તે દરેહમેહેર તાંહાથી ઉઠાવી જવાનો હોકમ મેલવવાથી—વાહડીઆજીવાલાઓએ તે દરેમેહેરનાં આતશને શુરત ખાતે બરશનુંમવાલા મોબેદો સાથે પવીતરાઈથી લઈ જઈને તયાંના શેઠ દાદાભાઈ મોદીવાલા આતશબેહેરામનાં મકાનમાં બાંધેલી એક હુલાયદી દરેમેહેરના ગુંબજમાં યજદેજરદી સને ૧૨૬૯ નાં જમશેદી નોરોજને દીને પરઠયા છે.

(૬૬) શુરતમાં બીબીની વાડી આગલ એટલે શેનશાહી આતશબેરાંમની નજદીક શુમારે દોડસો વરસની પુરાણી દરેમેહેર અનજુમનની બાંધેલી છે, તેનો ચોકસ દાહાડો વાર મલતો નથી. એ દરેમેહેર અસલ એક મોબેદ ખુરશેદ કાવશાને હશતક હોવાથી માતર ખરશીની અગીઆરી તરીકે ઓળખાય છે. વચમાં મુંબઈનાં કેટલાક પરમારથી જરથોસતીઓની મદદથી એક ફંડ ઉભું કરી તેમાં રૂ. ૨૨૦૦) ભરાયા છે, તેમાંથી જેમ તેમ એનો વહીવટ હાલમા મોબેદ દાદાભાઈ રૂસતમજી ખરશીના બીજા ટરસટીઓની સાથે મલીને ચલાવે છે. એના ફંડમાં બીજા જોઈતાં નાણાંની મદદને સારૂ સખી જરથોશતીઓને અરજ કરવામાં આવે છે.

(૬૭) આ સતારાની દાદગાહની દરેહમેહેરનું મકાન ઘણુંજ પુરાણુ થવાથી ઇ. સ. ૧૮૯૨ માં સરકાર તરફથી જમીનનો કટકો મુફત મેલવી તયાં નવું મકાન સતારાની અનજુમને બાંધવાનો ઠરાવ કીધો હતો પણ ફંડ પુરતું નહી હોવાથી તેમ થઇ શકયુ નહી, તેટલા સખી વજીદ બાઈ નવાજબાઈ દીનસાહજી ખાને પોતાને ખરચે એક નવું મકાન બંધાવી આપી તેના નીભાવ વગેરે માટે સારી રકમ આપી છે. એ મકાન ઈજાવી રોજ ૨૩ મો માહા ૧૦ મો સને ૧૨૬૦ ને દીને ખુલ્લું મુકી તેમાં આતશ દાદગાહ પરથવામાં આવયા છે.

(૬૮) આ દરેમેહેર અસલમાં યજદેજરદી શને ૧૨૧૪ ના રોજ ૯ મો માહા ૫ મો શેનશાહીને દીને શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજી તથા અનજુમન મલીને બંધાવેલી હતી. તે બીશમાર હાલતમાં આવવાથી યજદેજરદી સને ૧૨૪૮ માં રોજ ૯ મો માહા ૧૨ મો શેનશાહીને દીને અનજુમનને ખરચે નવેસરથી બાંધી છે.

(૬૯) દખણ હેદરાબાદ તરફ શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજીની કેટલીક દરેમેહેરો બાંધેલી છે, તેમાંની એક આગે બાલાપેરનીબી દરેમેહેર બંધાયલી હતી, પણ હાલ તે મોજુદ નથી એમ કેહેવાય છે.

જરથોસ્તીઓએ બંધાવેલા દુખમાંઓ.

મુંબઇ મધેનાં દુખમાંઓ.

કોણે પરઠેલાં યાને બંધાવેલાં	રોજ	માહા	ય. સને	શે. કે ક.
કાવસજી એદલજી બીશની	૧૨	૮	૧૨૧૩	શેનશાહી
દાદાભાઇ નોશેરવાંન (પેતાની વાડીમાં)...	૧૬	૮	૧૧૬૭	કદમી
[આ દોખમું ફક્ત દાદીશેઠના કુટુંબીઓને માટે છે.]				
ફરાંમજી કાવસજી બનાજી	૫	૯	૧૨૦૧	,,
મનચેરજી જીવણજી રેડીમની	૩	૧૨	૧૧૫૫	શેનશાહી
[આ દોખમું પોતાનાંજ ઉપીયોગ સારૂ એવાએ બાંધ્યું હતું]				
માણેકજી નવરોજી શેઠના	૧૯	૧	૧૧૨૫	,,
મુંબઇની પારસી પંચાએતે બંધાવેલું	૨૬	૭	૧૧૪૮	,,
મોદી હીરજીભાઇ વાછાગાંધી	૧૯	૧	૧૦૨૯	,,

દેશાવરો ખાતેનાં દુખમાંઓ.

ઠેકાણાં.	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ	માહા	ય.સને	શે. કે ક.
અંકલેશર	નરસંગ ધનપાલ (હાંસોટવાલા)	...		...	શેનશાહી
,,	પેશતનજી બમનજી વાડીઆ	૧૯	૬	૧૧૭૯	,,
અજમેર	અનજુમને બંધાવેલું	૨૬	૬	૧૨૫૭	,,
આબુરોડ	મોટાભાઇ બી. કંટરાકટર ને અંજુમન મલીને ...	૧	૭	૧૨૫૮	,,
અમદનગર	અમહનગરની અનજુમને બંધાવેલું	૧૮	૬	૧૧૯૬	,,
,,	જરથોસ્તી અંજુમને બંધાવેલું	૧૫	૪	૧૨૧૧	,,
અમદાવાદ	અમદાવાદની અનજુમને બંધાવેલું	૨૫	૮	૧૨૧૨	,,
,,	સર જમસેદજી જીજીભાઇ નાઇટ	૨૩	૮	૧૨૧૯	,,
,,	અનજુમને બાંધેલું	૧૮	૬	૧૨૩૫	,,
અમરોલી	અનજુમને બાધેલું	૩૦	૬	૧૨૨૭	,,
આલપાઇ	નવરોજી કાવસજી નારીએલવાલા	...		...	,,
આંકોલા	અંજુમને બાંધેલું	૩	૬	૧૨૬૪	,,
ઇગતપુરા	અનજુમને બાંધેલું	૧૬	૯	૧૨૫૪	,,
ઇંદોર	અનજુમને બાંધેલું	૧૫	૬	૧૨૬૭	,,
ઉદવારા	ઉદવારાની અનજુમને બંધાવેલું...	૨૪	૭	૧૦૬૬	,,
,,	પેશતનજી ખરશેદજી મોદી	૨૯	૭	૧૨૦૦	,,
ઉરન	જરથોસ્તી અનજુમને બંધાવેલું	૨૩	૪	૧૨૭૧	,,
એદન	અનજુમને બાંધેલું	૧૩	૧૨	૧૨૩૫	,,
,,	મેરવાનજી સોરાબજી ખરેધાત	૭	૭	૧૨૧૬	,,
ઓલાવ	અનજુમનના ઉગરાતથી	૨૭	૭	૧૨૬૮	,,
ઔરંગાબાદ	નીકાજી અને પેશતનજી મેરજીભાઇ	૧૫	૪	૧૨૧૨	,,
કરંજ	દીનબાઇ તે પુંજીઆજી મનાજીના વીધવા	૨૪	૩	૧૧૯૮	,,

ઠેકાણાં.	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ	માહ	ય. સને	શે. કે ક.
કરાંચી—	હોરમજી દાદાભાઇ ઘડીઆલી	૩૦	૪	૧૨૧૭	શેનશાહી
,,	કરાંચીની અંજુમનને ખરચે	૧૯	૯	૧૨૪૪	,,
કલકતા—	નવરોજજી શોરાબજી ઉમરીગર	૨૭	૪	૧૧૯૧	,,
,,	કલકતાની જરથોસ્તી અંજુમન	૨૧	૭	૧૨૮૧	,,
કલીઆણી—	નવાજબાઇ તે નશરવાનજી મોદીના વીધવા	...	...	૧૧૬૦	,,
,,	નવરોજી બાલાભાઇ કલીઆણીવાલા	૧૫	૭	૧૨૫૫	,,
કુડીઆણાં—	અનજુમનને ખરચે	૬	૩	૧૨૬૫	,,
ખંભાત—	હીરજી આસા	...		...	,,
,,	પેશતનજી ખરશેદજી મોદી	૨૯	૭	૧૧૯૫	,,
ખેરગામ—	મોતીબાઇ તે આ૦ બ૦જ૦ મુલાંના વીધવા	૫	૯	૧૨૫૧	,,
ગંનદેવી—	ગંનદેવીની અનજુમને બંધાવેલું	૧૯	૧	૧૦૯૪	,,
,,	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૪	૭	૧૧૫૯	,,
,,	જમશેદજી નાનાભાઈ ગજદર—સંપલાના	૧૯	૭	૧૧૮૬	,,
,,	ગંદેવીની અનજુમને બંધાવેલું	૨૦	૭	૧૨૩૯	,,
ચીકલી—	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૧૩	૬	૧૨૪૨	,,
જાલના—	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૪	૮	૧૨૪૦	,,
તવરી—	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૨૯	૭	૧૨૩૩	,,
તારાપોર—	દોરાબજી પરદુનજી લશકરી	...		...	,,
	[આ દોખમું ફાટી જવાથી પડત પડયું છે]				
,,	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૨૭	૬	૧૨૩૫	,,
થાંણા—	કાવશજી તથા દોરાબજી રૂશતમજી પટેલ	...		૧૧૪૯	,,
,,	રૂશતમજી કાવસજી પટેલ...	૧૯	૭	૧૨૧૨	,,
દમણ—	માણેકબાઇ તે જમશેદજી એરાંમજી લસ્કરીના વીધવા ...	૧૩	૮	૧૨૦૦	,,
દવીએર—	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૧૩	૪	૧૨૦૮	,,
દીવ—	જાહાંગીરજી નશરવાનજી વાડીઆજી	૧૧	૬	૧૨૦૨	,,
દીશા—	અનજુમનનું બાંધેલું	...		...	,,
દેવલાલી—	બેરાંમજી નાનાભાઇ મીસતરી	...		૧૨૪૯	,,
,,	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૧૯	૩	૧૨૭૭	,,
નવસારી—	માંણેક ચાંગા આશા	...		૯૦૦	,,
,,	માણેકજી નવરોજી શેઠના...	૧૧	૪	૧૧૧૬	,,
,,	હોરમજજી મનચેરજી કેરાવાલા (ભાબા)	૪	૬	૧૧૯૨	,,
,,	નશરવાનજી રતનજી તાતા	૨૦	૬	૧૨૪૭	,,
નારગોળ—	માણેકજી નવરોજી શેઠના	...		૧૧૧૫	,,
,,	મનચેરજી ખરશેદજી શેઠના	...		૧૧૩૬	,,
,,	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૧૫	૯	૧૨૫૭	,,
પુણા—	સોરાબજી રતનજી પટેલ	૨૯	૭	૧૧૯૪	,,
,,	પુણાંની—અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૩૦	૭	૧૨૦૪	,,
પારડી—	અનજુમનનાં ઉઘરાણાંથી બાંધેલું	૨૦	૯	૧૨૫૦	,,

ઠેકાણાં. કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ	માહા	ય. સને	શે. કે ક.
બદનેરા—અનજુમનના ઉઘરાણાથી બાંધેલું	૬	૭	૧૨૬૨	શેનશાહી
બાલાપુર—વીકાજી તથા પેસતનજી મેરજીભાઇ (હાલમાં મોજુદ નથી)	૨૮	૭	૧૨૦૮	,,
બીલીમોરા—રૂશતમજી બમનજી બાટલીવાલાનાં ધણીઆણી ...	૬	૩	૧૧૭૧	,,
,, અનજુમને બંધાવેલું	૯	૭	૧૨૪૯	,,
ભરૂચ—પેશતનજી ભરૂચવાલા...	...		૬૭૮	,,
,, અનજુમને બંધાવેલું...	...		૧૦૨૩	,,
,, અનજુમનનાં ઉઘરાણાથી બાંધેલું	૧૯	૩	૧૨૦૩	,,
ભુસાવલ—અનજુમને બંધાવેલું	૨૯	૪	૧૨૫૮	,,
મહુવા—માંણેકજી જીજીનાં	૭	૮	૧૨૦૨	,,
,, અનજુમને બંધાવેલું...	૧૫	૪	૧૨૫૯	,,
મઉ—અનજુમનનાં ઉંધરાણાંથી બાંધેલું	૨૧	૮	૧૨૦૯	,,
માંડવી—અંનજુમનને ખરચે...	૪	૪	૧૧૯૯	,,
રાજકોટ—કાવસજી દીનશાહ એડનવાલા અને અનજુમન મળીને	૧૨	૯	૧૨૭૦	,,
રાંદેર-શે. મં. રેડીમની, હી. જી. રેડીમની, રૂ. દા. નાદરશા મળીને	૨૨	૮	૧૧૫૬	,,
,, અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું	૨૯	૬	૧૨૨૧	,,
લાનોલી—અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું	૨૦	૫	૧૨૭૨	,,
વડોદરા—અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું	૭	૯	૧૨૧૧	,,
વલશાડ—વઇઆરવાલાનાં ખાનદાંનીઓએ	...		૧૦૧૨	,,
,, અનજુમનના ઉધરાંણાથી બાંધેલું	૧૭	૪	૧૧૪૬	,,
,, અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું	૨૯	૬	૧૨૧૬	,,
,, ધનજીભાઈ ભુરાભાઇના કુટુંબીઓ	૪	૭	૧૨૭૭	,,
સીકંદરાબાદ-દખણ—વીકાજી અને પેશતનજી મેરજીભાઇ ...	૨૦	૧	૧૨૦૯	,,
સુનધડ બ્યારા—અનજુમને બંધાવેલું	૧૫	૫	૧૨૩૨	,,
સુમારી—રતનજી માણેકજી એંટી તથા હાટરીઆ... ...	૧૬	૨	૧૧૭૩	,,
સુરત—ઉદના-ભગરીઆ મોબેદોને સારૂ અનજુમને બાંધેલું ...	૨૬	૬	૧૨૫૩	,,
,, ઉમરવાડા—નાનાભાઇ પુંજીઆજી	...		૧૦૩૬	,,
,, ,, અનજુમનનાં ઉધરાણાથી બાંધેલું... ...	...		૧૧૦૩	,,
,, ,, અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું... ...	૨૮	૮	૧૧૪૦	,,
,, ,, અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું ...	૫	૫	૧૧૯૭	,,
,, ઉમરા—અનજુમનનાં ઉધરાણાથી બાંધેલું... ...	૫	૭	૧૨૦૧	,,
,, ભરથાણા—અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું ...	...	...	૧૦૯૫	,,
,, ,, અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું ...	૮	૩	૧૧૩૪	,,
,, ,, અનજુમનનાં ઉધરાંણાથી બાંધેલું... ...	૫	૫	૧૧૯૬	,,
સતારા—અનજુમનનાં ઉંધરાણાથી બાંધેલું	૨૦	૭	૧૨૧૬	,,
સોલાપુર—વીકાજી અને પેશતનજી મેરજીભાઇ	૭	૫	૧૨૧૨	,,
હૈદરાબાદ-દખણ-(જમીસતાપુરની ટેકડીપર) દસ્તુર બેરામજી જામાસ્પઆશાનાની નઇયતે અંજુમનનાં ઉઘરાણાથી	૧૯	૪	૧૨૮૫	,,

જરથોસ્તીઓએ બંધાવેલી ધરમશાળાઓ.

મુંબઇ મધેની ધરમશાળાઓ.

ઠેકાણું. કોણે બંધાવેલી	રોજ	માહ	પ. સને
કરેલવાડી—મેરવાંનજી ફ્રરામજી પાંડે	૧૬	૬	૧૨૩૫
ગરાંટરોડ—રૂશતમજી જમશેદજી જીજીભાઇ	...		...
ચોપાટી—(ઇરાંણીઓ સારૂ) ખરશેદજી અરદેશર દાદીશેઠનાં બેશીઓ ...	૧૨	૨	૧૨૨૨
,, ,, સર કાવસજી જહાંગીર સી. એસ. આઇ.	૨૮	૯	૧૨૪૧
,, [આંધલા, લુલા જરથોસ્તી સારૂ] ફ્રરદુનજી શોરાબજી પારખના સાહેબજાદાઓ(૧)	૧૫	૭	૧૨૧૪
,, ખરશેદજી કાવસજી બનાજી	...		૧૨૦૪
ભાયખલા—સર જમશેદજી જીજીભાઈ બારોનેટ	૧૬	૮	૧૨૧૬
વાંદરે—માંણેકજી જીનાભાઈ	૧૦	૬	૧૨૧૮

દેશાવરો ખાતેની ધરમશાળાઓ.

અંકલેશ્વર—મેરવાંનજી હોરમજી ફ્રરેજર(૨)	...		૧૨૧૮
અજમેર—મનચેરશાહ નસરવાનજી રૂશતમફ્રરામના(૩)	૧૭	૪	૧૨૭૧
અમદનગર—પેશતનજી સોરાબજી	૧૩	૪	૧૨૨૮
અમદાવાદ—મનચેરજી સોરાબજી કરંજવાલા (૪)	૨૩	૪	૧૨૧૮
,, સોરાબજી જમશેદજી જીજીભાઇ(૫)	૧૩	૫	૧૨૩૩
અડાજણ—પેશતનજી સોરાબજી પુણેવાલા	૨૦	૮	૧૨૨૯
અલીબાગ—હીરાજી હોરમજી બારીઆ	૨૦	૧૧	૧૨૪૨
આંકોલા—વીકાજી પેશતનજી મેહરજી(૬)	...		૧૨૦૮
આમોદ—કાવસજી માણેકજી મોદી	...		૧૨૪૧
એડન—મેરવાનજી સોરાબજી ખરેઘાટ	૭	૭	૧૨૧૬
ઇછાપોર—પાલણજી, કાવસજી ધનજીભાઇ પાંડવાલા	...		૧૨૧૭
,, પીરોજબાઇ તે દાદાભાઇ માણેકજી વાછાના વીધવા	૮	૭	૧૨૪૫
ઉદવાડા—રૂશતમજી જમશેદજી જીજીભાઈ	૧૭	૫	૧૨૩૮
,, દીનશાહ દોરાબજી મીસતરી	૨૭	૪	૧૧૭૦
,, સ્ટેશન આગલ—જમશેદજી સોરાબજી એંઝી	૮	૯	૧૨૭૦
,, ,, નવરોજી માણેકજી વાહાડયાની ઇસ્ટેટના ટ્રસ્ટીઓ ...	૧૨	૧૧	૧૨૬૧
ઓરપાડ—ખરશેદબાઈ તે એ. માણેકજી પાલનજી હોમજી કરંજીઆના વીધવા...	૨૫	૧૦	૧૨૬૪
કચ્છ ભુજ—પેસતનજી શોરાબજીએ પોતાના પુત્ર કુવરજીની યાદગારી માટે ...	૨૬	૧	૧૨૭૩
કલકતા—માણેકજી રૂશતમજી બનાજીની યાદગીરીમાં અંજુમનના ઉપરાણાંથી બાંધેલી	૧૦	૭	૧૨૭૮
કલીકટ—હોરમશજી બમનજી વાહડીઆ	...		૧૧૬૩
કુંડીઆના—સર દીનશાજી માણેકજી પીટીટ	૨૭	૧૧	૧૨૬૫

ઠેકાણું. કોણે બંધાવેલી.	રોજ	માહ	ય. સને
ખંડાલા–સર જમશેદજી જીજીભાઇ બારોનેટ	...		૧૨૦૮
ખેરગાંમ–અનજુમનના ઉઘરાણાથી	૧૧	૨	૧૨૫૫
ગંદેવી–નવરોજી જમશેદજી વાહડીઆ	૭	૯	૧૨૧૮
જાંહાંખોરડી–પેશતનજી ખરશેદજી કામા	૧	૧૨	૧૨૦૦
દમણ–રતનબાઇ તે હોરમજી મનચેરજી કામાના વીધવા	...		૧૨૧૫
દંતોરા–વસાઇ–અરદેશર દાદાભાઇ દાદીશેઠ	...		૧૧૭૪
દેહણું–મનચેરજી તથા બમનજી માણેકજી બંડારા	...		૧૧૯૮
નવસારી–નોસરવાન બાગ–આ૦ નશરવાનજી ખરશેદજી કાંગા ...	૧૯	૮	૧૨૩૭
,, નવાજબાઇ તે કુંવરજી હોરમજી ભાભાના ધણીઆણી ...	૧	૯	૧૨૨૫
નાગપોર–બીલીમોરીયા બ્રધરસ	૨૫	૪	૧૨૭૬
પારડી–પેશતનજી બમનજી વાહડીઆજી	...		૧૧૫૮
,, હોરમશજી ગાંડાભાઇ	૧૭	૯	૧૨૫૦
પાહારી–ફરાંમજી નશરવાનજી પટેલ	...		૧૨૧૯
પુણાં–ભવાંનીપેંટ–પેશતનજી શેરાબજી	૨૮	૭	૧૨૨૭
,, સ્ટેશન આગળ–હોરમજી સેરાબજી તાડીવાલા	૧૯	૧	૧૨૨૯
,, કાપ–મુંબઇવાલા નવરોજી ગીશતા તથા શાપુરજી શુબેદાર ...	...		૧૧૯૪
પોરબંદર–જુના ખોખીરાગામ–હીરજીભાઇ નવરોજી વાડયાએ પોતાના ધણીઆણી રતનબાઇની નઇયતે	૧૬	૯	૧૨૭૭
બીલીમોરા–રુસતમજી મેરવાનજી બીલીમોરયા	૧૬	૧૦	૧૨૧૧
ભગવા ગાંમ–એદલજી ફરાંમજી આલબલેશના શાહેબજાદા	...		...
ભરૂચ–જમશેદ બાગ–જમશેદજી હોરમજી લાકડાંવાલાના ખેશીઓ ...	૨૭	૬	૧૨૫૨
,, કોટમાં–મેરબાન બાગ–મેરવાંનજી હોરમજી ફરેજર... ...	૧૯	૧	૧૨૧૩
,, કાંઠાપર–રુશતમજી જમશેદજી જીજીભાઇ	...		૧૨૩૫
,, બહારકોટ-મેરવાંનજી હોરમજી ફરેઝર	..		૧૧૯૨
ભાહાંગાંમ–માણેકજી દોરાબજી બુચર	...		૧૨૪૯
ભેશાંણુ–આવાંબાઇ તે કાવસજી એજનજી આલબલેશનાં ધણીયાણી ...	૨૮	૬	૧૨૫૩
મઉ–ભીખાઇજી નવરોજી ખોરીની નઇએતે	૧૭	૨	૧૨૫૮
મહાબલેસ્વર–ફરાંમજી નશરવાંનજી પટેલ	...		૧૨૨૮
,, મેહેરા ગાંમ–ફરાંમજી નશરવાંનજી પટેલ	...		૧૨૨૮
મહુવા–માણેકવાડી–અરદેશર ભીખાજી પટેલ	૧૭	૨	૧૨૮૦
માંડવી-જીલ્લા સુરત-અરદેશર ભીખાજી પટેલે ધણીયાણી રતનબાઇના પુણ માટે	૮	૫	૧૨૮૦
રાંદેર–હોરમજી માણેકજી માબુ...	...		૧૨૦૮
વડોદરા કાંપ–ફરાંમજી નશરવાનજી શીરવાઇ તથા બીજાઓ ...	૨૦	૨	૧૨૬૮
વલસાડ–નવરોજી પેશુતનજી કાપડીઆ	૨૬	૪	૧૨૪૬
,, મોટાભાઇ શાપુરજી	૧૬	૯	૧૨૬૯
વસઇ–દાદાભાઇ તથા મનચેરજી પેશતનજી વાહડીઆ	...		૧૨૦૫
,, લેવજી સોરાબજી લાકડાંવાલા	૧	૩	૧૧૫૮

ઠેકાણું. કોણે બંધાવેલી	રોજ	માહા	ય. સને
વ્યસાઇ—પોરબંદર—નવરોજી જમશેદજી વાહડીઆ	...		૧૧૯૮
સંજાણ—વીકાજી મેહેરજી	...		...
શીકંદરાબાદ—એદલજી સોરાબજી ચીનાઇ	૧૬	૫	૧૨૫૮
શીગનપોર—માંણેકજી રતનજી શીગનપોરીઆ	૧	૧૨	૧૨૪૧
સુમારી—કરારી બંદર—ફરદુનજી સોરાબજી પારખ ...	...		૧૨૦૮
સુરત—શાએન—ખરશેદજી ફરદુનજી પારખ	...		...
„ સ્ટેશન આગળ—ખરશેદજી ફરદુનજી પારખ	૧૩	૩	૧૨૩૪
„ ગોપીપુરે—જાંગીરજી નશરવાંનજી વાહડીઆ	૧	૭	૧૨૧૦
„ નાનપરે—કાવશજી રૂસતમજી તમનાની નઇએતે(૭)	૨૫	૧૦	૧૧૮૮
„ રૂસતમપરે—એદલજી દાદાભાઈ સુખીઆના વારેશો(૮)	૭	૨	૧૨૩૩
„ શયદપરે—ભીમજીભાઇ રતનજી એંટીની નઇએતે	...		૧૧૬૮
„ શીંધીવાડ—આ૦ મનચેરજી ખુરશેદજી શેઠના	૬	૧	૧૧૩૧
„ આમોદ—કાવશજી માંણેકજી મોદી	...		૧૨૪૦
„ મુગલીસરાહ—પેસતનજી ઉકરજી શેઠનાના પુણ્ય માટે એકઝીક્યુટરોએ	૭	૯	૧૨૮૫
સોલાપુર—કામા હાલ—હોરમજી દોરાબજી કામા— અનજુમન મલીને ...	૩૦	૭	૧૨૫૮
હજીરા—જીલ્લા શુરત—ફરદુનજી શેરાબજી પારખ	...		૧૨૦૮

[૧] આ ધરમશાળા પહેલવહેલી યઝદેજરદી સને ૧૨૧૪માં મરહુમ શેઠ ફરદુનજી સોરાબજી પારખના સાહેબજાદાઆએ બેહસતનશીન બાઇ પીરોજબાઈ તે શેઠ જમશેદજી ફરદુનજી પારખના ધણીઆણીના પુણને માટે બંધાવી પારસી પંચાએતના ટરસટીઓના સ્વાધીનમાં આપી હતી. તે પછી સને ૧૨૩૩માં શેઠ ખરશેદજી ફરદુનજી પારખે પોતાને ખરચે એ ધરમશાલાની ઉપર માલ બંધાવી કેટલોક ફેરફાર કરાવી આપ્યો હતો.

[૨] આ ધરમશાળા અંકલેસરવાલા શેઠ પેશતનજી નશરવાનજીની કંપનીએ સને ૧૨૪૩ માં ફરીથી બંધાવી છે.

[૩] આ અજમેરની ધરમશાળા શેઠ મનચેરશાહ ન૦ રૂશતમફરામનાએ નવેસરથી બંધાવીને એવણના મરહુમ બેટા ફરામરોઝની બારમાં વરશની બાજ રોજ ૧૮ મો માહા ૧૨ મો સને ૧૨૮૦ ને દીને પડી તે દીવસે ખુલ્લી મેલી હતી.

[૪] અમદાવાદની શેઠ મ. સા. કરંજવાલાની ધરમશાલા જે અગાઉ ત્યાંની દરેહમહેરની સાથે એક ઓરડામાં હતી તે સને ૧૮૭૫ ના સાલમાં રેલ આવવાથી પડી જવા પછી હસ્તીમાં રહી નથી.

[૫] અમદાવાદની સે. જ. જીજીભાઇની નાધલી ધરમશાલા બીશમાર હાલતમાં આવવાથી તે તોડાવીને તેની જગા ઉપર સર નવરોજી પેશતનજી વકીલ સી. આઈ. ઇ. એ મોહટી કુસાદે ધરમશાલા રોજ ૮ મો માહા ૪ થો સને ૧૨૬૩ યઝદેજરદીને દીને બંધાવી ખુલ્લી મેલી છે.

[૬] આ ધરમશાલા પુરાણી થવાથી અને વશાતીની જગાથી દુર પડવાથી આંકોલાના આસીસ્ટંટ કમીશનર દશાતુરજી સાહેબ બમનજી જામાશપજી જામાશપઆશાનાએ આગેવાની લઈ લોકોનાં ઉધરાતથી ફંડ એકઠું કરીને જુની ધરમશાલાનો કાત ઉખેડી લાવી વશાતીની નજદીકની જગોપર રોજ ૨૫ મો માહા ૧ લો સને ૧૨૫૦ યજદેજરદીને દીને એ ધરમશાળા નવેશરથી બાંધી છે.

[૭] સુરતમાં શેઠ કાવસજી તમનાએ ઈ. સને ૧૮૧૮ માં ધરમશાલા બાંધવાનું શરૂ કીધેલું પણ એવણનું મરણ નીપજવાથી ભાણેજ શેઠ પાલનજી કા. અઢુંગરે કામ પુરૂ કરી શેઠ કાવસજીની છમસીને દીને રોજ ૨૫–૧૦–૧૧૮૮ યાને તા૦ ૨૬–૭–૧૮૧૯ ને દીને ધરમશાલા ખુલ્લી મુકી હતી. પાછળથી શેઠ મેરવાનજી હોરમજી ફરેજરે પોતાને ખરચે એ ધરમશાલા દુરશત કરાવી ઉતર દીશાનો મોટા ઓટલાનો ગાલો વધારી ધરમશાલા રોજ ૧૪–૧૧–૧૨૧૪ યાને તા૦ ૭–૮–૧૮૪૫ ને દીને ખુલ્લી મુકી હતી. એ પછી ઇ. સ. ૧૮૮૨ માં નોનપરાની અંજુમને દુરસતી કરાવી હતી. આ ધરમશાલા બીસમાર થવાથી નવેસરથી એક માલનું બાંધ્યું છે. માલનો ઉતર ભાગ "આદરજી ડેપ્યુટી હોલ" તરીકે શેઠ આદરજી જી. ડેપ્યુટીના છોકરાઓએ અને દક્ષીણનો ભાગ "લાલકાકા હોલ" તરીકે શેઠ એદલજી પા. લાલકાકાના કુટુંબે શરઅવસરે વાપરવા બાંધ્યાં છે, એ ધરમશાલા તથા હોલો રોજ ૧૩ મો માહા ૨ જો શેહેનશાહી ૧૨૮૬ ને દીને ખુલ્લા મુકયા હતા.

[૮] આ સુરતની સુખ્યાવાલી ધરમશાલાનું મકાન બીસમાર હાલતમાં આવવાથી બાઈ જરબાઇ નવરોજી અમારબાંગવાલાએ પોતાના ખાવીંદ શેઠ રૂશતમજી બેરામજી દારૂવાલાના પુણ્ય માટે ઘટતી મરામત કરાવીને એ ધરમશાલા રોજ ૧૭મો માહા ૯ મો શે. સને ૧૨૮૫ ય. ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

જરથોસ્તીઓએ બંધાવેલાં જાહેર વપડાસનાં મકાનો.

મુંબઇ મધેનાં જાહેર વપડાસનાં મકાનો.

	રોજ	માહ	૫. સને
કરેલવાડી—હમાબાઇ માણેકજી નશરવાનજી પીટીટ વીધવા આશરમ—દીનબાઇ નશરવાનજી પીટીટે સ્થાપેલું	૨૭	૪	૧૨૬૮
કોટમાં—જાહેર હોલ—સર કાવસજી જાહાંગીર બારોનેટ	૬	૧૦	૧૨૮૭
,, માણેકજી શેઠની વાડી—માણેકજી નવરોજી શેઠના			૧૧૫૧
કોલાબા—મેરવાન બાગ—(પારસી સેનેટરીયમ) મેરવાનજી ફરામજી પાંડે	૧૩	૩	૧૨૩૫
ખંબાલા હીલ—ફરામજી દીનશાહ પીટીટ પારસી સેનેટરીયમ—ફરામજી દીનશાહ પીટીટની પોતાની પુંજીમાંથી	૧૨	૫	૧૨૭૧
ખેતવાડી—ગરીબ જરથોસ્તીઓ માટે સસ્તાં ભાડાંની ચાલી-નવરોજી ધનજીબાઇ ગોલવાલાની પુંજીમાંથી	૧૧	૭	૧૨૮૩
,, બાટલીવાલાની વાડી—શાપુરજી મનચેરજી બાટલીવાલા ...			
,, હોરમજ બાગ—કાવસજી હોરમજી સરાફ	૨૬	૧૦	૧૨૪૧
,, હોરમજી પેસતનજી બાટલીવાલાની વાડી	૧૯	૧૧	૧૨૩૩
ગીરગામ—ઓલબલેસ બાગ—એદલજી ફરામજી આલબલેશનાં વારેસો ...	૨૨	૧	૧૨૩૮
તારદેવ—વાડીયા સ્ત્રીટમાં—ગરીબ જરથોસતીઓ માટેની સસતાં ભાડાંની ચાલી—સોરાબજી મનચેરજી નીકલસનના બેટાઓ	૧૨	૭	૧૨૮૫
,, વાડીયા સ્ત્રીટમાં—ગરીબ જરથોસતીઓ માટેની ચાલી—દોરાબજી ડોશાભાઇ ભીમડીવાલાએ માત પીતાના પુણ માટે			૧૨૮૫
,, ગરીબ જરથોશતીઓના રહેઠાણોના ફંડ હસ્તકના જુદાં જુદાં મકાનો ...			
ગીલ્ડર સ્ટ્રીટ—ઉપલા ગરીબ જરથોસતીઓના રહેઠાણોનાં ફંડ હસ્તકના જુદાં જુદાં મકાનો ...			
,, ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી તરફથી જુદી જુદી બંધાયલી સસતાં ભાડાંની ચાલીઓ	૧૬	૯	૧૨૭૭
પરેલ—ગોલનજી હીલ—ઉપલી ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટી હસ્તકની બમનજી હોરમજી જનરલનાની જગાપર બંધાયલી ચાલીઓ	૧૫	૮	૧૨૮૧
ધોબીતલાવ—ફરામજી કાવસજી ઇનશટીટયુટ—ફ.કા. ના. કે. ખેશી ને મીત્રો મળીને	૨	૬	૧૨૩૧
ન્યુ ચરનીરોડ—કામા બાગ—પાલણજી ખરશેદજી કામા...	૧૭	૯	૧૨૩૮
પાયધોની—એલાહી બાગ—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ ...	૨૪	૫	૧૨૦૮
બાહારકોટ—પાલનજી દોરાબજી મેહેરજીનું મકાન	૧૧	૯	૧૨૧૪
મોદીખાના—નસરવાનજી માણેકજી પીટીટ વીધવા આશરમ—દીનબાઇ નશરવાનજી પીટીટે સ્થાપેલું	૬	૮	૧૨૬૨

દેશાવરો ખાતેનાં જાહેર વપડાસનાં મકાનો.

	રોજ	માહ	૫. સને
અંદેરી—અરદેશર બીખાજી પટેલે પોતાના ધણીયાણી રતનબાઇના પુણ માટે દરેહમેહરને લગતું સર અવસરે વાપરવા બંધાવેલું મકાન ...	૨૩	૧૧	૧૨૮૦
અમદાવાદ—સેનેટરીયમ—રૂસતમજી જેહાંગીરજી વકીલે પોતાના પીનાના પુન માટે	૨	૧૨	૧૨૭૫
,, જાહેર હોલ—સર નવરોજી પેસતનજી વકીલ સી. આઈ. ઈ. ...	૯	૫	૧૨૯૭
આકોલા—કુવર હોલ—જમશેદજી પેશતનજી દસ્તુરે માતાજી કુવરબાઇના પુન માટે	૨૬	૩	૧૨૬૮
અહમદનગર—ધનાપટેલ હોલ—દીનબાઇ બમનજી ધનાપટેલે પોતાના ધણી બમનજીના પુન માટે	૨૫	૭	૧૨૮૪
ઇનડોર—કુંવર હોલ—હોરમજી માણેકજી ભમગરા	૨૭	૧૧	૧૨૫૨
ઉતાકામન્ડ—જાલ ફીરોજ હોલ—ફીરોઝ મનચેરજી કલબવાલાએ દીકરાના પુન માટે	૧	૬	૧૨૭૬
ઉરન—સેનેટરીયમ—હોરમજી માણેકજી ભીવંડીવાલાએ પોતાના માતપીતાના પુન માટે	૫	૩	૧૨૭૧
કરાંચી—જાહાંગીર બાગ—જાહાંગીરજી જમશેદજી રાજકોટવાળાનાં વારેસો ..	૨૬	૧૧	૧૨૫૭
,, સોરાબજી બેરામજી કંત્રાકટરની યાદમાં કરાંચીની ઝોરાસ્ટ્રીયન કલબના કમપાઉંડમાં બંધાયલો બંગલો	૨૭	૧૧	૧૨૭૮

	રોજ	માહ	ય. સને
કરાંચી—ખરશેદબાઇ કાતરક પારસી હોમ–કાવશજી હોરમજી કાતરકે પોતાના ધણીયાણીની યાદમાં બંધાવેલી સસતાં ભાડાંની ચાલી (એ ઉપરાંત કરાંચીની પારશી પંચાયતની વાડીમાં ગુલબાઇ ન મેહતા ચાલ તથા બીજા સખી જરથોસતીઓએ બંધાવેલી ચાલો છે	૯	૯	૧૨૮૦
,, જાહાંગીર કોઠારી હોલ–પારસી ઇનસ્ટીટયુટના કંપાઉંડમાં–જાહાંગીર હોરમજી કોઠારીએ બંધાવેલો	૨૪	૧૦	૧૨૮૫
,, રૂશતમ બેરામ ઇરાનીએ માતાજી જરબાનુની યાદમાં નસાખાનાનાં કંપાઉંડમાં સરઅવસરે વાપરવા "સીઝદે ગાહે રૂવાન" નામનું બંધાવેલું મકાન	૨૩	૭	૧૨૮૬
કવેટા–બાનુ થીઓસોફીકલ હોલ ઓફ કવેટા–બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ. ઇ. એ પોતાના બેટી બાનુ ગોશસ્પની યાદગારી માટે			૧૨૮૧
ખંડાલા–ગરીબ જરથોસ્તીઓને હવા ખાવા માટેના બંગલા–જાહાંગીર રૂશતમજી મોદીએ પોતાનાં માતાજી રતનબાઇનાં પુનુ માટે બંધાવેલા તથા બીજા સખી જરથોસ્તીઓનાં ઉગરાટથી જહાંગીર બેરામજી મરજબાને બાંધેલા			૧૨૬૫
ગેરગામ–મોટીબાઇ હોલ–મોટીબાઇ તે બમનજી જમશેદજી મુલ્લાંના વીધવા	૨૦	૧૨	૧૨૬૧
જાંબોરડી–જમશેદજી નશરવાનજી પીટીટ પારસી સેનેટરીઅમ ...	૩	૭	૧૨૬૫
તારાપોર–મેરજી૦કુંતારાપોરવાલાની યાદગારી માટે બંધાવેલું મકાન ...	૧૯	૧	૧૨૭૨
તીથલ–(વલસાડ નજદીક)–સેનેટરીયમ–સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના બેટીઓએ (એ ઉપરાંત બીજા જુદાં જુદાં સખી જરથોસ્તીઓએ બંધાવેલા બલોકો છે.)	૮	૮	૧૨૭૮
દેવલાલી–ડા. કેખશરૂ નશરવાનજી બાહાદુરજીની યાદગારી માટે બંધાયલી શેનેટરીયમ	૫	૧૨	૧૧૭૧
,, નશરવાનજી જમશેદજી કુપર કોનવેલેસંટ હોમ–રતનજી જમશેદજી દુબાશે પોતાના ભાઈ નશરવાનજીના પુન માટે	૧૦	૯	૧૨૭૩
,, સેનેટરીયમ–બાપુજી દોરાબજી દારૂવાલાએ પોતાના માતપીતાની નઇયતે	૧૯	૧	૧૨૭૯
,, શીરીનબાઇ રૂશતમ કે ઇરાનીએ પોતાના ભરથારની યાદમાં દખમાં આગળ બંધાવેલું સરઅવસરે વાપરવાનું મકાન	૧	૮	૧૨૮૧
,, સોડાવાટરવાલા કોનવેલેસંટ હોમ–બાઇમાય સોરાબજી સોડાવાટરવાલાએ પોતાના ધણી સોરાબજીના પુન માટે	૧૪	૪	૧૨૮૩
ધરમપોર–બે. મે. મલબારીએ ૧૯૦૯ માં ખઈના દરદીઓનું સ્થાપેલું સેનેટરીયમ—૧૯૧૨ થી કીંગ એડવરડ સેવનથ સેનેટરીયમ, એમાં જુદા જુદા જરથોશ્તીઓના બાંધેલા કોટેજો	૧૨	૭	૧૨૮૬
નવસારી–સોરાબ બાગ–એરવદ કાવસજી સોરાબજી બેદવાર	૧૪	૫	૧૨૩૮
,, ખરશેદવારી–ખરશેદજી ટેમુલજી દેસાઇ	...		...
,, તેની પાસેની જમનશાળા–સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટ	૨૦	૬	૧૨૨૨
,, કાઉસ બાગ–કાવસજી માણેકજી તાતાના છોકરાઓ	૮	૬	૧૨૪૬
,, જમશેદ બાગ–સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ ...	૨૦	૬	૧૨૧૯
,, નવાજબાગ–મેરવાનજી નાનાભાઇ મેહતાએ પોતાના માતપીતાના પુન માટે	૧૩	૮	૧૨૬૯
,, બેરામજી નસરવાનજી સીરવઇ હોલ–બેરામજી નશરવાનજી સીરવઇ	૨૬	૧૨	૧૨૭૯
,, બેરામજી નસરવાનજી સીરવઈ પારક–બેરામજી નસરવાનજી સીરવઇએ લુનશી કુઇના મેદાનમાં ફરવા હરવા માટે બંધાવેલી જગા ...	૨૧	૪	૧૨૭૯
પેન–જીલ્લા કોલાબા–હોમી લોજ–હોરમજી માણેકજી બીમડીવાલા ...	...		૧૨૭૭
પુના–નશરવાનજી માણેકજી પીટીટ હોલ	૬	૪	૧૨૬૧
,, ફરવરદેમાન હોલ દોરાબજી દીનશાહ એદનવાલાએ પોતાના ધણીયાણી ડોશીબાઇના પુણ્ માટે	૪	૧૨	૧૨૭૧
બદનેરા–શોરાબજી નશરવાનજી કામાએ પોતાના ધણીયાણી ગુલબાઇના પુણ્ માટે બાંધેલું ધરમનું મકાન	૧૫	૧૧	૧૨૭૩
બીના–બેરામજી નવરોજી ઝવેરીના પુન માટે એવણુના વીધવા નવાજબાઇએ તથા બેટા નાનાભાઇએ બાંધેલો હોલ	૪	૬	૧૨૮૦

	રોજ	માહ	ય. સને
બીલીમોરા—તાતા બાગ—મનચેરજી શાપુરજી તાતાએ પોતાના બાવાં શાપુરજી ફ્રુ. તાતાના પુણ્ માટે … … … …	૨૯	૬	૧૨૮૧
એલગામ—મુલ્લાફીરોઝ મુસાફરખાનું—રૂશતમજી દીનશાહજી મુલ્લાફીરોજના પુણ્ માટે એવણના વીધવા નવાજબાઈએ બાંધેલું ઉતારાનું ધરમનું મકાન	…		૧૨૭૨
ભરૂચ—સર શાપુરજી ભરૂચા હોલ અને રાયચંદ દીપચંદ લાયબ્રેરી—સર શાપુરજી બરજોરજી ભરૂચા … … … … …	૧	૪	૧૨૮૧
,, રતનબાઇ ધનજીશાહ મેરવાનજી ડાકટરનું સેનેટરીયમ… …	૨૫	૬	૧૨૬૫
,, ધનજીશાહ રૂશતમજી ઉમરીગરે પોતાના માતપીતાના પુન માટે સરઅવશરે વાપરવા આપેલું મકાન … … …	૧૧	૯	૧૨૭૮
,, વીરબાઇ શાપુરજી નારીયલવાલા હોલ—નારીયલવાલા દરેહમેહેરમાં વીરબાઇ શાપુરજી નારીએલવાલાના પુન માટે કુટુંબીઓએ …	૨૫	૨	૧૨૮૬
બીમપોર—નશરવાનજી માણેકજી પીટીટ સેનેટરીયમ … …	૬	૩	૧૨૬૪
,, મનચેરજી પાલનજી કંટરાકટરે પોતાની વાડીમાં બંધાવેલું હવા ખાવાનું મકાન			૧૨૯૦
ભોપાલ—ડોશીબાઇ પેશતનજી દાદાભાઇએ ખાવીંદ પેશતનજીની યાદમાં આરામગાહની જગામાં સરઅવસરે વાપરવાનું બંધાવેલું મકાન	૧૦	૯	૧૨૮૫
ભુસાવલ—નાયગામવાળા હોલ—નવરોજી પેસતનજી નાયગામવાલા તથા કંતરાકટરે પોતાના બેટી આલાંમાયના પુન માટે … … …	૪	૧૦	૧૨૮૦
મકાઉ—ચીનમાં—સર હોરમજી નવરોજી મોદીના પુન માટે ધણીયાણી લેડી માણેકબાઇ તથા બેટા નવરોજીએ સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન	૭	૧	૧૨૮૫
મદરાસ—ફ્રામજી હોલ-અરદેશર ફ્રામજી ભમગરા તથા ભાઈઓએ પોતાના પીતાના પુન માટે … …. … … …	૬	૧૨	૧૨૭૫
,, ફરેદુનજી નશરવાનજી મજગામવાલાની યાદગારી માટે મદરાસની અનજુમને સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન …	…		…
,, જાલ ફીરોઝ મેમોરીયલ બીલ્ડીંગ-ફીરોજ મનચેરજી કલબવાલાએ પોતાના દીકરાના પુન માટે … … … …	૨૯	૫	૧૨૭૭
મોરા ગામમાં—દાદાભાઈ તથા કાવસજી પાલનજી ચઉનાનું મકાન …	…		૧૨૫૬
રાવલપીંડી—નવાબ ધનજીભાઇ ફકીરજી કામાડોરની યાદમાં ધણીયાણી બેગમ આવાબાઈ તથા બેટા શોરાબજીએ સરઅવસરે વાપરવા બંધાવેલું મકાન	૧૦	૮	૧૨૮૧
લેનોલી—બીખાઇજી જાહાંગીર હોરમજી મોદીનું સેનેટરીયમ… …	૧૪	૮	૧૨૬૬
,, ડાઈનીંગ હોલ—કાવસજી દીનશાહ એદનવાલાના સાહેબજાદાઓ	૨૨	૯	૧૨૭૧
લંડન-ઇંગ્લંડના ઈમપીરીયલ ઇનસટીટયુટમાં બંધાવેલો "ઇંડીઅન કોનફરન્સ હોલ"—સર જહાંગીર કાવસજી જહાંગીર રેડીમની બારોનેટ	૧૯	૯	૧૨૬૪
લંડનના વોકીંગ ખાતે—વાહાડયા મેઝોલીયમ—નવરોજી ન. વાહાડયાના વારસો	૧૫	૧૦	૧૨૭૦
વલસાડ-સુનાબાઇ જાહાંગીર ફ્રામજી ભમગરાએ પોતાના બેટા કેખશરૂના પુણ્ માટે કીરીયાકામ કરવા બંધાવેલું મકાન … ..	૧૫	૧	૧૨૮૧
શાંતાકરૂઝ—ધનબાઇ બેરામજી મે. મલબારીએ બંધાવેલા હવા ખાવાના મકાનો	…		૧૨૮૦
સકકર-આરામગાહની જગામાં સરઅવસરે વાપરવા માટે એબાણનગાહનું મકાન	૧૧	૭	૧૨૮૩
સીકંદરાબાદ-પીપલસ હોલ—૧૮૯૦—પાછલથી "જમશેદ હોલ" જમશેદજી એદલજી ચીનાઇએ રૂ૧૫૦૦૦ માં વેચાતો લઈ ભેટ આપેલો	૨૦	૧	૧૨૮૨
હજીરા—જીલ્લા સુરત—સેનેટરીયમ—પાલનજી શેરીઆરજી માદનના છોકરાઓ રૂશતમજી, ડોશાભાઇ અને માણેકજીએ બંધાવેલું … …	૧	૭	૧૨૮૦
હુબલી—હોરમજબાગ—બરજોરજી માણેકજી પટેલ, બીખાજી બર. બારીયા, સો. હો. ભરૂચા અને બીરાદરો, તથા દોરાબજી માણેકજી પનવેલીવાલા મલી	૬	૨	૧૨૭૮
હેદરાબાદ દખન—(જગીસતાપુરમાં દખમાં નજદીક)—દસ્તુર ખુરશેદજી જમશેદજી જામાસ્પઆશાના અને ધણીઆણી કુવરબાઇના પુન માટે એમના ફરજંદો બીખાઇજી અને અરદેશર તથા જાહાંગીરજીએ બંધાવેલું શરઅવસરે વાપરવાનું મકાન … … … …	૧૯	૪	૧૨૮૫

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમના દવાખાના.

મુંબઇ મધેનાં ધરમનાં દવાખાનાં.

કોટમાં–કોટનુ ધરમનું લોકોના ઉધરાટનું દવાખાનું—કાવશજી ધ. પાંઉવાલાનું.
,, દીનબાઇ પેસતનજી શાપુરજી ગઝદરનું અરધ ધરમનું દવાખાનું—૧૯૦૭.
,, પારસી સુવાવડખાનું—અનજુમનને ખરચે—૧૮૯૫.
કોટ, મેદાનમાં-પેસતનજી હો. કામાવાલી ઓરત અને બચાંઓ માટેની "કામા હાસપીટાલ"–૧૮૮૬
ખેતવાડી-નશરવાનજી માણેકજી પીટીટનું ધરમનું દવાખાનું—૧૮૬૫.
,, ડા૦ ફરામરોઝ રતનશાહ પારખની હાસપીટાલ અને સુવાવડખાનું—૧૯૦૯-એનું બંધાયલું મકાન ૧૯૧૭
,, ડા૦ માણેક પી. કેરાવાલાની સ્ત્રીઓની હાસપીટાલ અને સુવાવડખાનું—૧૯૧૦.
ગ્રાંટરોડ–સર દીનશાજી તથા નશરવાનજી માણેકજી પીટીટવાલું દવાખાનું (અગાઉ માંડવી ચકલા સ્ત્રીટમાં હતું)
ચોપાટી–જરબાઇ નવરોજી નશરવાનજી વાહડયાનું પ્લેગ હાસપીટાલનું મકાન—૧૯૦૬
તારદેવ—ગરીબ જરથોસ્તીઓનાં રેહેડાણવાલી જગોપરનું ધનજીભાઇ એદલજી આલબલેશને નામનું ધરમનું દવાખાનું—૧૮૯૯.
,, હીરાંબાઇ બેરામજી જીજીભાઇનું ધરમનું દવાખાનું—૧૮૯૧
,, એડમસ વાઇલી હાસપીટાલમાં બાઇના દરદીઓ માટેનો "નશરવાનજી મા. પીટીટવાર્ડ"–૧૯૦૮
,, એડમસ વાઇલી હાસપીટાલમાં 'મોટલાબાઇ વાહાડયા ડીસપેનસરી"—૧૯૧૦.
તુરંબે–એદલજી ફરામજી આલબલેશ "લેપરસ હોમ"—રગતપીત હાસપીટાલ.
ધોબીતલાવ–ડા૦ ખરશેદજી નશરવાનજી કરંજીઆવાલી આંખની હાસપીટાલ—૧૯૧૨ (એની અગાઉ અ. હો. વાહાડયાવાલી આંખની હાસપીટાલ હતી જે બ. દી. પીટીટ પારસી જનરલ હાસપીટાલ સાથે જોડાઇ ગઇ છે.)
પરેલ—સાકરબાઇ દીનશાહ માણેકજી પીટીટવાળી જાનવરોની હાસપીટાલ—૧૮૮૪.
,, સર દીનશાહ માણેકજી પીટીટ પેથોબેકટ્રીઓલોજીકલ લેબોરેટરી.
,, લવજી વાહડયા ડીસપેનસરી –૧૮૬૫
ભાયખલા–ડા૦ હોરમજી માણેકજી માસીનાની હાસપીટાલ–૧૯૦૨.
ડા૦ જે. એન. બહાદુરજીવાલી પુવર મેન્સ આઇ કલીનીંગ યાને આંખની હાસપીટાલ—૧૯૦૮
ભીંડીબજાર–સર જમશેદજી જીજીભાઇ હાસપીટાલ–૧૮૪૫
એજ ઠેકાણે–સર કાવસજી જાહાંગીરવાલી આંખની હાસપીટાલ—૧૮૬૬
,, ઉપલી આંખની હાસપીટાલ સર કાવસજી જહાંગીરજી બારોનેટે ફરીથી બંધાવી–૧૯૧૦
,, રૂશતમજી જમશેદજી જીજીભાઇવાલી ફેફાંડાં દરદની હાસપીટાલ.
,, સુવાવડની મોટલાંબાઇ હાસપીટાલ–૧૮૯૨.
,, સર દી. મા. પીટીટની બચાંઓ અને ઓરતો માટેની હાસપીટાલ—૧૮૯૨
,, ફરામજી દીનશાહ પીટીટ લેબોરેટરી–૧૮૯૧.
,, આવાંબાઇ ભાવનગરી નરસીસ હોમ–૧૮૯૧.
માટુંગા–રગતપીતીઆઓ માટે જમશેદજી નસરવાનજી પીટીટ હાસપીટાલ વારડ–૧૮૯૪
માંડવી–બમનજી આલબલેશ ઓબસતેત્રીક હાસપીટાલ–સુવાડખાનું–૧૮૯૦
મેહેમ–મોટલાંબાઇ જાહાંગીર વાડીયાનું દવાખાનું.

વાલકેશર–બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ હાસપીટાલ—૧૯૧૨
એજ ઠેકાણે–ફરામજી હોરમસજી વારડનવાલો ઓપરેશન બ્લોક—૧૯૧૨
,, મોટલાબાઇ જાહાંગીર વાહાડયાવાલો સ્ત્રીઓ માટેનો મુખ્ય બલોક—૧૯૧૨
,, પીરોજબાઈ નશરવાનજી જે. વાહાડયાવાલો સ્ત્રીઓના દરદો માટેનો બલોક—૧૯૧૨
,, આવાંબાઇ ફરામજી દીનશાહ પીટીટવાલું સુવાવડખાનું—૧૨૯૨
,, અરદેશર હોરમારજી વાડયાવાલી આંખની હાસપીતાલ-૧૯૧૨. [માટેનો બલોક-૧૯૧૨
,, નવાજબાઈ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇની યાદમાં બાંધેલો બાહેરના દરદીઓ વેસાવા ખાતે–કોનવેલેસંટ હોમ તરીકે ઉપલી હાસપીટલ માટે કાવશજી સોરાબજી બાટલીવાલાએ ભેટ આપેલા બે બંગલાઓ. [બંધાવેલી–૧૯૧૪.

વાંદરા–ખરશેદજી બેરામજી ભાભા હાસપીટલ—જાઇજી ખ. ભાભાએ પોતાના ધણીના પુણ માટે
,, સર કાવશજી જાહાંગીરજી રેડીમનીનું દવાખાનું—૧૮૭૬ (આ દવાખાનું વાંદરામાં બીજે ઠેકાણે હતું તે ૧૯૧૪ માં ભાભા હાસપીટલ બંધાયા પછી ત્યાં લઇ જવામાં આવ્યું છે.)
,, શીરીનબાઇ મનચેરજી કામાવાલું પારસી કોનવેલેસંટ હોમ.

દેશાવરો ખાતેનાં ધરમનાં દવાખાનાં.

અમદાવાદ–નવરોજી ડીસપેનસરી–સર નવરોજી પેસતનજી વકીલ—૧૯૦૦
,, નવરોજી મેટરનીટી હાશપીટલ એંડ જનરલ હાસપીટલ ફોર પારસીશ એંડ યુરોપીયન (સીવીલ હાસપીટલમાં) સર નવરોજી પેસતનજી વકીલે બંધાવેલી—૧૯૧૨
,, આંખની હાસપીટલ–સર નવરોજી પેશતનજી વકીલ–૧૯૦૦
અંધેરી–નશરવાનજી જાહાંગીરજી વહાડયાવાલું ધરમનું દવાખાનું–૧૮૯૯
આકોલા–"ખાં૦સા૦ દાદાભાઇ રતનજી બલસારા ડીસપેનસરી"–દાદાભાઇ રતનજી બલસારાએ
ઉડવાડા–જરથોસ્તીઓના ઉધરાતથી ચાલતું દવાખાનું [બંધાવેલી—૧૯૧૪.
ઉમરગામ–નારગોલ–સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટનું ધરમનું દવાખાનું
એડન–કાવશજી દીનશાહજીની "જરબાઇ ચેરીટેબલ ડીસપેનસરી"—૧૮૯૫
એરાવ–અરદેશર હોરમજી વાહડયાજીનું દવાખાનું
કરંજ–મોટલાંબાઇ જાહાંગીર વહાડયાવાલું ધરમનું દવાખાનું—૧૯૦૦.
કરાંચી–લેડી ડફરીન હાસપીટલ–એદલજી દીનશાહે બંધાવેલી—૧૮૯૮
,, લેડી ડફરીન હાસપીટલમાં–કાવશજી હોરમજી કાતરકવાલા સુવાવડખાનાનું નામ "વીરબાઇજી કાતરક મેટરનીટી વીંગ" રાખ્યું છે, એમાં પારશીઓ માટે રાખેલા જુદા વારડને "વીરબાઇજી કાતરક પારસી વારડ" નામ આપ્યું છે—૧૯૧૬
,, કાંપ–એદલજી દીનશાહ શરાફવાલી એદલજી દી. ચેરીટેબલ ડીસપેનસરી—૧૮૮૨
,, કેમારી–"બચુબાઇ એદલજી દીનશાહ હાસપીટાલ—૧૮૮૭
,, ડા૦ કેખશરૂ ડી. કંટરાકટરવાલું પારશી મેટરનીટી હોમ–સુવાવડખાનું—૧૯૧૦
કવેટા–બરજોરજી દોરાબજી પટેલની ઓરતો માટેની હાસપીટાલ—૧૮૮૮
કુડયાણા–મનચેરજી જમશેદજી પટેલવાલી 'કુંડયાણા ચેરીટેબલ ડીસપેનસરી'—૧૯૧૪
કાનપોર–જમશેદજી લાલાએ પોતાના ધણીયાણીની યાદમાં પ્રીન્સ ઓફ વેલ્સ હાસપીટલમાં બંધાવેલો 'મીસીસ નવાજબાઈ જમશેદજી લાલા આઉટ પેશંટ વોરડ'—૧૯૧૫
કુરલા–બમનજી હોરમજી વાહડીઆએ ય. સ. ૧૨૨૫ માં સ્થાપેલું દવાખાનું.
કોલંબો–જમશેદજી રૂશતમજી બીલીમોરીયાના ધણીઆણીએ લેડી રીજવે મેમોરીયલ હાસપીટલમાં બંધાવેલો 'મીસીશ રૂશતમજી વોરડ'—૧૯૦૯
ખંડાલા–નવરોજી નશરવાનજી વાહડીઆનું ધરમનું દવાખાનું—૧૮૯૬
ખેરગામ–નશરવાનજી માણેકજી પીટીટનું દવાખાનું
ગનદેવી–સર કાવસજી જાહાંગીર નાઇટવાલું દવાખાતું.
ચીખલી–સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનું.
તવડી–ન. મા. વાહડયાની ઇસ્ટેટના તરસટીઓએ સ્થાપેલું ધરમનું દવાખાનુ–૧૯૧૧.

તારાપોર—સર દીનશાહજી માણેકજી પીટીટની 'સાકરબાઇ ડીસપેનસરી.'
થાણા—ખરશેદજી રૂસતમજી વાહાડયાને નામનું દવાખાનું—૧૮૬૫.
દીહલી—એસ. પી. શરાફે ઉઘાડેલી આંખની હાસપીટલ—૧૯૧૪
દેવલાલી—જરબાઇ નવરોજી નશરવાનજી વાહાડયાવાલી ડા૦ બહાદુરજી સેનેટરીયમને લગતી ચેરીટેબલ ડીસપેનશરી—૧૯૧૦
નવસારી—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની "વીકટોરીયા ડીસપેનસરી."
,, મેરવાનજી નાનાભાઇ મેહેતાનુ "દોરાબજી નાનાભાઈ મેહતા પારસી સુવાવડખાનુ"—૧૯૧૨
,, એનું મકાન—મેરવાનજી નાનાભાઇ મેહતાએ બાંધેલું—૧૯૧૫
,, રતનજી ફરામજી દાબુ નવસારી પારસી જનરલ હાસ્પીટલ—૧૯૧૩
,, એનું મકાન—રતનબાઇ બરજોરજી પાલનજી મુલ્લાં બીલડીંગ—૧૯૧૩
,, બમનજી અસપંડયારજી દસ્તુરની કુંપનીએ મરકીના દરદીઓને માટે સ્થાપેલું ધરમનું દવાખાનું—૧૯૦૦.
નાગપોર—સર બેજનજી દાદાભાઇ મેહેતાએ ધણીઆણી પીરોજબાઇની યાદમાં મ્યુર મેમોરીયલ હાસપીટલમાં બંધાવેલો મેટરનીટી વોરડ-સુવાવડખાનું—૧૯૧૨
નારગોલ—નશરવાનજી જમશેદજી તાતા હાસપીટાલ અને ડીસપેનસરી-રતનજી જમશેદજી તાતાએ બપાવાની યાદમાં બંધાવેલી—૧૯૧૩.
નાશક—સર દીનશાહ માણેકજી પીટીટ જાનવરોની હાસપીટાલ—૧૮૯૫.
નીમચ—કાવસજી જીવણજી કંતરાકટરનું દવાખાનું—૧૮૮૮
પંચમણી-બેલ-એર સેનેટરીયમ—ડા૦ રૂસતમજી બમનજી બીલીમોરીયાવાલું—૧૯૧૪ (પુણામાં ૧૯૧૨ માં પહેલાં સ્થાપેલું.)
પુણા—મેહેરબાઇ સોરાબજી પદમજીવાલો પુણાની સાસુન હાસપીટાલમાં સુવાવડનો વારડ—૧૯૦૨.
,, સ્કોટલેંડ મીશનના યુનાઇટેડ ફ્રી ચરચ હસ્તકની એન. એમ. વાહડયા હાસપીટાલ—૧૯૧૨
,, સર દીનશાહ માણેકજી પીટીટ પુણા કેંનટોનમેન્ટ ચેરીટેબલ ડીસપેનસરીનુ મકાન—૧૮૯૪
,, રગતપીટવાઓના આશરમ-સ્થાનમાં અરદેશર હોરમારજી વાહાડયા લેપર એસાયલમનો
,, શુકરવાર પેંટમાં—પેસતનજી સોરાબજીનું દવાખાનું [વારડ—૧૯૦૯.
બદનેરા—જાહાંગીર હોરમજી મોદીનું દવાખાનું—૧૮૯૬
બેંગલોર—લેડી કરઝન હાસપીટલને લગતું મુંબઇવાલા ડા૦ બેહેરામજી નવરોજી દાશબસેઠના ધણીઆણી આવાબાઇના નામનું ઓરતો અને બાળકો માટેનું દવાખાનુ—૧૯૦૫
ભરૂચ—સોરાબજી જમશેદજી જીજીભાઇવાલી મોટી સીવીલ હાસપીટાલ—૧૮૭૨ [વારડ—૧૯૧૩
,, મનચેરશાહ સોરાબજી વખારીયાએ બાવા સોરાબજીની નઇયતે પારશીઓ માટે બંધાવેલો
,, સુનાબાઈ ખરશેદજી દલાલ પારસી મેટરનીટી હોમ-સુવાવડખાનું—ખરશેદજી અરદેશર દલાલે બેટી શુનાબાઈની યાદમાં સ્થાપેલું ૧૯૧૭.
ભીમરડી—ગુલબાઇ દીનશાહજી માણેકજી પીટીટ ડીસપેનસરી.
માથેરાન—બેરામજી જીજીભાઇ હાસપીટાલ —૧૯૦૨
મુરબાદ—જીલ્લા થાણા-સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટનું ધરમનું દવાખાનું
મઉ—દોરાબજી પેશતનજી પુણેવાલાનું દવાખાનું—૧૮૭૦
મેહમદાબાદ—બેરામજી જીજીભાઇવાલી માણેકબાઇ ડીસપેનસરી.
યરોડા—દીવાનશાળામાં—દીનબાઇ નશરવાનજી પીટીટવાલો પારસી દીવાનાઓ માટેનો વારડ—૧૯૧૩
રતનાગીરી—સર દીનશાજી માણેકજી પીટીટવાલી રગતપીતની હાસ્પીટલ—૧૮૭૫
રૂસ્તમપુરા—પંચમહાલ જીલ્લા—અરદેશર રૂસતમજી દલાલનું ધરમાદા દવાખાનું—સરદાર બમનજી અરદેશર દલાલે પોતાના પીતાના પુણ્ય માટે—૧૯૧૨

વડોદરા—ડાક્ટર રૂસ્તમજી નાણાવટી ડીસપેનસરી—૧૮૮૫
વલસાડ—સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનું—૧૮૭૨
,, મેટરનીટી ઇનસટીટયુટ—સુવાવડખાનું સ્થાપ્યું-૧૯૦૭—એનું મકાન કાવસજી પેસ્તનજીભાઇ ધનજીશાએ બંધાવેલું—૧૯૧૬
,, માણેકજી ધ. ધનજીશા બેટરીનરી હાસપીટલ સ્થાપી—૧૯૧૫—એનું મકાન મા. ધ. ધનજીશાએ બંધાવેલું —૧૯૧૫
વસાઇ—સર દીનશાજી માણેકજી પીટીટનું દવાખાનું—૧૮૮૬
વોડા—જીલ્લા થાણા—જમશેદજી નશરવાનજી પીટીટનું ધરમનું દવાખાનું.
સાદરા—જમશેદજી નશરવાનજી પીટીટવાલો સાદરા હાસપીટાલનો ઓરતો માટેનો વારડ
શાનટાકરૂજ—આવાંબાઇ નાનાભાઇ જમુજીનું ડીશપેનશરીનું મકાન—૧૯૦૬
સીકંદરાબાદ—પીરોજબાઇ ચેરીટેબલ ડીશપેનસરી—૧૮૯૨
,, મીઠીબાઇ શાપુરજી ચીનાઇ ચેરીટેબલ ડીસપેનસરી. [બે વારડો—૧૯૦૪
,, દસતુર એદલજી બમનજી ડેપ્યુટી કલેક્ટરની યાદગીરીમાં શીવીલ હાસપીટાલમાં બાંધેલા
,, બમનજી ચીનાઇ ચેરીતેબલ ડીસપેનશરી—બમનજી ન. ચીનાઇની ઇસ્ટેટમાંથી ડોશાભાઇ નશરવાનજી ચીનાઇએ બંધાવેલું મકાન—૧૯૧૪
સુરત—વાંકી બોરડી—ડાક્ટર બેરામજી પેસતનજી ચેરીટેબલ ડીસપેનસરી—૧૯૦૮
,, ખરશેદજી ફરદુનજી પારખવાળી પારખ ચેરીટેબલ ડીસપેનસરી—૧૮૯૫
,, સર કાવશજી જહાંગીર નાઇટ. સી. એસ. આઈ. વાળી મોટી હાસપીટાલ—૧૮૬૪
,, એજ ઠેકાણે—આલીબાઇ જાહાંગીર પટેલવાલી પટેલ ઓપરેશન થીએટર—૧૯૦૮
,, ડા૦ કેખશરૂ કુવરજી બાલીવાળાની આંખની ખાનગી હાસપીટાલ—૧૯૧૪
શેહેંગાહી—શાનતુગ રોડની ચીનાઓની હાસપીટાલમાં ડા૦ કાવસ લાલકાકાની યાદગારી માટે ઉઘાડેલા ફંડમાંથી બંધાયલા વારડો—૧૯૧૧
હેદરાબાદ—સીંધ—સર કાવશજી જાહાંગીર લુનાટીકસ એસાયલમ—૧૮૭૧

જરથોસ્તીઓએ સ્થાપેલાં ધરમનાં કેલવણી ખાતાં.

મુંબઇ મધેનાં ધરમનાં કેલવણી ખાતાં.

કાંદાવાલા મોહલ્લો—મેરવાનજી માણેકજી શેઠનાની જરથોસતી છોકરીઓની નીશાળ—૧૮૭૧
કોટમાં—એલેકઝાનદ્રા નેટીવ ગરલસ ઇંગલીશ ઈનસ્ટીટયુશન—૧૮૬૩
,, સર કાવસજી જાહાંગીર એલફીનસટન કોલેજ બીલડીંગ—૧૮૭૯
,, સર કાવસજી જાહાંગીર "બોંબે યુનીવરસીટી હોલ"
,, સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુશન—૧૮૪૯
,, જરથોશતી છોકરીઓની નીશાળ—બીખાઇજી સોરાબજી બંગાલીવાલી બીલડીંગમાં—૧૮૮૫
,, એજ મંડલીની ચંદનવાડી પ્રીનસેસ સ્ટ્રીટની બીજી નીશાળનું મકાન—બાઇ માણેકબાઇ નવરોજી ગામડયા ગરલસ સ્કુલ—નવરોજી જાહાંગીર ગામડયાએ ધણીઆણી માણેકબાઇની યાદમાં—૧૯૦૭
,, નશરવાનજી મનચેરજી કામાજીવાલી સ્કુલ—૧૮૫૦
,, જીજીભાઈ દાદાભાઇવાલી જંદ અવસતા મદરેસા.
,, મુલ્લાં ફીરોજ મદરેસા—દાદીશેઠના આતશ આદરાનમાં—૧૮૫૪
કોલાબા—દાદી અને ફરામરોજ ગોલવાલા તરફથી બાંધવામાં આવેલું સ્વીમીંગ બાથનું મકાન
ખેતવાડી—સર કાવસજી જાહાંગીરના છોકરીઓની નીશાળ
,, જમશેદજી નશરવાનજી પીટીટ કશરતશાળા—૧૮૭૪
,, જીજીભાઇ દાદાભાઇવાલી અંગરેજી તથા ગુજરાતી જંદ શાળાઓ
,, ફરામજી નશરવાનજીવાલી અંગરેજી તથા ગુજરાતી સ્કુલ—૧૮૫૯

ચંદનવાડી—સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની આદગારીને સારૂ ઉભી થયલી જંદ પેહેલવી મદરેસા—૧૮૬૩.

„ જરથોશતી કોમના લાભ સાચવનારી મંડળી હસતકના ઇંડસ્ટ્રીયલ ઇનસટીટયુટ કલાસો—૧૯૧૫.

ચરનીરોડના સ્ટેશન સામે—બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસ્ટીટયુશન—૧૮૯૧.

તારદેવ—રતનબાઇ ફરામજી પાંડેવાલી ગરીબ જરથોશતીઓના શેહેઠાણો તરફની સ્કુલ.

પરેલ—જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ—૧૮૮૮.

મેદાન—સર જમશેદજી જીજીભાઇ સ્કુલ ઓફ આરટસ એંડ ઇનડસ્ટ્રી—૧૮૫૭.

„ સર દીનશાહ માણેકજી પીટીટનું ધાતુકામને લગતી કેલવણી આપવાનું ખાતું.

„ સર દીનશાહ માણેકજી પીટીટ જીમનેસટીક ઇનસટીટયુશન—કશરતશાલા—૧૮૯૧

વાંદરા—બાવાંબાઇ ફરાંમજી પીટીટ પારસી ગરલસ ઓરફનેજ—૧૯૧૩.

દેશાવરે ખાતેનાં ધરમના કેળવણીખાતાં.

અંદેરી—અંદેરીની નીશાળનું મકાન—દોરાબજી હોશંગજી અને તેમના ચીરંજીવી.

અમદાવાદ—પારસી જીમખાનાનું મકાન—૧૯૦૬

„ બેરામજી જીજીભાઇ અમદાવાદ મેડીકલ સ્કુલ.

ઇગતપુર—માણેકબાઇ ડોસાભાઇ ઉમરીગર પારસી બોયઝ એંડ ગરલસ સ્કુલ—ડોસાભાઇ રૂશતમજી ઉમરીગરે પોતાના ધણીઆણી માણેકબાઇના પુન માટે બંધાવેલું સ્કુલનું મકાન—૧૯૧૦.

ઇંદોર—જમશેદજી નશરવાનજી પીટીટ ઝોરાસ્ત્રીયન એલીમેનટરી સ્કુલ—૧૮૯૪.

ઉડવાડા—જીજીભાઇ દાદાભાઇના ધરમખાતામાંથી સ્થાપેલી એંગલો વર્નાકયુલર સ્કુલ—૧૯૦૬ પાછળથી એ ધરમખાતામાંથી હાઇસ્કુલ બનાવી અને નવું મકાન ૧૯૧૭ માં બાંધ્યું છે.

ઉમરા—જીલ્લા સુરત—ધનજીશાહ રૂસતમજી ઉમરીગરે પોતાના પીતા રૂશતમજીના નામથી ગુજરાતી નીશાળ માટે બંધાવેલું મકાન—૧૯૧૨

એડીનબરો—શાપુરજી બરજોરજી ભરૂચાએ પારસી યુનીયન માટે બંધાવેલું ભરૂચા હાઉસ—૧૯૦૯

કચ્છ-ભુજ-પેશતનજી સોરાબજી ભુજવાલાએ બંધાવેલું કોરોનેશન સ્કુલનું મકાન—૧૯૦૩

કરાંચી—કાવશજી હોરમશજી કાતરક સ્વીમીંગ બાથ—૧૯૦૫

„ વીરબાઇજી એંગલો વરનાકયુલર સ્કુલ.

„ મ્યુનીસીપાલીટીની સ્કુલની બજાવેલી સેવાની યાદમાં તેનું નામ "પેસતનજી બેરામજી કોટવાલ સ્કુલ" રાખ્યું—૧૯૦૮.

કવેતા—બરજોરજી દોરાબજી પટેલવાલી સાનડીમેન ગરલસ સ્કુલ.

„ અરદેસર ડોસાભાઇ મારકર પારસી સ્કુલ—૧૯૦૪

„ બરજોરજી દોરાબજી પટેલે યંગમેનસ ઝોરાસ્ત્રીયન એસોશીએશનને લગતી બંધાવેલી "ટેનીસ કોરટ"—૧૯૧૩

કારવાર—કુવરબાઇ દાદાભાઇ વલસાડવાલા કન્યાશાળા-દાદાભાઇ રતનજી વલસાડાએ પોતાના ધણીયાણીના નામથી બંધાવેલું મ્યુનીસીપાલીટીની શાળાનું મકાન—૧૯૧૧

કોલંબો—મનચેરજી ફરામજી ખાને કોલંબો કોલટસ ક્રીકેટ કલબ માટે બંધાવેલો "ફરામજી ભીખાજી ખાન પેવીલીયન"—૧૯૦૮

„ મનચેરજી ફરામજી ખાને જાનવરો માટે બંધાવેલું "ફરામજી ભીખાજી ખાન આરામ સ્થાન"—૧૯૦૯.

ખેરગામ—રતનબાઇ કન્યાશાળા—જાહાંગીર શાપુરજી ગઝદરે પોતાના માતાજીના નામથી બંધાવેલું સરકારી શાળાનું મકાન—૧૯૧૦.

ગણદેવી—સર કાવસજી રેડીમની ગણદેવી હાઈ સ્કુલ-૧૮૬૪.

,, સર જમશેદજી જીજીભાઇ પારસી છોકરા છોકરીઓની ગુજરાતી નીશાળો માટેનું બીખાઇજી કાવસજી છાપખાનાવાળાનું મકાન-૧૯૧૨

તેહરાન-ઇરાનમાં-કન્યાશાળાનું મકાન-જરબાઇ સોરાબજી ખંભાતા અને સુનાબાઇ જહાંગીર ફટેલીએ પોતાના ભાઇ એરચશાહ રતનજી દુબાશના પુણ માટે બંધાવેલું-૧૯૧૪

થાણું-બેરામજી જીજીભાઇ થાનો હાઇ સ્કુલ—૧૮૮૦

દેવલાલી-એદલજી દોરાબજી તલાટીવાલી દેવલાલી જરથોશતી બોરડીંગ સ્કુલ-૧૯૦૭

નવસારી-સર કાવસજી જહાંગીર નવસારી જરથોશતી મદરેસા-૧૮૫૬.

,, એનું મકાન-બેરામજી નશરવાનજી શીરવઇ બીલડીંગ-૧૮૯૭

,, ઉપલી મદરેસાને લગતું રતનજી ફ્રામજી દાબુ સ્ટુડંટસ કવાટરસ-રતનજી ફ. દાબુના સાહેબજાદાઓએ બંધાવેલું-૧૯૧૧

,, જમશેદજી નશરવાનજી તાતા ઇંડસ્ટ્રીયલ સ્કુલ-હુનરશાળા-૧૯૦૮

,, એનું મકાન-કેખશરૂ એદલજી બામજી ખુશરૂ બીલડીંગ-૧૯૦૮.

,, એજ ઠેકાણે-એનજીનીયરીંગ વર્ક શોપ-સર દોરાબજી અને રતનજી જમશેદજી તાતા-૧૯૧૦

,, ,, ખોરમસતા હોરમજી શીરવઇ કેબીનેટ કલાસ-હોરમજી શાપુરજી શીરવાઇએ પોતાના બેટા ખોરમસ્તાની યાદમાં બંધાવેલો-૧૯૧૦.

,, દાદાભાઇ કાવસજી તાતા એંગલો વરનાકયુલર સ્કુલ.

,, નવાજબાઇ તાતાવાલી જરથોશતી છોકરીઓની નીશાળ-૧૮૮૩.

,, નસરવાનજી રતનજી તાતાવાલી ઝંદ પેહેલવી અને ફારસી મદરેસા

,, રૂસતમજી જમશેદજી જીજીભાઇ એંગ્લો વરનાકયુલર સ્કુલ.

,, એનું મકાન-મેરવાનજી નાનાભાઇ મેહેતા બીલડીંગ-૧૯૦૯.

નાદોદ-ધનજીશાહ એદલજી એંગલો વરનાકયુલર સ્કુલ-રાજપીપલા સ્ટેટના દીવાન ધનજીશાહ એદલજીની યાદમાં સ્થાપેલી-૧૯૧૪

નારગોલ-નારગોલ પારસી સ્કુલ-૧૯૦૮-પાછલથી નવરોજી માણેકજી વાહાડયા નારગોલ પારસી સ્કુલ-૧૯૧૨.

,, હીરાંબાઇ જમશેદજી નશરવાનજી તાતા નારગોલ ઇંગલીશ ગરલસ સ્કુલ-રતનજી જમશેદજી તાતાએ માતાજીની યાદમાં-૧૯૧૩.

નીમચ-કુવરજી કાવશજી કેનટોનમેનટ સ્કુલ-૧૯૦૮.

પારડી-કન્યાશાળાનું મકાન-રૂશતમજી સોરાબજી પંચરાઇવાળા-૧૯૧૩.

પુણા-સર દીનશાહ માણેકજી પીટીટ બેરોનેટનું પારસી જીમખાનાનું મકાન-૧૮૯૪.

,, સર કાવસજી જાહાંગીરવાલી પુણા શીવીલ એનજીનીઅરીંગ કોલેજ બીલડીંગ, જે હવડાં કોલેજ ઓફ સાયન્સને નામે ઓળખાય છે.

,, સર જમશેદજી જીજીભાઇ પુણા કોલેજ બીલડીંગ.

,, સરદાર દસ્તુર નોશરવાનની યાદગારીવાલી જરથોશતી છોકરીઓની નીશાળ-૧૮૯૩.

,, એનું મકાન-બહમનબાઇ બીલડીંગ-સરદાર દસ્તુર નોશીરવાનના બહેન બહમનબાઇની યાદગારી માટે બાંધેલું-૧૯૧૧.

,, બેરામજી જીજીભાઇ મેડીકલ સ્કુલ-૧૮૭૮.

,, ફરગ્યુસન કોલેજને લગતું એન. એમ. વાહાડયા એમફી થીએટર-૧૯૧૨.

બાલાગાટ-નાગપોર નજદીક-ડીવોર સ્કુલનું મકાન-બેરામજી પેશતનજી કંટ્રાકટર—૧૯૧૩.

બીલીમોરા-રૂ. પે. બીલીમોરા એ. વ. સ્કુલ-૧૮૭૩-પાછલથી મનચેરજી અને રતનજી તાતા હાઇ સ્કુલ થઇ અને એનું મકાન મનચેરજી અને રતનજી શા. તાતાએ બંધાવ્યું—૧૯૧૬

બીલીમોરા-મનચેરજી શાપુરજી તાતા ગરલસ ઇંગલીશ સ્કુલ—૧૯૧૮

[illegible]—જમશેદજી નશરવાનજી તાતાવાલુ ઇંડીયન ઇનિશટીટયુટ ઓફ સાએન્સ-તાતા રીચરસ ઇનસટીટયુટ-૧૯૦૯.

[illegible]—જરથોશતી છોકરીઓની નીશાળ-૧૮૬૩-પાછળથી જમશેદજી નશરવાનજી પીટીટ જરથોશતી કન્યાશાળા-૧૮૮૫

" એ સ્કુલના નીચલા ધોરણો માટેનું મકાન-રતનબાઇ ધનજીશાહ ડાકટરે બાંધેલું—૧૮૮૫.

" એ સ્કુલના ઉપલા ધોરણો માટેનું મકાન-દીનબાઇ નશરવાનજી પીટીટ અને દીકરી આવાંબાઈ દ. પીટીટે બાંધેલું—૧૯૦૪

" ઉપલી કન્યાશાળાને લગતી—પારસી એંગ્લો વરનાકયુલર ગરલસ સ્કુલ-પાછળથી મોટલાબાઇ વાડયા યંગ લેડીઝ સ્કુલ-૧૯૧૨

" રૂસ્તમજી સોરાબજી દલાલ હાઇ સ્કુલ—૧૮૮૬.

" મ્યુનીસીપાલીટી સ્કુલ માટે બાંધેલું મકાન—"જીવીબાઇ પેશતનજી અસલાજી ડુંગાજી મ્યુનીસીપલ કન્યાશાળા"-૧૯૧૭

બ.મડી-નસરવાનજી માણેકજી પીટીટનું બીમડી સ્કુલનું મકાન.

બીવંડી-બેરામજી જીજીબાઇ બીવંડી સ્કુલ-૧૮૯૦.

ભરુ-જરથોશતી છોકરીઓનું સ્કુલનું મકાન—બીખાઇજી નવરોજી માણેકજી ખોરીના પુણ્ માટે.

" એદલજી પેશતનજી ઝોરાસ્ત્રીયન હાઈ સ્કુલ—૧૮૯૩

" એદલજી પેશતનજી એંગલો વરનાકયુલર સ્કુલ.

માથેરાન-જાલબાઇ અરદેશર શેઠ માથેરાન પારસી જીમખાના—૧૯૧૨

રૂસતમપુરા-પંચમહાલ જીલ્લા—આકિન વરનાકયુલર સ્કુલ—સરદાર બમનજી અરદેશર દલાલે પોતાના માતાજી ગુલબાઇના પુણ્ માટે બાંધેલું મકાન—૧૯૦૭

વટારગામ—ડાવાડા પાસે-શાવકશાહ સોરાબજી ઉમરીગર સ્કુલ-એનું મકાન ઉકરજી કાવસજી ઉમરીગરે બંધાવેલું—૧૯૧૪.

વડોદરા-સોરાબજી જમશેદજી જીજીભાઇ વરનેકયુલર સ્કુલ.

વેસુ-જીલ્લા સુરત-પેસતનજી ડોસાભાઇ મારકરવાલુ સરકારી શાળાનું મકાન—૧૯૧૦.

વલસાડ-વલસાડ હાઇ સ્કુલ—૧૮૯૨, પાછળથી ૧૮૯૬ માં આવાંબાઇ હાઇ સ્કુલ થઇ જે બમનજી શાપુરજી ચોકસીએ દીકરી આવાંબાઇને નામે સ્થાપેલી અને ૧૯૦૪ માં એનું મકાન બંધાવી આપયું. સ્કુલને લગતું વધારાનું મકાન અને સાયનસ હોલ બ. શા. ચોકસીના ધણીયાણી જીવણબાઇએ ૧૯૧૬ માં બંધાવ્યો.

" મ્યુનીસીપાલીટી સ્કુલનું "કાવસજી ધનભુરા કન્યાશાળાનું મકાન"-કાવસજી ધનજીભાઇ ધનભુરાએ બાંધેલું ૧૯૧૦-એની જોડે કા. ધ. ધનભુરાએ માતાજીને નામે બંધાવેલું બીજુ મકાન "હીરાબાઇ ધનભુરા કન્યાશાળા"—૧૯૧૭

" દીનબાઇ રતનજી બીલડીંગ-"દાદાભાઇ રતનજી બલસારાએ માતાજી દીનબાઇના પુણ્ માટે સર જમસેદજીની છોકરા તથાં છોકરીઓની સ્કુલનું બંધાવેલું મકાન"-૧૯૧૮

સીકંદરાબાદ-મીઠીબાઇ શાપુરજી એદલજી ચીનાઇ સ્કુલ—૧૮૯૫

સુરત-રૂસ્તમજી મનચેરજી ફુકાવાળી સુરત પારસી ઓરફનેજ-૧૯૧૨

" એજ ઠેકાણે-સોરાબજી જમશેદજી જીજીભાઈ હાઇસ્કુલ-૧૮૯૫

" પીરોજબાઇ માણેકજી પટેલવાલી છોકરીઓની અંગરેજી સ્કુલ-૧૯૧૨

" એનું મકાન-શીગનપોરવાલા એદલજી કુવરજી પટેલે ભેટ આપેલું-૧૯૧૨

" ફરદુનજી સોરાબજી પારખ ટેકનીકલ ઇનસટીટયુટ.

" એજ ઠેકાણે—નવરોજી માણેકજી વહાડયાનું મોટલાબાઇ વરકશોપનું મકાન-૧૯૦૧

હાંગકાંગ-યુનીવરસીટીનું મકાન-સર હોરમજી નવરોજી મોદી-૧૯૧૨.

" સી મેનસ ઇનસટીટયુટ-સર હોરમજી નવરોજી મોદીએ સેલરો માટે બંધાવી આપેલું રહેવાનું મકાન-૧૯૧૦.

હૈદરાબાદ-દખ્ખણ-થીઓસોફીકલ સોસાઈટીનું મકાન-૧૯૦૫.

"સર નાઈટ, બારોનેટનો" માનવંત ખેતાબ મલેલા જરથોસ્તીઓ.

શેઠ જમશેદજી જીજીભાઇને તેમની મોટી સખાવતને માટે પેહેલ વેહેલાં ઇસવી સને૧૮૪૨ની તા૦ ૨ જી મારચે એટલે પારસીઓનો રોજ ૫ મો માહ ૬ ઠો સને ૧૨૧૧ યઝદેજરદીને વાર બુધને દીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ મલ્યો હતો. એ ખેતાબની પાદશાહી મોહોર સાથની શનદ ઇંગલંડથી તે વેળાના મુંબઈના ગવરનર ઓનરેબલ જોરજ વીલઅમ એનડરશન ઉપર આવી હતી તે સર જમશેદજીને આપવા માટે રોજ ૨૯ મો માહ ૮ મો સને ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૨૫ મી મે ૧૮૪૨ ને દીને મુંબઇના પરેલના સરકારી મેહેલમાં રાતે એક મેલાવડો કરવામાં આવ્યો હતો. નામદાર અંગરેજ સરકારથી જેવોને "સર નાઇટ"નો ખેતાબ બક્ષવામાં આવે છે, તે ગ્રહસ્થની હઇઆતી શુધીજ હોય છે; પણ તે પછી જનાબેઆલી માહારાણી વીકટોરીયાએ સર જમશેદજીની મોટી લખો રૂપયાની સખાવત વીગેરેની બીજી માહાભારત ખુબીની યાદગારી વંશપરંપરા ચાલુ રાખવાના શુભ હેતુથી તેમને રોજ ૨ જો માહા ૯ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે ૧૮૫૭ની નામદાર માહારાણી વીકટોરીઆની શાલગરેહને દીને "બારોનેટ"નો માનવંત ખેતાબ બખશ્યો હતો, તેની શનદ એજ વરસના રોજ ૧૬ મો માહ ૧૧ મો સને ૧૨૨૬ યઝદેજરદી, તા૦ ૬ ઠી આગસ્ટ સને ૧૮૫૭ ને વાર ગરેહને દીને વેલાતની વેસત મીનીસટરમાંથી બાહાર પડી હતી—તેમાં જણાવ્યું હતું કે એ ખેતાબ વંશપરંપરા ચાલુ રેહશે, એટલે કે દરેક બારોનેટના વડા બેટાને "સર જમશેદજી જીજીભાઇ બારોનેટ"ના નામથી એ ખેતાબ વાપરવામાં આવશે. એ મુબારક ખેતાબના મોબાની જાળવણી કીજે મરહુમ સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટે ૩૨૨૫૪૪૦૦ની હીંદી સરકારની પ્રોમીસરી નોટો સરકારમાં અનામત મુકી હતી કે જેનું દર સાલનું બ્યાજ સદરહુ ખેતાબ ધરાવનારને મલે છે. એવો સાહેબને "ફ્રીડમ ઓફ ધી સીટી ઓફ લંડનનું" માન રોજ ૨૧ મો માહ ૭ મો સને ૧૨૨૪ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૫ ઇસવીને દીને મલ્યું હતું. સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ જેમનો જન્મ નવશારીમાં રોજ ૬ ઠો માહા ૧૦ મો સને ૧૧૫૨ યઝદેજરદી, તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૭૮૩ ઇસવી ને વાર મંગલને દીને થયો હતો, તેઓ સાહેબ ૭૬ વરશની ઉમરે, રોજ ૨૨ મો માહ ૭ મો સને ૧૨૨૮ યઝદેજરદી, તા૦ ૧૪ મી એપ્રીલ સને ૧૮૫૯ ઇસવી ને વાર ગુરૂને દીને હક થવાથી, એ ખેતાબ તેઓના પેહેલા પુત્ર શેઠ ખરશેદજી જમશેદજીને મલ્યો હતો, જેઓ "સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ" તરીકે ઓલખાતા હતા. વળી એવો સાહેબને ઇસવી સને ૧૮૭૧ માં યાને ૧૨૪૦ યઝદેજરદીના સાલમાં "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીયા" નો ખેતાબ નામદાર માહારાણીએ આપ્યો હતો. સર જમશેદજી જીજીભાઈ બીજા બારોનેટ સી. એસ. આઇ. નો જન્મ રોજ ૩ જો માહ ૧ લો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૯ મી અકટોબર ૧૮૧૧ ઇસવીને દીને થયો હતો. તેઓ ૬૬ વરસની ઉમરે રોજ ૨૫ મો માહા ૧૦ મો સને ૧૨૪૬ યઝદેજરદી, તા૦ ૧૧મી જુલાઇ સને ૧૮૭૭ ને દીને પુણા ખાતે ગુજરયાથી તેઓના વડા પુત્ર શેઠ માણેકજી ખરશેદજી, "સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ" તરીકે ગણાયા હતા. વળી એવણને નામદાર માહાણીની સાલગરેહની ખુશાલીમાં, સી. એસ. આઇ. યાને "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીયા" નો ખેતાબ રોજ ૧૯ મો માહ ૮ મો સને ૧૨૫૩ યઝદેજરદી, તા૦ ૪ થી મે સને ૧૮૮૪ ને દીને મલ્યો હતો. એવણનો જન્મ રોજ ૮ મો માહ ૬ ઠો સને ૧૨૨૦ યઝદેજરદી, તા૦ ૩ જી મારચ સને ૧૮૫૧ ઇસવીને દીને થયો હતો, તેઓ ૪૭।। વરશની ઉમરે રોજ ૬ ઠો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૬૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૯૮ ને દીને ગુજરવાથી અને તેવણના એક પુરા બેટા શેઠ ખરશેદજી ૧૫ વરશની ભર જવાન

વયે સને ૧૮૯૩ ના જુલાઇ માસની ૨૮ મી તારીખે ગુજરી ગયલા હોવાથી અને ત્રીજા બારોનેટ સર જમશેદજીને પેટે બીજો કોઇ હઇઆત વારસ ન હોવાથી તેવણના ભાઇ શેઠ કાવસજી ખરશેદજી જમશેદજી, જેઓનો જન્મ રોજ ૫ મે માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૨૯ મી નવેમબર ૧૮૫૨ ઇસવીને વાર સોમને દીને થયો હતો, તેવણ "સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટ" તરીકે ગણાયા હતા. એવણને નામદાર સરકાર તરફથી સને ૧૯૦૦ ના સાલમાં મુંબઇના શેરીફ નેમવામાં આવ્યા હતા અને એવણ ૧૦ વરસ સુધી બારોનેટશીપ ભોગવી ૫૫ા વરશની વયે મુંબઇમાં રોજ ૮મો માહ ૧૦મો શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુન સને ૧૯૦૮ ઇસવીને વાર બુધને દીને બેહેશતનશીન થવાથી એવણના એક પુરા વડા બેટા શેઠ રૂશતમજી જમશેદજી જીજીભાઇ જેવણનો જનમ રોજ ૧૮ મો માહ ૬ ઠો શેહેનશાહી શને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૬ ઠી મારચ શને ૧૮૭૮ ઇસવી ને વાર બુધને દીને થયો હતો. તેવણ પોતાની ત્રીસ વરશની ઉમરે "સર જમશેદજી જીજીભાઈ પાંચમાં બેરોનેટ" તરીકે હમણા ગણાય છે. એવણને નામદાર સરકાર તરફથી ઇશવી સને ૧૯૧૫ ના સાલમા મુંબઇના શેરીફ નેમવામાં આવ્યા હતા.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટને તેમની મોટી લખો રૂપીઆની સખાવત તથા બીજાં ખુબીવંતા કામોને લીધે રોજ ૨ જો માહા ૬ ઠો સને ૧૨૫૬ યઝદેજરદી, તા૦ ૧૬ મી ફેબરવારી સને ૧૮૮૭ ને દીને "સર નાઇટનો" નામીચો ખેતાબ આપણી અંગરેજ સરકાર તરફથી મલ્યો હતો. નામદાર શેહેનશાહબાનું વીકટોરીઆએ પોતાના તખતપર બીરાજવાને પચાશ વરશ પુરાં કીધાં તેની ખુશાલીમાં જુબીલીને નામનો એક તેહેવાર આખા હીંદુસ્થાનમાં ઉપલી તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૮૭ ને દીને મોટી ધામધુમથી પાલવામાં આવ્યો હતો, તે દીને નામદાર શેહેનશાહબાનુએ આપેલા ખેતાબોનું લીસ્ટ જે કલકતાની વડી સરકારના ગેઝેટમાં છાપી પ્રગટ કરવામાં આવ્યું હતું, તેમાં શેઠ દીનશાહજી માણેકજી પીટીટને આ સર નાઇટનો નામીચો ખેતાબ બક્ષવાનું જાહેરનામું પ્રગટ થયું હતું. આ બનાવથી આખી પારશી કોમમાં અને મુંબઇની તમામ વસ્તીમાં મોટી ખુશાલી પંથરાઇ હતી અને ચોમેરથી સર દીનશાજીને માન-પાન-ખાનાં-પીના અને એદરેસો આપવામાં આવ્યાં હતાં. એ પછી સને ૧૮૯૦ ના સાલમાં નામદાર કયસરે હીંદની તરફથી એવણ સાહેબને "બારોનેટનો" માનવંત ખેતાબ બક્ષવામાં આવ્યો હતો જેની પેહેલવેહેલી ખબર મુંબઇનાં નામદાર ગવરનર લોરડ રેએ શાકરબાઇવાલી જનાવરોની હારપીટલમાં જાનવરોનાં વઇદાંને લગતી શોધખોલ કરવાને માટેની લેબોરેટરી ખુલ્લી મેલતી વેળાએ તા૦ ૧૮ મી મારચ સને ૧૮૯૦ ને દીને પોતાનાં ભાશાણમાં જાહેર કરી હતી. તે પછી ઇંગલંડથી આવેલા આ ખેતાબના "લેટરશ પેટંટ" મુંબઇ સરકારના જુડીસીયલ તથા ધારાખાતાના માજી મદદનીશ સેકરેટરી મરહુમ શેઠ મેહેરવાનજી નશરવાનજી વાહાડયા રોજ ૨૮ મો માહા ૨ જો શને ૧૨૬૦ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમબર શને ૧૮૯૦ ઇસવીને દીને સર દીનશાહજીના વાલકેશ્વર ખાતેના પીટીટ હાલમાં જઇને એવો શાહેબને પોહોચાડી આવ્યા હતા. એ ખેતાબની જાલવણીને માટે એવો શાહેબે બી રૂપયા પચીશ લાખની મોટી રકમનાં પાંચ ટકાનાં મ્યુનીસીપલ બોન્ડો શરકારમાં અનામત મેલ્યા છે કે જેનું બ્યાજ દર બારોનેટ વારશને મલ્યું જશે. નામદાર સર દીનશાહજી જેમનો જનમ રોજ ૩૦ મો માહા ૯ મો શને ૧૧૯૨ યઝદેજરદી, તા૦ ૩૦ મી જુન શને ૧૮૨૩ ઇસ્વીને દીને થયો હતો, એવો શાહેબ ૭૭ વરશ ને ૧૧ માશની ઉમર ભોગવીને રોજ ૨૩ મો દેપદીન માહા ૮ મો આવાં શને ૧૨૭૦ યઝદેજરદી, તા૦ ૫ મી મે ૧૯૦૧ ને રવીવારે બેહશતનશીન થયા હતા. એવણની જગોપર એવણની પાછલ બારોનેટશીપપર આવવાનું એવોનાં માંગવાથી નામદાર શરકારે (એમના પેહેલા વડા બેટા શેઠ કાવશજી આગળથી

ગુજરી ચાલ્લા હોવાથી) એમના બીજા બેટા શેઠ ફરામજી દીનશાજી પીટીટને અને તેમના મરદ વારેશોને માટે કાયદામાં નક્કી કરી આપ્યું હતું, પણ શેઠ ફરામજી નામદાર સર દીનશાહજીની હઇયાતીમાંજ ગુજરી જવાથી તેમના એક પુરા બેટા શેઠ જીજીભાઇ ફરામજી પીટીટ જેમનો જનમ રોજ ૨૦ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૪૨ યઝદેજરદી તા૦ ૭મી જુન સને ૧૮૭૩ ઇસ્વીને દીને થયો હતો તેવો હાલમાં "સર દીનશાજી માણેકજી પીટીટ બીજા બેરોનેટ" તરીકે ગાદીએ આવ્યા છે.

શેઠ જાહાંગીરજી કાવસજી જાહાંગીર રેડીમની તે આપણી ટાપુના એક મોટા મરહુમ સખી શેઠયા સર કાવસજી જાહાંગીરનાં દત પુતરે લંડન ખાતે ઇંગલંડના ઇમપીરીયલ ઇનિસ્ટીટયુટમાં 'ઇંડયન કોનફ્રંસ હોલ' બંધાવી આપ્યો તે માટે બે લાખ રૂપયાની મોટી મદદ કરી હતી તથા બીજી કેટલીક સખાવતો કરી હતી. એવો સાહેબને સને ૧૮૯૫ ની તા૦ ૩૦ મી જુને યાને રોજ ૧૮ મો માહા ૧૦ મો સને ૧૨૬૪ યઝદેજરદી ને વાર રવીને દીને વેલાતની નામદાર સરકાર તરફથી સર નાઇટ ના નામીચા ખેતાબની એનાયત થઇ હતી. એ ખેતાબ ઇંગલાંડમાં ખુદ મરહુમ માહારાણી વિકટોરીયાના બખતાવર હાથેજ એવો સાહેબને અરપન કરવામાં આવ્યો હતો. એ પછી એવો શેઠની ચાલુ રહેલી મોટી ઓહોલી સખાવતો માટે નામદાર બખતાવર શેહેનશાહ એડવર્ડ સાતમાની ૬૮ માં વરશની સાલગ્રહના શુભ દીને યાને તા૦ ૨૬ મી જુન સને ૧૯૦૮ ઈસવી, રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૭૭ યઝદેજરદી ને વાર શુકરને દીને સાલગ્રહની ખુશાલીમાં વેલાત ખાતે ઉમરાવો અને બીજાઓના ખેતાબોનું લીસ્ટ જે વેલાતના ગવરમેન્ટ ગેઝેટમાં છાપી પ્રગટ કરવામાં આવે છે (જેનો ટેલીગ્રામ અતરે તેજ દીવસે આવ્યો હતો) તેમાં સર જાહાંગીર કાવસજીને બારોનેટનો માનવંત ખેતાબ એનાયત કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. એની સનદ મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ સીડન હેમ કલારકે મુંબઇના સેક્રેટરીયટ ના કાઉનશીલ હાલમાં રોજ ૩૦ મો માહા ૫ મો સને ૧૨૭૮, તા૦ ૯ મી ફેબરવારી સને ૧૯૦૯ને દીને ભરેલી લેવીમાં સર જાહાંગીર કાવસજીને એનાયત કીધી હતી. આ બારોનેટના બખતાવર ખેતાબની જાલવાની સારૂ એવો શેઠેબી રૂપીયા ૨૫,૦૦,૦૦૦ ની નાદર રકમ સરકારમાં અનામત મેલી છે કે જેનું બ્યાજ દર બારોનેટ વારસને હમેશાં મળ્યું જશે. તે એવી રીતે કે રૂપીયા પંદર લાખની મીલકતો જે નામદાર સરકારને આપેલી છે કે જેની ઉપજ રૂપીયા ૫૦૦૦૦ થશે તે રકમ નામદાર હીન્દી વજીર તરફથી કાયમને માટે સાલયાણા દાખલ દર વરસે મલતી રહે એવી ગોઠવણ કરવામાં આવી છે. એ ઉપરાંત રૂપ્યા દશ લાખના હીન્દી સરકારની પ્રોમીસરી લોનો, મુંબઈની મ્યુનીસીપાલ કારપોરેશનના તથા મુંબઈ પોરટ ત્રસ્ટના અને મુંબઇના સીટી ત્રસ્ટના બોનડો આપવામાં આવ્યા છે, જેની રૂપ્યા ૪૦૦૦૦ ની વધુ વારશીક ઉપજ થશે. વલી મુંબઇમાં આવેલાં રેડીમની હાઉસના બે બંગલા ૨૦૦૦૦ વાર જગા સાથે આપ્યા છે જેમાનું ફેરટ મેનશન હાઉસ જે ચરચગેટ સ્ત્રીટમાં આવેલું છે, જે આજે એક સદી ઉપર પેહેલવેહેલું ચરચગેટ સ્ત્રીટમાં બંધાયું હતું અને તેનું ભાડું ઉપજે છે અને તે રેડીમની ખાનદાનમાં આજે આંઠ નવ પેહડીથી ઉતરી આવેલું છે. એનું બધું મલીને રૂપીયા એક લાખની આવકનું જાહુકનું ત્રસ્ટ છે. હવે પછી જે સર કાવશજી જાહાંગીરનું નામ ધારણ કરે તેનેજ આ આવક મલી શકે એવો બંદોબસત કીધો છે. હાલ તરત રૂપીયા પચીસ લાખ ત્રસ્ટમાં મુકીઆ છે પણ કોઇબી વારસ હવે પછી રૂપીયા પચાસ લાખ વેરનો ત્રસ્ટમાં વધારો કરી શકશે. સર જાહાંગીર કાવસજી જાહાંગીરે પોતાને બારોનેટનો ખેતાબ મલ્યા પછી પોતાનું નામ ફેરવી કાવશજી જાહાંગીર રાખ્યું છે. એવો સાહેબનો જનમ રોજ ૧૬ મો માહ ૯ મો શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તા૦ ૮ મી જુન સને ૧૮૫૩ ઇસવી ને વાર બુધને દીને થયો હતો.

"સર નાઇટનો" નામીચો ખેતાબ મલેલા જરથોસ્તીઓ.

મુંબઇના સખાવતી શેઠ કાવસજી જાહાંગીરજી રેડીમની, જેવોનો જનમ રોજ ૨૧ મો માહા ૮ મો સને ૧૧૮૧ યઝદેજરદી, તા૦ ૨૪ મી મે સને ૧૮૧૨ ઇસ્વીને દીને થયો હતો, તેઓ સાહેબ ૬૬ વરશની ઉમરે રોજ ૩ જો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેજરદી, તા૦ ૧૫ મી જુલાઇ સને ૧૮૭૮ ઇસવીને દીને હક થયા હતા. તેવોએ પોતાનો ધરમી દહાત ચોમેર લંબાવી સઘલી કોમમાં વીખીઆતી મેલવી હતી, તેવણને ઈસવી સને ૧૮૬૯ નાં જુન માસમાં સી. એસ. આઇ. યાને "કમ્પેનીયન ઓફ ધી સ્ટાર ઓફ ઈનડીઆ" નો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો. એ પછી એ શેઠની એવી કોશેશો વધારે જારી રેહવાથી શેઠ કાવસજીને "સર નાઇટ" નો નામીચો ખેતાબ સને ૧૮૭૨ ના સાલમાં નામદાર સરકાર તરફથી આપવામાં આવ્યો હતો.

શેઠ મનચેરજી મેરવાનજી ભાવનગરી સી. આઇ. ઇ. ને નામદાર શેહેનશાહ બાનુ માહારાણી વિકટોરીયાની ડાયમંડ જુબીલીને ટાંકણે યાને તા૦ ૨૨ મી જુન ૧૮૯૭ ને દીને "નાઈટ કમાંડર ઓફ ધી ઇંડીયન એમ્પાયર" નો નામીચો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો.

મુંબઈના જાણીતા શેહેરી શેઠ ફીરોજશાહ મેરવાનજી મેહેતા બારીસ્ટર, એમ. એ., સી. આઇ. ઇ.—જેવો મુંબઇમાં પ્રજાનાં એક અચ્છા આગેવાનનો હરહમેશા ભાગ બજાવતા હતા—તેઓને નામદાર બ્રીટીશ સરકારે તા૦ ૨૪ મી જુન ૧૯૦૪ ને દીને નામવર શેહેનશાહ એડવરડ સાતમાંની શાલગરેહને દીને અપાયલા ખેતાબોમાં કે. સી. આઇ. ઇ. યાને "નાઇટ કમાંડર ઓફ ધી ઇંડીયન એમ્પાયર"નો નામીચો ખેતાબ બખશ્યો હતો, એની સનદ તા૦ ૭મી દીસેમબર ૧૯૦૪ ને દીને આપવામાં આવી હતી. એવણનો જનમ મુંબઈમાં રોજ ૧૧ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૧૪ ય૦, તા૦ ૪ થી આગસ્ટ ૧૮૪૫ ને સોમને દીવસે થયો હતો. એવો સાહેબ ૭૦ વરસની ઉમરે રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૮૫ ય૦, તા૦ ૫ મી નવેમબર ૧૯૧૫ ને સુકરવારે બેહેસતનશીન થયા હતા.

મુંબઇના જાણીતા શેહેરી અને સખાવતે મશહુર નામીચા શેઠયા શેઠ દોરાબજી જમશેદજી તાતાને તા૦ ૧ લી જાનેવારી સને ૧૯૧૦ ઈસવી યાને આપણી રાજ કરતી કોમના નવા વરશની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

હોંગકોંગના જાણીતા શેહેરી અને વેપારી શેઠ હોરમજી નવરોજી મોદીને આપણી ઇંગ્લંડની બ્રીટીશ સરકાર તરફથી સર નાઈટનો ખેતાબ તા૦ ૧૬ મી મારચ્ય સને ૧૯૧૦ ને દીને યાને રોજ ૫ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૭૯ યઝદેજરદી ને વાર બુધને દીવસે એનાયત કરવામાં આવ્યો હતો. શેઠ હોરમસજીએ નામદાર પ્રીન્સેસ ઓફ વેલ્સનું બાવલું હોંગકોંગમાં ૧૯૦૯ ના નવેમબર માસમાં ભેટ કીધું હતું. તેમજ એવો સાહેબે ચીનમાં નાતજાતના તફાવત વગર લખો રૂપયાની સખાવત કીધી છે જેમાં હોંગકોંગમાં એવણની સઉથી મોટી સખાવતોમાં હોંગકોંગ યુની-વરસીટી અને સેલરસ હોમ છે. એ યુનીવરસીટી બાંધવા માટે લગભગ ૩ લાખ ડાલર સર હોરમ-જીએ આપ્યા હતા. આ યુનીવરસીટીની બીલડીંગનો પાયો નાખવાની કીયા તા૦ ૧૬ મી મારચ્ય ૧૯૧૦ ને દીને હોંગકોંગના નામદાર ગવરનર સર ફરેડરીક લુગાડે કીધી હતી. એ વખતે નામદાર ગવરનરે જાહેર કીધું હતું કે નામદાર શેહેનશાહ સાતમાં એડવરડે યુનીવરસીટી તરફ પોતાની પસંદગી દેખાડી ને નામદારે એજ દીને તારનો સંદેશો મોકલીને શેઠ મોદીને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કીધો છે. સર હોરમજી મોદી જેવોનો જનમ રોજ ૧૭ મો માહા ૧ લો શેહેનશાહી સને ૧૨૦૮ ય૦, તા૦ ૧૨ મી અકટોબર સને ૧૮૩૮ ઇસવીને વાર સુકરને દીને થયો હતો. એવો સાહેબ ૭૨ વરસની ઉમરે રોજ ૭ મો માહ ૧૦ મો સને ૧૨૮૦ યઝદેજરદી, તા૦ ૧૬ મી જુન ૧૯૧૧ ને શુકરવારે બેહસતનશીન થયા હતા.

મુંબઇના જાણીતા શેહેરી તથા મોટા શેર દલાલ શેઠ શાપુરજી બરજોરજી ભરૂચાની બોહલી સખાવતો અને ગરીબોના એક ખેરખા તરીકે એવો શેઠે આપેલી કીમતી મદદ તેમજ સરકારના આબરૂ ઇજત પામેલા સાચ્ચા સલાહકાર અને પ્રજામાં તથા વેપારી વર્ગોમાં પ્રખ્યાત નાણા શાસ્ત્રી તરીકે એવણે સારી કીરતી મેલવી હતી. શેઠ શાપુરજીને સને ૧૯૧૧ ના સાલના મુંબઈના માન-વંત શેરીફ઼ની નેમયા પછી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદે-જરદીને દીને દીલ્હી ખાતે થયલી યાદગાર રાજ્યભીશેક યાને કોરોનેશનની કીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

મુંબઈની હાઈકોરટના માનવંત માજી જડજ શેઠ દીનશાહ ધનજીભાઈ દાવરની કાબેલ્યત તથા એક ફતેહમંદ જડજ તરીકેની તેમની ઝળકતી કારકીરદી જાણીતી છે. એવો સાહેબે પારસી કોમને લગતા અગતના સવાલોમાં ભાગ લઇ કીમતી સહલા આપવા ઉપરાંત પોતાના ઓધાની ફરજ નામદાર સરકાર અને પ્રજાના સંતોષ વચ્ચે બજાવી હતી. એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૧૨મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪થો સને ૧૨૮૧યઝદેજરદીને દીને દીલ્લી ખાતે થએલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાંઆવ્યો હતો.

નાગપુરવાલા ખા૦ બા૦ એજનજી દાદાભાઇ મેહેતાએ નાગપોર, બીરાર અને મધ્ય પ્રાંતોમાં મીલ ઉદયોગ તથા હુનરની ખીળવણીના જાહેર કામોમાં આગેવાન ભાગ ભજવી તેમજ દુકાળ તથા મરકીના વખતમાં સરકારની તથા જાહેર પ્રજાની સેવા બજાવી હતી. એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાંની તા૦ ૧૨ મી ડીસેમબર સને ૧૯૧૧ યાને રોજ ૧ લો માહ ૪ થો સને ૧૨૮૧ યઝદેજરદીને દીને દીલ્લી ખાતે થયલી યાદગાર રાજ્યભીષેક યાને કોરોનેશનની ક્રીયા વખતે ભરાયલી દરબારમાં નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાં તરફથી બક્ષવામાં આવ્યો હતો.

મુંબઇના જાણીતા શેહેરી અને કોટના પારસી સુવાવડખાનાના વડા તબીબ ડા૦ ટેમુલજી ભીખાજી નરીમાનને નામદાર સરકારની તેમજ જાહેર પ્રજાની બજાવેલી કીમતી સેવાની પીછાનમાં તા૦ ૧ લી જાનેવારી ૧૯૧૪ ઇસવીને દીને યાને આપણી રાજકરતી કોમના નવા વરસની ખુશાલીમાં સર નાઇટનો નામીઓ ખેતાબ નામદાર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો હતો. તા૦ ૨૦ મી જુન ૧૯૧૪ ને દીને પુણા ખાતે ભરાયલી લેવીના મેલાવડામાં નામદાર ગવરનર લોરડ વીલીંગડને ડા૦ ટેમુલજીને સર નાઇટના ખેતાબની સનદ એનાયત કીધી હતી.

દખન હેદરાબાદના જાણીતા શેહેરી શેઠ ફરદુનજી જમશેદજી વાચ્છા સી. એસ. આઇ., સી. આઇ. ઇ. જેવણુને નામદાર નીઝામ સરકાર તરફથી નવાબનો ખેતાબ મલવાથી "નવાબ ફરેદુન જંગ બાહાદુર" ને નામે ઓળખાય છે અને એવણ નામદાર નીજામ સરકારના પોલીટીકલ સેકરેટરી અને હેદરાબાદના વડા વજીરના ખાનગી સેકરેટરીનો મોટો માનવંત ઓધો ભોગવે છે. એવણને નામદાર બ્રીટીશ સરકાર તરફથી નામદાર શેહેનસાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૧૫ને દીને પડેલી ૫૧ માં વરસની સાલગ્રહની ખુશાલીમાં કે. સી. આઈ. ઇ. યાને "નાઇટ કમાંડર ઓફ ધી ઇંડીયન એમપાયરનો" નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

મુંબઇના જાણીતા સખી શેઠીયા અને વેપારી શેઠ રતનજી જમશેદજી તાતા જેવણ એક સાહસીક વેપારી છે અને પોતાની ઓહોલી સખાવત માટે મશહુર છે, એવણને નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૧૬ ને દીને પડેલી ૫૨ મા વરસની સાલગ્રહની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

અમદાવાદના જાણીતા શેહેરી ખાનબાહાદુર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ. એ કરેલી મોટી સખાવતો અને સરકાર તેમજ પ્રજાની બજાવેલી અમુલ્ય સેવાઓની પીછાનમાં તા૦ ૧૨ મી ફેબરવારી ૧૯૧૭ ને દીને નામદાર બ્રિટીશ સરકાર તરફથી એવો શેઠને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો અને એની સનદ તા૦ ૨૯ મી જુન ૧૯૧૭ને દીને આપવામાં આવી હતી.

મુંબઈના જાણીતા શેહેરી ઓનરેબલ શેઠ દીનશાહ એદલજી વાચ્છા જેવણુની કાબેલીયત અંતઃકરણપુર્વક કામ બજાવવાની મનોવ્રતી તેમજ પ્રજા તથા નામદાર સરકારની સેવા બજાવવાની ઉલટ જાણીતી છે. એવણુને નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૪ થી જુન ૧૯૧૭ને દીને પડેલી ૫૩માં વરસની સાલગ્રહની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. વળી એવો શેઠને ૧૯૧૬ મા નામદાર ગવરનરની કાઉનસીલના મેમબર નેમ્યા હતા અને એજ શાલમાં મુંબઇની ધારા સભાના મેમબરોએ એવણુને નામદાર વાઇસરાયની કલકતાની ધારા સભાના મુંબઇના પ્રતીનીધી તરીકે ચુંટી કાઢી માન આપ્યું હતું.

મુંબઇના જાણીતા શ્રીમંત શેઠીયા શેઠ હોરમજી અરદેશર વાહાડયા બેરીસટરે કરેલી ઓહોલી સખાવતો તેમજ દેશહીતકારી નર તરીકે પ્રજાની બજાવેલી અછી સેવાઓ માટે એવણુને નામદાર શેહેનશાહ જ્યોરજ પાંચમાંની તા૦ ૩ જી જુન ૧૯૧૮ને દીને પડેલી ૫૪ મી સાલગરેની ખુશાલીમાં સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

સી. એસ. આઇ. યાને કમ્પેનીઅન ઓફ ધી સ્ટાર ઓફ ઇંડીઆ.

સર કાવસજી જહાંગીરજી રેડીમની—(મરહુમ) ૧૮૬૫.
સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટ—(મરહુમ) ૧૮૭૧.
બેરામજી જીજીભાઇ—(મરહુમ) ૧૮૭૬.
ડોસાભાઇ ફરામજી કરાકા—(મરહુમ) ૧૮૭૭.
સર જમશેદજી જીજીભાઇ ત્રીજા બારોનેટ—(મરહુમ) ૧૮૮૪.
નવાબ સર ફરેદુન જંગ બાહાદુર—૧૯૧૧.
કરનલ હોરમસજી એદલજી બનાતવાલા—આશામવાલા—૧૯૧૭.

સી. આઇ. ઇ. યાને કમ્પેનીઅન ઓફ ધી ઇંડીયન એમપાયર.

દસ્તુર બમનજી જામાસપજી પુણેવાલા—ખીરારના માજી આ૦ કમીશનર-(મરહુમ) ૧૮૭૯.
સોરાબજી શાપુરજી બંગાલી—(મરહુમ) ૧૮૮૧.
પેસ્તનજી જાંહગીર તાલીયારખાન—(મરહુમ) ૧૮૮૩.
નવરોજી ફરદુનજી—(મરહુમ) ૧૮૮૪.
સર મનચેરજી મેરવાનજી ભાવનગરી—૧૮૮૬.
પેશતનજી હોરમજી કામાજી—(મરહુમ) ૧૮૮૭.
મેહેરજી કુંવરજી તારાપોરવાલા—કોલાપોરના માજી દીવાન—(મરહુમ) ૧૮૮૮.
નવરોજી નશરવાનજી વાહડીઆ—(મરહુમ) ૧૮૮૯.
મનચેરજી કાવસજી મરઝબાન—(મરહુમ) ૧૮૯૧.
નવરોજી માણેકજી વાહડીઆ—(મરહુમ) ૧૮૯૩.
સર પીરોજશાહ મેહેરવાનજી મેહેતા—(મરહુમ) ૧૮૯૪.
કાવસજી દીનશાહ એડનવાલા—(મરહુમ) ૧૮૯૪.
સર નવરોજી પેશતનજી વકીલ—અમદાવાદવાલા—૧૮૯૭.
રૂસતમજી ધનજીભાઇ મેહેતા—કલકતાવાલા—૧૮૯૭.
મનચેરજી રૂસતમજી ધોલું—એડનના માજી રેજીસ્ત્રાર—(મરહુમ) ૧૮૯૭.
ખરશેદજી રૂસતમજી થાણેવાલા—રતલામના દીવાન—(મરહુમ) ૧૮૯૯.
નવાબ ધનજીભાઇ ફકીરજી કામાદોર—રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૮૯૯.
એદલજી દીનશાહ—કરાંચીવાલા—(મરહુમ) ૧૮૯૯.
ફરદુનજી કુંવરજી તારાપોરવાલા—અમદાવાદના માજી એકઝીક્યુટીવ એનજીનીયર-૧૯૦૧
હીરજીભાઇ માણેકજી રૂસતમજી બનાજી—કલકતાના માજી શેરીફ—(મરહુમ) ૧૯૦૩
નવાબ સર ફરેદુન જંગ બાહાદુર—૧૯૦૩
બરજોરજી દોરાબજી પટેલ—કવેતાવાલા—૧૯૦૪
સરદાર શમશુલ ઓલમા દસ્તુર હોશંગજી જા. જામાસપઆશાના-પુણાવાલા-(મરહુમ) ૧૯૦૬
માણેકશાહ બેરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર—નાગપુરવાલા—૧૯૧૧.
લેફટનંટ કરનલ એદલજી પાલનજી ફ્રેંચમેન—(મરહુમ) ૧૯૧૧.
સરદાર નવરોજી પદમજી—પુણાવાલા—૧૯૧૧.
સમસુલ ઓલમા ડા૦ જીવણજી જમશેદજી મોદી—૧૯૧૭.
નશરવાનજી નવરોજી વાહાડયા—૧૯૧૮.

નામદાર બ્રીટીશ સરકાર તરફથી જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

એમ. વી. ઓ. યાને મેમ્બર ઓફ ધી રોયલ વીકટોરીયન ઓરડર.

હોરમજી કાવશજી દીનશાહ એદનવાલા—૧૯૧૧.

ઓ. બી. ઇ. યાને ઓફીસરસ ઓફ ધી ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયર.

જમશેદજી ફરામજી માદન—કલકતાવાલા—૧૯૧૮

જાહાંગીર હોરમજી કોઠારી—કરાંચીવાલા—૧૯૧૮

હોરમજી કાવશજી દીનશાહ એદનવાલા—૧૯૧૮

જરબાનું માણેકશાજી બેરામજી દાદાભાઇ—નાગપોરવાલા—૧૯૧૮

એમ. બી. ઇ. યાને મેમબરસ ઓફ ધી ઓરડર ઓફ ધી બ્રીટીશ એમપાયર.

મીસીસ શીરીન કાવસજી—અરમાહવાલા—૧૯૧૮

પેસતનજી નશરવાનજી વકીલ—અમદાવાદવાલા—૧૯૧૮

જમશેદજી દીનશાહ આંટીયા—૧૯૧૮

આઇ. એસ. ઓ. યાને ઇમપીરીયલ સરવીસ ઓરડર.

જેહાંગીર ડોશાભાઇ ફરામજી કરાકા—૧૯૧૧. [૧૯૧૩

મનચેરશા ફરામજી ઉનવાલા, બંગાલની સરકારના નાણાંખાતાંના માજી રેજીસ્ટ્રાર-(મરહુમ)

બમનજી નવરોજી ખંબાતા, પુણાવાલા—૧૯૧૫.

રૂશતમજી બી. વકીલ—૧૯૧૬

ઇમપીરીયલ સરવીસ ઓરડર-બી.

ગોદરેજ દોરાબજી પદમજી—૧૯૧૨

રોયલ વીકટોરીયન ઓરડર.

કાવસજી જમશેદજી પેટીગરા—૧૯૧૧

નામદાર બ્રીટીશ સરકાર તરફથી મલેલો "નવાબ"નો ખેતાબ.

ધનજીભાઇ ફકીરજી કામાડોર, રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૯૧૦

ઓરડર ઓફ સેંટ જોનના ડોનાતનો રૂપાંનો ચાંદ.

ધનજીભાઇ હોરમજી મેહતા—૧૯૧૭.

આરડર ઓફ સેંટ જોનનો ખેતાબ.

ધનજીભાઇ એફ. મુલ્લાફીરોઝ—૧૯૧૪

ડી. એસ. ઓ. યાને કમપેનયન ઓફ ધી ડીસટીંગવીશડ સરવીસ ઓરડર.

(લડાઇમાં બહાદુરીભરી સેવા બજાવવા માટે)

કેપટન (ડાકટર) ફીરોઝશાહ બેરામજી ભરૂચા-ઈંડીયન મેડીકલ સરવીસવાલા—૧૯૧૭.

મીલીટરી ક્રોસનો ચાંદ.

(લડાઇમાં બહાદુરીભરી સેવા બજાવવા માટે)

લફટનંટ (ડાકટર) એરચ રતનજી ફરામજી દાપુ—૧૯૧૭.

શમશુલ ઓલમાઓ.

દસ્તુર પેશોતનજી બેહેરામજી સંજાણા—(મરહુમ) ૧૮૮૯.

દસ્તુર હોશંગજી જામાસપજી જામાસપઆશાના—(મરહુમ) ૧૮૯૦.

એરવદ ડા૦ જીવણજી જમશેદજી મોદી—૧૮૯૩.

દસ્તુર દારાબ પેશોતનજી સંજાણા—૧૮૯૯.

સરદાર દસ્તુર કૈકોબાદ આદરબાદ નોશેરવાન—પુણાવાલા, ૧૯૧૧.

કયસરે હિંદનો ચાંદ.

નામદાર માહારાણી વીક્ટોરીયાની સને ૧૯૦૦ ના વરસની સાલગરેહના દીવસથી એટલે તા૦ ૨૪ મી મે થી "કયસરે હીંદ" નામના નવા ખેતાબના સોના-રૂપાના ચાંદો આપતા કીધા છે—તે નીચલા જરથોસ્તીઓને મલ્યા છે:—

સોનાનો ચાંદ મેલવનારાઓ.

એરામજી મેરવાનજી મલબારી—(મરહુમ) ૧૯૦૦
નવાબ ધનજીભાઇ ફકીરજી કામાદોર, રાવલપીંડીવાલા—(મરહુમ) ૧૯૦૧.
મેરવાનજી કાવસજી કેપટન—રંગુનવાલા—(મરહુમ) ૧૯૦૩
એદલજી દોરાબજી તલાતી—૧૯૦૪
સર તેમુલજી ભીખાજી નરીમાન—૧૯૦૯
અરદેશર દીનશાજી ચીનાઇ—મધ્ય પ્રાંતવાલા—૧૯૧૧
જાહાંગીર હોરમજી કોઠારી—કરાંચીવાલા—૧૯૧૧
સર હોરમજી અરદેશર વાહડયા, બેરીસ્ટર—૧૯૧૭.

રૂપાનો ચાંદ મેલવનારાઓ.

લેફ્ટનંટ કરનલ કેખશરૂ સોરાબજી નરીમાન—સુરતના માજી સીવીલ સરજન—(મ) ૧૯૦૦
ડોશાભાઈ અરદેશર ચોકશી—બેંગલોરના મરકી ખાતાંના માજી વડા તબીબ અમલદાર—(મરહુમ) ૧૯૦૦.
ફરદુનજી કુવરજી તરાપોરવાલા—અમદાવાદના માજી એક્ઝીકયુતીવ એનજીનીઅર—૧૯૦૦.
બહમનજી મનચેરજી એદલબેહરામ—(મરહુમ) ૧૯૦૦
બરજોરજી દોરાબજી પટેલ—કવેતાવાલા—૧૯૦૧.
રૂસતમજી ફરદુનજી—આંકોલાના ડેપ્યુટી કમીશનર—૧૯૦૧.
માણેકજી ખરશેદજી નરીમાન—મુંબઇની સેક્રેટેરીયટના મદદનીસ સેક્રેટરી—૧૯૦૨
નાદીરશાહ નવરોજી ખજુરી—પંજાબની કાંગ્રાવેલીવાલા—૧૯૦૬.
ડા૦ મોટીબાઈ રૂસતમજી કાપડયા—અમદાવાદવાળા—૧૯૧૧.
આર. એન. માદન—મુંબઇના જંગલખાતાના અમલદાર—૧૯૧૩.
એમ. સી. તાલીઆરખાન—મુંબઇની મ્યુનીસીપાલીટીના ડેપ્યુટી એકાઉન્ટંટ—૧૯૧૩.
જાઇજી જાહાંગીરજી બમનજી પીટીટ—૧૯૧૫
રૂસતમજી પેસતનજી મસાની—મુંબઇ મ્યુનીસીપાલીટીના સેક્રેટરી—૧૯૧૬.
જે. એમ. આંટીયા—૧૯૧૬.
મીસીસ એચ. આર. ફરદુનજી, તે સેંત્રલ પ્રોવીનસીસના ડેપ્યુટી કમીશનર રૂસતમજી ફરદુનજીના ધણીયાણી—૧૯૧૬.
જરબાઈ માણેકજી બેરાંમજી દાદાભાઇ—નાગપોરવાલા—૧૯૧૭.

કીંગસ પોલીસ મેડલ મેલવનારાઓ.

રતનજી રૂસતમજી મીરઝા—૧૯૧૪.
હોકટર રતનજી કોઠાવાળા—૧૯૧૫

જુદા જુદા રાજ્યો તરફથી જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

નાઇટ ઓફ ધી ઓરડર ઓફ ટારીશ એન્ડ એશપાડા.

(પોરચુગલ સરકાર તરફથી.)

રૂસતમજી જમશેદજી જીજીભાઇ—(મરહુમ) ૧૮૬૪.

ધી કમાનડર ઓફ ધી રોયલ મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનસેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી.)

દોરાબજી દીનશાહ એડનવાલા—(મરહુમ) ૧૮૯૨.

હોરમજી કાવસજી એડનવાલા—૧૮૯૨.

ધી નાઇટ ઓફ ધી મીલીટરી ઓરડર ઓફ આવર લેડી ઓફ કનશેપશન ઓફ વીલા વીકોઝા.

(પોરચુગલ સરકાર તરફથી.)

સોરાબજી માણેકજી દમણવાલા—(મરહુમ) ૧૮૯૮.

શીવેલીઅર ડી આનામ નામનો ફરેંચ નાઇટનો ખેતાબ.

(ફરેંચ સરકાર તરફથી.)

સર હોરમજી નવરોજી મોદી—ચીનના વેપારી—(મરહુમ) ૧૮૯૨.

સવાલીએ ડ લોરડ રવોયાલ ડ કામેબાજ નામનો ફરેંચ નાઇટનો ખેતાબ.

(ફરેંચ સરકાર તરફથી.)

જમશેદજી સોરાબજી શેઠના—૧૮૯૮.

ઓફીસર ડી એકેડમીનો ફરેંચ સરકારનો ખેતાબ (ડીપલોમાં)

સમસુલ ઓલમા ડા૦ જીવણજી જમશેદજી મોદી

મરજબાનજી મનચેરજી કાવસજી મરજબાન.

જમશેદજી સોરાબજી શેઠના.

જાહાંગીર નવરોજી શેપકીપર.

ખરશેદજી માણેકજી સરાફ.

એરચજી રૂસતમજી શંઠીયાર.

મેરવાનજી રતનશાહ પારખ.

ઓરડર ઓફ ધી બ્રીલીયંટ સ્ટાર ઓફ જંજીબાર અથવા હામોડીઆનો ખેતાબ.

